"ગુજરાતી" પત્રની ૬૩ મી ભેટ   સન ૧૯૪૧



મહારાણા પ્રતાપી પ્રતાપ

પ્રકાશક

"ગુજરાતી" પ્રેસના માલિક

કોટ, મુંબઈ ૧

કિં. રૂ. ૨-૦-૦   પાકું પૂઠું રૂ. ૨-૧૨-૦

જાહેર ખબર

ઈ. સ. ૧૮૮૬ થી ઈ. સ. ૧૯૦૭ સુધીમાં પ્રકટ થયેલી
બાવીસ જુદા જુદા લેખકોની
"ગુજરાતી" પત્રની ઐતિહાસિક નવલકથાઓ

"ગુજરાતી" પત્રના આદ્ય તંત્રી અને સંસ્થાપક

(૧) સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈકૃત

૧ [illegible] અથવા [illegible] રાજ્યપ્રપંચ (૧૮૮૬) નથી
૨ હિન્દ અને બ્રિટાનિયા. (રાજકીય સંવાદ) / રાજભક્તિ વિડંબના- (આ પણ નાટકનો એક પ્રકાર) (૧૮૮૭) [illegible]
૩ મહારાણી વિક્ટોરિયાનું જીવન ચરિત્ર (૧૮[illegible]) [illegible]
૪ સવિતા સુંદરી અથવા ખરા વરનો ફજેતો (૧૮૯૮) [illegible]
૫ [illegible] અથવા [illegible] ભાગ ૧ લો (૧૮૯૦) નથી
૬ હિન્દીપર ચઢાઈ અથવા ભરતખંડના મુસલમાનોનો પ્રારંભ (૧૮[illegible]) [illegible]

(૨) સ્વ. નારાયણ હેમચંદ્રકૃત

૧ વિધવા વિવાહ [illegible] (૧૮[illegible]) નથી
૨ [illegible] (૧૮[illegible]) નથી
૩ ગંગા ગોવિંદસિંહ અથવા [illegible] (૧૮[illegible]) [illegible]
૪ રૂપનગરની રાજકુમારી અથવા મહારાણા રાજસિંહ (૧૮[illegible] નથી

(૩) સ્વ. [illegible] સહુ [illegible] કૃત.

૧ [illegible] હિંદુસ્તાન (૧૮[illegible]) [illegible]
૨ શાહજાદી અને ભીખારી (૧૮[illegible]) [illegible]

(૪) દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીકૃત

૧ [illegible] અને રાજપુતો અથવા મોગલ સલ્તનતની પડતીનો પ્રારંભ (૧૮[illegible]) ૨-૦

(૫) સ્વ. શાસ્ત્રી [illegible] હરિહરકૃત

૧ [illegible] અથવા [illegible] (૧૮૯૯) ૨-૦
૨ બેગમ સાહેબ અથવા મોગલાઈનું પતન (૧૯૦૧) નથી
૩ નૂરજહાન અથવા મોગલોનો વિજય (૧૯૦૨) નથી

(૬) સ્વ. વકીલ [illegible] નરભેરામ દેસાઈકૃત

૧ પાણીપતનું યુદ્ધ અથવા નાના ફડનવીસ (૧૯૦૦) નથી
૨ બાજીરાવ બલ્લાળ અથવા પેશ્વાનો ઉદયકાળ (૧૯૦૩) નથી

(૭) સ્વ. છગનલાલ નારાયણભાઈ મોદીકૃત

૧ ઇન્દુકુમારી અથવા બંગાળામાં મરાઠાની દોડ (૧૯૦૪) નથી
૨ નન્દવંશનો નાશ અથવા આ તે રામની અયોધ્યા? (૧૯૦૭) ૩-૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, રીઝર્વ બેંકની પાછળ, કોટ, મુંબઈ

"ગુજરાતી" પત્રની ૬૭ મી ભેટ

મહારાણા પ્રતાપી પ્રતાપ

(રાજસ્થાની પ્રાચીન લોકસાહિત્યના આધારે)

ઐતિહાસિક નવલકથા



સ્વ. કવિ છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટ

અમરેશ્વરી કટારી; તોગાળી તલવાર, રાયસંગજીની હવેલી ઇત્યાદિના કર્તા

પ્રકાશક

"ગુજરાતી" પ્રેસના માલિક

કોટ, મુંબઇ

ઈ. સ. ૧૯૪૬] [સંવત ૨૦૦૨

કિંમત રૂ. ૨-૦-૦ પાકું પૂઠું ૨-૮-૦

પુસ્તક મળવાનું ઠેકાણું :—
'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ,
સાસુન બિલ્ડિંગ, રીઝર્વ બેંકની પાછળ,
બજારગેટ સ્ટ્રીટને નાકે, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

સ્વ. કવિ છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટની કૃતિઓ

૧. અમરેશરી કટારી
૨. તોગારી તલવાર અને રાયાસંગ [illegible] ... રૂ. ૨—૦—૦
૩. મહારાણા પ્રતાપી પ્રતાપ ... રૂ. ૨—૦—૦

Printed and Published by N. I. Desai at
THE GUJARATI PRINTING PRESS
Sassoon Building, Elphinstone Circle, Fort, Bombay

પ્રકાશકોના બે બોલ

ઇ. સ. ૧૯૩૧ માં સ્વ. કવિ છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટની રાજસ્થાની પ્રાચીન લોક સાહિત્યને આધારે લખાયલી એક રસપૂર્ણ ઐતિહાસિક નવલકથા "ગુજરાતી" પત્રના ગ્રાહકોને ભેટ આપેલી. સદ્‌ગત છગનલાલ કવિની એવી જ રસિક બીજી નવલકથા મહારાણા પ્રતાપી પ્રતાપ આજે ગ્રાહકોને આપતાં આનંદ થાય છે. મેવાડ નરેશ, હિન્દુ જાતિ ભૂષણ પ્રતાપનું નામ ઇતિહાસમાં તેના અડગ ટેક માટે અમર થયું છે. એ સંબંધમાં ઘણા ગ્રંથો લખાયલા છે, પણ સ્વ. છગનલાલે પ્રાચીન દંતકથા અને કાવ્યોને આધારે આ નવલકથા લખી છે, તે અનોખી ભાત પાડે તેવી છે. આશા છે કે તે વાંચનારાઓને પસંદ પડશે.

મુંબઇ, તા૦ ૨૯-૧-૪૬
વિ. સં. ષટતિલા ૧૧
"ગુજરાતી" પ્રેસ

પ્રકાશકો

॥ શ્રી ॥

श्रीमते वेङ्कटेशाय नमः ॥

લેખકના બે બોલ

વ્હાલા વાચકો !

આપના સમક્ષ હાલ જે વાર્તા રજુ કરવામાં આવી છે, તે એક એવા વીર પુરુષની છે કે તેના નામથી આ દેશનું એક બાળક પણ ભાગ્યે જ અજ્ઞાન હશે. બલ્કે સમગ્ર હિન્દનો કોઇક જ દેશ એવો હશે કે જે દેશવાસીઓ આ વીર કેસરીને ઓળખતા નહીં હોય. એટલે આ વાર્તાના નાયક મહારાણા પ્રતાપની વિશેષ રીતે ઓળખ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો નથી.

આ વીર કેસરીનાં ચરિત્રોની અનેક વિદ્વાનોએ અનેક વાર્તાઓ લખી છે, પરન્તુ તે તમામ લગભગ ઇતિહાસોના આધાર ઉપર લખવામાં આવેલી હોવાથી, તેમાં ઘણી ખરી સત્ય હકિકત રહી ગયલી છે, એમ આપણને દંતકથાકારો પાસેથી મહારાણાનાં ચરિત્રો સંબંધી વાર્તાઓ સાંભળતાં જ્ઞાત થાય છે અને તેનું કારણ માત્ર એટલું જ જણાય છે કે, મહાશય તો ઇતિહાસ લેખકોએ તે તરફ દુર્લક્ષ આપ્યું છે અથવા તો તેમના લક્ષ ઉપર દંતકથાકારોની હકિકત આવી નથી. ગમે તેમ હોય પરન્તુ દંતકથાકારો પાસેની હકિકત ઇતિહાસમાં આવેલી નહીં હોવાથી, જેના સંબંધમાં તે હોય તેને, જેના પાસે તે હોય તેને અને ખુદ સમગ્ર ભારતવાસીઓને પણ અન્યાય થવા સરખું થયું છે. આવી રીતે દંતકથાઓનો સંગ્રહ કરી પ્રથમની વાર્તા જાહેર પ્રજા સમક્ષ રજુ કરવાનું માન ખરેખર 'ગુજરાતી' પ્રેસના માલીક અને ગુજરાતી સાહિત્યોદ્ધારક નરરત્ન સદ્ગત રા. રા. ઇચ્છારામભાઇને ઘટે છે. અને ગુર્જર પ્રજા હમેશાને માટે તે સાક્ષર રત્નની ઉપકારી રહેશે. સદ્ગત રા. રા. ઇચ્છારામના પગલે ચાલી તેમના સુપુત્રોએ પણ ઐતિહાસિક વાર્તાઓ પ્રસિદ્ધિમાં મૂકી છે.

દંતકથાઓનો ઘણો સંગ્રહ માત્ર બ્રહ્મભટ્ટ અને ચારણ કોમોના વિદ્વાન વાર્તાકારોના સમાજ પાસે જ છે અને જ્યારે તેઓ સ્વમુખથી વાર્તા કહે છે ત્યારે તે કેટલી રસિક અને આનંદદાયિની થાય છે, તેનો અનુભવ તો જેઓ આવી વાર્તાઓ સાંભળવા ભાગ્યશાળી બન્યા હશે તેમને જ હશે. ઘણા વિદ્વાનો આ દંતકથા ઉપર વજન રાખવા ના પણ પાડે છે, પરન્તુ હું તો તેમના તે મત સાથે સમ્મત થઇ શકતો નથી. કારણ કે તે તો માત્ર તેમનો ભ્રમ જ છે. કહેવામાં આવ્યું છે કે वातां गीतां साखीयां એમ વાર્તાઓ અને કાવ્યો જ આવાં ચરિત્રોનાં સાક્ષીભૂત છે. પછી તેને ખોટાં માનવાનું શું કારણ? હા, એટલી હકિકત ચોક્કસ જ છે કે તેમની વાર્તાઓ પેઢીઘર મુખપાઠ ચાલી આવેલી હોવાથી તેમાં પાત્રોનાં નામોનો, સંવતોનો અને સ્થળોનાં નામોનો ફેરફાર હોય છે અથવા હોતાં જ નથી, પરન્તુ એટલા જ ઉપરથી સમગ્ર હકિકત ખોટી

છે એમ તો ન જ કહી શકાય. તેમની સત્યતા બાબત શંકા લેવી એ તો માત્ર પોતાની મૂર્ખતા પ્રસિદ્ધ કરવા સરખું જ છે. કારણ કે જેમનાં વર્ણનો ઉપરથી વિદેશી વિદ્વાનોએ તેમની પ્રશંસા કરીને ઇતિહાસો લખ્યા છે તેમને ખોટા માનવા તે ઉચિત નથી જ. આ દંતકથાકારોની હકિકત નહીં મેળવવામાં આપણે દેશને અન્યાય કરીએ છઇએ, અને આપણા ઇતિહાસને પણ નુકશાન કરીએ છઇએ એમ કહ્યા સિવાય છૂટકો જ નથી.

જો આવા પ્રાચીન વાર્તાઓના સંગ્રહકર્તા, દંતકથાકારોને રાજા રજવાડા અને ધનિકવર્ગ સહાય કરે તો તેઓ પોતાની ઉમદા કથાઓ જનસમૂહ આગળ રજુ કરવા શક્તિમાન્ થઈ શકે. અને આવી રીતે જો તેમને સહાય કરવામાં આવે તો તેવા સહાયકર્તાઓ દેશને એક સારામાં સારા પ્રકારનો ઉપકાર કરનાર માની શકાય. કારણ કે તેમની સહાયથી આ દંતકથાકારો પાસેથી દંતકથાઓ એકઠી કરી (જેમ 'ગુજરાતી' પ્રેસ તરફથી પ્રસિદ્ધ થાય છે તેમ) પ્રસિદ્ધ કરવામાં આવે તો તેથી એક પંથ દો કાજ જેવું થાય અર્થાત્ કે વાર્તાની વાર્તા અને ઇતિહાસ શોધકોને ઉપયોગી સાધન મળી આવે એમ મારૂં માનવું છે. વળી જો આ લોકોને સારી રીતે સહાય કરવામાં ન આવે તો હાલના કથાકારોની હયાતિ બાદ આપણને તેવા કથાકારો અને કથાઓ ઉપલબ્ધ થઇ શકે કે નહીં? તેની પણ પૂર્ણ શંકા છે. અને જો ભવિષ્યમાં તેવું પરિણામ આવે તો દેશને કંઇ ઓછું લાંચ્છનપ્રદ ન જ કહેવાય. જો તેમની કથાઓથી ઇતિહાસને કંઈ લાભ થવા સંભવ નથી એમ કોઇનું માનવું થતું હોય તો તેમણે યાદ રાખવું જોઇએ કે તેમની વાર્તાઓમાં નીતિનો એક એવો ભાગ સમાયલો છે કે, જે "ભર્તૃહરિ" 'શુક્ર' 'વિદુર' 'ચાણક્ય' વગેરે નીતિઓ વાંચી સમજવા કરતાં, તેમના મોઢેથી સાંભળવાથી આપણા મગજ ઉપર ત્વરિત અસર કરે છે, અને તેથી પણ તેમની વાર્તાઓ અને કવિતાઓનો સંગ્રહ કરવાની જરૂર છે.

મેં આ વાર્તામાં જે હકિકત લીધી છે તે કર્નલ ટૉડકૃત રાજસ્થાનના ઇતિહાસમાંથી અને વિશેષે કરીને દંતકથાકારોના મુખપાઠેથી સાંભળેલી હકિકત છે. દંતકથાકારોની હકિકતની સત્યતા માટે વાર્તામાં આપેલાં કાવ્યો સાક્ષી પૂરે છે. અને તેથી તેવી ઐતિહાસિક હકિકત વાંચકોના લક્ષ ઉપર આણવાનું ઉચિત માનવામાં આવ્યું છે. વળી આ વાર્તામાં વિશેષપણું એ છે કે જ્યારે અન્ય વિદ્વાનો તરફથી આવા મહાન પુરૂષોનાં કાવ્યો તરફ દુર્લક્ષ આપવામાં આવે છે, ત્યારે મેં પ્રાચીન કાવ્યોનો સંગ્રહ રાખવા સારૂ આ વાર્તામાં મળી શક્યાં તેટલાં તમામ કાવ્યો દાખલ કર્યાં છે. મેં આ વાર્તા ખાસ કરીને ટુંકી કરી છે.

મને આ વાર્તાની વસ્તુઓ જે જે દંતકથાકારો પાસેથી મળી છે તેમનો તેમ જ જે જે હસ્તલિખિત ગ્રન્થોમાંથી મેં સહાય પણ મેળવી છે તે તે ગ્રન્થોના કર્તાઓનો આ સ્થળે ઉપકાર માની વિરમું છું.

મહેસાણા::ગુજરાત }

વાચકોનો કૃપાપાત્ર સેવક

કવિ છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટ

'ગુજરાતી' એ આપેલી ઐતિહાસિક વાર્તાની ૬૩ ભેટો

	નામ	સન	કિંમત.
અ.	પુનર્વિવાહ શાસ્ત્રસંમત છે. ના. હે.... ...	(૧૮૮૬)	નથી
બ.	ગૃહધર્મ ના. હે.	(૧૮૮૬)	નથી
૧	રાસેલાસ અથવા એબિસિનિયાનો રાજપુત્ર ઇ.સુ.દેસાઇ	(૧૮૮૬)	નથી
	દીનાર્બસ અથવા ઉત્તર રાસેલાસ ર. અ. મહેતા		૦– ૯
૨	હિન્દ–બ્રિટાનિયા(રાજભક્તિવિડંબણ–ભાષ્ય સહિત) ઇ.સુ.દે.	(૧૮૮૭)	૨– ૦
૩	ગંગાગોવિંદસિંહ–વૉરન હેસ્ટિંગ્સનો જમણો હાથ ના.હે.	(૧૮૮૮)	૧– ૯
૪	મહારાણી વિકટોરીયાનું જીવનચરિત ઇ. સુ. દેસાઈ	(૧૮૮૮)	૧– ૯
૫	સવિતા સુંદરી અથવા ઘરડા વરનો ફજેતો ઇ. સુ. દેસાઇ	(૧૮૮૯)	૦– ૪
૬	ટીપુ સુલ્તાન–શ્રીરંગપટ્ટણનો ઘેરો (પ્રથમભાગ) ઇ. સુ. દે.	(૧૮૯૦)	નથી
૭	દિલ્લીપર હલ્લો–ભરતખંડના પરવશપણાનો પ્રારંભ ઇ.સુ.દે.	(૧૮૯૫)	૨– ૦
૮	અઢારમી સદીનું હિન્દુસ્તાન Epoch પેસ્તનજી જ. સહુ	(૧૮૯૬)	૨– ૦
૯	ઓરંગઝેબ અને રાજપૂતો વા મો.શા.પડતીનો પ્રા. ક.મો.ઝ.	(૧૮૯૭)	નથી
૧૦	શાહજાદો અને ભીખારી–પેસ્તનજી જમશેદજી સહુ	(૧૮૯૮)	૧– ૯
૧૧	હેસ્ટિંગ્સની સોટી–પ્લાસીના યુદ્ધ પછીનું બંગાળ પ્રા.હ.	(૧૮૯૯)	૨– ૦
૧૨	પાણીપતનું યુદ્ધ–નાના ફડનવીસ વકીલ દેશાઇ ધી. ન. વ.	(૧૯૦૦)	નથી
૧૩	બેગમ સાહેબ અથવા અયોધ્યાનું પતન પ્રા. હ. શાસ્ત્રી	(૧૯૦૧)	નથી
૧૪	નૂરજહાન અથવા સૌન્દર્યવિજય પ્રા. હ. શાસ્ત્રી	(૧૯૦૨)	નથી
૧૫	બાજીરાવ બલ્લાળ અથવા પેશ્વાઇનો ઉદયકાળ ધી. ન. દેશાઇ	(૧૯૦૩)	નથી
૧૬	રૂપનગરની રાજકુંવરી અથવા મહારાણા રાજસિંહ ના. હે.	(૧૯૦૪)	નથી
૧૭	ઇન્દુકુમારી અથવા બંગાળમાં મરેઠાની દોડ છ. ના. મેત્રી	(૧૯૦૪)	નથી
૧૮	પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ કલાઈવનું કપટતંત્ર ના. વિ. ઠક્કર	(૧૯૦૫)	નથી
૧૯	શિવાજીનો વાઘનખ અથવા અફઝુલખાનનું ખૂન પુ. વિ. મા.	(૧૯૦૬)	૦–૧૨
૨૦	હળદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય ના. વિ. ઠ.	(૧૯૦૬)	૦–૧૨
૨૧	નંદનવનનો નાશ વા આ તે રામની અયોધ્યા! છ.ના.મેત્રી	(૧૯૦૭)	૩– ૦
૨૨	પેશ્વાઇની પડતીનો પ્રસ્તાવ–લાલજી વેરાગજી ઇ. ઈ. મ.	(૧૯૦૮)	નથી
૨૩	ઔરંગઝેબનો ઉદય અથવા આ તે મહાન્ મોગલ! મો.મ.દે.	(૧૯૦૯)	૨– ૦
૨૪	પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ ના. વિ. ઠક્કુર	(૧૯૧૦)	નથી
૨૫	કત્લેઆમ અથવા દિલ્હીનો ડગમગતો રાજમુકુટ ના. વિ. ઠ.	(૧૯૧૧)	૨– ૦
૨૬	પુરાતન દિલ્હી: ૪૦ ચિત્રો સાથે–મણિલાલ ઇ. દેસાઇ	(૧૯૧૧)	૨– ૦
૨૭	ચુંબનમીમાંસા–મણિલાલ ઇચ્છારામ દેસાઈ	(૧૯૧૧)	નથી
૨૮	ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય ના. વિ. ઠક્કુર	(૧૯૧૨)	૨– ૦
૨૯	જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય ના. વિ. ઠક્કુર	(૧૯૧૩)	નથી
૩૦	હમીરહઠ અથવા રણથંભોરનો ઘેરો ના. વિ. ઠક્કુર	(૧૯૧૪)	નથી
૩૧	ભુજબળથી ભાગ્યપરીક્ષા–રમણિકલાલ અ. મહેતા	(૧૯૧૫)	૨– ૦
૩૨	પાટણની પ્રભુતા–કનૈયાલાલ માણેકલાલ મુનશી ...	(૧૯૧૬)	૩– ૯

૩૩	ચાણુક્યનંદિની અથવા ચન્દ્ર અને સુંદરી ના. વિ. ઠ.	(૧૯૧૭)	નથી
૩૪	અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ ના. વિ. ઠક્કુર	(૧૯૧૮)	૨- ૦
૩૫	રૈનક મહેલની રાજખટપટ—રમણિકલાલ અ. મહેતા	(૧૯૧૯)	૨- ૦
૩૬	બાદશાહ બાબર અથવા નૂરે ઈસલામ ના. વિ. ઠક્કુર	(૧૯૨૦)	૨- ૦
૩૭	ચક્રવર્તી હમ્મીર અથવા ચિત્તોડનો પુનરુદ્ધાર ના. વિ. ઠ.	(૧૯૨૧)	૨- ૦
૩૮	કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર ના. વિ. ઠ.	(૧૯૨૨)	૨- ૦
૩૯	અનારકલી અથવા અપરાધી અકબર ના. વિ. ઠક્કુર	(૧૯૨૩)	૨- ૦
૪૦	મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા ના. વિ. ઠ.	(૧૯૨૪)	૪- ૮
૪૧	પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય ના. વિ. ઠ.	(૧૯૨૫)	૩- ૦
૪૨	નાનાસાહેબ અથવા સ્વધર્મ માટે પ્રાણાર્પણ ના. વિ. ઠ.	(૧૯૨૬)	૨- ૦
૪૩	સુરીદે શયતાન—મલબારનો મોપલા અત્યાચાર ના. વિ. ઠ.	(૧૯૨૭)	૨- ૦
૪૪	સિતમગર સુલ્તાન અથવા તલ્વાર અને કુરાન ના. વિ. ઠ.	(૧૯૨૮)	૩- ૦
૪૫	કચ્છનો કેસરી અથવા ધોધો અને અનેસર ના. વિ. ઠક્કુર	(૧૯૨૯)	૩- ૦
૪૬	અમરમર્જના અથવા સુષુપ્તિ અને જાગરણ ના. વિ. ઠ.	(૧૯૩૦)	૨- ૦
૪૭	અમરેશરી કટારી—છગનલાલ અમથારામ બ્રહ્મભટ	(૧૯૩૧)	૨- ૦
૪૮	તોખારી તલવાર અને રાયસિંહજીરી હથેલી છ. અ.	(૧૯૩૧)	
૪૯	શત્રુંજયનો શ્યામ અને જોગણીનું ખપ્પર જે. હ. મે.	(૧૯૩૨)	૩- ૦
૫૦	પાટણની પ્રતિષ્ઠા—માધવલાલ ત્રિભુવન રાવળ	(૧૯૩૩)	૩- ૦
૫૧	મહારાણી લક્ષ્મીબાઈ અથવા ખાલસાનું ખપ્પર ન. વ. દ્વિ.	(૧૯૩૪)	૩- ૦
૫૨	મહારાજાધિરાજ મા. ત્રિ. રાવળ	(૧૯૩૫)	૩- ૦
૫૩	ગુજરાતનો બુઝાતો દીપક ને ઇસ્લામી સત્તાનો ઉદય ન. વ. દ્વિ.	૧૯૩૬	૩- ૦
૫૪	ગુજરાતના વેરની વસુલાત—નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી	(૧૯૩૭)	૩- ૦
૫૫	રક્તપિપાસુ રાજકુમારી જેઠાલાલ હરજીવન મેહતા	(૧૯૩૮)	૩- ૦
૫૬	જળસમાધિ ગુણવંતરાય આચાર્ય	(૧૯૩૯)	૩- ૦
૫૭	ડગમગતી શહેનશાહત અમૃતલાલ રતનજી ત્રિવેદી	(૧૯૪૦)	૩- ૦
૫૮	સોલંકીનો સૂર્યાસ્ત જેઠાલાલ ના ત્રિવેદી	(૧૯૪૧)	૩- ૦
૫૯	પિતૃહત્યા ઉછરંગરાય કે. ઓઝા	(૧૯૪૨)	૩- ૦
૬૦	જીત કોની? ચંદુલાલ એમ. શાહ	(૧૯૪૩)	૩- ૦
૬૧	ઘરની આગ ર. અ. મેહતા	(૧૯૪૪)	૩- ૦
૬૨	પચ્ચીસો વર્ષ પૂર્વનું હિંદુસ્થાન—નારાયણ વિ. ઠક્કર	(૧૯૪૫)	૩- ૦
૬૨	લીલા યાને ગ્રાનડાનો ઘેરો—જ. વે. વૈ.	(૧૯૪૫)	નથી
૬૩	મહારાણા પ્રતાપી પ્રતાપ—છગનલાલ અ. બ્રહ્મભટ	(૧૯૪૬)	૩- ૦

પાકા પૂઠામાં બાંધેલીની કિંમતમાં છ આના, આઠ આના, બાર આના અલગ વધુ ગણવા.

દરેકનું છથી આઠ આના ટપાલ ખર્ચ જુદું

ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ, સાસૂન બીલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

કચ્છનો કેસરી

અથવા

ધોધો અને ચનેસર

(૧૯૨૯)—સુલ્તાન અલાઉદ્દીને સિંધ પર કરેલી ચઢાઈ સર્વથા નિષ્ફળ જ નીવડી હતી, તે પૂરાવા સહિત જણાવેલ છે. સિંધુ દેશના સૂમરાવંશોનો અને ત્યાર પછીના સમાવંશનો ઇતિહાસ આપેલો છે. સિંધુ દેશના રાજાઓ કચ્છ દેશમાં આવ્યા, તે પહેલાં તેમણે મુસલમાન બાદશાહ અલાઉદ્દીન વગેરે સામે કેવી ટક્કર ઝીલી; વાયવ્ય પ્રાંતમાંના યવનોનાં ધાડાંઓ કેવી રીતે મારી હઠાવ્યાં, વગેરે રોમાંચજનક વાતો નવલકથામાં રસ ભરી રીતે ગુંથી લીધી છે. અત્યારના સૂમરાઓનાં હિંદુ પૂર્વજો ઇસ્વી સનની ૧૩ મી સદીના અંતમાં અલાઉદ્દીન ખૂનીના અત્યાચારોના પંજામાંથી છટકવા માટે કચ્છ પલાયન કરી ગયા હતા અને કચ્છના રહેવાસી થઇ ગયા પછી પણ કેટલોક કાળ પર્યન્ત તેઓ હિંદુજ કાયમ રહ્યા હતા. પાછળ-થી આ હિંદુઓ કેવી રીતે વટલીને મુસલમાન થયા, તે ચમત્કારિક વાર્તા વાંચવા જેવી છે. શુદ્ધિ અને સંગઠન ન થવાથી હિંદુ સંખ્યા કેમ ઘટતી ગઇ તે પણ દર્શાવ્યું છે. ચને-સર દિલ્હી જઇ અલાઉદ્દીનને સિંધમાં તેડી આવ્યો, તે ગુજરાતમાં કર્ણરાજાને હરાવવા માધવ અલાઉદ્દીનને લઇ આવ્યો, એ હકીકત સાથે મળતી આવે છે. આ બન્ને વાતોનું મળતા-પણું દંતકથા રૂપે જ છે, ઐતિહાસિક નથી, વગેરે ચર્ચા કરવામાં આવી છે. પૃષ્ઠ સંખ્યા ૨૨+૨૩૧=૨૫૧. ક્રાૈં. રૂ. ૩

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ

મહારાણા પ્રતાપી પ્રતાપ

અનુક્રમણિકા

મહારાણા પ્રતાપી પ્રતાપ

પ્રકરણ પહેલું

રાણાવંશની પ્રાચીનતા અને પવિત્રતા*

માઇ એહા પૂત જાણ, જેહા રાણ પ્રતાપ;
અકબર સૂતો ઔંધકે, જાણ શિરાણૈં સાંપ.
(બિકાનેરવાળા પૃથિસિંહજી)

અર્થ—હે માતા! પુત્ર જણે તો, એવા સુપુત્ર જણ કે જેવા મહારાણા પ્રતાપસિંહ, કે જેને યાદ આવતાની સાથે જ જાણે પોતાના ઓશિકે સાપ છે એમ સમજીને બાદશાહ અકબર ચિત્ત ભ્રમિતની માફક ચમકી ઉઠે છે.

મહારાણા પ્રતાપના પવિત્ર નામથી રજપુતાનામાં તો શું, પરંતુ સમગ્ર ભારતવર્ષમાં કોણ અજ્ઞાત હશે! તે પોતાના નામને પોતાનાં પરાક્રમોથી યાવત્ચન્દ્રદિવાકર અમર કરતા ગયા છે. એમનો પવિત્ર વંશ પણ એવો જ પવિત્ર અને પ્રસિદ્ધ વંશ છે. તે વંશના રાજાઓ એક એકથી ચઢીઆતાં કૃત્યો કરવાવાળા થઇ ગયા છે.

આ વંશ ભગવાન્ રામચન્દ્રનો સૂર્ય વંશ છે. અયોધ્યાપતિ ભગવાન્ રામચન્દ્રને લવ અને કુશ એ નામના બે પુત્રો હતા. તે પૈકી લવનો વંશ તે આ મહારાણા છે, અને કુશનો વંશ તે આમેર અથવા જયપુરના રાજ્યકર્તાઓ છે, અને તેથી જ તેઓ પોતાને કુશાવહ અથવા કછવાહાના નામથી ઓળખાવે છે. આ બંને વંશો પવિત્ર હોવા છતાં પણ લવવંશીઓએ અનેક પ્રકારનાં સંકટો સહન કરીને પણ પોતાના વંશનું ગૌરવ સાચવી રાખ્યું છે. ત્યારે કુશ વંશીઓએ તે ગૌરવને બીજા રાજવંશીઓની સાથે જ તિલાંજલિ આપી છે.

---

* કર્નલ ટૉડ સાહેબે આ સંબંધમાં પોતાના રાજસ્થાન નામના ગ્રન્થમાં બહુ જ સારું વર્ણન કર્યું છે. અમોએ તેનો કેટલોક સાર આ દંતકથાકારોના વર્ણનના કંઇક કંઇક આધાર ઉપર હાલના પુસ્તકમાં વર્ણવ્યો છે. મહાત્મા ટૉડે ખાસ કરીને ભટ્ટ ગ્રન્થો ઉપર આધાર રાખ્યો છે, અને સત્ય કહેવામાં આવે તો પ્રાચીન ઇતિહાસ અદ્યાપિ પણ બ્રહ્મભટ્ટ અને ચારણ કોમોની દન્તકથાઓમાંથી વિશેષ રીતે ઉપલબ્ધ થઈ શકે તેમ છે.

વળી મહાત્મા ટૉડ સાહેબને ઉદયપુરની રાજસભામાંથી કેટલાક ઐતિહાસિક હકીકતવાળા ગ્રન્થો પણ મળી આવ્યા હતા અને તેના ઉપર પણ તેમણે આધાર રાખ્યો છે. તેમણે પોતાનો ગ્રન્થ લખવામાં જે ગ્રન્થોનો આધાર લીધો હતો તે પૈકી કેટલાક નામો આપ્યાં છે:—

સૂર્યવંશી રાજા કનકસેન લોહગઢ–હાલના લાહોરમાં–રહેતા હતા. ત્યાંથી તેઓ સં. ૨૦૦ માં તે દેશનો ત્યાગ કરીને સૌરાષ્ટ્ર–કાઠીઆવાડના સોરઠ એટલે જુનાગઢ રાજ્યમાં આવીને વસ્યા હતા. જ્યારે તેઓ સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા ત્યારે કહેવામાં આવે છે કે તે દેશ ઉપર પવાર વંશના રાજાની સત્તા હતી. રાજા કનકસેને તે પવાર વંશીય રાજાને પરાજિત કર્યો અને તેઓ ત્યાંના રાજા થયા.

રાજા કનકસેન પછી ચોથી પેઢીએ વિજયસેન નામનો રાજા થયો. તેણે વલ્લભીપુર અને વિદર્ભ (એટલે હાલનું સિહોર નગર) વસાવ્યાં હતાં. કેટલીક શોધના અંતે એમ જણાયું છે કે ભાવનગરથી વાયવ્ય કોણમાં પાંચ કોશના અંતરે 'વળા' નામનું ગામ છે, તે વલ્લભીપુરનો બચેલો ભાગ છે. આ વલ્લભીપુરથી જ મેવાડ રાજ્યની સ્થાપના થઇ હતી એમ ઘણા લોકોનું કહેવું છે, પરંતુ આ નિર્ણય અદ્યાપિ આખરનો માની શકાતો નથી.

રાજા કનકસેનની આઠમી પેઢીએ શિલાદિત્ય નામનો રાજા થયો. એના સમયમાં મ્લેચ્છોએ વલ્લભીપુરનો ધ્વંસ કર્યો. આ શિલાદિત્યના જન્મ અને તેની બાલ્યવસ્થા સંબંધમાં ટૉડકૃત રાજસ્થાનમાં જૂદા જૂદા પ્રકારની બે હકીકતોનું વર્ણન કરવામાં આવ્યું છે.*

---

(૧) ખુમાનરાસો–શ્રીરામચન્દ્રજીથી લઇને ગ્રન્થ રચવામાં આવ્યો ત્યાં સુધીના તમામ સૂર્યવંશી રાજાઓનું વર્ણન આમાં કરવામાં આવ્યું છે. (૨) રાજવિલાસ–આ ગ્રન્થ માનકવિશ્વરે વ્રજભાષામાં લખેલો છે. (૩) રાજ રત્નાકર–આ ગ્રન્થના કર્તા સદાશિવ ભટ્ટ છે. આ તથા રાજવિલાસ બન્ને ગ્રન્થો રાણા રાજસિંહના સમયમાં રચાયા છે. (૪) જયવિલાસ–આ ગ્રન્થ રાણા જયસિંહના સમયમાં રચવામાં આવ્યો છે. (૫) માલદેવ પરિશિષ્ટ–કમલમેરના દેવમંદિરના સર્વ શિલાલેખોનું આ ગ્રન્થમાં વર્ણન છે. (૬) શત્રુંજય માહાત્મ્ય–આ એક જૈન ગ્રન્થ છે.

આ સર્વે ગ્રન્થો હસ્તલિખિત છે. એ સિવાય ભટ્ટ લોકોના અપ્રસિદ્ધ ગ્રંથો, વંશપત્રિકાઓ, શિલાલેખો, તામ્રપત્રો, જૈન ગ્રન્થો, આઇન–ઈ–અકબરી, શાહનામા, જહાંગીરનામા, તારિખફિરસ્તા, આદિ અનેક ફારસી તથા અરબી ગ્રન્થોદ્વારા મેવાડની ઐતિહાસિક વાતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

(જુઓ ટૉડકૃત રાજસ્થાનમાં તેનો ઇતિહાસ.)

* ગુર્જર દેશમાં કૈયરનામક એક નગર હતું. આ નગરમાં દેવાદિત્ય નામનો બ્રાહ્મણ રહેતો હતો. આ બ્રાહ્મણ વેદવેદાંગનો જ્ઞાતા હતો. તેને એક સુભગા નામની કન્યા હતી. દેવાદિત્યે પોતાની કન્યાનો વિવાહ કર્યો, પરન્તુ તે અભાગિની કન્યા, વિવાહની રાત્રે જ વિધવા થઇ. સુભગાના ગુરુએ તેને બીજ મંત્ર આપ્યો હતો. એક દિવસ તેણે ભાન ભૂલી તે મંત્રનો ઉપચાર કર્યો. આથી

મહારાજા શિલાદિત્ય શત્રુઓના સામે પોતાના સામર્થ્યપર આધાર રાખી કેસરિયાં કરી લડ્યા, પરન્તુ તેઓ પોતાના વીર પુરુષો સાથે સમરશાયી થયા, અને વલ્લભીપુરમાં તેમનું નામનિશાન સુદ્ધાંત પણ રહ્યું નહીં.

તુરત જ સૂર્ય ભગવાને પ્રકટ થઇ તેને આલિંગન દીધું અને તત્ક્ષણ જ અંતર્ધ્યાન થઈ ગયા. થોડા જ દિવસમાં સુભગાને ગર્ભનાં લક્ષણો જણાયાં. આ વાતની દેવાદિત્યને ખબર પડતાં તે અત્યંત વ્યાકુળ થયો, પરન્તુ યોગબળથી જ્યારે તેણે મૂળ કારણ જાણ્યું ત્યારે તેનો સમસ્ત શોક વિલુપ્ત થયો. તે છતાં પણ તેણે સુભગાને પોતાને ઘેર ન રાખતાં એક દાસીની સાથે વલ્લભીપુર મોકલી દીધી. આ નગરમાં સુભગાને એક પુત્ર તથા એક પુત્રીની પ્રાપ્તિ થઇ. સુભગાનો પુત્ર મોટો થયો ત્યારે તેને ભણાવવાને માટે વિદ્યાલયમાં મોકલવામાં આવ્યો. તેના મિત્રો તેનું ગૂઢ જન્મ વૃત્તાંત જાણી તેને 'ગુપ્ત' નામથી બોલાવી તેના ઉપર અનેક પ્રકારના અત્યાચાર કરતા હતા. આથી 'ગુપ્ત'ને અત્યંત દુઃખ થતું. તેને શયન અથવા ભોજન કરતી વખતે પણ કોઇ પ્રકારનું સુખ થતું નહોતું. તેને અત્યંત ચિંતા થતી, તેને અનેક પ્રકારની શંકા થતી. જ્યારે તેના સહાધ્યાયીઓ તેના પિતાનું નામ પૂછતા ત્યારે તે નિરુત્તર બની જતો. આ શું ઓછા દુઃખની વાત છે? જે પિતા દ્વારા તે ઉત્પન્ન થયો તેને તે ઓળખતો નહોતો. તેણે તેને એકવાર પણ દીઠો નહોતો, તેણે તેને એકવાર પણ બોલાવ્યો નહોતો. આથી તે બાળકના હૃદયમાં અત્યંત શોક થયો. થોડા સમયમાં જ તે બાળકનું કોમળ હૃદય ચિંતારૂપી વિષથી જર્જર થઈ ગયું. તેના સહાધ્યાયીઓ તેના પિતાનું નામ પૂછીને તેનો જીવ અત્યંત બાળતા હતા. તે મનનું દુઃખ મનમાં જ છુપાવીને ઘેર આવ્યો આવતો અને પોતાની માતાને પોતાના પિતાનું નામ વારંવાર પૂછતો, પરન્તુ સુભગા કાંઇ ઉત્તર આપતી નહીં. તે પોતાના પુત્રને ગોદમાં લઇ સમજાવી પટાવી શાંત રાખતી. આ પ્રકારે ઘણા દિવસ વ્યતીત થઇ ગયા, પરંતુ 'ગુપ્ત'ને પોતાના પિતા વિષે કાંઇ માહિતી મળી નહીં.

અંતે એક દિવસ 'ગુપ્ત'ને તેના સહાધ્યાયીઓએ ખૂબ સતાવેલો હોવાથી તે અત્યંત ક્રોધાયમાન થઇ પોતાની માતા પાસે આવ્યો, અને તેણે સિંહ-સમાન ગર્જના કરી કઠોર અવાજથી કહ્યું; "જો તું હમણાં મારા પિતાનું નામ નહીં બતાવશે તો હું તારો પ્રાણ લઇશ." 'ગુપ્ત'ના આ ભયદાયક શબ્દો પૂરા થાય તે પૂર્વે સૂર્ય ભગવાન્ તેના આગળ પ્રગટ થયા અને તેને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તત્પશ્ચાત્ તેઓ 'ગુપ્ત'ના હાથમાં એક પાષાણનો ટૂકડો આપી બોલ્યા; "આ પાષાણનો ટૂકડો હાથમાં લઇને તું જેને સ્પર્શ કરશે તે તત્ક્ષણ પતન પામશે." 'ગુપ્તે' આ પાષાણના ટૂકડાથી પોતાના સર્વ સહાધ્યાયીઓને પરાજિત કર્યા. થોડા વખતમાં આ સમાચાર વલ્લભીપુરના રાજાના સાંભળવામાં આવ્યા. રાજાએ 'ગુપ્ત'ને પોતાની સમક્ષ બોલાવીને તેને અનેક પ્રકારની ધમકી આપી. આથી 'ગુપ્તે' એ ઉક્ત પાષાણના ટૂકડાવતી રાજાને પરાજિત કર્યો અને તેના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. હવેથી તે 'ગુપ્ત' શિલાદિત્યના નામથી ઓળખાવા લાગ્યો.

મહારાજા શિલાદિત્ય ટૉડ સાહેબના કહેવા મુજબ બ્રાહ્મણપુત્રીથી સૂર્યથી ઉત્પન્ન થયલા હતા.

મહારાજા શિલાદિત્યને ઘણી રાણીઓ હતી. તે પૈકી એક પુષ્પવતી સિવાયની તમામ તેની સાથે સતીઓ થઇ હતી. પુષ્પવતી ચંદ્રાવતી નગરીના પરમાર રાજાની પુત્રી હતી, અને તે આ સંગ્રામ પહેલાં પોતાને પુત્ર થવાની ઇચ્છાથી, તે ગર્ભવતી હોવાથી પોતાના પિયરમાં આવેલાં જગદંબા દેવીની પૂજા સારૂ ગઇ હતી. જ્યારે તેણે પૂજાનું કાર્ય પૂર્ણ કરી, પોતાના પતિ પાસે જવા માંડયું, ત્યારે રસ્તામાં તેને આ દુઃખદ સમાચાર મળ્યા. તેના ઉપર વજ્રપ્રહાર સમાન આઘાત થયો. તે મૂર્છિત થઇ પડી. તેની સખીઓએ તેને સચેત કરી. તે ગર્ભની આશાએ પોતાનું જીવન ટકાવીને ત્યાં જ રહી, અને 'મલવા' નામની શૈલમાળામાં તેણે એક પુત્રરત્નને જન્મ આપ્યો.

આ જગાથી થોડે દૂર વીરનગર નામનું એક નાનકડું ગામ હતું. આ ગામમાં કમળાવતી નામની એક બ્રાહ્મણી રહેતી હતી. તેને પોતાનો પુત્ર સોંપી રાણી સતી થઇ. સતી થતી વખતે રાણી આ બ્રાહ્મણીને કહેતી ગઇ કે "પુત્રને બ્રાહ્મણોચિત શિક્ષા આપજો અને યોગ્ય સમયે રાજપૂત કન્યા જોડે વિવાહ કરજો."

આ કુંવરનો જન્મ ગુહામાં થયો હતો માટે તે બ્રાહ્મણીએ એનું નામ 'ગોહ' પાડયું. પછાડીથી આ ગોહ ભિલ્લોની સહાયથી ઇડરનો

વલ્લભીપુરના રાજા શિલાદિત્યના સંબંધમાં આ પ્રકારની બીજી પણ અદ્ભુત અને મનોહર દંતકથાઓ સાંભળવામાં આવે છે. એમ કહેવાય છે કે, વલ્લભીપુરમાં તે વખતે 'સૂર્યકુંડ' હતો. જે વખતે સંગ્રામનો પ્રસંગ આવી પડતો તે વખતે રાજા શિલાદિત્ય તે કુંડની સમીપ જતા અને ભગવાન્ ભાસ્કરની પ્રાર્થના કરતા. આ પ્રાર્થના સાંભળી સૂર્યનો રથ ખેંચનાર સપ્તાશ્વ નામનો એક પ્રચંડ અશ્વ તે કુંડમાંથી બહાર નીકળતો. આ અશ્વને પોતાના રથ સાથે જોડી મહારાજા શિલાદિત્ય શત્રુઓને પરાજિત કરતા. પરંતુ પાછળથી તેમના કોઇ દુષ્ટ મંત્રીએ વિશ્વાસઘાત કર્યો, તેથી શિલાદિત્યનું સૌભાગ્ય નષ્ટ થયું. તેમના ઉક્ત દુષ્ટ મંત્રીએ તેમના શત્રુને આ ભેદ જણાવી દીધો અને તેને સલાહ આપી કે "આ પવિત્ર કુંડમાં ગોરક્ત નાંખો એટલે શિલાદિત્યનો સૌભાગ્ય સૂર્ય નષ્ટ થશે." આ સલાહ અનુસાર યવનોએ તે સૂર્યકુંડમાં ગોરક્ત નાંખ્યું. સૂર્યકુંડ અપવિત્ર બન્યો એટલે મહારાજા શિલાદિત્યનો સૌભાગ્યસૂર્ય અસ્ત થવા લાગ્યો, તેમના નાશનો આરંભ થયો અને મ્લેચ્છગણ પ્રચંડ બળ સહિત આવી વલ્લભીપુરને ઘેરી ગગનભેદી સિંહનાદથી વારંવાર દિશાઓ ગજાવવા લાગ્યા.

(ટૉડકૃત રાજસ્થાન અને વલ્લભીપુરનો વિનાશ નામની વાર્તા જુઓ. મળવાનું ઠેકાણું "ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ, સર્કલ, કોટ–મુંબઇ).

રાજા થયો. આ રાજાના નામ ઉપરથી મેવાડના રાજાઓ 'ગહિલોત' અથવા 'ગિહલોત' કહેવાય છે. પછાડીથી જે ભિલ્લોએ આ રાજાને રાજ્ય અપાવ્યું હતું, તે જ ભિલ્લોના વંશજોએ રાજાની આઠમી પેઢીએ ચયલા રાજા **નાગાદિત્યને** જંગલમાં શિકાર કરતાં વધ કરી નાખ્યો. અને તેઓ પુનઃ સ્વતંત્ર બની ગયા.

આ નાગાદિત્યને તેના મરણ વખતે એક માત્ર ત્રણ વર્ષનો 'બાપ્પા' નામનો પુત્ર હતો. તેને રાજાના મરણના સમાચારથી બચાવવા સારૂ ભગાવવામાં આવ્યો. આ બાપ્પાને બ્રાહ્મણોના રક્ષણમાં રાખવામાં આવ્યો હતો. તે જંગલમાં બ્રાહ્મણોની ગાયો ચરાવતો હતો. એવામાં એના ઉપર હારિત ઋષિની કૃપા થઇ, તેથી તેમણે તેને તેઓ જે એકલિંગનું આરાધન કરતા હતા તે 'એકલિંગના દિવાન'ની ઉપાધિ આપી, અને દેવી ભવાનીજી પાસેથી શૂલ, ધનુષ, બાણ, તરકસ તથા એક ખડ્ગ એટલાં દિવ્ય શસ્ત્રાસ્ત્રો અપાવ્યાં.

હવે બાપ્પાને આ જંગલોમાં રહેવાનું ઠીક લાગવા ન લાગ્યું. તેથી તેણે પ્રથમ તેની માતા મોંએ સાંભળ્યું હતું કે ચિતોડનો મૌર્ય* વંશી રાજા તેનો મામો થાય છે. માટે તે ચિતોડ ગયો, અને ત્યાં જઇ તેના ઉપર અતિ કૃપા રાખનાર તેના મામા માનસિંહને મારી તે ચિતોડનો માલીક બની બેઠો- અને તેણે સિંહાસનસ્થ થઇ "હિંદુ-સૂર્ય" "રાજગુરૂ" તથા "ચક્કવૈ" એ પ્રમાણેની ઉપાધિઓ ધારણ કરી. આ બાપ્પાને ઘણી રાણીઓ હતી. તે કેટલીક મુસલમાન કન્યાઓ સાથે પણ પરણ્યો હતો અને તેનાથી પણ તેને કેટલીક પ્રજા ઉત્પન્ન થઇ હતી.†

આ બાપ્પાના સંબંધમાં ઘણી નવાઇ જેવી હકીકતો છે, પરન્તુ અમારે આ વાર્તામાં તેમનું જ ચરિત્ર વર્ણવવાનું નહીં હોવાથી આપી નથી.‡ બાપ્પાની મુસલમાન અને હિન્દુ પ્રજાએ તેમના મરણ બાદ લાસ લેવા સારૂ ઝઘડો પણ કર્યો હતો, એમ ઇતિહાસથી જણાય છે.

---

* આ મૌર્ય વંશ પરમારોની જ એક શાખા છે. † આ બાપ્પા મુસલમાન કન્યાઓ સાથે પરણ્યા, તેનાથી પ્રજા થઈ છતાં તેઓ મુસલમાન ન બન્યા, પરન્તુ ઠાકરડાઓની કન્યાઓ સાથે લગ્ન કરનાર બીજા રાજપુતોને તેમના આચાર વિચાર સારા હોય તો પણ-તેમને હાલના રાજપુતો તરફથી ઠાકરડા માની લેવામાં આવે છે. રાજપૂતોએ પોતાની કોમનાં ચરિત્રો ઉપર લક્ષ રાખી આ બાબતનો નિકાલ કરવો ઘટે છે. ‡ વધુ માટે "ગુજરાતી" પ્રેસે પ્રકટ કરેલી "બાપ્પારાવળ" નામની ચોપડી વાંચો.

ઈ. સ. ૮૧૨ થી ૮૩૬ સુધી ચિતોડની ગાદી ઉપર મહારાણા ખુમાણે રાજ્ય કર્યું હતું. તેના સમયમાં પણ યવનોએ ચિતોડ ઉપર આક્રમણ કર્યું હતું, પરંતુ મહારાણા ખુમાણે તેમને હાંકી કહાડયા હતા. આ ખુમાણ રાણાનો તેના પુત્ર મંગળે વધ કર્યો અને તે મેવાડનો રાજા બન્યો. પરન્તુ ટુંક સમયમાં જ તેને સરદારોએ ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો અને હદપાર કર્યો. આથી તે મેરૂના મેદાનમાં જઈ વસ્યો અને લોહડવા નામના સ્થાનપર અધિકાર સ્થાપી, ત્યાં રાજ કરવા લાગ્યો. એના વંશજોને મંગલીય ગહિલોત કહેવામાં આવે છે.

ખુમાણ પછી કેટલીક પેઢીએ મહારાણો સમરસિંહ ચિતોડની ગાદી ઉપર આવ્યા હતા. આ રાણો શંકરના સમાન સ્વરૂપ રાખતા હતા, એમને શંકરનો અવતાર માનવામાં આવતો હતો. એમના સંબંધી વિગતવાર વર્ણન મહાકવિ ચંદ બરદાયીકૃત પૃથિરાજ રાસામાં છે. અને તેનો સાર ટોડકૃત રાજસ્થાનના ઈતિહાસમાં છે. એટલે અમોએ એમનું વિગતવાર વર્ણન અહીં આપ્યું નથી. તેઓ દિલ્લીપતિ મહારાજાધિરાજ પૃથ્વીરાજ ચૌહાણ કે, જે તેમના સાળા થતા હતા. તેમની સાથે રહી શાહાબુદ્દીન ઘોરી સાથે લડયા હતા. અને પવિત્ર દૃષદ્વતી નામની નદીના કિનારે અનંત નિદ્રામાં સુતા. પછાડીથી મહારાજા પૃથ્વીરાજ પણ મુસલમાનોની સાથે લડતાં કેદ પકડાયો અને આ પવિત્ર ભારતવર્ષ કનોજના રાઠોડ રાજા જયચન્દ્રના કલંકિત પ્રયાસથી હમ્મેશના માટે પરાધીનતાની પ્રચંડ બેડીમાં સપડાયો. મહારાણા સમરસિંહ પછી કેટલીક પેઢીએ મહારાણા લક્ષ્મણસિંહ ચિતોડની ગાદી ઉપર આવ્યા. એમના કાકા ભીમસિંહનાં પત્ની પદ્મિનીના સુંદર સ્વરૂપ ઉપર મોહિત થઈ દિલ્હીના સુલ્તાન અલ્લાઉદ્દીને તેનું માગું કર્યું. શું બાપ્પા રાવળના વંશજો તે અપમાન સહન કરી શકે કે? રાણા લક્ષ્મણસિંહે તેને લડવાનું આમંત્રણ કર્યું. ચિતોડ પાસે ભયંકર યુદ્ધ થયું, તેમાં મહારાણાએ યવનોને હિન્દુઓની તલવારનું પ્રાબલ્ય બતાવ્યું અને પોતે પોતાના સમગ્ર વીરો સાથે સમરશાયી થયા. અને નગરમાં રાજપૂત રમણીઓએ 'જૌહાર'નું અવલંબન કરી આ પ્રપંચી જગતનો ત્યાગ કરી પરમધામમાં ગઈ. પાપી અલ્લાઉદ્દીન નગરમાં આવ્યો. પરન્તુ તેના મનની પાપી મુરાદો તેના મનમાં જ લુપ્ત થઈ ગઈ.*

---

*મહારાણા લક્ષ્મણસિંહના યુદ્ધનું વર્ણન કરતાં રાવ 'બખ્તાવરજી' જણાવે છે કે,

અહા ! હવ કિન્હો કૈસો મહારાજા લછમન,
કાલસે અલાઉદ્દીન હિસોં કરવાલીકો !
કાટ ડાર્યો કટક કરાલ સો કિતોક કહું,
શોણિતકો તાલ ભો બિશાલ પલ પાલીકો !

મહારાણા લક્ષ્મણસિંહ પછી અજયસિંહ મહારાણા ગાદીએ આવ્યા. તેમને અજિમસિંહ અને સુજનસિંહ નામના બે પુત્રો હતા. તેમની નબળાઇથી નાખુશ થઇ અજયસિંહે પોતાના ભત્રીજા હમ્મીરને ચિતોડનું રાજ્ય સોંપ્યું અને પોતાના પુત્રોને રાજ્યથી વંચિત કર્યા. અજિમસિંહ તો રાજ્યના શોકમાં ને શોકમાં દેલવાડામાં મરણ પામ્યો. અને સુજનસિંહ દક્ષિણમાં ગયો. ત્યાં તેણે તેનો સ્વતંત્ર વંશ સ્થાપ્યો કે જે વંશમાં કેટલીક પેઢીએ દુષ્ટ યવન બાદશાહ ઔરંગજેબને હંફાવનાર મહાન્ પ્રતાપી છત્રપતિ મહારાજા શિવાજી ઉત્પન્ન થયા. આ મહારાજા શિવાજીએ પણ ઔરંગજેબના સમાન અત્યાચારી બાદશાહ સામે હિમ્મતથી લડી હિન્દુ ધર્મનું રક્ષણ કરી પોતાના સૂર્ય વંશનું બિરદ સાચવ્યું હતું. એમના માટે મહા કવિ ભૂષણજીએ કહ્યું છે કે—

"શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી"

મહારાણા હમ્મીરને સોનગઢા* માલદેવની પુત્રીથી ક્ષેત્રસિંહ નામનો કુંવર થયો હતો. માલદેવે પછાડીથી રાણા પ્રત્યે નીચ પ્રકારની વર્તણૂક ચલાવી હતી, પરન્તુ તેમાં તે ફળીભૂત થયો નહોતો. છતાં પણ રાણા હમ્મીરે પોતાના શ્વશુર પક્ષનાં માણસો માનમરતબા સાથે પોતાની આજીવિકા ચલાવી શકે તે સારુ માલદેવના પુત્ર વાનવીરે, રાણાની આધીનતા સ્વીકારવાથી, કેટલોક મુલક તેને આપ્યો હતો. મહારાણા હમ્મીર સં. ૧૩૫૭ થી સં. ૧૪૨૧ સુધી મેવાડના રાજ્ય ઉપર રહ્યો હતો.

હમ્મીર પછી તેનો જ્યેષ્ઠ કુમાર ક્ષેત્રસિંહ અથવા ખેતસિંહ સં. ૧૪૨૧ માં ગાદીએ આવ્યો. તે પણ તેના પિતા સમાન બહાદુર યોદ્ધો હતો. તેણે કેટલાક બાદશાહી મુલકો જીતી પોતાના રાજ્યમાં મેળવ્યા હતા. અને દિલ્હીપતિ હુમાયૂ સાથે તેને ભયંકર લડાઇ થઇ હતી કે જેમાં હુમાયૂએ સર્વ ગુમાવ્યું હતું. આ રાણાનું વેવીશાળ બનૌદીના હાડા† સામંતની સાથે કરવામાં આવ્યું હતું. પરન્તુ લગ્ન

તરે કેતે તુણ્ડ મુણ્ડ તામેં વક્ર તુણ્ડ લેકેં,
પર્યો મુણ્ડ માલી કરી તુમ્બરો કપાલીકો !
વક્ર તુણ્ડ તુણ્ડન બિતુણ્ડનકે તુણ્ડનમેં,
મુણ્ડનમેં મુણ્ડ ન દિખાત મુણ્ડ માલીકો !!

આ કવિત્ત મહારાણા ફતેસિંહજીએ તૈયાર કરાવ્યું હતું અને તેના પારિતોષિકમાં લક્ષ પસાવ, ગામ અને પગમાં સોનું બક્ષવામાં આવ્યું હતું.

* સોનગઢા એ ચૌહાણોની એક શાખા છે. † હાડા એ પણ ચૌહાણોની એક શાખા છે. ચૌહાણોમાં ઈસ્તપાલ નામનો રાજા ઇ. સ. ૧૦૨૫ માં મુસલ-

થાય તે પહેલાં તે નરરાક્ષસે આ બહાદુર રાણાનું કપટથી મોત–કોણ જાણે શા કારણથી–આણ્યું હતું. (સં. ૧૪૩૯.)

રાણા ક્ષેત્રસિંહ પછી સં. ૧૪૩૯ માં રાણા લાક્ષ મેવાડના સિંહાસન ઉપર આવ્યા. એમણે ચપ્પન નામનો દેશ જીતી લીધો હતો. એ દેશમાં આવેલા "જાવડા" નામના સ્થાનમાં એક ધાતુની ખાણ નીકળી હતી કે જેમાંથી સપ્ત ધાતુઓ નીકળતી હતી. આ મહારાણા સં. ૧૪૫૪ માં કૈલાસવાસી થયા.

મહારાણા લાક્ષને ચન્દ્રસિંહ નામના જ્યેષ્ઠ કુમાર હતા. તેમના માટે મારવાડના રાજાએ પોતાની પુત્રીનું વેવીશાળ કરવાનું નાળીયર મોકલ્યું, પરંતુ કેટલાક કારણોથી ચન્દ્રે તેનો સ્વીકાર કરવા ના પાડી, તેથી પોતાની વૃદ્ધાવસ્થામાં રાણાએ તેની સાથે લગ્ન કર્યું, અને તેનાથી મુકુલસિંહ નામનો એક કુંવર ઉત્પન્ન થયો. રાણા લાક્ષ યવનોએ ગયા તીર્થ ઉપર આક્રમણ કર્યું છે, એમ જાણી તેનો ઉદ્ધાર કરવા સારુ ગયા જવાનો વિચાર રાખી, કુમાર ચન્દ્રને પ્રશ્ન કર્યો કે, "હવે હું ગયાથી પાછો આવી શકું એમ મને લાગતું નથી, અને જો તેમ થાય તો મુકુલની આજીવિકાનો શું બંદોબસ્ત કરવામાં આવશે." બહાદુર અને નિઃસ્વાર્થી કુમાર ચન્દ્રે પિતાનો મુકુલ ઉપરનો પ્રેમ હોવાથી જણાવ્યું કે, "તેને મેવાડનું રાજછત્ર આપવામાં આવશે." આ તેનો ઉત્તર સાંભળી રાણા સાથે સહુ સભાજનોએ આશ્ચર્યચકિત થઇ, ચન્દ્રસિંહની નિઃસ્વાર્થતાની પ્રશંસા કરી. ચન્દ્રે પણ પિતા ગયા જાય તે પહેલાં જ તેને ગાદી ઉપર બેસાડવાનો વિચાર રાખ્યો. તેને ગાદી ઉપર બેસાડી તેના આગળ એક સામંત તરીકે સેવક ભાવથી વિશ્વાસુ રહેવાની પ્રતિજ્ઞા કરી. આ ચન્દ્રસિંહના વંશજો ચન્દાવત કહેવાય છે અને મેવાડના ગાદીપતિના વડેરા મનાય છે. તેઓ સલુમ્બ્રાના સામંત છે. ચન્દ્રસિંહને મુખ્ય મંત્રી બનાવવામાં આવ્યો અને રાજા તરફથી જે દસ્તાવેજો કોઇને પણ કરી આપવામાં આવે, તેમાં જ્યાં સુધી સલુમ્બ્રા સરદારની મોહોર ન થાય ત્યાં સુધી તેને પૂર્ણ થયલો માનવામાં ન આવે, એવો ઠરાવ થયો. હાલમાં આવો કોઇ પણ નિઃસ્વાર્થી ક્ષત્રિય બચ્ચો આ ભારત ભૂમિમાં હશે ખરો કે !

ચન્દ્રસિંહ મોકલસિંહને સિંહાસનસ્થ કર્યા પછી તેણે મેવાડ ભૂમિ

માનો સાથે લડતાં મરાયો. તેને તેમની કુળદેવી આશાપુરીએ આવી તેનાં હાડકાં એકઠાં કરી અમૃત છાંટી સજીવ કર્યો. એને હાડકાંમાંથી સજીવ કર્યો માટે એના વંશજો "હાડા" કહેવાવા લાગ્યા.

છોડી માંડુ રાજ્ય તરફ પ્રયાણ કર્યું. ત્યાંના રાજાએ તેમનો સારી રીતે સત્કાર કર્યો અને હાલર નામનો દેશ આજીવિકા સારુ આપ્યો.

જે વખતે રાણો મુકુલસિંહ અથવા મોકલસિંહ ગાદી ઉપર બેઠો તે વખતે તેની ઉમ્મર માત્ર પાંચ વર્ષની જ હતી, પણ ચંદ્રસિંહ મેવાડ ભૂમિ છોડી ગયા હતા, એટલે તેની માતાના પિતા રાવ રણમલ્લ–મારવાડના રાજાએ–તેના તરફથી રાજ્યનો વહીવટ ચલાવવા માંડયો. છેવટ તે પાપીની દાનત મેવાડનું રાજ્ય પચાવી પાડવાની થઇ હતી. તેમાંથી પુનઃ કુમારચન્દ્રે આવીને મેવાડનો ઉદ્ધાર કર્યો હતો. આ વખતે માત્ર ગણ્યા ગાંઠયા રાઠોડો જ ચન્દ્રના માણસોની તલવારમાંથી બચી શકયા હતા કે, જેમાં રણમલ્લનો જોધરાજ નામનો કુંવર પણ હતો કે જેણે પછાડીથી જોધપુર વસાયત કરી.

રાણા મોકલ, ચાચા અને મેર એ નામના રાણા ક્ષેત્રસિંહની નીચ કુળની રાખથી ઉત્પન્ન થયલા તેના કાકાઓનાં પાપી કૃત્યોથી સં. ૧૯૪૦ માં સ્વર્ગસ્થ થયા.

રાણા મોકલસિંહ પછી તેમના પુત્ર કુંભાજી સં. ૧૪૯૦ માં મેવાડપતિ થયા. આ રાજા પ્રખ્યાત રાઠોડી મીરાંબાઇના પતિ હતા, એવી ભ્રમમૂલક માન્યતા ચાલે છે. તેઓ સારા કવિ, દાની અને રણભૂમિમાં અડગ હતા. એઓ ધર્મ ઉપર અડગ શ્રદ્ધા રાખનાર હતા. તેમણે ચક્રવર્તી કવિ જયદેવના "ગીત ગોવિંદ" કાવ્ય ઉપર સંસ્કૃત ભાષામાં ઉત્તમ ટીકા કરી છે, જે સર્વોત્કૃષ્ટ મનાય છે. આ મહારાણા સં. ૧૫૨૫ માં પોતાના રાક્ષસપુત્ર ઉદયસિંહની છરીનો ભોગ થઇ ૫૦ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યા હતા.

મહારાણા કુંભાજીનો ઘાત કરી તેમનો પુત્ર ઉદયસિંહ સં. ૧૫૨૫ માં ગાદીએ આવ્યો. એના ગાદી ઉપર આવ્યા પછી સરદારો તેનાથી વિરુદ્ધ થઇ ગયા. એણે શિરોહી અને મારવાડના રાજાઓમાં દેશની વેહેંચણી કરી, મહારાણા કુંભાએ મેળવેલ રાજ્યને ટુંકમાં જ વિખેરી નાંખ્યું. આથી સરદારોએ એને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો અને એના ભાઇ રાયમલ્લને સં. ૧૫૩૦ માં ગાદી ઉપર બેસાડયો. આથી તે નાખુશ થયો અને કુળની મર્યાદાને તિલાંજલિ આપી દિલ્લીના પાદશાહના શરણે ગયો અને તેને પોતાની પુત્રી આપવાની પ્રતિજ્ઞા કરી તેની સહાય માગી. પરન્તુ બાપ્પા રાવળના પ્રતાપી વંશને આ રાક્ષસના હાથે કલંકિત થવા દેવો તે ઇશ્વરની ઇચ્છા વિરુદ્ધ હતું. આથી 'માંડુ'માં તેના ઉપર વિજળી પડી અને એ પાપીના પ્રાણનો નાશ થયો. મેવાડની પેઢીઓમાં પિતૃઘાતકોનાં નામ લખવામાં આવતાં

નથી, એમ સાંભળવામાં આવ્યું છે. એટલે કદાચ આ પાપીનું નામ પણ મેવાડના પેઢીનામામાં ન પણ હોય.

આ પાપી ઉદયસિંહ પછી મહારાણા રાયમલ્લજી સં. ૧૫૩૦ થી સં. ૧૫૬૫ સુધી મેવાડની ગાદી ઉપર રહ્યા. તેઓ બહુ દાની અને શૂરવીર હતા. આ રાણા રાયમલ્લને સંગ, પૃથ્વીરાજ અને જયમલ્લ એ નામના ત્રણ કુંવરો હતા. આ પૈકી જયમલ્લ* પ્રથમ મરણ પામ્યો હતો. અને સંગ તથા પૃથ્વીરાજ વચ્ચે રાજના ઉત્તરાધિકાર બાબત મહાન્ કલેશ જાગ્યો હતો, જેના પરિણામે સંગને બહાર રખડવું પડ્યું હતું. આથી રાયમલ્લે પૃથ્વીરાજને દેશ નિકાલની સજા ફરમાવી હતી. તેમણે પછાડીથી મીના લોકોને મારી કહાડી ગોદ્વાર નામનો દેશ પોતાના કબજે કર્યો હતો, અને તે દેશ પાટણના સોલંકી વંશના સદ્ધા સોલંકીને પોતે આપી દીધો. આ સમાચાર જ્યારે રાયમલ્લજીને મળ્યા ત્યારે તેમણે પુનઃ પૃથ્વીરાજને ચિતોડમાં બોલાવ્યો.

કુમાર જયમલ્લ મરણ પામ્યા અને સંગ રખડતા ફરતા હતા, એટલે માત્ર એકલા જ પૃથ્વીરાજજી ચિતોડમાં હતા. તેમની તારાને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ અને તેથી થોડા જ સમયમાં તોડાતંકમાંથી યવનોને હાંકી કહાડયા હતા. તેઓ એવી ત્વરાથી તોડાતંક પહોંચ્યા હતા કે એ શી રીતે ત્યાં ઓચિંતાના આવ્યા તેનું કારણ જાણી શક્યું

* જયમલ્લના મરણ બાબત એવી હકીકત કહેવાય છે કે, પાટણના સોલંકી વંશનો રાય શૂરથાન નામનો એક રાજપૂત અરવલ્લીની તળેટીમાં વસેલા બેદનૂર નગરમાં રહી પોતાના દિવસો વિતાડતો હતો. તેને તારાબાઇ નામની એક પુત્રી હતી. તે બહુ બાણાવળી અને ઘોડા ઉપર સવારી કરવામાં હોંશિયાર હતી. તારાના પિતાએ એવી પ્રતિજ્ઞા કરી હતી કે "જે રાજપૂત યવનોના પાસેથી તોડાતંકનો ઉદ્ધાર કરશે, તેની સાથે તારાનો વિવાહ કરવામાં આવશે." આથી જયમલ્લ બેદનોરમાં આવ્યો અને શૂરથાન પાસે તારાની માગણી કરી. તારાએ જ તેને જણાવ્યું કે મારા પિતાની પ્રતિજ્ઞા પ્રથમ પૂર્ણ કરો અને પછી મારી સાથે લગ્ન કરો. પ્રથમ તો એણે એમ કરવાનું કબૂલ કર્યું અને છતાં પણ તે પ્રતિજ્ઞા પૂર્ણ કર્યા પૂર્વે તેણે શૂરથાન પાસેથી તારાની માગણી કરી. આથી શૂરથાન તેના ઉપર ક્રોધાયમાન થયો અને જયમલ્લનું શિર ધડથી જુદું કરી નાંખ્યું, અને જયમલ્લના ભાગ્યાકાશ માટે તારા તારો નિવડી નહીં.

રાણો રાયમલ્લ આ સમાચાર સાંભળી કંઇ ક્રોધાયમાન થયો નહીં. તેના સરદારોએ તેને બહુ ઉશ્કેર્યો છતાં પણ એણે જણાવ્યું કે એને એની ઉદ્ધતાઇનું જે ફળ મળવું જોઇએ તે મળ્યું છે. પછી એના માટે વેર શું લેવું? આ પ્રમાણે સરદારોને ઉત્તર આપી શૂરથાનને બોલાવી બેદનોરનો મુલક તેની બહાદુરી અને ક્ષત્રિ ટેકના બદલામાં ઇનામ તરીખે આપ્યો.

નહીં. તેથી લોકો એમને "પૃથિરાજ ઉડણા"ના નામથી ઓળખતા હતા. આ યુદ્ધના સંબંધમાં બાદશાહ (લલ્લા)ને સંબોધીને એ પ્રાચીન તુકો ચાલી આવે છે કે:–

"ભાગ લલ્લા પૃથિરાજ આયો ! સિંહકે સૌંચરે શ્યાલ બચાયો."

ભાવાર્થ:–હે લલ્લા ! પૃથિરાજ આવ્યો, નાસ, સિંહની ગુફામાં શિયાળે બચ્ચું જણ્યું છે તે શી રીતે જીવી શકશે ?

આ પૃથિરાજ, મેવાડનું રાજ્ય લેવાની ઇચ્છાવાળા પોતાના કાકા **સુરજમલ સાથે** બહુ ધર્મની લડાઇઓ લડયા હતા. છેવટે તેણે તેના કાકાના પુત્ર સારંગદેવને માતાનાં દર્શન કરવા સાથે માગણી કરી લીધો અને ત્યાં જઇ તેનો શિરચ્છેદ કર્યો હતો. આથી સુરજમલે પોતાની આજીવિકાવાળી સાદડી નામનું સ્થળ બ્રાહ્મણો અને ભટ્ટોને દાનમાં આપી દીધું, કારણ કે તેમના પાસેથી રાજ છોડાવી ન શકે. તેમનું મન વિરક્ત થવાથી તેઓ એક જંગલમાં જતા હતા, ત્યાં એક બકરીના બચ્ચાને વરુ પકડી લેવા સારુ મથી રહ્યું હતું, પરંતુ બકરી તેને એવી રીતે સાચવી રહી હતી કે તેમાં તે વરુ ફાવી શકયું નહીં. આથી એમણે તે જ જગાએ રાજધાની સ્થાપવાનો વિચાર કર્યો. આજુબાજુના ભિલ્લોને એકઠા કરી ત્યાં પ્રતાપગઢ દેવળીઆના રાજ્યની તેમણે સ્થાપના કરી, જે અદ્યાપિ પણ છે. ટૉડના રાજસ્થાનમાં રાયમલ પછી મહારાણો સંગ અથવા સાંગો ગાદીએ આવ્યાનું જણાવ્યું છે, જ્યારે મહારાણા યશપ્રકાશમાં રાયમલજી પછી સંગની ગેરહાજરીમાં આ પૃથ્વીરાજ પણ વચ્ચે મેવાડના મહારાણા થયા હતા, એમ જણાવ્યું છે.

મહારાણા રાયમલજી પછી તેમના પાટવી કુંવર સાંગાજી સં. ૧૫૬૫ થી સં. ૧૫૮૪ સુધી મારવાડની ગાદી ઉપર રહ્યા. એમના સમયમાં ગુજરાત અને માળવાના બાદશાહો બળવાન હતા. તેમણે તેમના ઉપર ઘણી ચડાઇઓ કરી પણ તેમાં તેઓ ફાવી શકયા નહીં. એક વખત તો આ બંને બાદશાહો સાથે જ સાંગાજી ઉપર ચડી આવ્યા, પરંતુ તેમાં તેમને ભોગવવું પડયું.

સં. ૧૫૭૪ માં મહારાણાએ માંડુના બાદશાહ મહમૂદને કેદ કરીને, એનો જહાંગી તાજ તથા કમ્મરપટો ચડાવી લઇને એને કેદથી છોડયો, અને માંડુનું રાજ્ય એને પાછું આપવાની એના ઉપર દયા દેખાડી હતી. આ લડાઇની ખુશાલીમાં કેસરિયા શાખાના ચારણ હરિદાસને સમગ્ર ચિતોડનું રાજ્ય આપી દીધું, જે હરિદાસે રાજ્ય ચલાવવાની કઠણાઇનો વિચાર કરી પાછું આપી દીધું હતું.

સં. ૧૫૮૪ માં જ્યારે બાદશાહ બાબર હિન્દુઓ ઉપર ચઢી આવ્યા, ત્યારે મહારાણા તેના સામે લડવા ગયા હતા. આ લડાઈમાં જ્યારે બાદશાહને લાગ્યું કે તેનો વિજયનો સંભવ નથી, ત્યારે તેણે બયાના સુધીનો મુલક અને કંઈક કર આપીને પણ મહારાણાથી સન્ધિ કરવા વિચાર કરી, તેની શરતો મંજુર થવા સારુ સલહદી તુંવરની મારફત મહારાણા પાસે પેશ કરાવી. પરંતુ મહારાણાને તો યવનોનું બીજ પણ ભારતવર્ષમાં રાખવાનું નહોતું તેથી, તેમણે તે શરતો નાકબુલ કરી. આથી સન્ધિની શરતો લઈ આવનાર તુંવર રાજા નાખુશ થયો અને જ્યારે બરાબર યુદ્ધ ચાલતું હતું તે વખતે પોતાની સાથેના પાંત્રીસ હજાર સૈન્ય સાથે જઈને બાદશાહને* મળ્યો. આથી રાણાજીને કોઈ પણ પ્રકારની હાનિ ન થઈ, પરંતુ એમના કપાળમાં એક તીર વાગ્યું અને તેઓ મૂર્છિત થયા. આથી તેમની સાથેના કેટલાક રાજાઓ તેમને પાલખીમાં નાખીને રણભૂમિમાંથી નાસી ગયા. અને પછીથી સાદડીનો રાજા અજ્જા ઝાલો, રાણાજીના છત્ર ચૅંવર પોતે લઈને મહારાણાના હાથી ઉપર સવાર થઈ લડયો અને પોતાની જીવનયાત્રા બહાદુરી સાથે પૂર્ણ કરી. (ત્યારથી સાદડીવાળાઓના ઉપર છત્ર ચૅંવર થયા કરે છે.) વસવા ગામમાં આવ્યા બાદ મહારાણાની મૂર્છા વળી, એટલે એમણે પોતાની સાથેના સરદારોને પૂછયું કે "વિજય કોનો થયો?" તેથી તેમના સોબતીઓએ તેમને લડાઈના તમામ સમાચાર કહ્યા. આથી મહારાણાને બહુ જ ખેદ થયો. એમણે કહ્યું કે "મને તમો રણભૂમિમાંથી શા સારુ લાવ્યા? આથી તો મારા ઉપર રણભૂમિમાંથી નાસવાનું કલંક ચોંટયું. માટે હવે હું અહિં જ સૈન્ય જમાવી બાબરને પરાજિત કરીશ." જ્યારે ફરીને પણ મહારાણો લડવા લઈ જવાનો છે એમ જાણ્યું, ત્યારે તેમના પાપી-નિમકહરામ અને રાક્ષસી કૃત્યોવાળા સેવકોએ તેમના ઉપર વિષપ્રયોગ કર્યો, અને આ પાપી કૃત્યથી મહારાણા સાંગા સમાન પવિત્ર મહાન્ પુરુષની જીવનયાત્રા ઉપર કાયમનો પડદો પડી ગયો.

આ મહારાણાના સમયમાં રાજપૂતાનાના કેટલાક ભાગો મેવાડના અધિકારમાં હતા. વસી ગ્વાલિયર, ચંદેરી, કાલ્પી વગેરેના રાજાઓએ પણ મેવાડની આધીનતાનો સ્વીકાર કર્યો હતો.

* સાહસી ક્ષત્રિયોમાં આવા નબળા મનના ક્ષત્રિયો પણ ઘણા નીકળી આવશે. આ પાપી માત્ર પોતાનું કહેલું રાણાજીએ ન માન્યું તેથી બાદશાહને મળ્યો, પરંતુ એણે એમ વિચાર ન કર્યો કે, આમાં મહારાણાનો અંગત શું સ્વાર્થ હતો? કદાચ મહારાણાની સહાયમાં રહીને તે લડયો હત તો અત્યારે ભારત પરતંત્ર હત કે કેમ, તે સંબંધી કંઈ જ નિશ્ચય થઈ શકતો નથી.

અમર કાવ્યમાં એમનો દેહાન્ત કાલ્પીમાં થયાનું જણાવ્યું છે, પરન્તુ તે બાબરના લેખના આધારે જણાવવામાં આવ્યું છે. બાબર પોતાના 'તુજક બાબરી'માં જણાવે છે કે "મેં જ્યારે ચંદેરી ઉપર ફતેહ મેળવી ત્યારે મહારાણો સાંગો બહુ ભારે સૈન્ય લઇને એ વખત મારા ઉપર આવ્યો હતો અને રસ્તામાંજ મરી ગયો હતો." અમો આ જગાએ મહારાણા સાંગાજીનાં કંઇક કાવ્યો આપીશું.

ગીત :

ખડા લખ મેર પવે[1] ખુમાણો,[2] રેસારૂણુ રીસાણો રાણ;
સાંગો બંધ ત્રિયા નવ સાહે, સાંગો બંધ સાહે સુરતાણ. ૧
રોહણિ[3]ચાલ સજે રાયાં ગુર,[4] ધાયે અસુર ઉતારે ધાણ;
અબલા બાલ ન ધાર આડી, ખુંદામલ[5] ઘાતે ખુમાણ. ૨
સાઝે મેછ સુજડ[6] જસ ધરિયે, કલકલ કોપ કિયે ક્રમલ[7];
ગાલાબંધ મહુલ[8] નહ ઘાતે, ગુણ[9] ઘાતે પતશાહ ગલ. ૩
અસમર[10] ગહે કલમ[11] કિય આવટ, બઢતૈ ધડા કૅત્તારી બંદ;
મેછાં તણો પ્રવાડો[12] મોટો, નવખંડ હુવો રાણ નરિંદ. ૪-૧
ઇબ્રાહિમ પૂરબ દિશા ન ઉલટે, પછમ મુદાફર ન દે પયાણ;
દખણી મહમદસાહ ન દોડે, સાંગે દામણ[13] ત્રહું સુરતાણ. ૧
સાહ ચેક દશ ચેક ન સાઝે, વિદસ ન સાઝે હકે બાણ;
સુઝસૈ રાણ રાયમલ સંભ્રમ, ત્રેખલિયા[14] પતસાહ ત્રણ. ૨
સાંઝ સૂરો ગમન ન સાઝે, લીહનકા ચોપાવે લગ;
બાપા હરે બલાક્રમ બાંધા, પતસાહાં ત્રહું તણા પગ. ૩-૨

આ બહાદુર, હિંદુધર્મહિતૈષી, રાજપૂત કુલગુરુને, પોતાના સામર્થ્યથી નહીં પણ એક રાજપૂત કુલાંગાર, હિન્દુધર્મદ્વેષી, વિશ્વાસઘાતી, નરાધમ, નરરાક્ષસના નીચ અને પાપી કૃત્યથી મારવામાં ફાવ્યો, તેથી બાદશાહ બાબરે આનંદિત થઇ 'ગાઝી' નામની ઉપાધિ ધારણ કરી, કે જે બાબરના પછી થનાર બાબરના વંશના મોગલ બાદશાહો પણ ધારણ કરવા લાગ્યા.

મહારાણા રત્નસિંહ

મહારાણા સાંગાજી પછી મેવાડની ગાદી ઉપર **મહારાણા રત્નસિંહજી** આવ્યા. મહાશય ટૉડ તેઓ સં. ૧૫૮૬ માં ચિતોડના સિંહાસને આવ્યાનું જણાય છે. અને મહારાણા યશપ્રકાશમાં ઠાકુર-ભૂરસિંહ શેખાવત સં. ૧૫૮૪ માં તેઓ ચિતોડના સિંહાસને આવ્યાનું

૧ યશ. ૨ ખુમાણનો વંશજ. ૩ શત્રુરોગાને રોકનાર. ૪ રાજાઓનો ગુરુ અથવા રાજાઓમાં શ્રેષ્ઠ. ૫ રાજાઓપર. ૬ ભાલા. ૭ મસ્તક. ૮ મહિલાઓ. ૯ ધનુષ્યની પ્રત્યંચા. ૧૦ તલવાર. ૧૧ યવનો. ૧૨ યુદ્ધ. ૧૩ પગ બાંધવાનું દોરડું. ૧૪ ત્રણેને બાંધ્યા.

જણાય છે. અમોએ ઠાકુર ભૂરસિંહના લેખ મુજબ મહારાણા રત્નસિંહ સં. ૧૫૮૪ થી સં. ૧૫૮૮ સુધીનાં ચાર વર્ષો સુધી સિંહાસનસ્થ હતા. એ લેખને વજનવાળો માન્યો છે.

આ મહારાણા રત્નસિંહ, સાંગાજીના સમાન વીર હતા, પરન્તુ ક્રોધી વધારે હતા. સાંગાજીના સમાન ધૈર્ય અને ગંભીરતા એમનામાં નહોતી. એમણે એમના રાજત્વકાળમાં નગરજનોનાં ગૃહોના અને કિલ્લાનાં દ્વાર કદાપિ પણ બંધ કરાવ્યાં નહોતાં. તેઓ એમ કહેતા કે દ્વાર તો એ રાજાઓનાં બંધ રહે છે કે જેમને શત્રુઓનો ભય હોય છે અને જેઓ પ્રજાનું પાલન* કરવામાં અસમર્થ હોય છે. મને તો શત્રુઓનો ભય નથી, પરન્તુ મારા શત્રુઓને મારો ભય છે. પછી મારે કિલ્લાનાં અને પ્રજાજનોના ગૃહોનાં દ્વાર શા સારૂ બંધ કરાવવાં જોઇએ? જ્યાં સુધી તેઓ ચિતોડના સિંહાસન ઉપર બિરાજતા હતા, ત્યાં સુધી માળવા અને ગુજરાતના બાદશાહો તેમના સામા થવાની હિંમત કરી શક્યા નહીં. એમના નાના ભાઇ વિક્રમાદિત્યજીના મામા બુંદીના રાવ કે જેઓ પોતાના ભાણેજને મેવાડનું રાજ્ય અપાવવા મથતા હતા, તેમની સાથે લડતાં બન્ને એક બીજાની તલવારોના ભોગ થઇ સાથેજ કામ આવ્યા હતા.

વિક્રમાદિત્ય

મહારાણા રત્નસિંહ પછી તેમના નાનાભાઇ વિક્રમાદિત્યજી સં. ૧૫૮૮ થી સં. ૧૫૯૪ સુધી ચિતોડની ગાદી ઉપર રહ્યા. આ રાજા બહુ કાયર અને વિષયી હતા. એમનાં કૃત્યોથી એમનુ સમગ્ર કુટુમ્બ એમનાથી વિરૂદ્ધ થઇ ગયું. આ સમયનો લાભ લઇ ગુજરાતના બાદશાહ બહાદુરશાહે મેવાડ ઉપર ચઢાઇ કરી. આ વખતે આ કાયર રાણાએ, મહારાણા સાંગાજીએ મંડુના બાદશાહ મહમુદ પાસેથી કેદ કરી પડાવી લીધેલ જડાઉ તાજ અને પટ્ટો આપી તેનાથી સંધિ કરી હતી.

સં. ૧૫૯૨ માં પુનઃ બહાદુરશાહે માળવાના બાદશાહને સાથે લઇને ચિતોડ પર ચઢાઇ કરી. આ સમાચાર સાંભળી વિક્રમાદિત્યે પ્રથમ દુષ્ટતા વાપરી બહાદુરશાહ સાથે સંધિ કરી હતી તેનો વિચાર કરી, મહારાણા સાંગાજીના કાકા સૂરજમલજીના પુત્ર વાઘસિંહજી કે જેઓ પ્રતાપગઢ દેવળીઆના રાજા હતા, તેઓ યુદ્ધ સારૂ ચિતોડની મદદે

---

*હાલના સમયમાં આ મહારાણા રત્નસિંહ સમાન પ્રજાપાલન કરનાર કેટલા રાજાઓનું અસ્તિત્વ આ ભારત ભૂમિપર છે? અત્યારે તો ધોળા દિવસે બારવટીઆઓ વસ્તીમાં આવી પોતાના અખાડા જમાવે છે, પ્રજાને જાનથી મારે છે, ગામડાં લૂટે છે અને બાળી મૂકે છે, છતાં પણ રાજાઓ આંખ આડા કાન કરી, પોતાના રાજત્વકાળને ધર્મરાજ્ય કહેવડાવવા તૈયાર થાય છે.

આવ્યા. એમણે આવીને વિક્રમાદિત્ય અને એમના નાના ભાઇ ઉદય-સિંહજીને એમના મોસાળ–બુન્દી–મોકલી દીધા. અને પોતે પોતાના કુળની, રાજપૂતોના ધર્મની અને હિન્દુ ધર્મની આબરૂ ખાતર મેવાડનાં રાજચિહ્નો ધારણ કરી લડવા ગયા. એમણે લડવા જતાં પહેલાં તેર હજાર પવિત્ર ક્ષત્રાણીઓ સહિત રાજમહેલમાં જોહર કરાવ્યો હતો, કે જે ચિતોડના બીજા 'સાકા' તરિખે ઓળખાય છે. રાણા વાઘસિંહજી મુસલમાનો સાથે લડયા અને પોતાની સાથે બત્રીસ હજાર વીર ક્ષત્રિયો સાથે રણાંગણમાં કાયમના માટે સૂતા. આ વખતે તેમણે મેવાડના રાજ્યચિન્હો ધારણ કર્યાં હતાં, તે રાજ્ય પચાવી પાડવા સારૂ નહીં, પરન્તુ પોતાના કુળની મર્યાદાનું રક્ષણ કરવા સારૂ જ.

જો કે આ રાજા વિક્રમાદિત્યજીનું કાયરતા ભરેલું વર્ણન બહુ જ લંબાણથી ઇતર ગ્રન્થોમાં વર્ણવવામાં આવ્યું છે, પરન્તુ એનાં ચરિત્રો વાંચી ચિતોડના પૂર્વ રાજાઓનાં ચરિત્રોનું સ્મરણ થઇ આવવાથી અમારી આંખોમાં અશ્રુઓનો પ્રવાહ ચાલવા લાગ્યો, અને અમારી કલમ પણ આ કાયર રાણાનું ચરિત્ર લખતાં અટકી એટલે અમારા વાચકો સમક્ષ રાણા કુલકલંક આ રાજાનું વિગતવાર વર્ણન રજુ કરવાનું અમોએ યોગ્ય ધાર્યું નથી.

વનવીર

બહાદુરશાહે ચિતોડ પોતાના હવાલે થયા બાદ પંદર દિવસ સુધી ત્યાં પોતાનો મુકામ કરી અનેક પ્રકારના આનન્દોત્સવ કર્યા, પરન્તુ રાણી કર્ણાવતીએ બાદશાહ હુમાયુને રાખડી મોકલી પોતાનો ધર્મભાઇ માની આ આફતમાંથી છોડાવવા માગણી કરી. હુમાયુએ પણ કર્ણાવતીને પોતાની ધર્મની બહેન માની અને બંગાલ તરફની પોતાની ચઢાઇ માંડી વાળી તુરત જ તે ચિતોડ ઉપર ચડી આવ્યો. અને મંદસોર આગળ તેને બહાદુરશાહ સામે યુદ્ધ થયું, તેમાં બહાદુર-શાહની હાર થઇ અને ચિતોડ પુનઃ વિક્રમાજીતના હવાલે થયું. પરન્તુ આ રાજા પાછો પોતાનાં મૂળ ચરિત્રોપર આવ્યો અને સરદારોને નાખુશ કર્યા, તેથી તેમણે મળીને સાંગાજીના ભાઇ પૃથ્વીરાજજીની પાસવાન ઓરતથી ઉત્પન્ન થયેલ વનવીરને મળી, વિક્રમાજીતને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો અને **વનવીરને** પવિત્ર ચિતોડનું સિંહાસન સોંપ્યું. પ્રથમ તો આ વનવીરે પાપી કામ કરવાની આનાકાની કરી, પરન્તુ સરદારોના બહુ આગ્રહથી છેવટે તે તેમ કરવા તૈયાર થયો. તે ગાદી ઉપર બેઠા પછી તેનો તે જ સ્વભાવ ફર્યો. તે પાપ કરવા પ્રવૃત્ત થયો અને તેણે વિક્રમાજીતનો પોતાના હસ્તે વધ કર્યો. હવે તેણે પોતાનો માર્ગ

વધુ નિષ્કંટક કરવા સારૂ મહારાણા સાંગાજીના બાલક પુત્ર ઉદયસિંહજીનો વધ કરવાનો વિચાર કર્યો. આ સમાચાર રાજહજામે ઉદયસિંહની ધાત્રી પન્નાને આપ્યા. તેણે તેને ચહાય તે ભોગે પણ ઉદયસિંહનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો અને એક ટોપલામાં છૂપાવી ઉંઘતા ઉદયસિંહને રાજહજામ સાથે ચિતોડમાંથી બહાર ગુપ્ત સ્થળે મોકલાવી આપ્યો. હવે એણે પોતાના એકના એક બાલક પુત્ર ઉદયસિંહને સુવાની જગાએ સુવાડી દીધો અને પોતે તેના કાળની રાહ જોતી બેઠી. થોડા જ સમયમાં પાપી વનવીર, વિક્રમાજીતનો વધ કરવાથી રક્તથી રંગાયલા હાથોમાં નગ્ન તલવાર પકડી ત્યાં આવ્યો. આ વખતે વનવીર એક મનુષ્ય નહીં પણ રાક્ષસ સમાન ભયંકર દેખાતો હતો. તેણે આવીને પન્નાને પ્રશ્ન કર્યો કે "ઉદયસિંહ કયાં છે?" બિચારી પન્ના આ નરરાક્ષસનો તીવ્ર તાપ શી રીતે સહન કરી શકે? અને વળી જો તે તેને કંઇ જવાબ આપે અને તેમાં ઉદયસિંહને નસાડયાની અને તેની જગાએ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય એકના એક પુત્રને સુવાડવામાં આવ્યો છે, એમ પાપી વનવીર જાણે તો, પોતાના પુત્રના અને પોતાના પ્રાણ જવા ઉપરાંત ઉદયસિંહની જીંદગી પણ જોખમમાં આવી પડે તેમ હતું. તેથી તેણે કંઇ પણ બોલ્યા સિવાય જ પોતાના પ્રિયપુત્રના સામી આંગળી કરી. પાપી વનવીરે, અરે! નિર્દય, નરરાક્ષસ વનવીરે તે સુતેલા બાલકની નિર્મલ છાતીમાં તેની માના દેખતાં જ પોતાની ભયંકર છરી ઘોંચી ઘાલી. બિચારો બાલક એક અંતિમ ચીસ પાડી સ્વર્ગે સિધાવ્યો. બિચારી, નિમકહલાલ વીરરમણી પન્નાએ પોતાના પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો. અને પોતાનાં નેત્રોમાંથી અશ્રુઓની ધારાઓ વહેવડાવતી, પરન્તુ પોતાના માલિકના બાલક કુંવરને બચાવવાથી સંતોષ માનતી, જ્યાં પેલો રાજહજામ હતો ત્યાં આવી. એના પાસેથી એણે બાળક ઉદયસિંહને પોતાના કબજે લીધો. તે તેનું રક્ષણ શોધવા લાગી. પ્રતાપગઢ અને ડુંગરપુર ગઇ, પરન્તુ ત્યાંના રાણાઓએ તેનું રક્ષણ કરવાની ના પાડી. હવે તે ગભરાઇ. છેવટ તે કમલમેર આવી અને ત્યાંના જૈન ધર્માવલંબી રાજા આશાશાહ પાસે આ બાલક રાજપુત્રનું રક્ષણ કરવા માગણી કરી. બિચારો વણિક્ આશાશાહ વનવીર સામે લડવા હિમ્મત કરી શકયો નહીં તેથી તેણે રાજકુંવરને સંઘરવાની ના પાડી. આ વખતે તેની મા તેની પાસે હતી. તેણે પોતાના પુત્રને બહુ સખ્ત ઠપકો આપ્યો અને ઉદય સિંહને સંઘરવાની તેના ઉપર ફરજ પાડી, તેથી તેણે તેને પોતાના ભત્રીજા તરીખે રાખ્યો. અને આ રીતે ચિતોડને છોડવાનું કલંક વ્હોરનાર ઉદયસિંહના પ્રાણનું રક્ષણ થયું. કેટલોક સમય તો તે ઉપર

રહી શકયો, પરન્તુ પછી તેની ઓળખાણ જાહેર થઇ તેથી વનવીરનાં પાપી કૃત્યોથી કંટાળેલા સરદારોએ મળી તેને ચિતોડનો મહારાણો જાહેર કર્યો અને વનવીરને સિંહાસન પરથી હાંકી કહાડયો.

મહારાણા યશપ્રકાશમાં ઉદયસિંહ સં. ૧૫૯૪ માં ગાદી ઉપર આવ્યાનું જણાવ્યું છે, પરન્તુ ટોડ સાહેબ સં. ૧૫૯૭ ની સાલમાં ચિતોડની ગાદી ઉપર આવ્યાનું માને છે અને અમો પણ મહાત્મા ટોડનું જ કહેવું સત્ય માનીએ છીએ. કારણ કે જો તેમ માનવામાં ન આવે તો પછી વનવીરનો સમય જ આપોઆપ ઉડી જાય.

ઉદયસિંહ

મેવાડની પવિત્ર રાજ્યગાદી ઉપર એક વર્ણસંકર અને પછી એક કાયર એમ લાયકાત સિવાયના પુરૂષો આવ્યા એવું અત્યાર સુધી કદાપિ પણ બન્યું ન હોતું, પરન્તુ મેવાડનાં દુર્ભાગ્યે આજ એજ પ્રસંગ આવીને ઉભો રહ્યો. આ **ઉદયસિંહ** કાયર હતો, મેવાડના સિંહાસન ઉપર બેસવાની તેની લગાર પણ યોગ્યતા ન હોતી. જો રાણા રત્નસિંહ અને વિક્રમાજીતના દુર્ગુણોની રાણા ઉદયસિંહની કાયરતા સાથે તુલના કરવામાં આવે તો તેમના દુર્ગુણો ઉદયસિંહની કાયરતા આગળ સદ્ગુણો જ માની શકાય. મહાકવિ ચંદે જણાવ્યું છે કે—"સ્ત્રી અથવા બાળક જે દેશમાં સિંહાસનારૂઢ થાય છે તે દેશ વિપત્તિઓના પંજામાં સપડાય છે." મેવાડ ભૂમિના માટે પણ એમ જ બન્યું. ઉદયસિંહ રાત્રિ દિવસ વિલાસ અને પ્રમાદને વશ રહેતો હતો. કહેવત છે કે "જેની તલવાર તેની ભૂમિ" પરન્તુ આ ઉદયસિંહમાં તો તલવાર પકડવાની જ હિમ્મત ન હોતી. તેના વિચારનું તંત્ર એક વેશ્યા દ્વારા ચાલતું હતું. ચિતોડના સિંહાસન ઉપર આ કાયર રાજા આવ્યો એટલે મહાન્ પ્રતાપી શાહાનશાહ અકબરે તેના ઉપર આક્રમણ કર્યું, અને તે યુદ્ધમાં જો કે મેવાડની સેનાએ બહુ જ બહાદુરી બતાવી, છતાં નિરુત્સાહી રાજાના આધિપત્ય નીચે તે કયાં સુધી ટકી શકે? છેવટે રાણો ઉદયસિંહ જ અકબરના હાથે કેદ પકડાયો. તે તેની ઉપપત્નીની વીરતાથી છૂટી શકયો. જ્યારે ફરીને અકબર ભયંકર સૈન્ય લઇ ચઢી આવ્યો, ત્યારે બીકણ રાજા ઉદયસિંહ પોતાનું પાટનગર છોડીને પલાયન કરી ગયો. છતાં પણ કોણ જાણે મેવાડની પવિત્રતા—તે સમયે રાજપૂતોને શાથી પ્રિય થઇ પડી હતી કે જેથી રાણો તો રસ્તો માપી ગયો, છતાં પણ અન્ય રાજપૂતોએ અકબરના આક્રમણ સામે હાથયાર પકડયાં અને કેસરિયાં કરી તેઓએ દુશ્મનો ઉપર આક્રમણ કરી પોતાના પ્રાણોને વિસર્જન કર્યાં.

આ યુદ્ધમાં વિજય મળવાથી અકબર, ચતુર્ભુજા દેવીના મંદિરનાં દીપવૃક્ષ અને ચિતોડનાં સિંહદ્વારનાં દ્વારો અકબરાબાદને શોભા આપવા સારૂ લઇ ગયો.

આ યુદ્ધમાં બહાદુરી ભર્યો ભાગ ભજવનાર જયમલ્લ અને વીર પત્તનાં પત્થરનાં બાવલાં અકબરે દિલ્હીમાં કિલ્લાના સિંહદ્વાર ઉપરના એક ચબુતરા ઉપર બેસાડયાં હતાં. આ કૃત્યથી અકબરની ગુણગ્રાહકતા સિદ્ધ થાય છે.

ઉદયસિંહ ચિતોડ છોડી, અરવલ્લી પર્વતમાળામાં ઉદય સાગર એ નામનું સરોવર બંધાવી ત્યાં આગળ રાજપ્રાસાદ બનાવી ત્યાં જ રહેવા લાગ્યો. ધીમે ધીમે તે જગાએ નગર વસ્યું અને તેના નામ ઉપરથી તેનું નામ ઉદયપુર રાખવામાં આવ્યું.

ચિતોડનો ધ્વંસ થયા પશ્ચાત્ હૃદયભગ્ન થયેલ ઉદયસિંહે ગોગુંડા નામક સ્થળમાં પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. તેના મરણ સમયે તેને પચીસ પુત્રો હતા, તે રાણાવત શાખા પ્રશાખાથી વિભક્ત થયા. તેના પછી સોનગઢા સરદારની પુત્રીથી ઉત્પન્ન થયલા '**મહારાણા પ્રતાપી પ્રતાપ**' ઉદયપુરના સિંહાસન ઉપર આવ્યા.

આ રાજાએ ઉત્તરાધિકારની પ્રચલિત રીતિને તિલાંજલિ આપી. પોતાના નાના પુત્ર જગમલ્લને રાજ્યનો હક્કદાર ઠરાવ્યો હતો. આથી વિગ્રહનું બીજ રોપાયું હતું, પરન્તુ આ જગમલ્લ મેવાડનો સિંહાસનસ્થ થવાની યોગ્યતા ધરાવતો ન્હોતો. તેથી તેને સલુમ્બ્રાના ચન્દાવત સરદારે બીજા સરદારોની સમ્મતિથી સિંહાસન ઉપરથી ઉઠાડી મૂકયો હતો અને પ્રતાપને સિંહાસનસ્થ કર્યો હતો.

પ્રકરણ બીજું

પ્રતાપની પ્રતિજ્ઞા

જગતમાં જીવવું એનું, હિત જો દેશ હિતમાં છે;
જગતમાં જીવવું એનું, હિત જ્ઞાતિનું ચિતમાં છે.
જગતમાં જીવવું એનું, કુલ મર્યાદ જે રાખે;
જગતમાં જીવવું એનું, વિવિધ વિચાર જે દાખે.
જગતમાં જીવવું એનું, ટેક નિભાવે જે ધારી છે;
જગતમાં જીવવું એનું, નહીં કંઇ જે અવિચારી છે.
જીવતા તે મુવેલા છે, જ્ઞાતિ કુળ ટેક નાં રાખે
જીવતા તે મુવેલા છે, દેશનું હિત નાં દાખે.

છપ્પન.

મહારાણો પ્રતાપ પોતાના પૂર્વજોના પવિત્ર સિંહાસન ઉપર બિરાજ્યો. તેનું પિતૃકુળ અને માતૃકુળ બન્ને પવિત્ર હતાં. પછી તેના મગજમાં અપવિત્રતાના વિચારો શાના હોઇ શકે? તેણે પોતાના કુલની મર્યાદા રાખવા સારૂ મહાન્ સંકટો સહન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી. તે જાણતો હતો કે તેના પક્ષના ઘણા ખરા સરદારો અને સૈનિકો મરણને શરણ થયા હતા. તેની પાસે દ્રવ્ય નથી, તેની પાસે સાચા પૂરતા સહાયકો નથી. છતાં પણ તેણે પોતાની પવિત્ર પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સારૂ દૃઢ સંકલ્પ કર્યો. તેણે એવો વિચાર કર્યો કે 'હું મારી માતાના દૂધને લજ્જિત નહીં કરૂં.'

વળી એને એવો પણ વિચાર થતો હતો કે 'અરે રે! મારા અને મહારાણા સાંગના વચ્ચે રાણો વિક્રમાજીત અને મારો પિતા શા સારૂ ઉત્પન્ન થયા કે જેમણે પોતાની નબળાઇથી મહારાણા બાપ્પાના વંશ જોને હમ્મેશનાં માટે નીચું જોતા કર્યા! અરે રે! મેવાડની પવિત્ર ભૂમિ! હે મેવાડ ભૂમિનું રક્ષણ કરનાર દેવી! તું મારા સત્યમાં મારી સહાય કરજે. હું તો મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સારૂ માત્ર હે દેવી! તારા જ ભરોસે પ્રાણ સાટે તત્પર રહીશ.*

એક બાજુ પ્રતાપ આ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સારૂ મથી રહ્યો હતો, ત્યારે બીજી બાજુ તેનો પ્રબળ શત્રુ અકબર તેના સર્વ પ્રયાસો નિષ્ફળ કરવા સારૂ સૈન્ય વધારે જતો હતો. તે રાજપૂત

* **કવિત**:—યદિ અવતાર શ્રીપરશુધર લેત નહિ,
સહસ્રાર્જુન અધિક અનીત તો કરી જતો!
અંજન સહ રામ જો ન લેત ઔતાર ભૂમિ,
દશમુખ યજ્ઞધર્મ નામકો હરી જતો!
'ભગન' ન હોત અવતાર કૃષ્ણ વ્રજમેં તો,
વ્રજ કાજ ગોવર્ધન કર કો ધરી જતો!
'પાતલ' ન હોતો જો પ્રસિદ્ધ રાના વંશ માંહ,
ક્ષત્રિ વીરતાકો નામ બાતલ પરી જતો. ૧
સકલ જહાનકે સુછીતિ પતિ છોડ ધર્મ,
બિક્રમ બિહાય શિર શાહકો નમાયો હે;
અતિ અંધકાર રાજલોભકો ધરીકેં મન,
વિવિધ વિધાન નિંદ સેવાકો ઉઠાયે હેં;
'ભગન' યા છત્રી ધર્મ ધીર છોડ જાતો વરી,
ધરની તલ રચ્છક ન અન્યકો સુહાયે હેં;
તાહી સમેં છત્રી ધર્મ રચ્છબેકો કૃપા કરી,
પંચાનન રૂપ શ્રી પ્રતાપ ધરી આયે હે. ૨

રાજાઓને લાલચોને વશ કરી મહારાણા પ્રતાપના સામે લડવા ઉશ્કેરી રહ્યો હતો. આ તેના કાર્યમાં મારવાડ, અંબર, બિકાનેર અને બુંદીના હાડા ચૌહાણો પણ ફરયા હતા અને તેમણે તેમની જ જ્ઞાતિના પવિત્ર પુરૂપ વિરૂદ્ધ હથિયાર ઉઠાવ્યાં હતાં. આટલેથી અકબર સંતોષિત થયો નહીં, પરંતુ તેણે ખુદ રાણાના ભાઈ શક્તિસિંહ ઉર્ફે સાગરજીને* પણ આ સ્વદેશદ્રોહી, કાયર રાજાઓની પેઠે પોતાના ભાઈ વિરૂદ્ધ હથિયાર ઉઠાવી તેનું સર્વનાશ કરવાને ઉશ્કેર્યો હતો. આ સકતાજીએ પોતાના ભાઈ પ્રત્યે વિશ્વાસઘાત કરી તેના ફળમાં પાદશાહની પાસેથી પોતાના પૂર્વજોની પ્રાચીન રાજધાની અને રાજ્યોપાધિ પ્રાપ્ત કરી હતી. કેટલા બધા દુઃખની વાત છે કે, એક બાજુ મહારાણો પ્રતાપ પોતાના કુળની મર્યાદા સાચવવા સારૂ પોતાનો સર્વનાશ સહન કરવા પણ તૈયાર થયો હતો, ત્યારે બીજી બાજુ તેનો સહોદર તેના સર્વ પ્રયાસો નિષ્ફળ કરી તેનું સર્વનાશ કરવા તૈયાર થયો હતો !

આ સમાચાર જ્યારે મહારાણા પ્રતાપને મળ્યા, ત્યારે તે આ દેશદ્રોહીઓના ઉપર કોટી ધિક્કારની વૃષ્ટિ કરવા લાગ્યો. તેણે પોતાના સહોદર ઉપર પણ તે જ મુજબ ધિક્કારની વૃષ્ટિ કરી. આથી મહારાણાની પ્રતિજ્ઞા પલટાઇ નહીં, પણ ઉલટ તે વધુ વૃદ્ધિંગત થઇ. માણસને જેમ જેમ વિપત્તિ પડતી જાય છે, તેમ તેમ તે વધુ કસાઇને વિપત્તિ સામે તૈયાર થાય છે. અને તે જ મુજબ મહારાણો પ્રતાપ પણ વિપત્તિથી ડર્યો નહીં અને વધુ દઢતાથી તેના સામે થવાની તૈયારી કરવા લાગ્યો.

બાદશાહને રાજપૂતોને પોતાના પક્ષમાં લેવાથી પણ પૂરતો સંતોષ થયો નહીં અને તેથી તેણે રાજપૂતોની સાથે અંગ સંબંધથી જોડાવા વિચાર કરી, તેમને મોટી મોટી લાલચોને વશ કર્યા. સત્ય કહ્યું છે કેઃ-

જિવ્હા લાલચ વશ થયે, પ્રાણ તણું નુકશાન;
જેમ માછલી જળ રહે, લાલચ ખોવે પ્રાણ.

વળી પાદશાહ એમ પણ જાણતો જ હતો કે, રાજપૂતોની સહાય સિવાય પ્રતાપને નમાવવો તે આકાશ કુસુમવત્ છે. કારણ કે કહ્યું છે કેઃ-

ભય ન કાંઇ ત્યાં માનવો, જ્યાં ન જ્ઞાતિજન પાસ;
કુહાડી કાષ્ઠ વિના કદિ, કરે ન તરૂવર નાશ.

તેથી તેણે ભગીરથ પ્રયાસ આદર્યો અને તેમાં તે ફળીભૂત પણ થયો. રાજપૂત કુલાંગારોએ પોતાની ભગિની અને કન્યાઓ યવનોને સમર્પણ કરીને તેમનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો, અને હમ્મેશના માટે પોતાના કુળને કલંકિત કર્યાં. આવા ક્ષત્રિયો જો તે વખતે આ પવિત્ર ભારત-

* આ સાગરજીના વંશજો 'સાગરોત'ના નામથી ઓળખાય છે.

ભૂમિને ભારે મારવા સારૂ ઉત્પન્ન થયા ન હત તો, તેમનાં પવિત્ર કુળોની મર્યાદા જોઈને તેવી જ રહેત અને વળી મહારાણા પ્રતાપ સમાન પવિત્ર પુરૂષને મહાન્ કષ્ટો પણ ભોગવવાં ન જ પડત. પરન્તુ સર્વેશ્વરનો વિચાર સાચા હીરાને બરાબર કસીને તેની પરીક્ષા કરાવવાનો હતો અને તેટલા જ સારૂ આવા નરરાક્ષસ રાજપૂતોને તેણે પ્રતાપના સમયમાં ઉત્પન્ન કર્યા હતા.

અકબરના ક્રોધાગ્નિમાં જ્વલિત થયેલ ચિતોડનો ઉદ્ધાર કરતાં સુધી તેણે સોના રૂપાનાં વાસણોમાં નહીં જમવાનું, પલંગ ઉપર નહીં પોઢવાનું અને દાઢી મૂછ આંબળવાની દૃઢ પ્રતિજ્ઞા ધારણ કરી. તે પાતળ અને દૂનામાં જમવા લાગ્યો. જમીન ઉપર ઘાસના બિછાનામાં પોઢવા લાગ્યો. આ પ્રતિજ્ઞા એણે એકલાએ જ પાળી એમ નહીં, પરન્તુ રાણાકુળમાં ઉત્પન્ન થયલા સર્વને આ પ્રતિજ્ઞાનું દૃઢ રીતે પાલન કરવા જણાવ્યું, અને કેટલોક વખત સુધી ઉદયપુરના રાણાઓએ એને નિભાવી પણ ખરી. જેમ કહેવામાં આવ્યું છે કે 'સાપ ગયા અને લિસોટા રહ્યા' તેમ જ પછાડીથી નામના રાણાઓ ઉત્પન્ન થયા કે જેમણે આ પ્રતિજ્ઞા માત્ર નામની જ પાળી. તેઓ સોના રૂપાનાં વાસણોમાં જમવા લાગ્યા, પરન્તુ વાસણો નીચે માત્ર એકાદ વૃક્ષનું પાંદડું રાખવા લાગ્યા. વળી તેઓ પલંગમાં પોઢવા લાગ્યા, પરન્તુ પલંગના નીચે ઘાસનું તૃણ રાખવા લાગ્યા. વળી મહારાણા પ્રતાપે સૈન્યમાં જે વાદ્યો આગળ વાગતાં હતાં તે હરેક પ્રકારની સવારિમાં પણ સૈન્યની પાછળના ભાગમાં રહી વગાડવાનો સખ્ત હુકમ કરી, પોતાની સખ્ત દિલગીરી જાહેર કરી બતાવી હતી. તેણે અંત સમય સુધી પોતાની પ્રતિજ્ઞાઓ અને ટેકને દૃઢતાથી નિભાવ્યાં હતાં.

મહારાણા પ્રતાપની તેમના પૂર્વજો સાથે તુલના કરતાં કહેવામાં આવ્યું છે કે:—

ગીતઃ—ઓછો તિલ ન કું તિલ અધકો, મુણના સુકવ કરાં લે માપ
તૂં તાહરા રાણ ટોડરમલ, પરિયાં સાંતૂખો પરતાપ.
પરિયાં અધક કહાં કિમ પાતલ, રાયાં તિલક હિંદવાં રાણ;
તેં સિર નહ નમિયો સુરતાણ, સાંગે ગહ મૂકા સુરતાણ.
ઓછો કેમ કહાં ઉદાવત, અકબર કહર તણો તપ ઇષ;
અકબરસૂં રહિયો અણનમિયો, સુરતાણાં અહિયાં સારીખ.
કુલ ઉધાર પ્રતાપ કહેતાં, પોઢો ઘણું ઘણાં બ્રદ પાય;
મણાં ન તો કુલ મણાં ન તોમેં, મણાં સુકવ વખાણો માંય.

ભાવાર્થ—હે મહારાણા પ્રતાપસિંહ! હું નિશ્ચય કરીને કહું છું કે, તું તારા પૂર્વજો કરતાં ન તો તલભાર અધિક છે અને ન તો તલભાર

ન્યૂન છે, તારા પૂર્વજો જેવા વીર થયા તેવો જ તું પણ છે; માટે તને તારા પૂર્વજોથી અધિક શી રીતે કહેવો, કારણ કે રાણાઓ, બધાએ હિન્દુ રાજાઓના તિલકસમાન થયા છે, વળી તેં તો પાદશાહને માથું જ નથી નમાવ્યું, પરન્તુ તારા દાદા મહારાણા સાંગાજીએ તો પાદશાહોને પકડી પકડીને છોડી મૂકયા છે. વળી હે ઉદયસિંહજીના પુત્ર! તને પાદશાહના જુલમ રૂપી તપનો વિચાર કરતાં હું તારા પૂર્વજોથી ન્યૂન પણ શી રીતે કહી શકું? કેમકે મહા ઉગ્ર તપવાળા અકબરને ન નમવું, તે જ પાદશાહોને પકડવા સમાન છે. હે કુલને ઉજ્વલ કરી ઉદ્ધારનાર મહારાણા! જેવા તારા પૂર્વજો બળવાન્ અને સ્તુતિ કરવાને યોગ્ય થયા છે તેવો જ તું પણ વીર અને પ્રશંસા કરવા યોગ્ય છે અને તેથી જ તું ઘણાં બિર્દો પ્રાપ્ત કરી પોઢયો છે. તારા કુલમાં પણ મણા નથી. ખુદ તારા પોતામાં પણ મણા નથી અને કવિ કહે છે કે મારા વર્ણનમાં પણ કોઇ પ્રકારની પણ ન્યૂનતા નથી.

આ પ્રતાપી મહારાણા પ્રતાપ માત્ર પચીસ વર્ષ જેટલા ટૂંક સમય જ મેવાડની ગાદી ઉપર રહ્યા હતા. અને તે પચીશ વર્ષોમાં એમણે પોતાના કુલની મર્યાદા અને સ્વતંત્રતા સારૂ મહાન્ કષ્ટો ભોગવ્યાં હતાં. એમણે સ્વતંત્રતા સારૂ રાજસુખને તિલાંજલિ આપી હતી. એમને રહેવાને માટે રાજમેહેલ તો શું? પણ કોઇ કોઇ વખત તો પર્ણકુટી સરખી પણ મળી ન હોતી. અરે! રહેવાનું તો ઠીક, પણ ખોરાકના માટે અન્નાહાર તો શું, પણ કોઇ કોઇ વખતે તો જંગલનાં ફલ ફૂલ પણ મળતાં નહોતાં. પોતાનાં રાજકુલમાં જન્મ લેનાર પ્રાણથી પણ અધિક પ્રિય બાળકોને ભૂખ્યાં ને ભૂખ્યાં સુવાડવા પડતાં હતાં. જ્યારે તેઓ આટલાં કષ્ટોની કસોટીમાંથી પસાર થયા, ત્યારે જ તેમનું નામ અમર બન્યું અને ઇતિહાસનાં પૃષ્ઠો ઉપર આજ પણ સુવર્ણના અક્ષરોથી કોતરાઇ રહ્યું છે. કોઇએ સત્ય જ કહ્યું છે કે

'નામ રહંતાં ઠક્કરાં, નાણાં નહીં રહંત।
કીરત હંદાં કોટડાં, પાડ્યાં નહીં પડંત।।'

જો મહારાણા પણ અન્ય નરાધમોની માફક બાદશાહ અકબરના આધીન થયા હત તો કદાચ તેમને દુ:ખો સહન ન કરવાં પડત, બલ્કે અન્ય રાજ્યકર્તાઓ કરતાં વિશેષ માન પણ મેળવી શકત. પરન્તુ આજ જે તેમનું નામ અમર છે તે તો ન જ થાત. નામ અમર કરનાર કવિઓ છે અને તેમણે મહારાણાના પવિત્ર યશોનું વર્ણન કરી તેમનું નામ અમર કર્યું છે. નામ સારા નરસા બન્ને મનુષ્યોનું થાય છે. પરન્તુ સારા માણસના નામને પ્રાતઃસ્મરણીય માનવામાં આવે છે, જ્યારે

નઠારાં કૃત્યોથી થયેલ નામ ઉપર થૂંકવામાં આવે છે. સારા માણસના સંસર્ગથી નઠારાં માણસોનાં નામ પણ રહી જાય છે. નિદાન સારી સોબતનો તે સારો બદલો છે. જેમ પુષ્પની સોબતથી કીડો પણ શંકરના શિર ઉપર ચડી શકે છે. અને માટે જ કહેવામાં આવ્યું છે કે "બરાબરી સોં કીજીએ, વૈર, વિવાહ ઔ પ્રીત" રામચન્દ્રથી વેર કરવાથી રાવણ ગવાયો, કૃષ્ણથી વેર કરવાથી કંસ ગવાયો અને મહારાણા સાથે દુશ્મનાવટ કરવાથી બીજા નીચ રાજાઓ પણ સાથે સાથે યાદ આવે છે.*

જે સમયે મહારાણા પ્રતાપના હાથમાં ઉદયપુરની લગામ આવી અને જ્યારે એણે પોતાનાં પૂર્વજોના ચરિત્રોનું વર્ણન વિદ્વાન કવિઓના મોહડેથી સાંભળ્યું, ત્યારે તેની રગેરગમાં શિશોદિયા કુળનું પવિત્ર રક્ત વહેવા લાગ્યું. તેને દિન પ્રતિદિન પોતાના કુળની મર્યાદા સારૂ વધારે ને વધારે વિચારો થવા લાગ્યા. તે મન સાથે વિચાર કરતો કે, "શું મારે પણ બીજા ક્ષત્રિયોની માફક અકબરને મસ્તક નમાવી, મારા પવિત્ર કુળને કલંકિત કરવું? નહીં, નહીં, તે તો મારાથી ન જ બની શકે? જો હું પણ તેવી જ રીતે વર્તું તો મારા કુળમાં અને ક્ષત્રિયોના કુળમાં શું તફાવત કહેવાય? જો હું એવી રીતે વર્તું તો જન્મભૂમિનો દ્રોહી ઠરી તેને પરતંત્ર બનાવવાનું કલંક શું મારા ઉપર નહીં ચોંટે? અવશ્ય તે મને ચોંટવાનું જ અને તે ચોંટયા પછી કદાપિ પણ મને છોડી જશે નહીં. કવિઓ મારી અપકીર્તિનું વર્ણન કરી, મને નીચું જોતો કરશે. અને જેવી રીતે મારા પિતાને ચિતોડ છોડવાનું કલંક ચોંટયું છે, તેમ મને પણ જન્મભૂમિને પરતંત્ર કરવાનું કલંક જરૂર ચોંટશે. માટે મારા સારૂ તો હવે એક જ ઉપાય રહ્યો છે કે, હરેક પ્રકારની આફત વહોરીને પણ મારે મ્લેચ્છોના સામે હથિયાર ઉઠાવવાં, આ સિવાય કુળની મર્યાદાના રક્ષણનો અને માતૃભૂમિની સ્વતંત્રતાના રક્ષણનો અન્ય કોઈ પણ ઉપાય નથી."†

---

*દાતા બલી બિક્રમ ઔ ભોજ ત્રપમાન ગયે, કેઇ કવિ ગાઈ ગુન નામના કરી ગયે;
રાવન ઔ કંસ હિરનાકસસે દુષ્ટન કે, ઔગુન દિખાકે કવિ અયશ ધારી ગયે;
પિથલ પ્રતાપી ઔ પ્રતાપ છત્રસાલ હાડા, શિવાજીકો ગાયે અરિબલ જો હરી ગયે.
'છગન' અનંત હોત દાની, કૂર, વીર પર, કવિ ગુન ગાવે તો વે અમ્ર નાં મરી ગયે.

† અત્યારે પ્રતાપી પ્રતાપના સમાન વિચાર ધરાવનારા કેટલાક રાજાઓ આ ભારતભૂમિ ઉપર વસે છે! શું તેમના લક્ષ ઉપર મહારાણાનું ચરિત્ર નહીં આવ્યું હોય? આવ્યું તો હશે જ, પરંતુ પ્રતાપનાં પ્રતાપી ચરિત્રો વાંચી પોતાની જાતને ધિક્કારવાનું તેઓ યોગ્ય ધારતા નથી, તેથી વાંચતાં જ નથી

પ્રતાપી પ્રતાપ પોતાની જે પ્રતાપી અને પવિત્ર તલવાર ઉપર આધાર રાખતો હતો તેનું વર્ણન કરવામાં આવ્યું છે કે,

ગીત:–

બિજડ તાપ તો નમો પરતાપ સાંગણ બિયા, જગત યા અકથ કથ બાત જાણી,
કટ્ટર રાણા તણી બાર મઝ એકઠા, પ્રસણ રાખે નકો હંસ* પાણી;†
ઉદયવત આજ દુનીયાણ સહ ઊપરા, સારરો તાર લાગો સબાંહી
હંસ રાખે જીકાં નીર અળગો હુવે, નીર રાખે જીકાં હંસ નાંહી.
કરાં ખગ ઝાલ દુહું રાહ માતો કલહ, દુઠ લાગો ખલાં ચેણ દાવે,
જીવરી આશ તો પ્રસણ નહ ગહે જલ, જલ ગહે પ્રસણ તો જીવ જાવે;
દઈ એ દઇ ગત કુંભકન દુસરા, આહ ગુર આપ રૈ પંથ ચાલે,
રાણ દઇવાણ પર હંસ લાગો રિમા, હંસ જળ જુ જુવે પંચ હાલે.

ભાવાર્થ:–હે બીજા મહારાણા સાંગા પ્રતાપસિંહ! તારી તલવારના તાપને નમસ્કાર છે. આ કહી ન શકાય તેવી વાત જગતે જાણી કે, પ્રલય કરવાવાળી મહારાણાની તલવાર આગળ તેના શત્રુઓ પ્રાણ અને પરાક્રમ એ બે વસ્તુઓ સાથે રાખી શકતા નથી. હે ઉદયસિંહના પુત્ર મહારાણા પ્રતાપસિંહ! તારી સર્વોપરી તલવારનો તાપ સંસારમાં સહુને લાગે છે. એટલે કે તારા જે શત્રુઓ પ્રાણ રાખવાની ઇચ્છા રાખે છે તેમનામાં પરાક્રમ રહેતું નથી અને જેઓ પરાક્રમ રાખવા ચાહે છે તેમનાં અંગમાં પ્રાણ રહી શકતા નથી. હે વીર પુરુષ! તું તલવાર લઇને મ્લેચ્છોના દળ ઉપર એવી રીતે પડયો છે કે જેમને પ્રાણની આશા છે તેઓ પરાક્રમ છોડી દે છે અને જે પરાક્રમનો સંગ્રહ કરે છે તે પ્રાણથી પરવારી બેસે છે; હે સ્વેચ્છાચારીઓના ગુરૂ બીજા કુંભકર્ણ! બહુ જ આશ્ચર્યની વાત છે કે, તું તારા પોતાના જ માર્ગ ઉપર ચાલે છે. હે દિવાન! તું શત્રુઓના જીવ ઉપર એવો લાગ્યો

એમ અમારૂં તો માનવું છે. બાકી વાંચે તો પછી તેઓ જો શુદ્ધ ક્ષત્રિય હોવાનો દાવો કરતા હોય તો આ ગુલામગીરી પસંદજ ન કરે. આવા બિચારા રાજાઓ કરતાં સ્વતંત્ર રંકો શું સુખી નથી? હે ઇશ્વર! તું અમારા રાજા નવાબોને દેશના હિત ખાતર સદ્બુદ્ધિ આપ!!

* હંસ એટલે જીવ. † પાણી એટલે તેજ, પ્રબળતા. નીર અને જળ પણ એ જ અર્થ સૂચવે છે. કહ્યું છે કે,

પાની બિન જોહરી ખરિદે મુક્તાકો નાંહીં, પાની બિન સુઘડ સિરોઇ કહા નામકી?
પાની બિન હયકું ખરિદે નાંહીં સોદાગર, પાની બિન દમકે સો દામની ન કામકી;
પાની બિન પુરૂષકો નામ હૂં રહત નાંહીં, પાની બિન હીરેકી ન કિમ્મત છ દામકી;
જેતે નર જ્ઞાની એતે પાનીકો જતન કરો, પાની કે ગયે તે જીંદગાની કૌન કામકી?

મહારાણા પ્રતાપે બરાબર પાણીનું જતન કર્યું છે અને તેઓ પોતાની જીંદગીનું સાર્થક કરી, અમર નામ મૂકી ગયા છે. અત્યારે પાણીવાળા ક્ષત્રિયો પાણી બતાવશે કે?

છે કે એમના બિચારાઓના પ્રાણુ અને પરાક્રમ બન્ને અલગ અલગ માર્ગેથી પલાયન કરી જાય છે. એક સ્થાન પર રહી શકતા નથી.

ક્ષત્રિય વીરની દૃઢ પ્રતિજ્ઞા એ જ ધ્રુવના સમાન અક્ષરો હોય છે અને પોતાની પ્રતિજ્ઞાથી પલટાય છે તે શુદ્ધ ક્ષત્રિય હોતો પણ નથી. એ તો માત્ર નામધારી ક્ષત્રિય હોઇ રાજપૂત નહીં પણ 'રબ્જૂત' નામને યોગ્ય છે. હવે મહારાણાએ પોતાની પ્રતિજ્ઞાનો અમલ કરવા સારૂ પોતાના સરદારોની સભા કરી તેમણે કમલમેરને પાટનગર ઠરાવ્યું, અને તેના ગોંગુડા ઇત્યાદિના કિલ્લાઓ સમરાવ્યા. એ કિલ્લાઓના રક્ષણ સારૂ સૈન્યનો યોગ્ય બંદોબસ્ત કર્યો. સરદારોને નવીન જાગીરો આપી તેમનો ઉત્સાહ વધાર્યો. પછી તેણે એક એવી ડાંડી પીટાવી કે "જેઓ અમારી પ્રજા તરિકે રહેવા ઇચ્છતા હોય તેમણે બનતી ઉતાવળે પોતાનાં ઘરબાર છોડી પર્વતોમાં પોતાના કુટુમ્બી જનો સાથે વાસ કરવો. જેઓ અમારી આ આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેમને દેશદ્રોહી માનવામાં આવશે અને તેવા દેશદ્રોહીઓ પ્રાણદંડની શિક્ષાને પાત્ર થશે." મહારાણાની આજ્ઞા તે જ પ્રજાજનો સારૂ સર્વેશ્વરની આજ્ઞા હતી. તેમનાં ઝુંડેઝુંડ શહેરો અને કિલ્લાઓ ખાલી કરી નિર્જન પર્વતોમાં જઇ વસવા લાગ્યાં. આથી મેવાડ દેશ જનશૂન્ય બન્યો અને પર્વતો મનુષ્યોની વસ્તિથી ઘીચો ઘીચ ભરાઇ ગયા. મહારાણા જાતે જ પોતાની આજ્ઞાનું પરિપૂર્ણ રીતે પાલન થાય છે કે નહીં તે જોવા સારૂ જતા હતા અને પોતાની ખાત્રી કરતા હતા. એક વખત તેઓ પોતાની સાથે કેટલાક સેવકોને લઇને બનાસ નદીના કિનારા ઉપર વસેલા 'અન્તુલા' નામના સ્થળ ઉપર આવી પ્હચ્યા. અહિં એક નિર્ભાગી ભરવાડ પોતાનાં ઘેટાં બકરાં ચરાવી રહ્યો હતો. એણે એના મનમાં એમ જ માન્યું હતું કે, દેશ જનશૂન્ય બની ગયો છે એટલે મારી હકીકત રાજાના કર્ણ સુધી કોણ પહોંચાડે તેમ છે? અને રાજા કંઇ જાતે જ થોડો અહિં આવે છે? પરન્તુ આ સમયના રાજાઓ હાલના રાજાઓ સમાન રાજભવનોમાં પડી રહી આનંદ ભોગવનાર નહોતા, કે જેથી તેમની આજ્ઞાઓનો યોગ્ય અમલ થાય છે કે નહીં? તેની તેમને પરવા પણ ન હોય. આ સમયના રાજાઓ તો તે સંબંધમાં બહુ જ કાળજી રાખતા હતા. મહારાણા પ્રતાપના પંજામાં આ મૂર્ખ ભરવાડ સપડાયો. પ્રતાપે તેની પાસેથી દેશ નહીં છોડવા સારૂના કેટલાક પ્રશ્નો કર્યા અને પછી રાજાજ્ઞાનું ઉલ્લંઘન કરનાર આ ભરવાડનું શિર તેના ધડથી જુદું કરી, ધડને ભારમુકત બનાવ્યું. વળી રાજાજ્ઞાનો ભંગ કરવાથી શું પરિણામ આવે છે તે લોકોને જણાવવા

સારૂ તેનું ધડ અને શિર એક ઝાડે ટાંગવામાં આવ્યાં. હવે કોની ઓકાત હતી કે રાજાજ્ઞાનો ભંગ કરી શકે? તમામ વસ્તિ પર્વતોમાં વસી ચૂકી. પ્રતાપસિંહ પણ આથી આનંદ માનવા લાગ્યા, કારણ કે આવી જનશૂન્ય ભૂમિ ઉપર મોગલોની દૃષ્ટિ શા સારૂ ખેંચાય? એમ તેઓ માનતા હતા. પરન્તુ અકબરને તો માત્ર મહારાણાને નમાવવા-નીજ ઇચ્છા હતી. મહારાણો નહીં ને તેનું નામનું પૂતળું પણ નમે તો તે તેને પોતાનાં ધન્યભાગ્ય માને તેમ હતું. એટલે અકબરે તો મહા-રાણાના સર્વ પ્રયાસો નિષ્ફળ કરવાની પોતાની ઇચ્છા ન જ માંડી વાળી.

પાદશાહ અકબરે સર્વ હિન્દુ રાજાઓને પોતાની સાથે લઇ પ્રતાપી પ્રતાપ વિરૂદ્ધ હથિયાર ધારણ કર્યાં. આ રાજાઓ એ જ હતા કે જેમના પૂર્વજોએ મેવાડની પવિત્રતા સારૂ પોતાના પ્રાણ સુદ્ધાં અર્પણ કર્યા હતા. આ રાજાઓએ પાદશાહનું આધિપત્ય સ્વીકાર્યા ઉપરાંત કેટલાકોએ પોતાની બેહેન દીકરીઓ પણ પાદશાહને આપી હતી, અને તેમ કરવાથી પોતાના કુળની મર્યાદાને તેમણે વેચી નાંખી છે, એમ તેઓ મન સાથે સમજતા હતા. એટલે કુળ મર્યાદા નહીં વેચનાર મહારાણા પ્રતાપ પ્રત્યે એમને તેજ દ્વેષ ઉત્પન્ન થયો હતો અને ચહાય તે ભલો, પણ પ્રતાપને પોતાની પ્રણાલીમાં મૂકવા તેમની તીવ્ર ઇચ્છાઓ થઇ આવી હતી.

હિન્દુ રાજાઓમાં અંબર—જયપુર—નો રાજા માનસિંહ પાદશાહનો બહુ જ માનીતો હતો; કારણ કે, તેણે પ્રથમ જ તેની બહેન પાદશાહને આપી હતી. આ માનસિંહ સાહસિક, બુદ્ધિબળવાળો અને વીર રાજપૂત હતો. તેણે બાદશાહના તરફથી ઘણાં યુદ્ધોમાં વિજય મેળવ્યો હતો, એટલે અકબરની તેના ઉપર પ્રીતિ પણ વિશેષ હતી. ખરૂં કહેતાં તો અકબરના સમયમાં તેના રાજ્યની ઘણી સરહદ વધારનાર તો આ જ રાજપૂત હતો. અને તેથી તે બાદશાહના સર્વ સેનાપતિઓમાં પ્રસિદ્ધ સેનાપતિ હતો.

માત્ર બુન્દીના હાડા—ચૌહાણો જ પાદશાહને કન્યા આપવામાંથી બચી શક્યા છે. અને તેથી જ કોઇ કવિએ કહ્યું છે કે,

"કાજળ હંદી કોટડી, દિલ્હી સુલતાનાં;
સબહિ કાજળ લગ ગયો, બિનાહી ચૌહાણાં."*

---

* બુન્દીના રાજા સુરજનના સમયમાં તેમના તાબાનો રણથંભોરનો કિલ્લો મેળવવા અકબરે બહુ પ્રયાસ કર્યો; છતાં તે તેમાં ફાવી શક્યો નહીં. એટલે પાપી માનસિંહે બુન્દીપતિને ચિતોડપતિના આધિપત્યમાંથી છૂટા કરી, બાદશાહનું આધિપત્ય સ્વીકારવા તથા રણથંભોર મેળવવા સારૂ પ્રપંચ આદર્યો. તેણે સુરજન પાસે રણથંભોરના કિલ્લામાં અતિથિ તરિકે જવાનો પોતાનો વિચાર

સોલાપુરના યુદ્ધમાં વિજય કરી જ્યારે માનસિંહ દિલ્હી તરફ જતો હતો ત્યારે તેણે મહારાણા ઉપર એક સંદેશો મોકલી જણાવ્યું કે, "હું આપને ત્યાં અતિથિ થઇને આવું છું." આ વખતે મહારાણા કમલમેરમાં હતા. તેઓ તેને લેવા સારૂ ઉદય સાગર સુધી જાતે ગયા. રાણાજીની આજ્ઞા મુજબ અહીં જ જમવાનું તૈયાર રાખવામાં

સુરજનને જણાવ્યો. રાજપૂતો અતિથિઓ સારૂ તો પ્રાણ ન્યોછાવર કરતાં પણ પાછો પગ કરતા નથી. સુરજને તેને રણથંભોરમાં આવવા આમંત્રણ કર્યું. માનસિંહ ગયો. આ વખતે તેની સાથે સિપાઇના વેષમાં ખુદ અકબર પણ ગયો હતો. આ વખતે રાવ સુરજનનો કાકો ત્યાં હાજર હતો. તેણે બાદશાહને ઓળખ્યો, તેથી તેને એક ઉચ્ચ સિંહાસન ઉપર બેસાડયો. હવે અકબર માનસિંહની મારફત સુરજનને સારી સારી લાલચો આપીને ચિતોડપતિનું આધિપત્ય છોડાવવામાં ફાવી શકયો. તે વખતે સન્ધિપત્ર તૈયાર કરાવવામાં આવ્યું અને તેના ઉપર ખુદ અકબરે પોતાના હસ્તાક્ષર કર્યા. તેની કલમો આ પ્રમાણે છે.

(૧) બુંદીના રાજાઓ કોઇ પણ સમયે દિલ્હીના સમ્રાટ્ વંશને કન્યા નહીં આપે. (૨) જજિયા નામનો વેરો આપવામાં નહીં આવે. (૩) બુંદીના મહારાજને બાદશાહ કદાપિ પણ અટકની બહાર યુદ્ધ કરવા સારૂ મોકલી શકશે નહીં. (૪) નોરોજાના દિવસોના સ્મરણમાં દિલ્હીના બાદશાહના મહેલમાં જે મીના બજાર ભરવામાં આવે છે અને તેમાં રાજપૂત રાજા તથા સામન્તોની અન્તઃપુરમાં વસવાવાળી સ્ત્રીઓને મોકલવાનો પ્રથા છે, તે પ્રમાણે બુંદીના રાજા અને એમના તાબાના સામન્તોની સ્ત્રીઓને એ મીના બજારમાં બોલાવવામાં નહીં આવે. (૫) બુંદીના મહારાજ દીવાને આમમાં સજેલાં હથિયારોથી જઇ શકશે. (૬) એમનાં પવિત્ર દેવસ્થાનો ઉપર કોઇપણ પ્રકારનો આઘાત કરવામાં નહીં આવે. (૭) બુંદીના મહારાજા અને એમના આધીનના સામંતો કોઈ પણ સમયે પોતાના સૈન્ય સાથે કોઇપણ હિન્દુ રાજાના તાબામાં નહીં મુકાય. (૮) બાદશાહના તાબાના રાજાઓના ઘોડેસ્વાર સૈન્યના ઘોડાઓને જે બાદશાહી ચિન્હથી આંકવામાં આવે છે, એ પ્રકારનું બુંદીના ઘોડેસ્વારોના ઘોડાઓ ઉપર ચિન્હ આંકવામાં આવશે નહીં. (૯) જ્યારે બુંદીના મહારાજ દિલ્હીમાં જશે તે વખતે દિલ્હીના રાજમાર્ગથી મેહેલના લાલ દરવાજા સુધી પોતાનો ડંકો વગાડતા જશે. (૧૦) બુંદીના મહારાજ જે વખતે બાદશાહના સામા જશે તે વખતે તેઓ બીજા રાજાઓની માફક ઢીંચણ નમાવીને સન્માન નહીં બતાવે.

આ સન્ધિપત્ર થયા પછી અકબરે સુરજનને શ્રીકાશી ક્ષેત્રમાં મહેલ બાંધવા આજ્ઞા આપી. આ એક પ્રકારનું બહુમાન મનાતું હતું. પછી બાદશાહે સુરજનને ગોંડદેશ જીતવા મોકલ્યો, ત્યાં તેણે વિજય પ્રાપ્ત કરવાથી બાદશાહ બહુ ખુશ થયો અને એને શ્રીકાશી, ચુનાર આદિ પાંચ દેશોનો અધિકાર સોંપ્યો.

આવી રીતે પોતાનું આધિપત્ય સ્વીકાર્યા છતાં પણ તેઓ પાછા ફરી ન જાય તે સારૂ બાદશાહ તેમને વખતો વખત પુરસ્કાર પણ આપતો હતો. અત્યારે તેવું કંઇ છે કે?

આવ્યું હતું. મહારાણા તો ત્યાંથી તેને મળીને ચાલ્યા ગયા હતા. એટલે બિછાનાં નંખાયા બાદ તેને જમવાની વરદી આપવામાં આવી એટલે એણે મહારાણાને મળવાની પોતાની ઇચ્છા દર્શાવી. આ વખતે મહારાણાના કુમાર અમરસિંહજી ત્યાં હાજર હતા, તેમને મહારાણાને નહીં આવવાનું કારણ પૂછ્યું. અમરસિંહે જણાવ્યું કે, "પિતાજીની પ્રકૃતિ આજે સ્વસ્થ નથી, તેથી તેઓ અહીં હાજર રહી શકયા નથી." આ શબ્દોથી માનસિંહના મનમાં જે સંદેહ હતો તે દૂર થવાને બદલે વધુ થયો, તેથી તેઓ સરદારોને કહેવા લાગ્યા કે,

માનસિંહ—સરદારો ! તમારા રાણાજીને સમજાવો કે જેથી તેઓ પોતાની ઉદ્ધતાઇને છોડી મારી સાથે જમવા આવે.

સરદાર—મહારાજ ! તેઓશ્રીની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેઓ આજના જમણમાં હાજર રહેવા અસમર્થ છે. એથી આપે કંઇ માઠું લગાડવું નહીં અને આપને માઠું ન લાગે તે સારૂ જ તેઓશ્રીએ કુમારશ્રીને હાજર રાખ્યા છે.

માનસિંહ—કુમારને મારી સાથે જમવા આજ્ઞા કરી છે તે પણ માત્ર મને માઠું ન લાગે તે સારૂ જ. નહિં કે અંતઃકરણના પ્રેમથી, પરન્તુ તમો રાણાને સમજાવો કે તેઓ આ દુશ્મનાવટ કોની સાથે બાંધે છે અને કોનું અપમાન કરે છે ? આ અંબરાધિપતિ ધારે તે કરવા સમર્થ છે. તેની સાથે દુશ્મનાવટ કરવાથી ફાયદો મેળવી શકાશે નહીં. કેમ તમારા પૈકી કોઇ રાણાને સમજાવવા જવા ઇરાદો રાખો છો ?

સરદાર—મહારાજ ! મહારાણાશ્રીની પ્રકૃતિ જ જ્યારે અસ્વસ્થ છે, ત્યારે તેઓ આવી શકે એ બિલકુલ અસંભવિત છે. અને તેથી અમારા પૈકી કોઇ તેમને ત્રાસ આપવા સારૂ જવાની હિમ્મત કરી શકે તેમ નથી. આપને જમવાની ઇચ્છા હશે તો જમો અને ઇચ્છા ન હોય તો તે આપની ઇચ્છાની વાત છે.

માનસિંહે પોતાનું ભયંકર અપમાન થવાનું માન્યું અને પોતાના ઇષ્ટદેવ અને પિતૃઓના ગ્રાસ મૂકી કેટલુંક ખાવાનું પોતાની પાઘડીના છેડે બાંધી લીધું અને પોતાની બેઠકેથી ઉઠી ઉભો થયો. જ્યારે માનસિંહ પોતાના આસનેથી ઉઠયો એટલે મહારાણા તુરત જ ત્યાં પધાર્યા. આથી તો માનસિંહના ક્રોધરૂપી અગ્નિમાં ઘી હોમાયું અને તે મહારાણાને કહેવા લાગ્યો કે,

માનસિંહ—મહારાણા ! વિચાર કરો આપની મર્યાદાના રક્ષણ સારૂ જ અમોએ અમારી બેહેનો અને પુત્રીઓ મોગલોને આપી છે. વળી મારા ગૌરવનો કંઇ પણ વિચાર કર્યા વગર હું આપની પાસે

આવ્યો છું છતાં જો આપ કંઇ સમજશો નહીં તો આપને તેમાં કંઇ ફાયદો નહીં થાય, પણ ઉલટ નુકશાન જ થશે. અને આપ એ પણ ખાત્રી રાખજો કે આ મેવાડની ભૂમિ પણ ઘણો સમય આપને પોતાના હૃદય ઉપર નહીં રાખી શકે, માટે વિચાર કરો, કે જેથી પાછળથી પસ્તાવું ન પડે.

શું માનસિંહના આ શબ્દો મહારાણા પ્રતાપ સાંભળી સ્તબ્ધ રહી શકે કે? તેણે તુરત જ તેના કપાળમાં વાગે એવો ઉત્તર આપવાનું શરૂ કર્યું.

મહારાણા—અંબરાધીશ! શું આપની બેહેનો અને પુત્રીઓ અમારી મર્યાદા સારૂ આપે મોગલોને આપી છે? કે તમો મોટાઇ મેળવી નિશ્ચિન્તતાથી રાજસુખ ભોગવી શકો તે સારૂ? અરે! તમારામાં ગૌરવ જેવી વસ્તુ જ કયાં છે કે જેનો વિચાર કર્યા સિવાય તમો મારી પાસે આવ્યા છો? માનસિંહ! વિચારી જુઓ કે તમારામાં ગૌરવ છે? અરે! તમો ગૌરવને જાણો પણ છો કે? તમારું ગૌરવ તો મ્લેચ્છોના ચરણોમાં રખડે છે. તેના કૃપા કટાક્ષ ઉપર જેમ તમો રાજ ભોગવો છો, તેમ તે મ્લેચ્છોના કૃપાકટાક્ષ ઉપર રાજ ભોગવવાનું આ મહારાણા સંગ્રામસિંહનો પૌત્ર કદાપિ પણ પસન્દ નહીં જ કરે. માનસિંહ! વિચાર કરો કે માતૃભૂમિને પરતંત્રતાની જંજીરમાં જડી, તમો ખુદ્દ પરતંત્ર બની, તમારી બહેનો અને દીકરીઓ મોગલોને આપી તમો ક્ષત્રિય હોવાનો દાવો કરો છો! તમારી આ સમજ બાબત મને બહુ ખેદ થાય છે. તમારા સમાન ક્ષત્રિયોએ ક્ષત્રિય જાતિને લજ્જિત કરી છે અને છતાં પણ તમો શરમાતા નથી! તમારા જેવા ક્ષત્રિયોની મને દયા આવે છે.

અરે! જેને પોતાના દેશની, પોતાની જ્ઞાતિની અને પોતાની અંગત સ્વતંત્રતાનું અભિમાન નથી તેવાઓને મનુષ્ય કહેવડાવવાનો પણ શું હક છે? પછી હું તમને મનુષ્ય કે રાજા શાનો માનું? માનસિંહ! પરતંત્ર મનુષ્યની સ્થિતિ માત્ર એક પાળવામાં આવેલા શ્વાન કરતાં વિશેષ સારી નથી. બલકે શ્વાન કરતાં બહુ ખરાબ છે. કારણ કે શ્વાનમાં સમજવાની શક્તિ નથી અને આ બેપગો શ્વાન તો સમજવા છતાં પણ પરતન્ત્રતાને પસન્દ કરે છે. અરે! તમોએ મારે ત્યાં આવીને મારૂં ગૃહ અપવિત્ર બનાવ્યું છે. તેનો તમને કંઇ વિચાર આવે છે કે? અમોએ તમને કયારે આમંત્રણ મોકલ્યું હતું કે જેથી અહીં પધાર્યા છો શું તમોને અહીં આવતાં પહેલાં તમારાં પાપી કૃત્યોનો વિચાર થયો નહીં?

માનસિંહ! મને નુકશાન કરવાનું તમારી ઇચ્છા ઉપર અવલંબેલ નથી, તેમ જ મને મેવાડભૂમિ ઉપર સ્થલ નહીં મળવા દેવાનું પણ

તમારી ઇચ્છા ઉપર નથી. તેનો તો સર્વેશ્વરની ઇચ્છા ઉપર આધાર છે. તેણે મારા અને તમારા માટે જે વિચારો કર્યા હશે તે જ મુજબ થયા કરશે. અને છતાં પણ કદાચ મને મારી માતૃભૂમિની અને મારા કુટુમ્બની સ્વતન્ત્રતાનું રક્ષણ કરતાં કષ્ટો આવે તો પણ તેની તમારે લગાર પણ દયા ખાવાની જરૂર નથી, પરન્તુ સૈન્ય સાથે આ મેવાડ-ભૂમિમાં પગ મૂકતાં-પહેલાં પૂર્ણ વિચાર કરજો.

માનસિંહ—ઠીક, ત્યારે હું જાઉં છું, પરન્તુ તમો તમારી સ્વતન્ત્રતા ક્યાં સુધી સાચવી શકો છો ? તે હું થોડા સમયમાં જ હવે જોઇ લઇશ.

મહારાણા—બહુ સારૂં ચાલ્યા જાઓ. પણ પાછા વહેલા વહેલા સૈન્ય સાથે આવજો. આ વખતે મહારાણાની સાથેનો એક માણસ બોલી ઉઠયો કે "માનસિંહજી ! એકલા ન આવતાં તમારા બનેવી અકબરને પણ સાથે લઇ આવજો." આ માણસના કહેવાથી તો જેમ બળતામાં ઘી હોમાય તેમ માનસિંહ વધુ ક્રોધાયમાન થયો, પરન્તુ અહિં તેનો કંઇ ઉપાય ચાલી શકે તેમ નહોતું એટલે છાનોમાનો ચાલ્યો ગયો.

મહારાણાએ જે જગાએ માનસિંહ બેઠો હતો તેને ખોદાવી ગોબરથી શુદ્ધ કરાવી અને સમગ્ર ઠેકાણાએ ગંગાજલ છંટાવી શુદ્ધ કરાવી. આ સમાચાર પણ માનસિંહને મળ્યા. હવે તો આ કુલાંગાર હરેક ઉપાયે પણ મહારાણાને ખરાબ કરવા ઉદ્યત થયો. ને તેના મનમાં અનેક પ્રકારના તર્ક વિતર્કો કરતો વહેલો વહેલો અકબરને મળવાના ઇરાદાથી ચાલ્યો. માનસિંહના ગયા બાદ મહારાણાએ પોતાના સરદારોને જણાવ્યું કે "સરદારો ! આજનો પ્રસંગ તમો સર્વેએ નજરે જ જોયો છે. અને તેના ઉપરથી આપણે એમ અનુમાન કરી શકીએ છીએ કે, હવે આપણા ઉપર થોડા જ સમયમાં આ દેશદ્રોહી, જાતિ-દ્રોહી અને કુલદ્રોહી કલંકિત માનસિંહ ભારી સૈન્ય સાથે આવશે. માટે આપણે પણ આપણી તૈયારીના કાર્યમાં ભેળાઇ સૈન્ય એકત્ર કરવું જોઇએ. બોલો તમારો શું વિચાર છે ?"

સરદારો—અન્નદાતાર ! અમારો અભિપ્રાય હોય જ નહીં. આપ અમારા પ્રાણના પણ માલિક છો. આપના પ્રસ્વેદ બિન્દુની સાથે જ અમો અમારા પ્રાણ સુદ્ધાંત પણ ન્યોછાવર કરવા તૈયાર છીએ. અમારો અભિપ્રાય આપથી અલગ હોય જ શાનો. આપની આજ્ઞા અને અમારાં શિર એ જ અમારો ધર્મ માનીએ છીએ.

મહારાણા—આપણે આપણી પોતાની સ્વતન્ત્રતા સારૂ, આપણી પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતા સારૂ, આપણા ધર્મ સારૂ અને આપણા પવિત્ર દેશની પવિત્ર સતી સ્ત્રીઓની આબરૂના રક્ષણ સારૂ લડવાનું

છે. જો કદાચ મ્લેચ્છો સાથે લડતાં આપણે વિજય પ્રાપ્ત કરી શકીશું તો તેમાં આપણને લાભ છે. જો કદાચ આપણે લડતાં પરાજય થશે તો દેશની સ્વતંત્રતામાં આપણા પ્રાણ જશે, તેથી વિદ્વાન્ કવિઓ અનંતકાળ સુધી આપણાં યશોગાન કરશે અને તેથી આપણને કીર્તિનો લાભ થશે. માટે આપણે કોઇ પણ પ્રકારના વિચાર સિવાય સ્વતંત્રતા સારૂ તન, મન અને ધનથી તલવાર ઉઠાવવી.

સરદારો—અન્નદાતાર ! અમો આપના વિચાર સાથે સંપૂર્ણ રીતે મળતા છીએ. કારણ કે વિધર્મી પાદશાહની પરતન્ત્રતા સ્વીકારી તેની અને તેના અધિકારીઓની મહેરબાની ઉપર રાજ્યસુખ ભોગવવા ચાહતા નથી. પરન્તુ પરમેશ્વરે અમને ક્ષત્રિય બનાવી અમારી આજીવિકા સારૂ અમને આ પરમ પવિત્ર તલવાર આપી છે, તેથી અમો તેના બંધનથી સ્વતંત્ર રહી અમારી સત્તાઓ ભોગવવા માગીએ છીએ.

પ્રતાપ—મ્હારા બહાદુર સરદારો ! તમારાથી જ અમો રાણાકુળ ઉજ્વળ છીએ. તમારા ભરોસાથી જ અમો ચહાય તેવા બલિષ્ઠ દુશ્મનથી પણ લડતાં ડરતા નથી. અને તમારા જ ભરોસાથી હું પ્રતિજ્ઞા કરૂં છું કે "આપણા શત્રુઓ આપણી પવિત્ર ભૂમિ ઉપર હું જીવિત રહીશ, ત્યાંસુધી ટકી શકશે નહીં. ચહાય તો ચન્દ્રમાંથી અગ્નિ ઝરે, અમૃત ઝહરનું કામ કરે, ધ્રુવ પોતાનું આસન મુકી ચલાયમાન થાય, સૂર્ય પોતાનું દિવ્ય તેજ છોડી શીતળતા ગ્રહણ કરે, જે શંકર પાર્વતી હમ્મેશ સાથે રહેનાર છે તેઓ છુટાં પડે, જળની અંદર અગ્નિ ઉત્પન્ન થાય અને જેમને અમર માનવામાં આવે છે તે પણ મરે, તો પણ મહારાવળ બાપ્પાના વંશમાં ઉદ્ભવ પામેલો આ રાણો પ્રતાપ પરતંત્રતારૂપી ભયંકર બેડીનો સ્વીકાર નહીં કરે. મારૂં રાજ્ય જશે તો પણ હું સાધુ વેશે રહીને સ્વતંત્રતા ભોગવવાનું ઇચ્છીશ, પરંતુ પરતંત્રતા સ્વીકારી રાજ્ય સુખ ભોગવવા ઇચ્છીશ નહીં. તે પવિત્ર સ્વતંત્રતાનું રક્ષણ કરતાં, મારા અને મારા કુટુમ્બના મારા દેખતાં ટૂકડે ટૂકડા થશે તો પણ હું મારી પ્રતિજ્ઞાને તોડીશ નહીં. અરે ! શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે,

"નરક રાજ્ય વરૂ હો, પ્રભુ, નહીં સ્વર્ગ દાસત્વ;
પરાધીન હૈ જગતમેં, 'માણિક' દુખ કર તત્વ."

અને તે શાસ્ત્રોનાં અને વિદ્વાનોનાં વચનેને અનુસરી હું કદાચ મને અન્ન જળ પણ નહીં મળે, પહેરવાને માટે વલ્કલો પણ નહીં મળે તો સંન્યાસી વેષે રઝળી, રખડીને પણ હું મારી માતૃભૂમિને પરતંત્રતાની બેડીમાં જુડાયલી પણ મુક્ત કરવા પ્રયાસ કરીશ. જ્યારે હું મારા દેશદ્રોહીઓને મારીશ અને ભગાવીશ ત્યારે જ હું મારી પવિત્ર માતૃ-

ભૂમિનો પુત્ર હોવાનો દાવો કરીશ. જો હું મારી માતૃભૂમિને વિધર્મી મોગલોના કબજે થવા દઉં તો મારી માતાને અને પવિત્ર ક્ષત્રિય નામને અને પવિત્ર રાણા કુટુંબને લજ્જિત કરવા સારૂ જ આ પૃથ્વી ઉપર ઉત્પન્ન થયો ગણાઉં.

જો કદાપિ ક્ષીર સમુદ્ર એક બુંદ કાંજીનું પડવાથી ફાટી જાય, નીચ વ્યભિચારીઓ, ચોરો અને શરાબી મનુષ્યો કદાચ સ્વર્ગે જાય, આપણા દેશના જ દેશદ્રોહીઓની કદાચ પ્રશંસા થાય અને કદાચ હિમાલય પર્વત પોતાની જગ્યાએથી ચલાયમાન થાય, તો પણ હું આ મારી દૃઢ પ્રતિજ્ઞાનો ત્યાગ કરીશ નહીં અને વિધર્મીઓનો ગુલામ બની તેમની સેવા સ્વીકારીશ નહીં.

મને આનંદ થાય છે કે તમો સહુ સરદારો મારી સાથે એક મતના છો. તમારા સમાન સરદારો જે રાજ્યમાં હોય તે રાજ્યને દુશ્મનો શું કરી શકવા શક્તિમાન્ છે ? જે રાજાઓ માત્ર પોતાના રાજ્યની ઉપજ વધારવા સારૂ પોતાના બહાદુર સરદારોની જાગીરો ઉપર તરાપ મારે છે, તે રાજાઓના રાજ્ય ઉપર જોખમ આવતાં જરા પણ વિલંબ લાગતો નથી. તમો સહુ તમારી જાગીરો ઉપર જાઓ અને તમારા બહાદુર સૈનિકોને અને તમારા તાબાના જંગલી ભિલ્લોને લઇને સત્વર રાજ્યમાં પાછા આવો. હવે આપણો જેટલો સમય જાય છે તેટલા સમયમાં બાદશાહી સૈન્યની રાહ જોતા રહીશું.

મહારાણા પ્રતાપનું કહેવું પૂર્ણ થયા પછી સહુ સરદારોએ મહારાણા પ્રતાપનો જય ઘોષ કર્યો અને ત્યાર પછી તેઓ પોતપોતાની જાગીરો તરફ ચાલ્યા ગયા.

હવે મહારાણાએ પોતાના પુત્ર—અમરસિંહને ઉશ્કેરતાં જણાવ્યું કેઃ—

"પુત્ર ! ક્ષત્રિયો પોતાનું ભાન ભૂલી ગયા છે. તેઓ માત્ર પોતાના રાજ્યરૂપી કકડા રોટલી સારૂ કુતરાની માફક પાદશાહી સત્તાને વશ થઇ તેના નચાવ્યા નાચે છે. સ્વતંત્રતા એ નામની કોઇ વસ્તુ પણ છે કે નહીં ? તેનું પણ તેમને ભાન રહ્યું નથી. અરે ! આ નરાધમો એટલાથી જ અટક્યા નહીં, પરંતુ તેમણે પવિત્ર કુટુંબોમાં જન્મેલી પવિત્ર ક્ષત્રાણીઓને મોગલોનાં જનાનખાનાંમાં અર્પતાં પણ વિચાર કર્યો નહીં. એ સ્થિતિ હું મહારાવળ બાપ્પાના વંશમાં ઉત્પન્ન થયા છતાં શી રીતે સ્વીકારી શકું ? જો હું તે સ્થિતિનો સ્વીકાર કરૂં તો રાણાવંશને કલંક લગાડનાર જ નિવડું. ભાઇ ! બીજાઓની વાત તો હું શું કરૂં ? જ્યાં મારો પોતાનો ભાઇ સાગર પણ પાદશાહની આધીનતા સ્વીકારી તેનો સેવક બની તેની પાસે રહે છે અને આપણા કુટુંબને

સમજાવે છે! ભાઈ અમરસિંહ! હવે તમોએ પણ સાવધ રહેવું જોઈએ. તમારી કસોટી કરાવવાનો સમય આવ્યો છે. હવે થોડા જ વખતમાં આપણે આપણા રાજ્ય સુખોને પણ છોડવાનો કદાચ સમય આવી લાગશે. કેમ તૈયાર છો કે નહીં?"

અમરસિંહ–પિતાજી! જે કુળમાં આપ ઉત્પન્ન થયા છો તે જ પવિત્ર કુળમાં આપ સમાન પવિત્ર પિતાથી ઉત્પન્ન થયલો હું પણ એક ક્ષત્રિય પુત્ર છું. હું પણ એક સિંહનો સિંહબાલક છું. મારે મારા સુખદુઃખનો વિચાર નહીં કરતાં, માત્ર મારા પરમ પવિત્ર પિતાના દેશની સ્વતંત્રતાના, પોતાના કુટુંબની મર્યાદાના અને પોતાના પવિત્ર હિન્દુ ધર્મના રક્ષણના કાર્યમાં સામેલ રહેવું એજ મારૂં કર્તવ્ય છે.

પિતાજી! મેં ઘણી વખત આપની પાસેથી સાંભળ્યું છે કે, ક્ષત્રિયોએ માત્ર પોતાની પવિત્ર તલવાર ઉપર વિશ્વાસ રાખી પોતાની સ્વતંત્રતા સાચવવી જોઈએ. અને તે મુજબ આપણા પૂર્વજો અનાદિ કાળથી વર્તતા આવ્યા છે અને આપ પણ અત્યારે માત્ર તેજ આપણા પવિત્ર કુળની મર્યાદા સારૂ તલવાર પકડવા તૈયાર થયા છો. પછી મારે અન્ય વિચાર કરવાનો હોય જ શાનો?

પિતાજી! હું પણ આપના સમક્ષ પ્રતિજ્ઞા કરૂં છું કે, "મેવાડ ભૂમિની સ્વતંત્રતામાં હું મારૂં જીવન માનીશ અને મેવાડભૂમિની પરતંત્રતામાં જ હું મારૂં અવસાન પણ માનીશ."

પ્રતાપ–શાબાશ! મ્હારા બહાદુર કુમાર! જો તમારા સમાન જ સ્વતંત્રતાને ચાહનાર અને પોતાના કુળની મર્યાદાને ચાહનાર ક્ષત્રિય બાળકો આ ભારતભૂમિમાં ઉત્પન્ન થતા હત તો ક્ષત્રિયોની આ સ્થિતિનો અનુભવ આપણને થાત નહીં, પરંતુ ભારતભૂમિના કમનસિબે હવે તેવા ક્ષત્રિય પુત્રો ઉત્પન્ન થવા તે પણ અસંભવિત છે. ચાલો આપણે પણ હવે આજથી જ આપણી તૈયારીઓ કરવા લાગીએ.

પ્રકરણ ત્રીજું

પાદશાહનો દરબાર, માનસિંહે તેને ઉશ્કેરવો

પાદશાહ અકબરનો દરબાર ભરાવા લાગ્યો. ખાનો અને ઉમરાવો પોતપોતાનાં આસનોપર આવી બેસી ગયા. મેહેતા, મુત્સદ્દીઓ, દિવાનો, પટવારીઓ અને બીજા સરદારો પણ આવી પોતપોતાનાં આસનો પર બેઠા, એટલે નકીબે બાદશાહ અકબરના આવવાની નેકી પોકારી. સહુ સભાજનો પોતપોતાનાં આસને ઉભા થઈ ગયા, એટલે અકબરે આવી સિંહાસન ઉપર બેઠક લીધી અને ત્યાર બાદ તમામ સભાજનોએ

પણ પોતપોતાનાં આસનો શોભાવ્યાં. સત્ય કહીએ તો સ્વતંત્રતા વેચવાથી લજ્જિત કર્યા એટલે કવિઓએ તેને આશીર્વાદાત્મક અને પ્રશંસાત્મક કાવ્યો કહી સંભળાવ્યાં. અને કવિઓ પછી જ્યોતિષીઓ અને કાજીઓએ પણ પોતાના આશીર્વાદાત્મક શ્લોકો અને શેરો કહી સંભળાવ્યા. પછી પાદશાહે વારાંગનાઓને તેમની કળાનું દિગ્દર્શન કરાવવા આજ્ઞા ફરમાવી. વારાંગનાઓ ઉઠી અને તેમના મધુર સ્વરથી ગાવા લાગીઃ

કન્હૈયા બંશીવરા, બંશી સુનાજા,
બંશી સુનાજા મન મસ્ત બનાજા; કન્હૈયા
પ્યારે નયનસેં નયન મિલાજા,
પ્રેમ પયોનિધિ હમકો પિલાજા; કન્હૈયા
ભૃકુટી પિનાક નયન શર મારી,
દરસ દયાનિધિ હમકો દિલાજા; કન્હૈયા
ચતુર 'ચતુર્ભુજ' પ્રેમકે પાલક,
વેદ વિદિત સો હમકો દિખાજા. કન્હૈયા

પાદશાહે વાહ વાહનો ધ્વનિ કરી, તેમને સારી રીતે સંતોષી અને વિદાય કરી. આ વારાંગનાઓનું કાર્ય ચાલુ હતું તે દરમ્યાન અંબરાધિપતિ માનસિંહ છંછેડાયલા સાપની માફક નસકોરાં ફૂલાવતો દરબારમાં આવી બેઠો હતો. તેને પાદશાહે પૂછ્યું; "કેમ માનસિંહજી! તમો કયાં કયાં સ્થળોએ થઇને અહિં આવ્યા? તમારી તબિયત તો સારી છે ને? તમારી મુખમુદ્રા કેમ ઉદાસ અને ક્રોધમય જણાય છે? પાદશાહે આટલું પૂછ્યું પછી માનસિંહ શા સારૂ બાકી રાખે? તેને તો મોશાળ જમવું અને મા પીરસનાર સમાન થયું. તે પોતાના ઉભરાને કહાડતો કહેવા લાગ્યો.

"ખુદાવિંદ! મારી તબિયત તો સારી છે. પરંતુ ઉદયપુરના રાણા પ્રતાપે હું મોગલોની સાથે સગપણના સંબંધથી જોડાયો માટે મારી સાથે જમવાની ના પાડી, તથા મને જે સ્થળે ઉદયસાગરના મહેલોમાં ઉતારો આપવામાં આવ્યો હતો તે સ્થળ ગોબર અને ગંગા જળથી શુદ્ધ કરાવીને મારૂં અપમાન કર્યું છે. તેથી મને મારા થયેલ અપમાનની વખતો વખત યાદ થઇ આવી મારા મનમાં ઉદાસી રહે છે. ખુદાવિંદ! જો આનો બદલો રાણાને આપવામાં ન આવે તો, પછી તો તે ખુદ ખુદાવિંદનું અપમાન કરવામાં પણ નહીં ચૂકે. વળી આ મારૂં અપમાન તે પણ માત્ર હું મોગલોની સાથે સંબંધથી જોડાયો તે સારૂ જ તેણે કર્યું છે, અને તેથી તે પણ ખુદ ખુદાવિંદનું જ અપમાન માની શકાય."

આ પ્રમાણે કહી તેણે પાઘડીમાં છુપાવી રાખેલું અન્ન બાદશાહ સમક્ષ ખુલ્લું કરી રજુ કર્યું અને પુનઃ કહેવા લાગ્યો કે; "ખુદાવિંદ!

આ તે સમયના સ્મરણ તરિકે આ રાંધેલું અન્ન મેં મારી પાઘડીમાં બાંધી રાખ્યું હતું. જો આપ નામવર રાણાના માટે કંઇ હુકમ ફરમાવશો તો જ હું તેને ફેંકી દઇશ, નહીં તો રાણાને જ્યાં સુધી યોગ્ય નસિયત આપવામાં નહીં આવે ત્યાં સુધી હું તેને મારી પાઘડીમાં જ સંઘરી રાખીશ."

અકબરના મનમાં પ્રથમથી જ રાણા પ્રતિ દુશ્મનાવટ તો હતી જ. તેણે બધા પ્રકારની તૈયારીઓ પણ કરી રાખી હતી, પરન્તુ માત્ર કારણ સિવાય શાન્ત બેસી રહ્યો હતો અને તેમાં તેને આ કારણ મળી આવ્યું. તે ક્રોધથી લાલ નેત્રો કરી કહેવા લાગ્યો કે, "માનસિંહ! રાણાએ તમારૂં અપમાન કર્યું નથી, પરન્તુ તે તેણે ખુદ મારૂં પોતાનું અને પાદશાહતનું અપમાન કર્યું છે. હું તે સંબંધી આજે જ હુકમ કરૂં છું."

આ પ્રમાણે કહી તેણે શાહજાદા સલીમને આજ્ઞા ફરમાવી. "સલીમ! તમો આપણા બહાદુર સૈન્ય સાથે બનતી ત્વરાએ મેવાડ ઉપર ચડાઇ કરો અને અભિમાની રાણાને સત્વર પાદશાહ સાથે માન કરવાથી અને પાદશાહનું અપમાન કરવાથી શું ફળ મળે છે તે જણાવો."

વળી તેણે સાગરજીને ઉદ્દેશીને કહ્યું કે, શક્તિસિંહ! તમો મેવાડ ભુમિના રસ્તાઓ અને ડુંગરો તથા જંગલોના માહિતગાર હોવાથી તમારા માણસો સાથે શાહજાદા સલીમનો સાથ કરો. અને આ યુદ્ધમાં વિજય મેળવી મેવાડ ભૂમિના મહારાણા બનવા ભાગ્યશાળી બનો. માનસિંહ પણ તમારી સાથે આવશે અને જરૂર પડશે તો હું પણ આવી પહોંચીશ."

સલીમઃ—"ખુદાવિંદ! હું મારા નામવર વાલીદના હુકમ મુજબ કાલે જ અહિંથી મેવાડ તરફ મારા બહાદુર સૈન્ય સાથે અને બહાદુર શક્તિસિંહ સાથે પ્રયાણ કરીશ. હું નામવર ખુદાવિંદનો બહુ જ આભારી છું કે મારી સાથે શક્તિસિંહ જેવા એક બહાદુર ભોમિયાને મોકલવાની કૃપા દર્શાવવામાં આવી છે. અને હું આશા રાખું છું કે બહાદુર શક્તિસિંહ પોતાની બહાદુરીનો મને સારો પરિચય કરાવશે."

ઓછી હોજરીના માણસોનો એવો સ્વભાવ હોય છે કે, સહજ કારણથી તેઓ ક્રોધિત પણ થાય છે. સહજ પ્રશંસાથી ફુલાઇ પણ જાય છે, સહજ ધનથી ફાટી પણ જાય છે અને સહજ બાબતમાં મિત્રના દુશ્મન પણ બની બેસે છે, અને ચહાય તેવા દુશ્મનથી મૈત્રી કરતાં પણ જરાય વિચાર કરતા નથી. આ શક્તિસિંહ પણ તેવા જ મનુષ્યો પૈકીના એક હતા. તેઓ બાદશાહે તેમને સલીમની સહાય કરવાનું કહ્યું અને સલીમે તેમની પ્રશંસા કરી એટલે ફુલાયા, અને કહેવા લાગ્યા કેઃ—

"ખુદાવિંદ ! હું મને પોતાને મારા ઉદ્દેશો તુરત જ પાર પાડવાનો અવસર પ્રાપ્ત થયો છે તેથી નામવરનો ઉપકાર માનું છું અને હું મારા તન, મન અને ધનથી શાહજાદા સલીમને મદદગાર બનીશ."

પાદશાહે પોતાના સેનાપતિઓને ફરમાવતાં જણાવ્યું કે, "આપણું અન્ય સૈન્ય પણ તૈયાર રાખો; કારણ કે મેવાડના સામે લડવા જવામાં આપણને અનેક પ્રકારની આફતોનો પણ પરિચય થશે. કદાચ પુષ્કળ દ્રવ્ય અને મનુષ્યોની આહુતિઓ આપવાનો પ્રસંગ આવશે, તેટલા સારૂ તમામ પ્રકારની તૈયારીઓ કરી રાખવી તે જ ઠીક છે."

આ દરબારમાં બિકાનેરના રાજા રાજસિંહજીના ભાઇ પૃથ્વીસિંહજી હાજર હતા. તેઓ સતત પાદશાહના દરબારમાં પણ મહારાણાના સત્ય ગુણોની પ્રશંસા કરતા હતા. તેઓ વિદ્વાન્ કવિ અને સાચા વીર હતા. તેમના તરફ જોઇને અકબરે પૂછ્યું કે "કેમ પૃથ્વીરાજ ! તમારો આ સંબંધમાં શું અભિપ્રાય છે ? શું તમો હમ્મેશ જેની પ્રશંસા કરો છો, તે રાણાનું આ કૃત્ય વાજબી છે કે ? શું આ તેણે માનસિંહનું અપમાન કર્યું છે કે મારૂં પોતાનું જ ? તેના માટે એને શિક્ષા કરવી જોઇએ કે નહીં ?" પૃથિરાજજીએ ઉત્તર આપ્યો કે "ખુદાવિંદ ! માનસિંહ મહારાજને મહારાણાશ્રીએ ક્યાં આમંત્રણ મોકલ્યું હતું કે તેથી તેઓ ત્યાં અતિથિ થયા ? શું મહારાણા અમારા સમાન ક્ષત્રિયોને ધિક્કારે છે તે માનસિંહ મહારાજ જાણતા નહોતા કે ? તેમણે મહારાણાને ત્યાં જવું જ શા સારૂ જોઇએ કે જેથી તેમને અપમાન વ્હોરી લેવાનો પ્રસંગ આવ્યો ? માત્ર પોતાની ઇર્ષ્યાને તૃપ્ત કરવા સારૂ અને જેવી રીતે પોતે ભ્રષ્ટ થયા છે તેવી રીતે મહારાણાને પણ ભ્રષ્ટ કરવા સારુ જ આ તેમના દુષ્ટ પ્રયાસો છે. જો કે તે ફળીભૂત થવા તે તો આકાશ-કુસુમવત્ છે. માનસિંહ જેવા, મહારાણા પ્રત્યે ઇર્ષ્યા ધરાવનાર રાજાના અપમાનથી શાહાનશાહે પોતે મહારાણા સામે લડવા જવું તે પણ મારા અભિપ્રાય મુજબ તો યોગ્ય નથી જ. આ તો સૂતેલા સાપના પૂછડા ઉપર જાણી જોઇને પગ રાખવા સરખું કૃત્ય થાય છે, તેનો વિચાર કરવામાં આવે તો સારું." અકબરે તેમને જણાવ્યું કે "પૃથિરાજ ! તમો શાહી દરબારમાં પણ હમેશ રાણાનાં જ યશોગાન કરો છો, અને દરેક બાબતમાં તેની જ પ્રશંસા કરો છો, તે જ મુજબ આજે પણ માત્ર તેની પ્રશંસા સારુ જ આ તમારું કહેવું છે. પરંતુ તમો વિચાર કરી જુઓ કે દિલ્હીશ્વરના પ્રબળ સૈન્ય આગળ રાણો કેટલો સમય ટકી શકવાનો હતો ? જ્યારે દેશભરના સમસ્ત ક્ષત્રિયો પાદશાહી સત્તાને માન આપે છે, ત્યારે તે ખુદ સત્તા તો કબુલ કરતો નથી અને ઉપરાંત

અમારા સંબંધીઓનું અપમાન કરવાની ઉદ્ધતાઇ પણ કરે છે. શું તેનું ફળ તેને મળવું નહીં જોઇએ ?"

પૃથિરાજે જણાવ્યું "ખુદાવિંદ ! મહારાણાનું સત્ય વર્ણન અને યશોગાન કરવામાં હું કંઇ શાહી સત્તાનો અનાદર કરતો નથી, છતાં તેમ કરવામાં હું માન સમજું છું. અમારા સમાન પરતંત્રતાની બેડી સ્વીકારનાર અને ભ્રષ્ટ થયલા ક્ષત્રિયોએ તો હવે માત્ર મહારાણાના પવિત્ર વંશનું વર્ણન કરીને જ સંતોષ, આનંદ અને પોતાનાં પાપોનાં પ્રાયશ્ચિત્તો કરવાનું બાકી રહ્યું છે. છતાં પણ જ્યારે અમારા ક્ષત્રિયો તરફથી જ મહારાણા વિરૂદ્ધ પાદશાહ સલામતને ઉશ્કેરવામાં આવે છે તો મારે નિડર રીતે જણાવવું જોઇએ કે તેવા ક્ષત્રિયોનાં દુર્ભાગ્ય જ છે."

પૃથિરાજનું કહેવું પૂર્ણ થયું એટલે તો પાદશાહ પાસેથી મળી અને રાજ મેળવવાની લાલસાવાળો શકતાજી કહેવા લાગ્યો: "પૃથિરાજજી ! તમો આ કોના દરબારમાં છો અને કોની સાથે સંભાષણ કરી રહ્યા છો તેનું તમને કંઇ પણ ભાન છે કે ? કે માત્ર બોલવા ખાતર જ બોલ્યા કરો છો ?" પૃથિરાજજીએ જણાવ્યું કે, "હું સત્યપ્રિય શાહાનશાહના દરબારમાં છઉં અને તે સત્યપ્રિય શાહાનશાહ સલામત સાથે સંભાષણ ચલાવી રહ્યો છું, તેનું મને યથાર્થ ભાન છે. વળી મહારાણા પ્રતાપ સમાન એક બાહાદુર અને પવિત્ર ક્ષત્રિયનાં યશોગાન કરી કૃતાર્થ થાઉં છું. માત્ર બોલવા ખાતર બોલતો નથી તેનું મને બરાબર ભાન છે."

શકિતસિંહજી ! મને દિલગીરી થાય છે કે, અન્ય ક્ષત્રિયો તો કદાચ મહારાણા વિરૂદ્ધ હોય, પરંતુ જે પવિત્ર ક્ષત્રિય કુળમાં મહારાણા ઉત્પન્ન થયા છે તે જ પવિત્ર કુટુંબમાં તમો પણ ઉત્પન્ન થયા છો. વળી તમો મહારાણાના સહોદર છો, છતાં પણ તમારામાં આવી દુષ્ટતાએ કેમ વાસ કર્યો છે ? અરે ! રાણા જ્યારે ક્ષાત્ર ધર્મનું, પોતાના દેશની સ્વતંત્રતાનું અને પોતાના કુળની મર્યાદાનું રક્ષણ કરવા તૈયાર થયા છે, ત્યારે તમો તમામ ઉપર પાણી ફેરવવા તૈયાર થઇ, ખુદ્દ તે પવિત્ર અને તમારા તથા તમામ ક્ષત્રિયોએ પૂજવા યોગ્ય મહારાણાને મારવા તૈયાર છો. શકિતસિંહ ! શકિતસિંહ ! તમારા કુટુંબની મર્યાદાનો વિચાર કરો."

હવે શકિતસિંહ પોતાના સ્વભાવ ઉપર ધીમે ધીમે ચઢતાં પૃથિરાજજીને કહેવા લાગ્યો કે, "પૃથિરાજજી ! તે તમામનો મેં વિચાર કર્યો જ છે, અને જ્યારે રાણાને અભિમાન થયું છે તો તેનું ખંડન થવું જ જોઇએ, અને તેથી શાહનશાહ સલામતની આજ્ઞાને પ્રથમ દરજ્જે માન આપવું તે હું મારી ફરજ માનું છું, તમારા વિચારોની મને જરા પણ આવશ્યકતા નથી."

પૃથિરાજજી પણ બહાદુર રાઠોડ વંશમાં ઉત્પન્ન થયલો વીર હતો, એટલે તે શક્તિસિંહના કહેવાથી કંઇ જ દબાયો નહીં, તેણે તેને સામો ઉત્તર આપ્યો કે, શક્તિસિંહ ! હું મારા વિચારો તમને આપી અપવિત્ર કરવા માગતો નથી. માત્ર જ્યારે પાદશાહ સલામતે મારો અભિપ્રાય માગ્યો, ત્યારે મેં મારો સત્ય અભિપ્રાય જણાવ્યો; તેમાં તમારે વચ્ચે આવવાની શું જરૂર હતી ? છતાં પણ જ્યારે તમો વચ્ચે આવ્યા, ત્યારે મેં સત્ય હકીકત તમને પણ કહી. બાકી તમારા પાદશાહ સલામતના પક્ષે હોવાથી પણ સત્યપ્રિય મહારાણાને કોઇ પણ પ્રકારની હરકત આવવાની નથી જ. તમો બરાબર યાદ રાખજો કે તે સત્યપ્રિય મહારાણાની સહાયમાં સત્યને ચાહનાર સર્વેશ્વર સંમત રહેશે જ."

હવે તો શકિતસિંહના ક્રોધનો કંઇ જ પાર રહ્યો નહીં. તેમણે જણાવ્યું કે, "ત્યારે શું તમો રાણાને બચાવી શકશો ? આ પ્રમાણે કહી એણે તુરત જ પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને કહેવા લાગ્યો કે, અમો અમારી આ તલવારોથી રાણાની અને તમારા સમાન તેના પ્રશંસકોની શુદ્ધ સાન ઠેકાણે લાવવા સમર્થ છઇએ." તલવાર ખેંચવાથી પણ પૃથિરાજ કંઇ દબાય ખરા કે ? તેમના માટે તો કહેવામાં આવ્યું છે કે, "તલવાર રાઠોડાન" તેમણે પણ તુરત જ સામી તલવાર ખેંચી અને શકિતસિંહને જણાવ્યું કે, "શું તમો મારા જેવાઓની શુદ્ધ સાન ઠેકાણે લાવવા પણ માગો છો કે ? આ અમારી તલવાર તમારા સમાન દેશદ્રોહી, કુળદ્રોહી અને ભ્રાતૃદ્રોહીઓના રકતનું પાન કરવા માટે ઉત્સુક જ છે. હિમ્મત હોય તો આવો."

હવે પાદશાહે જાણ્યું કે, આ બન્ને વાગ્નિ સામસામા ઘર્ષણમાં આવ્યા છે, માટે કદાચ થોડા જ વખતમાં અગ્નિ ઉત્પન્ન થશે તેથી તેણે આસનેથી ઉઠી વચ્ચે પડી જણાવ્યું કે, "સબુર, તમો બન્ને જણ સહજ બાબતમાં જ તલવારો ઉપર શું હાથ નાંખો છો ? હવે મારો હુકમ થઇ જ ગયો છે. માટે તેનો અમલ થઇ પરિણામ આવે ત્યાં સુધી રાહ જોવાની જરૂર છે." આ પ્રમાણે કહીને દરબાર બરખાસ્ત કરાવી ચાલ્યો ગયો અને અન્ય દરબારીઓ પણ પોતપોતાના સ્થળે ગયા.

પ્રકરણ ચોથું

પ્રતાપી પ્રતાપનો દરબાર અને તેની મન્ત્રણા

આજે કમલમેરમાં રાણાજીના સરદારોમાં એક અલૌકિક પ્રકારનો આનંદ દર્શાય છે. નગરજનો પણ આનંદિત જ દેખાય છે. સ્થળે સ્થળે થોડા સમયમાં જ યુદ્ધ થવાનું હોવાથી લોકોમાં તે સંબંધી વાતચીત ચાલી

રહી છે. આજે મહારાણાનો યુદ્ધ કરવા સંબંધીની મંત્રણા સારૂ દરબાર થવાનો હોવાથી સરદારો પોતપોતાની હવેલીઓથી દરબારમાં જાય છે. નગરજનો રસ્તાની બન્ને બાજુએ એકત્ર થઇ તેમને જોઇ રહેલ છે અને વચ્ચે આનંદિત થઇ મહારાણા પ્રતાપનો જયઘોષ કરે છે.

તમામ સરદારો આવી પોતપોતાનાં આસને પોતાના અનુક્રમે બેસી ગયા. પછી મહારાણા પ્રતાપ, ભગવાન્ એકલિંગજીનો દિવાન પ્રતાપી પ્રતાપ, વીરરસની મૂર્તિસમાન પ્રતાપ, હિન્દુ ધર્મનો અને ક્ષાત્ર ધર્મનો રક્ષક અને સાચો મિત્ર મહારાણા પ્રતાપ આવ્યા. દરબારમાં હાજર થઇ, દરબારીઓ પોતાના આસનેથી ઉભા થયા અને મર્યાદા-પૂર્વક તેને નમન કરી માન આપ્યું અને જ્યારે મહારાણા પોતાના આસને બિરાજ્યા એટલે તમામ સરદારોએ પણ પોતપોતાનાં આસનો ઉપર બેઠક લીધી. ચક્રવર્તી મહારાણાના શિર ઉપર સુવર્ણનું છત્ર ધારણ કરાવવામાં આવ્યું હતું, બન્ને બાજુ સુવર્ણના હાથાવાળા ચમ્મરધારીઓ ચમ્મર ધારી રહ્યા હતા. મહારાણાની નજર પડે તેવી રીતે સામે અબ્દાગિરી રાખવામાં આવી હતી. આ વખતે મહારાણા પ્રતાપની સભા તે દેવતાઓના રાજા ઇન્દ્રની સભા સમાન શોભી રહી હતી. અપ્સરાઓની ખામી પૂરી કરવા સારૂ વારાંગનાઓ આવી. તેમને જોઇને મહારાણાએ પોતાના દિવાનને કહ્યું કે, "દિવાનજી ! આ વારાં-ગનાઓને યોગ્ય ઇનામો આપી વિદાય કરો. તેઓ પણ નાચ અને ગાયનની કળાઓ જાણનાર છે એટલે તેઓ અવશ્ય ઇનામો મેળવવાની હક્કદાર છે. પરંતુ તેમનાં નાચ અને ગાયનો સાંભળવાનો સમય તો આપણી પાસે નથી, કારણ કે તેવો સમય તો મોગલો અને મોગલોના તાબાના ક્ષત્રિયો પાસે છે. ક્ષત્રિયોએ વારાંગનાઓ અને ભાંડભવાયા-ઓમાં પોતાના વખતનો વ્યય કરવો તે તેવાઓને માટે નિંદ્ય છે. ક્ષત્રિયોએ તો ક્ષાત્રરણભૂમિમાં સાથે રહી ઉત્સાહિત કરનાર વિદ્વાન્ કવિઓનાં વિદ્વત્તાભર્યાં કાવ્યો અને ભાષણો સાંભળવામાં જ પોતાનો વખત ગાળવો જોઇએ. કવિઓ રાજાઓને રાજનીતિનો પણ સારો ઉપદેશ કરી શકે છે. માટે રાજાઓએ તેવા વિદ્વાન્ કવિઓને પૂજવા જોઇએ છે કે, જેથી તેઓ ક્ષત્રિયોને પોતાની ક્ષાત્રવટનું ભાન કરાવી ઠેકાણે લાવે."

"વેશ્યાઓના નાચ, ભાંડોની ભાંડાઇ અને ભવાયાઓની ભવાઇ તેને પણ જો કે રાજાઓએ તે તે કળાઓનો લોપ ન થાય તે સારૂ ઉત્તેજન આપવું જોઇએ, પરંતુ સર્વથા તેમાં જ આસક્ત થઇને રહેવાથી તેઓ પોતાનાં પિતૃઓનાં ચરિત્રો વિસરી જાય છે અને માત્ર મોજ શોખના પરિણામે ગુલામગીરી ભોગવતા થાય છે."

આ વખતે શંકર નામના કવિ આવી પહોંચે છે, તેમણે દરબારમાં પ્રવેશ કરતાં જ

હાલી* નાલી† બરદીયા,‡ કટકૈયા§ કોટવાલ;॥
એ સબરે રક્ષા કરો, કાના¶ ચાર$ છિનાલ×

તેમને જોતાં જ મહારાણા પોતાના આસનેથી નીચે ઉતરી તેમને મળ્યા અને બીજા સરદારોએ પણ પોતાના આસનેથી ઉભા થઇ તેમને માન આપ્યું એટલે કવિરાજે ક્ષત્રિયોના ધર્મનું ભાન કરાવનાર એક કાવ્ય કહેવાની શરૂઆત કરી.

છપ્પય—એહ બિરદ રજપૂત, પ્રથમ મુખ ઝૂઠ ન બોલે,
એહ બિરદ રજપૂત, પરત્રીય કાછ ન ખોલે;
એહ બિરદ રજપૂત, આય બાંટે** કર જોરે,
એહ બિરદ રજપૂત, એક લાખાં બિચઓરે;
જમરાંણ પાય પાછો ધરે, દેખી મનો અબધૂતરો,
કરતાર હાથ દીધિ કરવ, એહ બિરદ રજપૂતરો.

શુદ્ધ ક્ષત્રિય સારા કવિને જોઇને આનંદિત થયા વગર કોઇ પણ દિવસ રહી શકતો નથી. મહારાણાએ કવિરાજની પ્રશંસા કરતાં જણાવ્યું કે, "વાહ ! વાહ ! અત્યારે પણ ક્ષત્રિયો ભાગ્યશાળી છે કે જેથી આપના સમાન વિદ્વાન્ કવિઓનું અસ્તિત્વ છે."

આ વખતે બહારથી એક દૂત આવી વરદી આપે છે કે, "અન્નદાતાર ! હિન્દવાશુર ! બહાર એક ગુપ્ત દૂત આવી ઉભો છે અને તે અંદર આવવા ઇચ્છા રાખે છે. તેના માટે શું આજ્ઞા છે ?"

પ્રતાપ—"જાઓ અને તેને સત્વર હાજર કરો."

આથી દૂત બહાર ગયો અને આગંતુક નવીન દૂતને લઇ આવી મહારાણા સમક્ષ રજુ કર્યો. નવીન દૂતે ઘૂંટણ નમાવી નીચા પડી મહારાણાને નમન કર્યું એટલે મહારાણાએ તેને ઓળખીને પ્રશ્ન કર્યો. "કેમ, તમો શું સમાચાર લાવ્યા છો ?" દૂતે ઉત્તર આપ્યો કે, "અન્નદાતાર ! માનસિંહના અપમાનથી ક્રોધાયમાન થઇ અકબરે પોતાના શાહજાદા સલીમને એક ભારી સૈન્ય સાથે મેવાડ ભૂમિને પદદલિત કરવા સારૂ મોકલ્યો છે, અને તેને સહાય કરવા સારૂ શકિતસિંહને તથા

---

* હળને ધરાવનાર બળરામજી. † જેની ઉત્પત્તિ કમળના નાળમાંથી છે એવા બ્રહ્મા. ‡ જેમનું વાહન બળદ છે એવા. § જેઓ દેવતાઓના સેનાપતિ મનાય છે એવા કાર્તિકેય. ॥ જેઓ કાશીના કોટવાલ મનાય છે એવા ભૈરવજી. ¶ શુક્રાચાર્યજી. $ શ્રીકૃષ્ણ. × છિનાળવો-ઇન્દ્ર. ** આ બિરદ તો અત્યારે દાવડ મહારાજશ્રી કિશોરસિંહજીમાં હોવાનું બરાબર ભાન કરાવે છે.

મહોબતખાનને* પણ તેની સાથે મોકલવામાં આવ્યા છે. તેઓ થોડા જ સમયમાં કદાચ છેક સુધી આવી પહોંચશે. તેમનું સૈન્ય અને અમો સાથે જ આગ્રાથી નીકળ્યા છઈએ." મહારાણા આશ્ચર્ય પામી પૂછવા લાગ્યા કે, શું શકતો પણ તેના મ્લેચ્છ પુત્ર સાથે આવે છે?" દૂતે જણાવ્યું "હા, અન્નદાતાર!"

મહારાણાએ પોતાના સરદારોને જણાવ્યું કે, "સરદારો! આ સમય આપણને અનાયાસ જ પ્રાપ્ત થયો છે. તેને માટે આપણે આપણને ભાગ્યશાળી જ માનવા જોઈએ. વળી શકતા સમાન મેવાડની પવિત્રતાનો અને મેવાડની સ્વતંત્રતાનો દ્રોહી પણ શાહજાદાની સાથે આવે છે, પણ આપણા સારૂ અમૂલ્ય સમય છે. માટે તમો વિચાર કરીને કહો કે આપણે અહિંથી કયારે નીકળવું અને કયાં જઈ મૂકામ રાખવો."

મહારાણાના પૂછવાથી સરદારોએ જણાવ્યું કે, "અન્નદાતાર! અમારા વિચાર મુજબ તો આ ધર્મના કામમાં ઢીલ શા સારૂ કરવી જોઈએ? માટે આવતી કાલે સવારે જ આપણે અહિંથી પ્રયાણ કરવું, અને હલદી ઘાટમાં આપણો મુકામ નાંખી દુશ્મનોની રાહ જોવી."

પ્રતાપ–"સરદારો! તમારો અભિપ્રાય મને પણ યોગ્ય લાગે છે, માટે આવતી કાલે સવારમાં જ આપણે રવાના થઈએ." પછી નવીન દૂતને પ્રશ્ન કર્યો. "જ્યારે મોગલોના દરબારમાં માનસિંહ આવ્યો અને તેણે તેના અપમાન સારૂ બૂમાટા કર્યા, ત્યારે અન્ય કોઈ ક્ષત્રિયો દરબારમાં હાજર હતા કે નહીં? આ સંબંધમાં તમો કંઈ હકીકત મેળવી શકયા હો તો જણાવો." દૂતે કહ્યું "અન્નદાતાર! દરબારમાં તો ઘણાય ક્ષત્રિયો હતા, પરંતુ તેઓ તો મોગલોની ગુલામગીરી ભોગવે છે એટલે કંઈ પણ બોલે જ શાના? પણ બિકાનેરવાળા પૃથિરાજજી હતા, તેમનો અભિપ્રાય અકબરે પૂછયો એટલે તેમણે નિડરતાથી આપની પ્રશંસા કરી, આપના ભાઈ શકતાજીને ધિક્કાર્યા હતા. આનું પરિણામ એ આવ્યું કે શકતાજીએ પૃથિરાજજી સામા તલવાર ખેંચી અને વીરવર પૃથિરાજજીએ પણ સામી તલવાર ખેંચી. જોતજોતામાં તલવારો ચાલત, પરન્તુ અકબરે વચ્ચે પડી બન્નેને અટકાવ્યા હતા. પૃથિરાજજી પાદશાહના તાબામાં રહેવા છતાં પણ વખતો વખત ખુલ્લા મોહોડે આપની પ્રશંસા પાદશાહ સમક્ષ કહે છે."

આ દૂતનાં વચનો સાંભળી મહારાણા બહુ જ પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કે, "ધન્ય છે તે રાઠોડ વીરને કે જેઓ પોતે પરતંત્ર છતાં

---

* મોહબતખાન શકિતસિહનો પુત્ર હતો, પરંતુ તે મુસલમાન ધર્મનો આશ્રય લઇ મ્લેચ્છ બની ગયો હતો.

પણ સ્વતંત્રતાના સાચા ચાહક છે. આપણને પણ એવા શુદ્ધ ક્ષત્રિયોની જ જરૂર છે. નહીં કે માનસિંહ સમાન દેશદ્રોહીઓની ! અને શક્તા સમાન કુલને કલંક ચઢાવનારાઓની.” પુનઃ મહારાણાએ પોતાના દિવાનને પૂછ્યું, “દિવાનજી ! આપણે આ લડાઇમાં સરદારોનું અને આપણું મળીને એકંદર કેટલું સૈન્ય ઉતારી શકીશું તેનો આપે કંઇ વિચાર કર્યો છે કે ?” દિવાને જણાવ્યું કે, “અન્નદાતાર ! સરદારોના આવેલા આંકડાઓ અને આપણા સેનાધ્યક્ષોના આંકડાઓનો હિસાબ ગણતાં એમ નક્કી કરવામાં આવ્યું છે કે, આપણે એકંદર બાવીસ હજાર સૈન્ય લડાઇમાં ઉતારી શકીશું. આ સિવાય આપણા અને સરદારો તરફથી ભિલ્લો સહાયમાં આવે તે વધુમાં છે.” રાણાએ જણાવ્યું. “બહુ સારૂં, પરંતુ રસદ વગેરેનો યોગ્ય બંદોબસ્ત કરી રાખવામાં આવ્યો છે ને ?” “હા, અન્નદાતાર !” દિવાને જણાવ્યું. “ત્યારે કાલે સવારે હલદી ઘાટ તરફ કૂચ કરવાના સર્વને અત્યારે જ ખબર આપાવો અને રસદનાં ગાડાં વગેરે તૈયાર કરાવો.” રાણાજીએ હુકમ ફરમાવ્યો, દિવાને “હુકમ, અન્નદાતાર !” કહી પ્રતિઉત્તર વાળ્યો, અને રાણાજી કવિરાજ સાથે વાતો કરતા રાજભવન તરફ પધાર્યા અને દરબાર બરખાસ્ત થયો.

પ્રકરણ પાંચમું

હલદી ઘાટનું યુદ્ધ

કવિત્તઃ—અંબે મહારાની કહે, નંદી અસવાર કહે;
ભૂતની પિશાચની ભરેલી ઉનમત્તાકી.
વાયસ ઓ શ્વાન કેતે ગિદ્ધનકે જુથ્થ કહે;
જોગનીકે ઝુંડ ભોગ પાય નિજ ભત્તાકી.
હાથ બરમાલ ધાર ખરી અચ્છરાન કહે;
ઐર્ષતા નિહાર શિશોદ શિર છત્તાકી.
આશિષકે દત્તે બોલ આપસમેં મત્તેમત્ત;
ફત્તે હોહુ ફત્તે હોહુ ફત્તે રાન પત્તાકી.

ભાવાર્થઃ—જ્યારે હલદી ઘાટમાં બન્ને સૈન્યો સામ સામે આવીને ગોઠવાયાં ત્યારે લડાઇમાંથી જેઓ કંઇ ને કંઇ પોતાનો હિસ્સો મેળવે છે એવાં બધાં હાજર થયાં અને તેઓ અંદર અંદર વિચાર કરવા લાગ્યાં કે, આપણ બધાંને આ લડાઇમાં આનંદ કરાવનાર કોણ છે ? એનો નિર્ણય કરી આપણ સર્વ આશીર્વાદ આપનાર હોવાથી તેને આશીર્વાદ આપીએ. આ સભામાં કોણ કોણ હાજર હતા અને તેમણે કોને શું આશીર્વાદ આપ્યો તે સંબંધમાં એક કવિ કહે છે કે,

મહારાણી અંબિકાજી કહેવા લાગ્યાં, નંદીના સવાર ભૂતનાથ ભગવાન્ શંકર પણ કહેવા લાગ્યા, વળી ભૂતડીઓ મહા ઉન્મત્ત પિશાચણીઓ પણ કહેવા લાગી; કાગડાં અને કૂતરાંનાં ટોળાં તથા કેટલાંક ગિદ્ધોનાં ટોળાં, તેમ જ જોગણીઓના સમૂહો પણ પોતાના ખોરાકનો ભાગ પ્રાપ્ત કરવાથી કહેવા લાગ્યાં; વળી આ યુદ્ધમાં પોતાના પતિઓ પસંદ કરવા સારૂ હાથમાં વરમાળાઓ ધારણ કરીને આવેલી અપ્સરાઓ પણ કહેવા લાગી. આવી રીતે શિશોદીયા વંશના છત્ર–મહારાણા પ્રતાપની વીરતા જોઇને આ બધાં એકત્ર થયલાં આશીર્વાદને દેવાવાળાં પોતપોતામાં મતામત કરી છેવટ બોલી ઉઠયાં કે, "મહારાણા પ્રતાપની ફત્તે થાઓ, ફત્તે થાઓ, ફત્તે થાઓ !"

આજે કમલમેરમાં નવીન અલૌકિક પ્રકારનો આનંદ દેખાય છે. ઠેકાણે ઠેકાણે લોકો મહારાણાની સવારીનાં દર્શન કરવા સારૂ ટોળે ટોળાં ઉભાં છે. તેમના મનમાં મહારાણાને વિજય પ્રાપ્ત થાય એવો ઉદ્દેશ છે. રજપૂતો પોતાના અંગ ઉપર બખ્તર સજી, હથિયારો સજી ઘોડાઓ ઉપર પાખર અને હાથી મોંઢાં, રિંછ મોંઢાં ચડાવીને તૈયાર થઇ પોતપોતાની મિસલ મુજબ આવીને પોતાના સૈન્ય સાથે ગોઠવાયા. આ વખતે તેમનો દેખાવ એવો થયો હતો કે જાણે યમરાજાના દૂતો. મ્લેચ્છોની સમગ્ર સૃષ્ટિનો નાશ કરવા ઉદ્યત થયા ન હોય! એક તો તેઓ શરીરે મજબૂત બાંધાના હતા અને પછી અંગ ઉપર બખ્તર ધારણ કર્યાં હતાં, તેથી તેમના સમુદાયો જોઇને એવો ભાસ થતો હતો કે જાણે જગતના તમામ કાળા પર્વતો આવીને રાણાને સહાય કરવા સારૂ ઉભા ન હોય ! અને એમ પણ ભાસ થતો હતો કે જાણે પૃથ્વી ઉપર ભાદરવા મહીનાનાં વાદળાંઓનો સમુદાય મહારાણાની સહાયે એકત્ર થયો ન હોય ! આ વીર રાજપૂતોને દેખી દેખીને કાયર રાજપૂતોની છાતીઓ ધ્રૂજતી હતી અને તેમને બિચારાઓને એવી દહેશત લાગવા લાગી કે જાણે હમણાં જ તેમની છાતીઓ ફાટી જશે ! આથી આ બિચારા રંક હૃદયના રાજપૂતો સવારી જોવા સારૂ પણ ઘરમાંથી બહાર નીકળી શકયા નહીં. તેઓ તો ઘરમાં ઉંડા ઓરડામાં છૂપાઇ બેઠા. એ તો બિચારા "પડે ઉગમણી બૂમ, આપ આથમણા નાસે' એ પૈકીના હોય છે એટલે એમને આ વીર પુરૂષોના સામું જોવાની પણ શાની હિમ્મત ચાલે?

સૈન્યમાં અનેક પ્રકારનાં વીરરસને ઉશ્કેરનાર વાદ્યો વાગી રહ્યાં હતાં કે જે સાંભળીને કાયરોને પણ શૌર્ય ચડી તેઓ જરૂર યુદ્ધમાં સામેલ થઇ જાય. પણ આપણે ઉપર વર્ણવ્યા તેવા કાયરોના પણ

કાયરો તો ઓરડાના ઊંડા ખુણામાં કાનો બંધ કરીને એવા ચૂપાઈ બેઠા હતા કે જેથી તેમના કાને તેવા વાદ્યોના શબ્દો પણ અથડાય નહીં. તેઓ જાણતા હતા કે આપણે કાયર છીએ, પણ કંઈ મહારાણાના સૈન્યનાં વાદ્યો કાયર નથી કે જેથી આપણે તેને સાંભળ્યા છતાં બહાર ન નીકળી શકીએ. જો કદાચ દુર્ભાગ્યે તે વાદ્યોના શબ્દો કાને પડી જાય તો તો એ વાદ્યો જરૂર શૂર ચડાવી આપણી ઇચ્છા વિરુદ્ધ પણ લડાઈમાં ધસડી જશે અને વગર મોતે મરી જઈ, છોકરાંને બાપ વિનાના કરી બેસશે, તેથી તેઓ તો કાનો પણ બંધ કરીને પડી રહ્યા હતા.

શૂરવીરોને જેમ જેમ વખત જતો હતો તેમ તેમ વધુ ને વધુ શૌર્ય ચડતું હતું. તેઓ વેહેલા વેહેલા હલદી ઘાટમાં પહોંચી જવા સારૂ મહારાણાના પધારવાની રાહ જોતા હતા. એ સમયમાં ઉત્સાહથી ભરેલો વીરરસની મૂર્તિ, અને પોતા માટે પ્રતાપી પ્રતાપ એવી ઉપાધિ મેળવનાર મહારાણો પ્રતાપ, હિન્દુ સૂર્ય મહારાણો પ્રતાપ, ચોબદારોની નેકી સાથે દરવાજામાંથી બહાર આવ્યો. એણે અંગ ઉપર તમામ પ્રકારનાં આયુધો ધારણ કર્યાં હતાં. બે તલવારો કમરમાં લટકાવી હતી. હાથમાં બરછી, કાંધે ધનુષ્ય, પીઠે ભાથો, કમ્મરમાં કટાર, છરી, છરો, ખંજર, નાનો તમંચો વગેરે આયુધો ધારણ કર્યાં હતાં. જે વખતે મહારાણા બહાર આવ્યા, અને પોતાના હાથી પાસે આવી સૈન્યનું નિરીક્ષણ કરવા લાગ્યા, તે વખતે એક કવિએ આવી તેમને લલકાર્યા અને બરાબર બિરદાવ્યા.

કવિરાજ—"રંગ, હિન્દવા સૂર રંગ, રંગ રાજપૂતાંરા રૂપને ઝાઝા રંગ, રાજપૂતાંરા ગુરૂને ઘણી ખમ્મા!!" આ પ્રમાણે કહી એણે એક ગીત કહ્યું—

આલાપૈ રાગ ગારડૂ[૧] અકબર, દૈ પૈંતીસ અસટ[૨] કુલ દાવ।
રાણુ શેષ બસુધા કથ રાખણ, રાગ ન પાંતરિયો અહરાવ[૩]॥ ૧
મિણુધર છત્રધર અવર ગેલ મન, તાઇધર[૪] રજધર ગ્રીધ તણુ।
પૂંગીદલ પતસાહ પેરતાં, ફેરે કમલ ન સહસફણુ॥ ૨
ગઢ ગઢ રાફૂ[૫] રાફૂ મટૈ ગઢ, રેણુ ખત્રી ધ્રમ લાજ અરેસ[૬]।
પંડર બેસ નાદ અણુ પીણુગ, સેસ ન આયો પતો નરેસ॥ ૩
આયા અણુ ભૂપત આવાહણુ,[૭] ભુજંગે ભુજંગ તજે બલ ભંગ।
રહિયો રાણ ખત્રી ધ્રમ રાખણ, સેત ઉરંગ હલોધર[૮] સંગ॥ ૪

---

(૧) મદારી–સર્પ રમાડનાર (૨) અષ્ટ–આઠ (૩) અહિરાવ–સર્પરાજ, શેષ (૪) શત્રુઓને ધારણ કરવાવાળો (૫) રૉફ, ઘમંડ (૬) નિષ્કલંક (૭) આવાહન, બોલાવવાથી (૮) શેષનાગ.

ભાવાર્થઃ—અકબરરૂપી ગારૂડીએ રાજપૂતોના પાંત્રીશ વંશોરૂપી અષ્ટકુલી નાગો ઉપર પોતાનો દાવ ચલાવ્યો, પરંતુ પૃથ્વી ઉપર વાર્તા રાખવા સારૂ, હે મહારાણા પ્રતાપ ! માત્ર શેષનાગરૂપી એકલો તું અકબરના ગાવાથી તારા કુલની મર્યાદા ન ભૂલ્યો ! (૧) મણીઓના ધારણ કરવાવાળા અન્ય સર્પોરૂપી રાજાઓનાં મન ડોલી ગયાં, પરંતુ શત્રુઓને ધારણ કરવાવાળા, હે વીર પ્રતાપસિંહ ! માત્ર તેં જ રજોગુણને ધારણ કરવાવાળા શેષનાગ સમાન બની બાદશાહના સૈન્યરૂપી પૂંગી—મોરલી—ની પ્રેરણાથી તેને મસ્તક નમાવ્યું નથી. (૨) અન્ય કિલ્લા કિલ્લાઓમાં મુસલમાની ધર્મના વિરોધીઓના ઘમંડ મટાડી દીધા; પરંતુ ક્ષત્રિય ધર્મની લજ્જામાં નિષ્કલંક શ્વેતવેષવાળા અને પૂંગીના નાદને નહીં પીનાર શેષનાગરૂપી હે મહારાણા પ્રતાપ ! તું જ ન આવ્યો. (૩) માત્ર બોલાવવાથી જ સર્વ રાજાઓરૂપી સર્પો બલહીન બનીને અકબરના કબજે થઇ ગયા, પરંતુ ક્ષત્રિયોના ધર્મનું રક્ષણ કરવાવાળા હે મહારાણા પ્રતાપસિંહ ! તું જ એના કબજે ન થયો. (૪)

કવિરાજનું ગીત સ્થિરતા સાથે મહારાણાએ સાંભળ્યું. હવે મહારાણાના મનમાં વીર રસની વિશેષ રીતે સ્ફૂર્તિ દેખાવા લાગી. કવિઓનાં વીર રસમય કાવ્યો સાંભળી એવો કયો રાજપૂત હશે કે જેને વીર રસ ઉત્સાહિત કરે નહીં. માત્ર કાયરોને તો તેઓ પણ કંઇ કરી શકતા નથી. તેમની જિવ્હાની તેમના ઉપર કંઈ અસર થતી નથી અને તેથી જ કવિરાજ 'કલ્યાણ રાવે' કહ્યું જ છે કે,

છપ્પયઃ—હમ કવેન્દ્ર કહેવાંય, રીઝકેં રાય બનાવેં ।
હમ કવેન્દ્ર કહેવાંય, ખીઝકેં ખ્વાર મિલાવેં ।
હમ કવેન્દ્ર કહેવાંય, દશોં દિશ હમને જીતે ।
હમ કવેન્દ્ર કહેવાંય, કરેં જસ અચલ ફજેતે ।
'કલ્યાણ રાવ' સુકવિન સોં, મરદ રઉર દાતા ડરૈં ।
સુમ નિલજ ઔર નામરદ કાયર કો હમ કયા કરૈં ? ॥

કવિઓનાં વીર રસમય કાવ્યો સાંભળીને, જેવી રીતે નપુંસક પતિને નવયૌવના પ્રિયા પ્રાપ્ત થવાથી તે જેમ પસ્તાય છે, તેવી જ રીતે વીર રસનાં કાવ્યો સાંભળી, કવિના આવવાથી શુમ સરદારો પસ્તાય છે અને તેમનાં દુર્ભાગ્ય માને છે. માટે જ કહેવામાં આવ્યું છે કેઃ

કવિતઃ—ચીત્તા પછતાત મૃગ અંકતેં નિકસિ જાત;
બાજ પછતાત જાત તીતર રખતમેં;
ચોર પછતાત જાત દારિદ્રી સદન માંઝ;
રંક પછતાત બાર બનિતા સદનમેં;

મોહર મગેન્દ્ર પછતાત સૂર ફેરે પાય;
જોગી પછતાત સંગ ભોગીકે રખતમેં;
કવિ પછતાત સુમે કવિત સુનાય અરૂ;
કામી પછતાત રતિ અંતકે બખતમેં.

વળી 'બેની' કવિરાજે પણ બરાબર કહ્યું છે કેઃ

કવિત:–હાવભાવ વિવિધ દિખાવેં ભલી ભાંતિનસોં;
મિલત ન રતિ દાન જાગે સંગ જામિની;
શુભરન ભૂષન સવારે તેં વિરૂલ હોત;
જાહિર કિયે તેં હસેં નર ગજગામિની;
રહે મન મારે લાજ લાગત ઉધારે બાત;
મન પછતાત ન કહત કછૂ ભામિની;
'બેની' કવિ કહે બડે પાપનતેં હોત દોઉ;
સૂમકો સુકવિ, ઔ નપૂંસકો કામિની.

એટલે મહારાણાને તો કવિરાજના ગીતથી અતિ આનંદ થયો. તેમનાં રૂંવાટાં ખડાં થઇ ગયાં, તેમના ઓષ્ઠો અને મૂછો ફરફરવા લાગ્યાં, તેમનું શરીર પુલકાયમાન થયું અને નેત્રો રક્તવરણાં બની ગયાં. ખરેખર કોઇએ કહ્યું છે કે "રજપૂત ત્યાં તો એમ જ હોય, અને ન્હોય રજપૂત ત્યાં કાંય કહેતા નથી." વળી પણ કહેવામાં આવ્યું છે કે "પંડગરમેર અને ગરમેર જેવાં પખાં, ત્યાં પટાલા નવ હથા જોધ પાકે."

મહારાણા પણ શુદ્ધ રાજપૂત હતા, તેમનાં પોતાનાં પખાં પણ ગરમેર અર્થાત્ મેરૂ પર્વત સમાન શ્રેષ્ઠ હતાં અને તેઓ જાતે પણ તેવા જ શ્રેષ્ઠ હતા. પછી કવિનાં વીર રસાત્મક કાવ્યોથી ખુશ થાય અને તેમનો ઉત્સાહ વૃદ્ધિગત થાય એમાં શું નવાઇ? એમણે કવિરાજને ઇનામ આપી સંતોષ્યા, અને પોતે હાથી ઉપર સવાર થયા. આ વખતે લોકોએ અને સૈન્યે એમનો જયઘોષ કર્યો, અને કિલ્લા ઉપર તોપોના અવાજે તેને વિશેષ ગજાવી મૂકયો. મહારાણાએ હાથીને ચલાવવા આજ્ઞા કરી. એમના તમામ સરદારો હાથીની આજુબાજુ વિંટાઇ ચાલવા લાગ્યા. આ વખતે મહારાણાની શોભા એવી દિસતી હતી કે જાણે નક્ષત્રોથી વિંટલાયલો સૂર્ય પોતાની સવારી લઇ જતો ન હોય? વળી તેમના શિર ઉપર ધરાવવામાં આવેલા સુવર્ણના છત્ર ઉપર સૂર્યનો પ્રકાશ પડતો હતો અને તેથી છત્રનો પ્રતિ પ્રકાશ આજુબાજુ કિરણો પ્રસરાવતો, તેથી સૂર્ય મંડળનાં કિરણોનો પ્રત્યક્ષ ભાસ થતો હતો.

ઉપર્યુક્ત રીતે મહારાણા પ્રતાપ પોતાની સાથે બાવીસ હજાર વીર રજપૂતોને લઇને ચાલ્યા. રસ્તામાં જતાં જે જે સ્થળોએ મોરચા

બાંધવાના હતા, તે તે સ્થળોએ પોતાનું સૈન્ય અને કેટલાંક ઠેકાણે ભિલ્લોને ગોઠવી મોરચા રાખવામાં આવ્યા. ભિલ્લોએ પ્રથમથી જ ઠેકાણે ઠેકાણે પોતાનાં હથિયાર તરિખે તીરોના સંગ્રહો તૈયાર રાખ્યા હતા. કેટલાંક ધનુષ્યો પણ તૈયાર રાખવામાં આવ્યાં હતાં અને એ ઉપરાંત પર્વતોનાં શિખરો ઉપર નાના મોટા પત્થરોના ઢગલાઓ કરી રાખ્યા હતા. મહારાણાને આ ભિલ્લોનો ઉત્સાહ, તેમનો સમુદાય અને તેમણે એકત્ર કરી રાખેલાં તેમનાં આયુધો જોઇને અત્યાનંદ થયો. તેમણે રસ્તા સીવાય આજુબાજુના પર્વતો ઉપર પણ આ પ્રમાણે મોરચા તૈયાર કરાવ્યા અને પછી પોતે આગળ વધી હલદી[1] ઘાટપર આવી પહોંચ્યા.

સૈન્ય યોગ્ય ભાગલાઓમાં વહેંચી દુશ્મનો આવી પહોંચતાં લગી આરામ લેવાની આજ્ઞા ફરમાવી. સૈન્યે એકાદ દિવસ આરામ લીધો એટલે દુશ્મનો પણ આવી પહોંચ્યા. બન્ને સૈન્યો સામસામાં ગોઠવાયાં અને લડવાની આજ્ઞાઓ અપાઇ.[2]

જ્યારે એક બાજુ સ્વતંત્રતાનો ધ્વંસ કરવા સારૂ યવનો અને તેમના સોબતી રાજપૂતો તનતોડ મેહેનત કરી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ સ્વતંત્રતાનું રક્ષણ કરવા સારૂ મહારાણા પ્રતાપ અને તેના સોબતીઓ મથી રહ્યા હતા. એક બાજુથી ધર્મનું રક્ષણ કરવા સારૂ પ્રાણ અર્પણ કરવામાં આવતા હતા, ત્યારે બીજી બાજુથી તેવું ધર્મનું રક્ષણ કરનારની સ્વતંત્રતા છીનવી લઇ તેના માનનું ખંડન કરવા સારૂ પ્રાણઅર્પણ કરવામાં આવતા હતા.

બન્ને પક્ષમાં મહાન્ ઉત્સાહ દર્શાતો હતો. તોપચીઓ તોપોનો

---

(૧) અરવલ્લી શૈલમાલાનાં આ દુર્ગમ સ્થાનોમાં વીરવર પ્રતાપસિંહનાં સૈનિકો સાવધાનતાપૂર્વક ઉભાં રહ્યાં. આ સ્થાનો નવાનગર અને ઉદયપુરની પશ્ચિમ દિશામાં આવેલાં હતાં. તેની લંબાઇ ૪૭ કોશ હતી અને પહોળાઇ પણ તેટલી જ હતી. આ સમચતુષ્કોણ વિશાળ પ્રદેશ કેવળ પહાડો અને જંગલોથી ભરેલો છે. વચમાં નાની નાની નદીઓ વક્રાકારમાં વહી રહી છે. જો ઉદયપુરને આ દુર્ગમ ગિરિપ્રદેશનું કેન્દ્ર કહેવામાં આવે તો તેમાં પણ કાંઇ અયુક્ત નથી. ઉદયપુરથી જે માર્ગ આ પ્રદેશમાં જાય છે તે અત્યંત દુર્ગમ અને કઠિન છે. આ માર્ગ એટલો બધો સાંકડો છે કે બે ગાડીઓ પણ મહા મુશ્કેલીથી તેપર આવાગમન કરી શકે છે. આ નિબિડ, દુર્ગમ અને કૂટ માર્ગપર ઉભા રહી જે દિશા તરફ દૃષ્ટિ ફેંકવામાં આવે તે તરફ પર્વતનાં ઊંચાં ઊંચાં શિખરો અને ઘાડાં જંગલો સિવાય બીજી કોઇ વસ્તુ દૃષ્ટિગોચર થતી નથી. આજ સ્થાનનું નામ 'હલદીઘાટ' છે. (ટૉડકૃત રાજસ્થાનનો ઇતિહાસ.)

(૨) આ હલદીઘાટના યુદ્ધની શરૂઆતનો દિવસ સં. ૧૬૩૨ ના શ્રાવણ સુદી ૬ નો હતો.

સખ્ત મારો ચલાવી, બન્ને પક્ષનાં સૈનિકોને, જેમ આકાશમંડળમાંથી નક્ષત્રો ટપકી પાડે છે તેમ પાડતા હતા. બંદુકોવાળાઓ સામસામા બંદુકો ચલાવી સૈનિકોને ધૂળ ચાટતા કરતા હતા. અને તલવારોવાળા વીર રાજપૂતો દુશ્મનોનાં સૈન્યોમાં પેશી, જેમ રક્તપાન અને માંસ મળવાથી રૂદ્ર અને કાલિકા નાચ કરી રહે છે તેમ, પોતાની તલવારોને નચાવી રહ્યા હતા. ત્યારે બહુ જ નજીકમાં દુશ્મન આવી મળવાથી તલવારો બંધ કરી કેટલાક વીરો પોતાની કટાર, છરા, છરી અને ખંજરો ચલાવતા હતા; કેટલાક ઠેકાણે તો વીરો દ્વંદ્વ યુદ્ધ કરી એક બીજાની સાથે લથ્થબથ્થ થઇ પૃથ્વી ઉપર પડી, પોતાના દુશ્મનના રક્તનું પોતાનાં ખંજરોને પાન કરાવતા હતા અને પોતાના પવિત્ર રક્તનું દુશ્મનોનાં ખંજર કિંવા કટારને પાન કરાવી વિમાનમાં બેસી અપ્સરાઓ સાથે સ્વર્ગે સિધાવતા હતા. જ્યારે સૈન્યો આ પ્રમાણે લડી રહ્યાં હતાં ત્યારે મહારાણાના સરદારો પણ પોતપોતાના સમોવડીઆ શાહી સૈન્યના સરદારો સાથે પોતાના પ્રાણને દાવમાં રાખી યુદ્ધરૂપી ખેલ ખેલી રહ્યા હતા. અને મહારાણા પણ માત્ર સ્વધર્મ, સ્વતંત્રતા અને માતૃભૂમિની પવિત્રતા સાચવવાના પોતાના લક્ષબિંદુ સારૂ એક મનવાળા મનુષ્યની માફક પોતાની તલવાર હાથમાં લઇ, જેમ કૃષિકાર ઘાસ કાપી નાંખે છે તેમ દુશ્મનોને કાપતા હતા. મહારાણા પોતાના સૈન્યના અગ્રભાગે રહી અતુલ પરાક્રમ બતાવતા હતા. પછી તેમના બીજા સરદારો અને સૈન્ય કંઇ નામનું જ લડે કે ? તેઓ પણ પ્રાણ સાટે લડે એ સ્વાભાવિક હતું. આ વખતના યુદ્ધના સમાન યુદ્ધ તો રામાયણના અને ભારતના યુદ્ધમાં પણ ઉત્સાહ સાથે કદાચ નહીં થયું હોય એમ ભાસતું હતું ! પ્રથમના જ મહારાણાના પ્રબળ પ્રયાસથી શત્રુઓનો મોરચો તૂટયો, તેઓ છિન્ન ભિન્ન થયા. જ્યારે શત્રુઓનો મોરચો તૂટયો એટલે જેમ હાથમાંથી છટકેલા શીકારને સિંહ શોધતો ફરે છે, તેમ મહારાણા પોતાના ઉપર આ ભયંકર આફત લાવનાર ક્ષત્રિય કુળકલંક માનસિંહને શોધવા લાગ્યા, પરંતુ તેનો કંઇ પત્તો પડ્યો નહીં. આ વખતે માનસિંહને શોધતા પ્રતાપી પ્રતાપના ખડ્ગ રૂપી તીર્થમાં અનેક યવનોએ પોતાના પ્રાણ સમર્પ્યા. માનસિંહ તો જડયો નહીં, પરંતુ મહારાણા છેક સલીમના હાથીના નજીક આવી ઉભા રહ્યા. હવે તેમનો ઉત્સાહ વિશેષ રીતે વધ્યો. તેમણે સલીમને જ સ્વર્ગનાં દર્શન કરાવવા ઇરાદો કર્યો, અને પોતાનાં દૈવાંશી અશ્વ ચેતકને તેના હાથી તરફ ચલાવ્યો. મહારાણાએ સલીમના સમગ્ર અંગરક્ષકોનો નાશ કરી, ઘોડાને ઠોકર લગાવી એટલે

પોતાના પતિના મનની હકીકતને જાણનાર અશ્વ તુરત જ કુદ્યો અને તેણે હાથીના ગંડસ્થળ ઉપર પોતાના આગલા બે પગ ટેકવ્યા, એટલે મહારાણાએ પોતાની પરાક્રમી બરછી સલીમ તરફ ચલાવી. આ વખતે સલીમના અને પાદશાહના સદ્ભાગ્યે અને હિંદુ પરતંત્ર રાજાઓના દુર્ભાગ્યે તથા મહારાણાની વિશેષ પરીક્ષા કરવાની બાકી હતી માટે, સલીમના હાથીની અંબાડીને જાડાં લોખંડનાં પતરાં જડવામાં આવ્યાં હતાં એટલે બરછી સલીમને ન વાગતાં પતરાંએ અથડાઇ અને શાહજાદો બચી શક્યો. બરછી પતરા સાથે ટોકરાઇ પાછી પડી, પ્રતિ જોરથી સલીમના હાથીને હાંકનાર માવતના પ્રાણ લઇ, તેને જમીન ઉપર પટકી ધૂળ ચોટતો કરી આવી. હવે હાથી નિરંકુશ બન્યો. તેને પણ હજારો સિંહોની વચ્ચે હોવાથી જેટલી દહેશત લાગે તેટલી દહેશત લાગી એટલે પ્રાણ બચાવવા સારૂ રણભૂમિ છોડીને નાસી ગયો. હાથીના નાસવાથી મહારાણાએ પણ પોતાનો ઘોડો તેની સાથે ચલાવ્યો. આથી રણભૂમિનો દેખાવ પલટાયો. મુસલમાનોએ શાહજાદાના માટે પ્રત્યક્ષ મોત જોયું, તેથી તેઓ તેને બચાવવા સારૂ વિશેષ ઉત્સાહિત થયા. અને રાજપૂતો, મહારાણાના ત્રાસમાંથી યવન શાહજાદો છૂટવા ન પામે તે સારૂ વિશેષ ઉત્સાહી બની યવનોને રોકવાના કાર્યમાં ઉશ્કેરાયા. હવે મહારાણા બરાબર યવન સૈન્યની મધ્યમાં હતા. એટલે રાજપૂતોને તેમની રક્ષા સારૂ તનતોડ મહેનત કરવાની જરૂર પડી, અને તેમાં તેમનો ધીમે ધીમે પરાજય થવા લાગ્યો. કયાં ગણ્યા ગાંઠયા બાવીસ હજાર રાજપૂતો અને કયાં પાદશાહનું હિંદુ, મુસલમાન અગણિત સૈન્ય? મહારાણા ઉપર રાજચિહ્નસૂચક છત્ર હતું એટલે યવનોને તેમને ઓળખવામાં હરકત આવતી નહીં અને તેથી તેઓ તાકી તાકીને પોતાનાં અસ્ત્ર અને શસ્ત્રો મહારાણા તરફ છોડતા હતા. હવે તો તેઓ બરાબર રીતે યવનોની મધ્યમાં ઘેરાયા. તેમને પોતાની પાસે પોતાનો કોઇ પણ સરદાર, સામંત કે સૈનિક દેખાયો નહીં. તેઓ જ્યાં દૃષ્ટિ નાંખે ત્યાં માત્ર શત્રુઓના અગણિત શિર સિવાય કંઇપણ દેખાતું નહોતું, છતાં પણ તેઓ ઉત્સાહમાં રહી પોતાના અરિઓનાં મસ્તકો ધડથી જુદાં કરી, ઘેરામાંથી નીકળવા પ્રયાસ કરવા લાગ્યા. પરન્તુ જ્યાં એક તરફ અગણિત યવનો અને બીજી બાજુ એકલા મહારાણા પ્રતાપ એટલે તેઓ તેમનો સુપ્રયાસ શી રીતે સિદ્ધ કરી શકે? તો પણ આ વખતે અનેક યવનો તેમની તલવાર અને બરછીરૂપી પુણ્યક્ષેત્રમાં પ્રાણ અર્પણ કરવા લાગ્યા.

જ્યારે મહારાણા આવી રીતે દુશ્મનોના ઘેરામાં સપડાયા છે

એમ સાદરીના અધિપતિ ઝાલાવંશાવતંસ મન્નાજી અથવા માનસિંહ-જીને જણાયું એટલે તેઓ તુરત પોતાના ઝાલા સૈનિકોને લઇ મહારાણાની સહાયમાં ગયા. તેમણે નજીક જઇ "મહારાણા પ્રતાપનો જય" એવો જયઘોષ, આકાશમાં યુદ્ધ જોવા સારૂ એકત્ર થયલા દેવતાઓના કર્ણોને પણ વિદીર્ણ કરે એવા જોરથી કર્યો. વ્હાલા વાંચકો! વિચાર કરો કે આ વખતે મહારાણાને કેટલો આનંદ થયો હશે? ખેતી સુકાતી હોય તે જ અરસામાં વરસાદ પડવાથી કૃષિકારને કેટલો આનંદ થાય છે? મધ્ય સમુદ્રમાં ડૂબતો માણસ અવલંબન સારૂ તરફડીયાં મારતો હોય અને તેને અચાનક કંઇ અવલંબન મળી જાય તો તેથી તેને કેટલો બધો આનંદ થાય? તેમ જ મરણનું શરણ માની બેઠેલ મનુષ્યને અમૃત પ્રાપ્ત થવાથી તેને તથા તેના આપ્તોને કેટલો બધો આનંદ થતો હશે? તેનો આપ વિચાર કરો એટલે મહારાણાને પ્રાપ્ત થયલા આનંદનો પણ આપ સારી રીતે વિચાર કરી શકશો.

મન્નાજીએ નજીકમાં આવી પોતાના મન સાથે વિચાર કરવા માંડયો કે, જો હવે ત્વરિત જ મહારાણાને આ આફતમાંથી ખસેડી, કોઇ ગુપ્ત સ્થળે મોકલવામાં નહીં આવે તો, મહારાણાનો ઘાત થઇ જશે, અને જો તેમ થાય તો જે હિન્દુ ધર્મના માટે, પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા માટે અને પોતાના કુળની મર્યાદા માટે જેણે આ મહાન્ કાર્ય આરંભ્યું છે તેનો લોપ થશે. અને જો તેમ થાય તો હિન્દુઓને, હિન્દુ ધર્મને અને માતૃભૂમિને મહાન્ નુકસાન થાય. માટે હું મહારાણા પાસે જઇ પ્રાર્થના કરૂં અને જો કદાચ તેઓશ્રી મારૂં કહેલું માન્ય રાખી મને પોતાના સ્થળે નિયત કરી, પોતે કોઇ ગુપ્ત સ્થળે જાય તો, હિન્દુ સૂર્યનો અસ્ત થતો અટકે. જો કદાચ તેવી રીતે મહારાણાના પ્રાણને બચાવતાં મ્હારો પ્રાણ જશે તો તેથી હિન્દુ ધર્મને કે ક્ષાત્રવટને કંઇ પણ હાનિ પહોંચવા સંભવ નથી. ઉલટ મારા યશોનું વિદ્વાન્ કવિઓ ગાન કરી મારી કીર્તિ કરશે, અને વળી મને સ્વર્ગ પ્રાપ્ત થશે એટલે મને તો બે રીતનો ફાયદો જ છે. માટે જાઉં મહારાણા પાસે.

મન્નાજી ઉપર પ્રમાણે પોતાના મન સાથે વિચાર કરી મહારાણાના ઘોડા પાસે આવી, હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા કે, "અન્નદાતાર! આપને દેખાય છે કે નહીં કે, અત્યારે હિન્દુ ધર્મ અને દેશની સ્વતંત્રતા ઉપર મહાન્ સંકટનું વાદળ ઘેરાય છે?

પ્રતાપ—મન્નાજી! મને તમારૂં કહેલું સત્ય જ માલુમ પડે છે, પરંતુ હવે મને તેનો કંઈ ઉપાય માલુમ પડતો નથી.

મન્નાજી—અન્નદાતાર! દુનિયામાં કોઇ પણ કાર્ય એવું નથી કે જેનો

પ્રતિ ઉપાય ન હોય? આનો પણ ઉપાય તો છે. પરન્તુ હિન્દુ ધર્મ, ક્ષાત્ર ધર્મ અને આપણી પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતા ખાતર તે આપ સ્વીકારવાની કૃપા કરો તો જ તેનો ઉપયોગ થઇ શકે તેમ છે.

પ્રતાપ—મન્નાજી! તેવો શો ઉપાય છે તે મને જણાવો જોઉં?

મન્નાજી—અન્નદાતાર! આપ ચેટકને લઇને કોઇ ગુપ્ત સ્થળે પધારો અને હું આપનું છત્ર ધારણ કરી લડીશ, કે જેથી આ મોગલો ભુલ થાપ ખાય, અને આપનો પ્રાણ રક્ષાય.

પ્રતાપ—મન્નાજી! મન્નાજી! તમો આ શું કહો છો? મહારાવળ બાપ્પાના પવિત્ર વંશને લાંચ્છન લગાડવાનું કાર્ય મને સોંપો છો, તેનો તમો કંઇ વિચાર કરો છો?

મન્નાજી—અન્નદાતાર! તેમાં મહારાવળ બાપ્પાના વંશને લાંચ્છન લાગવા સરખું કંઇ જ નથી. છતાં જો મારા અન્નદાતારનું એવું જ માનવું થતું હોય, તો તે કરતાં આપના ઉપરના આ મહાન્ સંકટથી હિન્દુ ધર્મને અને ક્ષાત્ર ધર્મને મહાન્ નુકશાન થશે, તેનું ભારી લાંચ્છન હમેશને માટે આપના ઉપર રહેશે. તેનો પણ આપે વિચાર કરવો જોઇએ છે.

પ્રતાપ—અને શું હું તમારૂં કહેવું માન્ય કરી રણભુમિ છોડી ચાલ્યો જાઉં તો, તમો હિન્દુ ધર્મ અને ક્ષાત્ર ધર્મનું રક્ષણ કરી શકશો?

મન્નાજી—અન્નદાતાર! મારૂં તેવું તો માનવું જ નથી. મારૂં માનવું તો એટલું જ છે કે જો હું આપશ્રીનું છત્ર ધારણ કરી લડીશ તો મને મહારાણો સમજી મોગલો લડાઇ શરુ રાખશે અને તે સમય દરમિયાન આપ કોઇ ગુપ્ત સ્થળે પધારી શકશો કે જેથી આપનું રક્ષણ થઇ શકે અને હું મારા આખર સમય સુધી લડીશ.

પ્રતાપ—મન્નાજી! શું તમો મારા બચાવ અર્થે તમારા પ્રાણની આહુતિ આપવા માગો છો?

મન્નાજી—અન્નદાતાર! મારો એવો જ નિશ્ચય છે. કારણ કે આપશ્રીના બચાવથી અમારા ધર્મનું, અમારી પવિત્ર માતૃભુમિની સ્વતંત્રતાનું, અમારાં કુલોની મર્યાદાનું અને ક્ષત્રિયોના નામનું રક્ષણ થશે, અને મારા રહેવાથી તેમાંનું કંઇ જ બની શકે તેમ નથી. માટે આપ કૃપા કરીને મારી પ્રાર્થનાનો વિચાર કરો કે જેથી હું છત્ર ધારણ કરી લડવા લાગું. હવે વખત કહાડવામાં સાર નથી અને વાત પ્રસિદ્ધ થઇ જાય તેવો સંભવ છે.

પ્રતાપ—અરે મન્નાજી! જે હિન્દુ ધર્મના માટે તમો તમારો પ્રાણ સમર્પણ કરવા તૈયાર થયા છો, તેજ હિન્દુ ધર્મનું રક્ષણ કરતાં, અરે! સ્વાધીનતાના સત્રનું રક્ષણ કરતાં હું રણભૂમિ છોડી નાસી જાઉં

તો મારી લોકો કેટલી નિંદા કરશે તેનો તમો કંઇ વિચાર કરો છો કે ! અરે રણભૂમિ છોડીને નાસી જવું તે એક સાધારણ ક્ષત્રિયને માટે પણ નિંદાપ્રદ છે, તો પછી મારો મહારાવળ બાપ્પાના વંશમાં ઉદ્ભવ થયા છતાં હું તે કૃત્ય કરૂં ? કે જે કૃત્ય મહારાવળ બાપ્પાના વંશજોથી કદાપિ પણ બન્યું નથી.

મન્નાજી—અન્નદાતાર ! આપ જો અત્યારે રણભૂમિ છોડીને જશો તો હિન્દુ ધર્મ, ક્ષાત્ર ધર્મ તેમ જ સ્વતંત્રતાના સૂત્રને સારી રીતે દીપાવી શકશો. અને મારા સમાન એક સાધારણ સરદારના રહેવાથી તેમાંનું કંઇ જ બની શકવા સંભવ નથી. માટે આપ કૃપા કરી પધારો અને મને છત્ર ધારણ કરી લડવા આજ્ઞા ફરમાવો.

આ પ્રમાણે કહેતાં મન્નાજીનાં નેત્રોમાંથી અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગ્યો અને તેઓ મહારાણાના ઘોડા આગળ ઘૂંટણે પડી હાથ જોડી રૂદન કરતા કરતા પ્રાર્થના કરવા લાગ્યા કે:—"અન્નદાતાર ! હિન્દુ ધર્મ, ક્ષાત્ર ધર્મ, પવિત્ર બાપ્પા રાવળના વંશની મર્યાદા અને આપણી પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતા માટે મારી પ્રાર્થના સ્વીકારી મને રજા આપો.

મન્નાજીની પ્રાર્થના અને તેમની દેશહિતની લાગણીથી મહારાણાનું હૃદય પણ પીગળ્યું અને તેથી તેઓ પોતાની ઇચ્છા વિરૂદ્ધ મન્નાજીની ઇચ્છાઓને તાબે થયા. તેમણે મન્નાજીને પોતાનું છત્ર ધારણ કરી લડવાની આજ્ઞા કરતાં જણાવ્યું કે:—મન્નાજી ! તમને ધન્ય છે, તમારા કુળને અને તમારાં માતાપિતાને પણ કોટિશ: ધન્યવાદ છે કે જેમનાથી તમારા જેવા સ્વદેશપ્રેમી, સ્વતંત્રતાપ્રેમી અને સ્વામિભક્ત વીરરત્ન ઉત્પન્ન થયા છે. મને મારા દેશની સ્વતંત્રતા સારૂ તમારા સમાન વીર પુરુષોની જરૂર છે. પરંતુ મારે નિરુપાયે તમને મારાથી છૂટા પડવાની રજા આપવી પડે છે. જાઓ તમો તમારા કાર્યમાં જોડાઓ અને હું પણ તમારા ઉપદેશ પ્રમાણે વર્તવા જાઉં છું.

મન્નાજી—અન્નદાતાર ! આપ પધારો, સર્વેશ્વર આપનું રક્ષણ કરશે અને આપના કરકમળોથી જ આપણી પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતાનું તે સર્વેશ્વર રક્ષણ કરશે: તે કદાપિ પણ અનીતિ કિંવા રાવણના સમાન જુલ્મી રાજ્યોના જુલ્મો સહન કરતો નથી. માટે મને ચોક્કસ આશા છે કે તે સર્વેશ્વર આ રાવણના સમાન રાજનીતિનો સત્વર લોપ કરી રામરાજ્યની સ્થાપના આપના હાથે જ કરાવશે. પરન્તુ આપ આપની પવિત્ર ટેક ઉપર તે સર્વેશ્વરના ભરોસે અડગ રહેશો એવી મારી માગણી છે.

મન્નાજીએ મહારાણાને પ્રાર્થના કરવી અને મહારાણાનું ગુપ્ત રીતે રણભૂમિમાંથી ચાલ્યા જવાનું તથા પોતાના સામે લડનાર વ્યક્તિ મહા-

રાણા પ્રતાપ નહીં, પરંતુ વીરવર મન્નાજી છે, એ હકીકત કોઇ પણ મોગલ જાણી શકયો નહીં. પરંતુ જેમ કહેવામાં આવ્યું છે કે "ખગ્ગ જાને ખગહિકી ભાષા" તેમ આ બધી હકીકત મહારાણાના ભાઇ શકતાજીના જાણવામાં આવી ગઇ. તેઓ સ્વતઃ વિચાર કરવા લાગ્યા કે, "અરે! ધિક્કાર છે મને કે, જે ઉદેપુરના અને હિંદુ ધર્મના સૂર્યના માટે મન્નાજી પોતાનો પ્રાણ અર્પણ કરવા તૈયાર થયો તે જ મહારાણાનો સર્વનાશ કરવા સારૂ હું તેનો સહોદર છતાં તૈયાર થયો છું, અરે! મારા સમાન નીચ વિચારવાળા, સ્વદેશદ્રોહી મનુષ્યને કોટિશઃ ધિક્કાર છે. તેમના માટે નરકમાં પણ જગા નહીં રહે, તેમને જોઇને નરકના કીડાઓ પણ તેમની સોબતથી ડરશે અને પોકાર કરશે કે અરે! જે પાપીઓ પોતાના થોડા જ લાભ સારૂ પોતાની માતૃભૂમિનો અને પોતાના દેશબાંધવોનો વિશ્વાસઘાત કરનાર છે, તેઓ ખરેખર આ જગત ઉપર નરરૂપે રાક્ષસો જ છે. ધન્ય છે! મન્નાજી જેવા સ્વદેશપ્રેમી વીર પુરૂષોને કે જેઓ દેશના હિત સારૂ પોતાનો પ્રાણ અર્પણ કરવા તૈયાર થાય છે. અરે! મને મારાં નીચ પૂર્વ કર્મોનું પ્રાયશ્ચિત્ત કરવાનો આ અમૂલ્ય સમય પ્રાપ્ત થયો છે. જો હું તે ચૂકીશ તો પુનઃ અધિક પાપ કર્મો મારા હાથે થશે. માટે હવે બનતી ત્વરાએ તે મહારાણાના ચરણને શરણ જાઉં કે જેથી તેની કૃપાથી હું પાપોમાંથી છુટી શકું." આ પ્રમાણે મન સાથે પશ્ચાત્તાપ કરી શકતાજી તુરત જ સલીમ પાસે ગયો અને કહેવા લાગ્યો કે:—"શાહજાદા સલામત! આ યુદ્ધમાં એક ભારી પ્રપંચ થઇ ગયો છે તેની આપ નામવરને કંઇ માહિતી છે?"

સલીમ—"મને તેવા કંઇ પ્રપંચ કે ભેદની માલુમ નથી. તમો જાણતા હો તો જણાવો."

શકતાજી—"સલામત! મહારાણો તો રણભૂમિ છોડી ચાલ્યો ગયો છે."

સલીમ—"શકતાજી! શું તમો આ સત્ય કહો છો? આ છત્ર નીચે રહીને લડે છે તે કોણ છે?"

શકતાજી—"ખુદાવિંદ! તે તો સાદરીનો સરદાર માનસિંહ ઝાલો છે."

સલીમ—"ત્યારે તો હિંદુઓએ આપણને બરાબર ઠગ્યા છે. આપણે પાદશાહ સલામતને મોં પણ ન બતાવી શકીએ તેવું કૃત્ય તેમણે કર્યું છે. હવે આપ આનો ચહાય તે ઉપાય શોધી કહાડો."

શકતાજી—"ખુદાવિંદ! અન્ય ઉપાય તો નથી, પરંતુ જો આજ્ઞા હોય તો હું પોતે જ તેના વાસે જઇને એકલો હોવાથી, અને યુદ્ધ કરતાં થાકેલો હોવાથી એને પૂરો કરૂં."

સલીમ—"શકતાજી! શું તમો તમારા મોટા ભાઇ ઉપર હાથ ઉઠાવશો?"

શક્તાજી—"ખુદાવિંદ! અમારે ક્ષત્રિયોને યુદ્ધભૂમિમાં ભાઇ, બાપ કે બીજા કોઇ પણ પ્રકારના સંબંધનો વિચાર હોય જ નહીં. સામાં હથીઆર ધારણ કર્યા પછી મિત્ર અને દુશ્મન એકસરખા જ હોય છે."

સલીમ—"બહુ સારૂં, ત્યારે જાઓ, પરંતુ યાદ રાખજો કે દગો કરવાથી કોઇ પણ રીતે સુખી નહીં થવાય."

શક્તાજી—"બહુ સારૂં, ખુદાવિંદ! તે તો હું સારી રીતે જ જાણું છું." આ પ્રમાણે કહી શક્તિસિંહ પોતાના ભાઇનો નાશ કરવાનો દેખાવ કરી, સલીમ પાસેથી ચાલતા થયા.

અહીં મન્નાજીએ પોતાના બહાદુર શૂરવીરોને ઉશ્કેરતાં કહ્યું કે—"મારા બહાદુર વીરો! આ સમય તમને પુનઃ પ્રાપ્ત થવાનો નથી. તમો તમારા દેશની સ્વતંત્રતા સારૂ, તમારા ધર્મની સ્વતંત્રતા સારૂ અને તમારા કુળની મર્યાદા સારૂ લડો. જો તમો જીતશો તો તમારી પવિત્ર માતૃભૂમિને આ રાક્ષસોના પંજામાંથી બચાવી શકશો, અને જો કદાચ યુદ્ધમાં લડતાં કામ આવશો તો તમને વરવા સારૂ ઉત્સુક અપ્સરાઓ મેળવશો અને અનંત કાળ સુધી તમારાં નામો અમર રહેશે, અને તમો સ્વર્ગનાં સુખો ભોગવી શકશો."

મન્નાજી આ પ્રમાણે પોતાના સૈન્યના વીર પુરૂષોને ઉશ્કેરે છે તે જ અરસામાં ફરતા ફરતા શંકર કવિ યુદ્ધ જોવા સારૂ ત્યાં આવ્યા હતા. તેમણે રાજપૂતોને બરાબર બિરદાવ્યા. "સાબાશ! સાબાશ! બહાદુર ક્ષત્રિયો જે સમયને શોધે છે તે જ સમય આજે તમારા હાથમાં અનાયાસે આવ્યો છે. જો ચૂકશો તો માતાપિતાને લજવશો અને જો રણભૂમિમાં લડતાં જીતશો અથવા કામ આવશો તો તમે તમારું ચારિત્ર્ય ઉજ્વળ કરશો અને વળી તમારાં નામો અમર થશે. માટે લડો માર બહાદુર રાજપૂતો બરાબર લડો. રંગ છે તમને અને તમારાં માતપિતાને." એમ કહી તેમણે રાજપૂતોને બરાબર ઉશ્કેરવા સાર બિરદાવતાં કેટલાંક કાવ્યો પણ કહ્યાં.

રજપૂતાં રા દાવડા, સરપીંરા ભારા,
રિઝવિયા મોજાં દીયેં, ખિજવીયા ખારા;
ધરણો ઇજ્જત ધ્યાન, ચારો મરણો હક હે,
જેહડો રાવણ રાણ, કરણો કામો એહડો. ૧
રજપૂતાંરો કામ, ચારો મરણો મારણો,
મરણાં શુર પુર ધામ, મારો તો ઇજ્જત અટલ;
અરિ સરાહે અંન, શુરાં અડો કાજ કરો,
રણમેં રહી નચંત, કે મરણો કે મારણો. ૨

શાબાશ! બહાદુર ક્ષત્રિયો શાબાશ છે! તમો તમારા પૂર્વજોનાં નામો અને તમારા બહાદુર પૂર્વજોનાં કૃત્યોનો વિચાર કરી લડો. શું તમો પરતંત્રતાની બેડી સ્વીકારી શકશો કે? માટે તમારી પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતાનું રક્ષણ કરવા સારૂ લડો. આ વખત ફરી ફરીને નહીં મળે! રંગ બહાદુર ક્ષત્રિયો તમને ઝાઝા રંગ છે."

કવિના બિરદાવવાથી કયો શુદ્ધ રજપૂત એવો જન્મ્યો છે કે જેને શૌર્ય ન ચડે? માત્ર જેઓ જન્મ કાયર છે અને જેઓ રણાંગણથી ડરતા રહે છે તેઓ જ કવિઓના બિરદાવવા છતાં પણ ઘરમાં પડ્યા રહે છે! હવે તો કહેવું જ શું? તેઓએ તો કાળ સમાન બની દુશ્મનોને ઘાસની માફક કાપવા માંડ્યું, પરન્તુ કહેવત છે કે 'એકનું ઔષધ બે' એમ માત્ર આ બિચારા ચહાય જેટલા પ્રબળ શૌર્યથી ગણ્યાગાંઠ્યા રાજપૂતો લડે તો પણ, જેમ પર્વતની ગુફાઓમાંથી તીડ ઉભરાયાં હોય તેમ ઉભરાઇ આવેલા અગણિત શાહી સૈન્ય સામે તે બિચારા ક્યાં સુધી પોતાનો બચાવ કરી શકે? ધીરે ધીરે મન્નાજીના ઘણા માણસો મરાયા. હવે એને લાગ્યું કે આપણો સમય આ સંસારમાં રહેવાનો થોડો જ બાકી છે. તો પછી યવનોની શુદ્ધ ઠેકાણે લાવવા બની શકે એટલી બહાદુરી કરી પછી જ સ્વધામ જવું. તેઓ પોતાના સૈન્યના મોખરે આવ્યા અને પોતાના સેનાનિકોને ઉશ્કેરવા લાગ્યા.

મન્નાજી—"બહાદુર ક્ષત્રિયો! હવે આપણે મરવા કે મારવા સિવાય બીજો કોઇ પણ વિચાર લક્ષે લાવવાની જરૂર નથી. છતાં પણ તમારા પૈકી જેને પોતાની પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતા કરતાં પોતાનો પ્રાણ વિશેષ પ્રિય હોય તેવા ભીરુ માણસો સુખેથી રણભૂમિ છોડીને ચાલ્યા જાઓ. મારે તેવા કાયરોની કંઇ જરૂર નથી. માત્ર જેઓ પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા આગળ પોતાના પ્રાણને તુચ્છ માનતા હોય, જેમને પોતાનું નામ અને કીર્તિ અમર કરવાની ઇચ્છા હોય, જેમને અપ્સરાઓ સાથે વરી ઇન્દ્રભુવનનાં સુખો માણવાની ઇચ્છા હોય અને જેમને તેઓ શુદ્ધ રાજપૂત હોવાની ખાત્રી હોય તેવાઓજ મારી સાથે લડવા માટે રણભૂમિમાં રહો. અને દેશ ખાતર પ્રાણ આપી અમર બનો. બોલો "હર હર મહાદેવ" "મહારાણા પ્રતાપનો જય."

આ પ્રમાણે ઘોર ગર્જના કરી ક્ષત્રિયો મુસલમાન સૈન્યમાં પેઠા. તેઓ ઘાસની માફક દુશ્મનોના દળને કાપવા લાગ્યા. વીરવર મન્નાજી અને તેના સેનાના માણસો મરવા અને મારવાના ભાનમાં બેભાન બની દુશ્મનો ઉપર ધસ્યા. ઠેકાણે ઠેકાણેથી "મારો, કાપો, પકડો,

કોઇ જવા પામે નહીં." એવા શબ્દોના ઘોર અવાજો સંભળાવા લાગ્યા. થોડા સમય પહેલાં જે રાજપૂતો નાસવાની અણી ઉપર હતા તેઓ પોતાના સરદારના બિરદાવવાથી પ્રાણ સાટે લડવા લાગ્યા અને યવનોના સૈન્યમાં ભંગાણ પડવા લાગ્યું. મુસલમાનો પાછા હઠવા લાગ્યા. આ પોતાના સૈન્યને નાસતું જોઇ સલીમ પોતાના સૈન્યના મોખરે આવી ઉશ્કેરતાં કહેવા લાગ્યો કેઃ—

સલીમ—"બહાદુર મોગલો ! અને પઠાણો ! શું તમો આ માત્ર ગણ્યા ગાંઠયા રાજપૂતોથી ડરીને નાસવા લાગ્યા કે પાદશાહ સલામત આગરામાં તમો વિજય મેળવી આવશો એ દઢ ભરોસાથી છે અને તમો તો મારથી ડરીને નાસો છો. ચાલો તમારા પાદશાહ સલામતની ઇજ્જતને ખાતર આગળ વધો. તમને નાસતાં જોઇને મને શરમ આવે છે. તમો પણ તેવી રીતે નાસતાં શરમાઓ અને મોગલ અને પઠાણોનાં નામને લજવતાં અટકો. જો તમો તમારી બહાદુરી બતાવવા ચાહતા હો તો બોલો 'અલ્લા હો અકબર' અને આગળ વધો. જો તમો કાયરતા બતાવશો તો પણ તેથી બચવાના નથી. તેવા નાસનાર અને કાયરતા બતાવનારનો હું મારા હાથે વધ કરાવીશ."

પોતાના માલિકનો સખ્ત હુકમ થવાથી યવનો ઉશ્કેરાયા, તેમને લડતાં અને નાસતાં બન્ને રીતે જ મરણ દેખાયું એટલે તેમણે લડતાં મરવાનું વધુ પસન્દ કર્યું. તેઓ એક્કી સાથે ઉશ્કેરાઇ હિન્દુઓ ઉપર ભૂખ્યા સિંહની માફક તૂટી પડ્યા. રાજપૂતો પણ સામો તેવો જ ઉત્તર આપવા લાગ્યા. તેઓ એક પછી એક પોતાના પ્રાણ અને દેહને છૂટા પાડી પોતાના પિતાનાં નામ દીપાવી, પોતાનાં નામો અમર કરી હમ્મેશને માટે રણભૂમિમાં સૂતા. તેમણે ઘણા યવનોનો નાશ કર્યો. વીરવર મન્નાજીએ તો મહાન્ વીરતા દાખવી સ્વર્ગવાસ કર્યો અને પછી તો થોડા બચેલા રાજપૂતો રણભૂમિ છોડી ચાલ્યા ગયા. અને આ લડાઇમાં મોગલોને વિજય પ્રાપ્ત થયો. સલીમે પોતાના સૈન્યને ઉપકારી વલણમાં આજ્ઞા કરી કે—

સલીમ—"મારા બહાદુર સરદારો અને સેનાનીઓ ! તમારી બહાદુરીથી જ આજે આપણને વિજય મળી શકયો છે. હજુ આપણે ઘણાં કામો કરવાનાં બાકી છે, માટે માત્ર બે ત્રણ દિવસ તગો આરામ લ્યો અને પછી મેવાડ દેશના તમામ પ્રદેશને આપણા હવાલે કરી દેશમાં બંદોબરત કર્યા બાદ આપણે આપણા દેશમાં જઇશું. હાલ હિન્દુ અને મુસલમાનો ઘવાયા હોય તેમને હકીમો પાસે પહોંચડાવી તેમની સારવાર કરો. એ પણ આપણું એક મુખ્ય કર્મ છે."

પ્રકરણ છઠ્ઠું

સહોદરોનો મેળાપ

સુતવિત નારી ભુવન પરિવારા, હોહીં નહીં જગ બારહિં બારા ।
અસઝ્ય જાની જાગહુ તાતા, જગત ન મિલહીં સહોદર ભ્રાતા ।।
(શ્રીરામાયણ)

મન્નાજીના કરુણાજનક આગ્રહથી રણભૂમિ છોડી ચાલી આવેલા મહારાણા સ્વતઃ વિચાર કરે છે કે "અહા ! શ્રી એકલિંગજીની ઇચ્છા મારા ઉપર દુઃખનો વર્ષાદ વર્ષાવવાની જ દેખાય છે. જો કદાચ તેમ ન હોય તો જે ક્ષાત્ર ધર્મને માટે હું તન, મન અને ધનથી મોગલો સામે લડવા ઉદ્યુક્ત થયો છું, તે જ ક્ષાત્ર ધર્મને તિલાંજલિ આપનાર માનસિંહ સમાન પાપી ક્ષત્રિયનું અસ્તિત્વ જ આ સમયમાં શા સારૂ હોવું જોઇએ ? અરે ! જ્યારે હું માતૃભૂમિની સ્વતંત્રતા સારૂ પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર છું, ત્યારે આ પાપીઓએ માતૃભૂમિની અને પોતાની સ્વતંત્રતાને છોડી છે એટલું જ નહીં પણ યવનોને પોતાની બહેનો અને દીકરીઓ પણ આપી અને મહા અનર્થ આદર્યો. વળી તેઓ એટલેથી જ સંતોષિત ન થતાં મને પણ તેમના સમાન દેશદ્રોહી બનાવવા સારૂ ઉદ્યુક્ત થયા છે. અહા! પરમાત્માની શું ગતિ છે કે ક્ષત્રિયો પોતે થઇને પોતાના ધર્મને તિલાંજલિ આપવા લાગ્યા છે."

મહારાણા જે સમયે રણભૂમિ છોડીને ચાલ્યા, તે વખતે તેમની વાંસે બે મોગલો થયા હતા. તેઓ એમના મનમાં એવા ઘડા લાડવા કરી રહ્યા હતા કે આ રાણો એકલો જ છે અને વળી તે રણમાં લડતાં ઘવાયલો* છે એટલે તેનો નાશ કરી સારૂં ઇનામ મેળવી શકીશું. તેથી તેઓએ પણ રાણાજીના ચેતક વાંસે પોતાના ઘોડાઓ ચલાવ્યા, પરન્તુ ચેતક તો દેવાંશી ઘોડો હતો એની એમને બિચારાઓને શું ખબર? રસ્તામાં એક નદી આવી તેનો પટ કૂદીને ચેતક તો ઘવાયા છતાં પણ સામા કીનારે જઇ ચાલતો થયો અને આ મોગલોને તો નદી ઉતરીને પાર જવાનું હતું એટલે તેમને નદી ઉતરતાં વાર લાગે એ સ્વાભાવિક હતું. રાણાજીનો ઘોડો તો આગળ નીકળી ગયો અને આ બે સવારો પાછળ રહી ગયા. તેઓ નદી ઉતરે તે પહેલાં જ શક્તાજી ત્યાં આવી પહોંચ્યા અને તેમણે બંદુકની ગોળીથી આ બન્નેને ઠાર કર્યા. એવી રીતે પોતાના ભાઇને મોગલોના ઘાતમાંથી બચાવી તેઓ આગળ

* આ લડાઇમા મહારાણાને, ભાલાના ત્રણ, ગોળીનો એક અને તલવારના ત્રણ એ રીતે સાત ઘાવ થયા હતા.

બચ્યા અને લગભગ મહારાણાના ઘોડાની નજીક આવી પહોંચ્યા. આ વખતે મહારાણા તો લડાઇ સંબંધી વિચારોમાં જ મગ્ન થયલા હતા એટલે પોતાની પાસે કોઇ છે કે કેમ ? એનો કંઇપણ વિચાર કર્યા વગર જ વિચાર કરતા, મન સાથે બડબડતા આગળ વધતા હતા. આ તેમની પોતાની મન સાથેની તમામ વાતો તેમના પાછળ રહેલા શક્તાજી સાંભળતા હતા. તેઓ બોલવા લાગ્યા કે "અરે! બીજા ક્ષત્રિયોની તો વાત જ શી કરવી, જ્યાં મહારાવળ બાપ્પાના વંશમાં ઉત્પન્ન થયેલો ખુદ મારો પોતાનો ભાઈ પણ મારાથી વિરૂદ્ધ થઇ મોગલાની સેવા સ્વીકારી મારા સામો લડવા આવે તે પણ શાનું સંભવે? ખેર; પરન્તુ સાથે સાથે મારે એમ પણ સંતોષ અને આનંદ માનવાનો છે કે ઝાલાવંશ શિરોમણિ મન્નાજી સમાન સરદારો મારા કાર્યમાં તન, મન અને ધનથી સમ્મત છે. મનુષ્ય માત્રનું કર્તવ્ય છે, કે ઇશ્વરેચ્છાને પ્રબળ માની તેના તાબે થવું અને મારે પણ ઇશ્વરેચ્છાને પ્રબળ માની તેના તાબે થઇને પણ મારી પ્રતિજ્ઞાને વળગી જ રહેવું જોઇએ. સત્ય કહેવામાં આવ્યું છે કે "મનુષ્યકર્તવ્ય અને ઇશ્વર ઇચ્છા" માટે મારે અવશ્ય ઇશ્વરેચ્છાને તાબે થઇ મારાં કર્તવ્યમાં મચ્યા જ રહેવું. વળી 'વિપત્તિ જ સંપત્તિની માતા છે' માટે મારે તેના સામે પ્રબળતાથી થવું જ જોઇએ કે જેથી પુનઃ હું મારી સ્વતંત્રતા રૂપી સંપત્તિ અવશ્ય પ્રાપ્ત કરી શકીશ. ઇશ્વર હમ્મેશાં સત્યની સહાય કરે છે, અને મને પણ ખાત્રી છે કે તે જરૂર મારી પણ સહાય કરશે." વળી તેણે આકાશ તરફ હાથ ઉંચા કરીને પ્રાર્થના કરી કે, "હે સર્વેશ્વર! તું મારી, મારી માતૃભૂમિની સ્વતંત્રતા, મારા કુલની મર્યાદા અને ક્ષાત્ર ધર્મની મર્યાદાના મારા આ કાર્યમાં મદદ કરજે. મારા અને મારા કુટુંબના મારા દેખતાં ટૂકડા ટૂકડા થાય તો પણ મને મારી પ્રતિજ્ઞાનો ત્યાગ કરવાના વિચારો સ્વપ્ને પણ ન આપીશ."

રાણાજીની પોતાના મન સાથે ચાલતી તમામ વાતચીત શક્તાજીએ અક્ષરશઃ સાંભળી. તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે "અરેરે! જે માતૃભૂમિની સ્વતંત્રતા સારૂ, જે મહારાવળ બાપ્પાના વંશની મર્યાદા સારૂ અને ક્ષાત્ર ધર્મ સારૂ હિન્દુ સૂર્ય મહારાણા તૈયાર થયા છે તેજ માતૃભૂમિની સ્વતંત્રતા, મહારાવળ બાપ્પાના વંશની મર્યાદા ધર્મને તિલાંજલિ આપવા સારૂ હું તેજ વંશમાં ઉત્પન્ન થયા છતાં અને ખુદ મહારાણાનો ભાઈ છતાં તૈયાર થયો છું! અરે! મને કોટીવાર ધિક્કાર છે! મારા સમાન દેશદ્રોહીઓ પોતાની માતૃભૂમિ, પોતાના કુળ અને ક્ષત્રિય નામને લજ્જિત કરનાર મનુષ્યોનું આ ભારત વર્ષમાં અસ્તિત્વ

છે ત્યાં સુધી દેશનો ઉદ્ધાર શાનો થાય ? અરે ! આ સમય જ મારે મારાં પૂર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા માટે ઉત્તમ છે. ચાલ જીવ. અત્યારે જ મહારાણાના પવિત્ર પદપંકજમાં મસ્તક નમાવી પવિત્ર થાઉં." શક્તિસિંહે પોતાના ઘોડાને ઉતાવળે ચલાવ્યો કે જેથી તેના પગનો અવાજ મહારાણા સાંભળી શકે. મહારાણાએ ખડખડાટ સાંભળ્યો એટલે પોતાની વિચાર નિદ્રામાંથી જાગ્રત થઇ પાછળ જોયું તો શક્તિસિંહને જોયો. શક્તિસિંહને જોતાં જ તેના તરફનો દબાઇ રહેલો ક્રોધ જાગ્રત થયો. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "શું આ શકતો મને એકલો સમજી પોતાની દુષ્ટ વાંચ્છનાઓ તૃપ્ત કરવા આવ્યો છે ? જો તેમ જ હોય તો મારે એને બતાવી આપવું જોઇએ કે દેશદ્રોહી અને કુટુંબદ્રોહી મનુષ્યોને શું ફળ મળે છે." આ પ્રમાણે મન સાથે વિચાર કરી તેમણે ક્રોધમય નેત્રોથી શકતાજીને જણાવ્યું કે, "અરે ! મહારાવળ બાપ્પાના પવિત્ર વંશને લાંચ્છન લગાડનાર, કુલાંગાર, માતૃભૂમિની સ્વતંત્રતાના દ્રોહી, ક્ષાત્ર ધર્મના વિરોધી અને મોગલોના સેવક શકતા ! શું તું મને એકલો સમજી તારી દુષ્ટ વાંચ્છનાઓ તૃપ્ત કરવા સારૂ આવ્યો છે ? તું એમ ન સમજીશ કે આ રાણો એકલો હોવાથી તું તારી ઇચ્છાઓ તૃપ્ત કરી શકીશ ! ! તારા સમાન કલંકીને શિક્ષા કરવા સારૂ આ મારી પવિત્ર તલવાર તૈયાર છે. ચાલ તારાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા સારૂ તૈયાર થા." શકતાજીને લાગ્યું કે હવે મહારાણાને સત્વર સત્ય હકીકતથી વાકેફ કરવાની જરૂર છે. નહીં તો અનર્થ થશે. તેમની આંખમાં અશ્રુઓ આવ્યાં, તેઓ ગદ્દગદ કંઠે મહારાણાને કહેવા લાગ્યા કે "અન્નદાતાર ! હિન્દુશુર ! મારા વિચારો હવે તેવા નથી. હું આપનો વિરોધી નથી રહ્યો, હું મહારાવળ બાપ્પાના વંશને કલંકિત કરનાર હોઇ માત્ર તે કલંકનો જ ભોક્તા થયો છું, પરંતુ હવે મારા વિચારો તે નથી. હું માત્ર આપના પવિત્ર પદપંકજને સ્પર્શ કરી, મારાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા સારૂ જ આપની પાસે આવ્યો છું." આ પ્રમાણે કહી શકતાજીએ પોતાની તલવાર મહારાણાના ઘોડાના પગોમાં ફેંકી, અને ઘોડા ઉપરથી નીચે ઉતરી ઘૂંટણે પડી પ્રાર્થના કરી કે "કૃપાનાથ ! મ્હને ક્ષમા કરો, ક્ષમા કરો, અને પોતાના કનિષ્ઠ બંધુનાં પાછલાં પાપોને વિસારી તેને કૃતાર્થ કરો." હવે શકતાજીથી ઘણું બોલી શકાયું નહીં. તેમનો કંઠ ભરાઇ ગયો, તેમનાં નેત્રોમાંથી અસ્ખલિત વારિપ્રવાહ વહેવા લાગ્યો. મહારાણાને લાગ્યું કે પોતાના ભાઇને પૂર્વ કર્મોનો પશ્ચાત્તાપ યથાર્થ થાય છે, તેથી તેઓ પણ તલવાર મ્યાન કરી ઘોડા ઉપરથી ઉતર્યા, શકતાજીને જમીન ઉપરથી ઉઠાવી પોતાની છાતી સરસા દાબ્યા. આ

વખતે બન્ને ભાઇઓનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. બન્ને ભાઇઓનાં પરસ્પર અશ્રુઓથી બન્ને ભાઇઓનાં અંગો ધોવાયાં. તેમનાં આનંદનો પાર ન રહ્યો.

વ્હાલા વાચક ! આ વખતે તેમને અનિર્વાચ્ય આનંદ ઉત્પન્ન થયો. તેનું વર્ણન અમારી આ રાંકડી કલમ કરી શકે તેમ નથી. જેમને પોતાના સહોદરોનો કેટલોક સમય સુધી વિયોગ થયેલો હોય અને પુનઃ તેમની પ્રાપ્તિ થઇ હોય, તેઓ આ મહારાણાને અને શકતાજીને થયલા આનંદનો યથાર્થ વિચાર કરી સમજી શકશે ! અમો માત્ર એટલું જ જણાવીશું કે, જે પોતાનો ભાઇ પોતાનો વિરોધી બની દુશ્મનોનો સેવક બન્યો હતો તે જ ભાઇ આજે ઘણા વખત પછી પોતાને મળવાથી અને પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા, પોતાના કુળની મર્યાદા અને ક્ષાત્ર ધર્મની રક્ષા સારૂ પ્રાણ પણ અર્પણ કરવા તૈયાર થયલા પ્રતાપી પ્રતાપ સમાન પોતાના વડીલ બંધુને ઘણા વખત પછી મળવાથી મહારાણા અને શકતાજીને અત્યાનંદ થયો. છેવટે મહારાણાએ પોતાના અનુજને ઉપદેશ કરતાં જણાવ્યું કે શકિતસિંહ ! છેવટ તને તારાં પાપોનો પશ્ચાત્તાપ થયો છે તેથી તું પવિત્ર જ છે. ભાઇ ! હવે જો તને મારા પ્રત્યે, આપણા પવિત્ર કુળ પ્રત્યે, પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતા પ્રત્યે અને સ્વતંત્રતા પ્રત્યે તેમજ ક્ષાત્ર ધર્મ અને હિંદુ ધર્મ પ્રત્યે માનની લાગણી હોય તો તારી માતૃભૂમિની સેવા કરવા ઉદ્યુત થા. ભાઇ ! જગતમાં જન્મવાનું સત્ય સાર્થક તેજ છે. જો

નહીં દેશ સેવા તરફ લક્ષ આપ્યું, નહીં માતૃભૂમિ તણું કષ્ટ કાપ્યું;
પરતંત્રતાને સદાયે સ્વીકારી, નિજ માતને પાપીએ ભારે મારી.
નહીં દેશ સેવા જરાયે સ્વીકારી, નહીં કુળ મર્યાદ દિલમાં વિચારી;
ઘડે ઘાટ અઘાટ દુરાચારી, વૃથા પાપીએ માતને ભારે મારી.
સ્વતંત્રતા પ્રિય નહીં જેહને છે, પરતંત્રતા પ્રિય ઉર જેહને છે;
મરિયાદ નહીં કુળની જેહને છે, ધિક્કાર કોટીશઃ તેહને છે.
જીવનતણો સાર સંસારમાં એ, છે જન્મનો સાર સંસારમાં એ;
કૃત્યોનો છે સાર સંસારમાં એ, ચહે માતૃભૂમિની સ્વતંત્રતા જે.
સ્વતંત્રતા દેશની દિલમાં છે, મર્યાદ જો કુળની દિલમાં છે;
જ્ઞાતિ તણું હિત જો દિલમાં છે, (તો) શુભ કાર્ય સર્વે સદા દિલમાં છે.
સ્વતંત્રતા જે નહીં ચાહનારા, તે દેશનું હિત બગાડનારા;
તે માતૃભૂમિને લજાવનારા, નિજ માત ને તાત લજાવનારા.
સ્વદેશનું હિત દિલમાં ધરીને, મર્યાદ કુળની સદા ઉર ધરીને;
સ્વતંત્ર નિજ માતૃભૂમિ કરીને, રહો જગે નામ અમ્મર કરીને.

શકિતસિંહને પણ સલીમને છોડીને આવે વખત થયો હતો એટલે કદાચ તે વેહેમાય એ કારણથી તેમણે મહારાણા પાસેથી રજા માગી

કે "પ્રભુ! હું હાલ વધુ વખત આપની સેવામાં રોકાઇ શકું તેમ નથી. કારણ કે જો હું વધુ વખત આપની સેવામાં રોકાઇશ તો સલીમ મારા ઉપર વેહેમાશે. માટે હું પ્રસંગ પડે તેનાથી છૂટો પડી, મારાં તન, મન અને ધન સાથે આપની પ્રતિજ્ઞા સત્ય કરી બતાવવા મેહેનત કરીશ અને યોગ્ય સમયે આપની સેવામાં હાજર થઇશ."

મહારાણા તો પોતાના ભાઇને મળીને આનંદયુક્ત વાતો કરી રહ્યા હતા. પરંતુ મહારાણા પોતાની પીઠ ઉપરથી ઉતર્યા પછી તેમનો દેવાંશી ઘોડો ચેતક* અંત સમયના દુઃખોનો અનુભવ કરી રહ્યો હતો તે પૃથ્વી ઉપર પછડાઇ મરણ પામ્યો. તેના પડવાના અવાજથી મહારાણાએ તેના પાસે જઇ તપાસ કરી, તેને મરણ પામેલો જોઇ કલ્પાંત કરતાં શકતાજીને કહ્યું કે "શકતા! શકતા! જે ઘોડાએ તારી ગેરહાજરીમાં મને પોતાના ભાઇ સમાન સુખ આપ્યું હતું, જેને મેં વખતો વખત ભાઇ, બાપ, બેટા વિગેરે સંબોધનો આપી પ્રાણ સમાન પાળ્યો હતો, જેણે અત્યાર સુધીમાં અનેક સમયે સંકટ સહન કરીને મારા પ્રાણોનું રક્ષણ કર્યું છે, હાય! તે ઘોડો ચાલ્યો ગયો!! તેના જવાથી મેં મારો એક સારામાં સારો સોબતી ગુમાવ્યો છે. પરમેશ્વરે જ્યારે મારા દુઃખના સમયમાં તારો ભેટો કરાવી સુખ આપ્યું છે, ત્યારે તુરત જ ચેતકનો પ્રાણ જવાથી મને તેટલો જ દુઃખનો અનુભવ કરાવ્યો છે. હવે મને આવો સોબતી ફરીને કયાં મળી શકશે." ખરેખર કોઇ કવિએ કહ્યું છે કે:

છપ્પય—નચ્ચન ઓર નિહારિ, પુત્ત કહિ ચારૂ પ્યાર અહિ;
ઉહિછિન ઉમઁગિ ઉડાવ, કંધ ધર હાથ ભ્રાત કહિ.
બગ્ગ ઉઠત રનરૂપ્પ, બપ્પ કહિ અપ્પ વિરૂદ્ધ વર;
તાત ભ્રાત સુત સોક, ગજબત્રિક પરિંગ અરિગગર.
કહ્રિગ ન પૈર કહ્રિગ ચકૃત, કહ્રિગ માન નિસાન ધન;
હય મરિગ નહિં ન ચેટક અહહ, મરિગ રાન પત્તા સુ મન.

ભાવાર્થ:-જે ઘોડાને નાચતો જોઇને પુત્ર, પુત્ર કહીને પ્યાર કર્યો, આ પ્યાર થાય તે જ ઘડીએ પ્રસન્ન થઇને જ્યારે તે ઉડતો ત્યારે તેની કાંધ ઉપર હાથ રાખીને ભાઇ, ભાઇ કહ્યું; અને જે વખતે રણભૂમિમાં

---

* આ દેવાંશી ઘોડામા એવો ગુણ હતો કે મહારાણા જ્યાં સૂધી તેના પીઠ ઉપર હોય, ત્યાં સૂધી તો તેના ઉપર ચહાય તેટલા ઘા થયા હોય છતાં ત પડે નહીં, પરંતુ ઘણા ઘા થઇ અશક્ત બન્યો હોય અને પછી મહારાણો તેની પીઠ ઉપરથી ઉતરે તો તુરત જ તે મરણ પામે. આજે તે જ પ્રસંગ બન્યો અને તે મરણ પામ્યો. મહારાણાએ તેની સમાધિ સ્થળે એક ચોતરો કરાવ્યો કે જે અત્યારે પણ 'ચેતકના ચબુતરા' તરિકે ઓળખાય છે.

દબાવીને એને વાઘની પેરે ઉઠાવતાં પોતાનો બાપ, બાપ કહીને બિરદાવ્યો, એ જ ઘોડાના મરવાથી મહારાણા પ્રતાપના મળે જાણે પિતા, ભાઇ અને પુત્રનો શોક આવી પડ્યો; અહાહા ! બહુ દિલગીર થવા સરખો પ્રસંગ છે કે, એ ઘોડાનો પગ કે યકૃત ન કપાયું પરંતુ માનનું દઢ નિસાન કપાઇ ગયું; અને વળી હાય હાય ! ચેતક અશ્વ મુવો નહીં પણું મહારાણા પ્રતાપસિંહનું મન મરી ગયું.

મહારાણાને આ ચેતક સમાન અશ્વ સારૂ આવો મહાન્ શોક થાય તેમાં શું નવાઇ? તેમને શોકમાં મગ્ન થયલા જોઇ શકતાજીએ કહ્યું કે: "પ્રભુ! હવે તેમાં શું ઉપાય ચાલી શકે તેમ છે? આપની જ માન્યતા મુજબ હવે તો તે શ્રીહરિની ઇચ્છાઓને પ્રબલ સમજી તેને તાબે થવું તે જ આપણી ફરજ છે. આપ શોક ન કરો. કૃપાનાથ! મારા આ ઘોડા ઉપર સવાર થઇ આપ કોઇ ગુપ્ત સ્થળે પધારો. હું પણ આપની પાસે થયલા બે મોગલોને મેં માર્યા છે, તેમના ઘોડાઓ અહિં જ હાજર છે, તેના ઉપર સવાર થઇ જાઉં છું, અને સમય મળેથી સેવામાં હાજર થઇશ."

પ્રતાપ—"શકતા! શકતા! હું તને સલાહ અને તું માને તો આજ્ઞા ફરમાવું છું કે તું તારી પવિત્ર માતૃભૂમિની સ્વતંત્રતા સારૂ, તન, મન અને ધનથી મહેનત કરી કૃતાર્થ થા. ભાઇ! મારી ચિંતા ન કરીશ, પરંતુ મારા વિચારો, મારી સલાહ અને મારી પ્રતિજ્ઞા સત્ય કરવાની ચિંતા હંમેશ તારા મનમાં રાખજે. મારા માટે તો સર્વેશ્વરે જે વિચારો કરી રાખ્યા હશે તે પ્રમાણે જ મારૂં ભવિષ્ય થશે. બાકી અત્યારે તો હું માતૃભૂમિની સ્વતંત્રતાનું રક્ષણ કરતાં રાજા મટીને રંક થયો છું. જો કે પરતંત્ર રાજા રહેવા કરતાં સ્વતંત્ર રંક બનવામાં જ હું તો આનંદ માનું છું."

શકતાજી—"અન્નદાતાર! આપ આ શું ફરમાવો છો? શું સૂર્ય વાદળામાં છુપાય તો પણ તે તેના પ્રકાશથી રહિત થાય છે કે? શું અગ્નિ ઉપર રાખ દાબવામાં આવે તો પણ તે તેના પ્રજ્વલિત કરવાના ગુણથી રહિત થાય છે કે? સ્વામી! આપ સૂર્ય અને અગ્નિ સમાન છો. અમારા શિરોમણિ છો. આપના ચરણોની સેવામાં અમો સત્વર ઉદ્યત જ છઇએ. પછી આપને શા સારૂ ચિંતા કરવી જોઇએ? આપણે પુનઃ આપણા સમગ્ર બળથી આપણી માતૃભૂમિને સ્વતંત્ર કરી શકીશું. એમાં કંઇ જ સંદેહ નથી અને આપણી માતૃભૂમિના દ્રોહી ક્ષત્રિયોનાં મુખને શ્યામ કરીશું. પ્રભુ! હવે હું રજા લઉં છું."

આ પ્રમાણે કહી શકતાજીએ ઘૂંટણે પડી મહારાણાના પવિત્ર પદપંકજ ઉપર પોતાનું મસ્તક મૂકી તેને નેત્રવારિથી સિંચ્યા. મહારાણાએ

તેમને ઉભા કરી ફરીને છાતીસરસા ચાંપ્યા, અને ગદ્દગદિત કંઠે રજા આપતાં જણાવ્યું કે "ભાઈ! જા, પરન્તુ આ તારા ભાઇની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનું વિસરીશ નહીં."

શક્તાજીએ સલીમની છાવણી તરફ અશ્રુસહિત પ્રયાણ કર્યું. અને મહારાણાએ અશ્રુસહિત નેત્રો સાથે શક્તાજીના ઘોડા ઉપર સવાર થઈ જંગલ તરફ પ્રયાણ કર્યું.

પ્રકરણ સાતમું

મહારાણા જંગલમાં

ધીરાનો રાગ—મહેલમાં રહેનારા તે, જંગલમાં કો દિ ભટકી મરે;
સુખનાં સ્વપ્નાં નાવેરે, આવે દુઃખ દુઃખો પરે.—ધ્રુવ.
કોઇ દિ રાજા, રંક કોઈ દિ, કોઇ દિ નિરઆહાર,
કોઈ દિ છપ્પન ભોગ મળે બહુ, સહુ વિધિનો વ્યવહાર;
માટે માન મૂકી રે, મૂરખ જપ હરે હરે.—મહેલમાં-૧
કોઇ દિ નવ યૌવનમય રાણી, માણી, ન સુખનો પાર,
છત્તર પલંગે કોઇ દિ પોઢણ, કોઇ ભૂમિ વ્યવહાર;
માટે હરિ ભજી લે રે, મૂરખ જેથી જગત તરે.—મહેલમાં-૨
'છગન' છળ કપટ નહીં આવે, કાંઇએ સંગ લગાર,
તેની સોબત છે બહુ કપરી, ખવાડે જમનો માર;
છોડ તેને પહેલે રે, છેવટ છોડવું એ ખરે.—મહેલમાં-૩

મહારાણા ફરતા ફરતા એક જંગલમાં આવી ચઢ્યા. તેમની સાથે તેમનું કુટુંબ પણ હતું. તેઓ વિશ્રાન્તિ લેવાનો વિચાર કરી એક સ્થળે થોભ્યા. આ સમયે રણભૂમિમાંથી બચી આવેલા તેમના સરદારો પણ શોધતા શોધતા તેમને આવીને મળ્યા. તેમણે રણભૂમિમાં પોતાનો પરાજય થવાના સમાચાર જણાવ્યા. આથી તો મહારાણાના મનની તમામ મુરાદો રદ્દ બાતલ થઈ ગઈ. તેઓ અતિ દુઃખી થઈ કહેવા લાગ્યા કે: "અરે! એક સમયે જેની સમગ્ર મેવાડભૂમિ ઉપર સત્તા હતી, જે મેવાડભૂમિ ઉપર મારી આણ પ્રબળતાથી પ્રવર્તમાન હતી, તે જ હું જાતે તે જ મેવાડભૂમિ ઉપર માતૃભૂમિની સ્વતંત્રતાનું રક્ષણ કરતાં એક ભિખારીની સ્થિતિ ભોગવું છું! અરે! એક વખત જે મેવાડભૂમિમાં વસતી પ્રજા મારા નામ માત્રથી આનન્દ માનતી હતી તે જ મેવાડભૂમિ મને અને મારા કુટુમ્બને છૂપાવવા સારૂ ગુપ્ત સ્થળ સરખું પણ આપતી નથી! અને તે પ્રજાજનો પણ યવનોના ત્રાસથી

મને રક્ષણ આપવા સમર્થ નથી, અને તેથી મારે રહેઠાણ શોધવા સારૂ રખડવું પડે છે!" તેમણે તેમના કુમાર અમરસિંહને પ્રશ્ન કર્યો કે "કેમ ભાઇ અમરસિંહ! તમને આ જંગલોમાં રહેવાનું અને ભુખે રખડવાનું પસન્દ પડે છે કે?"

અમરસિંહ–"પિતાજી! જ્યારે આપ રાજસત્તા છોડી, આ કષ્ટો સહન કરવાનું પસન્દ કરો છો, તો જેણે સ્વપ્નમાં પણ રાજસત્તા જોઇ સરખી પણ નથી, તેવો હું કે જેના જન્મદાતા માતૃભૂમિની સ્વતંત્રતાને ચાહે છે, તેના મનમાં અન્ય વિચારો હોય જ શાના? જેમાં આપશ્રી સુખ માનતા હોવ તેમાં જ મારૂં પણ સુખ સમાયલું છે, એમ હું માનું છું. અને હું આ જંગલનાં દુઃખોને મારા પવિત્ર પિતાની સાથે રહી, મારા પ્રાણથી અધિક પ્રિય માનું છું. આપે મારી ચિંતાને આપના સ્વદેશ પ્રેમી હૃદયમાં સ્થાન આપવાની કંઇ જ જરૂર નથી એમ મારી પ્રાર્થના છે."

પ્રતાપ–"શાબાશ! મારા બહાદુર પુત્ર! મહારાવળ બાપ્પાના વંશમાં તારા સમાન નરરત્નો ઉત્પન્ન થવાની જરૂર છે."

આ અરસામાં શંકર કવિ પણ મહારાણાને શોધતા શોધતા આવી મળે છે. તેઓ દૂરથી જ આશીર્વાદ આપે છે કે–

વેદ વિધિ જહઁ લગ રહે, જહઁ લગ રહ સુર રાજ;
તહઁ લગ રાણા કુળકો, રહો અવિચળ રાજ.

પ્રતાપ–"સરદારો! કવિરાજ પધારે છે." આ પ્રમાણે કહી પોતે ઉભા થઇ સામા જાય છે અને બાથ ઘાલીને શંકર કવિને મળે છે. શંકર કવિ કહે છે કે–

શંકર–તે દેશ જઇએ નહીં, જ્યાં રજપૂત ન હોય;
સામા આવી શેરીએ, કુશળ ન પૂછે કોય.

પ્રતાપ–"કવિરાજ! આપ કુશળ તો છો ને?"

શંકર–"મહારાણા! હું સર્વદા આપની કૃપાથી કુશળ જ છું અને હંમેશા સર્વેશ્વર પાસે પ્રાર્થના કરૂં છું કે તે આપને કુશળ રાખે."

પ્રતાપ–"કવિરાજ! આપ આ હલદીઘાટની લડાઇ સમયે હાજર હતા, માટે સર્વ સમાચાર જાણતા જ હશો. માટે જણાવો કે વીરવર ઝનાજીનું શું પરિણામ આવ્યું, અને લડાઇનું શું પરિણામ આવ્યું તેમ જ આપણા પવિત્ર દેશની શી દશા છે?"

શંકર–"મહારાણા! આપ સમાન સિંહની ગેરહાજરીથી આપણા

પવિત્ર દેશરૂપી જંગલની દશાનું હું શું વર્ણન કરૂં.* મહારાણા! હલદી-ઘાટની લડાઇનું પરિણામ પરમેશ્વરે આપણી વિરૂદ્ધ આપ્યું છે. મહારાણા! મન્નાજીની તો હું શું પણ બુધ બૃહસ્પતિ પોતે પણ પ્રશંસા કરવા અસમર્થ છે. પરંતુ સાધારણતઃ તેણે ક્ષત્રિય નામને દીપાવ્યું છે.

મન્ના મન પ્રભુ કાજ ધરી, કરી બતાયો કામ;
અંબર શૂર ધન ધન કહેં, અરિ ધન કહેં તમામ.

છપ્પય:—રણબાજી બીર હાક, ધાક અરિ ઉર ભઇ ભારી,
સુખી સિદ્ધ રૂ કાક, ડાક બજવે કામારી;
હુર ભઇ મદમત્ત, પત્ત નિજ પાય સુખંકર.
ભૂત પ્રેત ડાકિની, શાકિની યક્ષ અનિ સુદસર;
ધરી ચાહ લયો રન ખેતમેં, અરિ જન મનબલ કિય હરન,
સબ શૂર અંબર ભૂપ અરિ કહેં, ધન્ય ધન્ય મન્ના મરન.

વળી મહારાણા! મેં આ લડાઇનું બીજું પણ વર્ણન બીજા કવિઓએ જે કંઇ કર્યું છે તે પણ આપને સંભળાવીશ. કારણ કે તેઓ આપને મળવા આ જંગલમાં આવી શકયા નથી, અને તેથી તેમનું તે કામ મારે આપની સમક્ષ કરવું પડે છે.

ગીત:—

અચંદ માનરે મુહર[1] ઊભો હુતો દુરદ ગત, ઝિલહપોસાં તણાં જાય સાથે;
તદ બહીરૂક અણચૂક પાતલ તણી. મુગલ બહલોલખાં તણે માથે. ૧
તણે ભ્રમભીદ અસવાર ચેટક તણે, ઘણે મગરૂર બહશાર ઘટકી;
આગરે જોર મિરજાતણેં આઝટી, લાગરે[2] ચાગરે બીજ ભટકી ૨
સૂરતન[3] રીઝતાં ભીજતાં સૈલગુર,[4] પહાં અન[5] દીજતાં કદમ પાછે;
દાંત અઢતાં જવન સીસ પછટી દુજડ,[6] તાઁત સાવણ[7] જ્યુહીં ગઇ જાછે. ૩
વીર અવસાણ કેવાણ ઉજબક બહે, રાણ હયબાહ દુય રાહ રઠિયો,
કટ ઝલમ[8] સીસ બગતર બરંગ[9] અંગ કટે, કટે પાખર સુરંગ તુરંગ કઢિયો. ૪†

---

* કવિરાજ બારતદાનજીએ કહ્યું છે કેઃ—
ઉન્મત્ત મતંગ લતાદ્રુમ તોરેં, નિશંક વ્હે દોરેં હેં શ્યાર સસા,
બિન ચિંત વ્હે ચિતે ચરિત્ર કરેં, રૂ બઘેરે બડપ્પન લાયે નસા;
મૃગ વ્હે અતિ મંદ તહાં વિહરેં, મિલ ખોદત શૂકર વૃન્દ રસા,
વનરાજ બિહીન બડે બનકી, તુ ભઇ કછુ ઓરકી ઓર દસા.

(૧) આગળ. (૨) કંસારો, ઠઠેરો. (૩) સૂર્ય. (૪) મોટા ભારી પર્વતો. (૫) બીજા રાજાઓ. (૬) તલવાર. (૭) સાવણ—સાબન, સાબુન—સાબુ. (૮) ટોપ. (૯) શરીર.

† આને મળતાં બીજાં પછાડીથી તેયાર કરવામાં આવેલાં કાવ્યો નીચે મુજબનાં છેઃ—

કવિત:—બાઢી બીર હાક હર ડાક ભુર ચાક ચઢી;
તાક તાક રહી હૂર જાક ચહૂ કોદમેં.

ભાવાર્થઃ—(આ ગીત હલદીઘાટના યુદ્ધ પ્રસંગનું છે). જયપુરના મહારાજ માનસિંહના હાથી આગળ, પોતાની મદદના સવારોને સાથે લઇને, બહલોલખાં હાથીની સમાન ઉભો હતો. એ વખતે (માનસિંહને શોધતા શોધતા) શત્રુ (બહલોલખાં) પાસે આવી પહોંચેલા મહારાણા પ્રતાપસિંહની તલવાર એના શત્રુના શિરપર પડી. ઉદયસિંહનો પુત્ર, ચેટકના સવાર મહારાણાએ શરીરને ચીરવાવાળી તલવારને બહુ જોરથી ભમાવી, પોતાના હાથના પૂર્ણ જોરથી મીરજા ઉપર નાંખી, તે એને એવી વાગી કે જાણે કંસારાની એરણ પર વિજળી પડી હોય! અને તેના બે ભાગ થઇ જાય તેમ તેનું શિર કાપીને નિકળી ગઇ; સૂર્ય પ્રસન્ન થયા અને મોટા મોટા પહાડ રક્તથી પલળી ગયા, બીજા રાજાઓ પોતાના પગ પાછા મૂકવા લાગ્યા, એ વખતે મહારાણાએ સામે આવેલા મુસલમાનો પર તલવાર મારી કે જે તાંત જેમ સાબુને કાપીને પાર નીકળી જાય છે તેમ પાર નીકળી ગઇ. એ વીરે પોતાના અપૂર્વ બળથી એવી તો તલવાર ચલાવી કે તે મહારાણાના હથાવાહાની (તલવાર ચલાવવાની ક્રિયા) હિંદુ મુસલમાન બન્નેએ બહુ જ પ્રશંસા

બોલિકૈં કુબોલ હય તોલ બહલોલખાં પૈં;
બાગૌ આન કત્તા રાનપત્તાકો બિનોદમેં.
ટોપ કટિ ટોપી લાલ ટોપા કટી પીત પટ;
સીસ કટિ અંગ મિલી ઉપમા સુમોદમેં.
રાહૂ ગોદ મંગલકી મંગલ ગુરૂકી ગોદ;
ગુરૂ ગોદ ચંદકી રૂ ચંદ રવિ ગોદમેં.

વળી આ જ ભાવનો એક સોરઠો પણ નીચે પ્રમાણે છેઃ—

સોરઠા—ખલ બહલોલ ખપાર, પેલ દલ લાખાં પ્રસણ;
અસ ચેટક ઉલટાય, પહુંતો ઉદયાચલ પતો.

કવિતઃ—અજ્જ ધર્મ રચ્છક ઇતે રૂ જર્વાનિષ્ટ ઉતે;
ઘાટ હલદી રન ભ્રમાવેં ભટ બાલોં કો.
બીર દોર દચ્છન ઉદગ્ગ મચ્છલગ્ગન તૈં;
સબ્બુન જયોં તંતિ ચીરે દેત ગજ ઢાલોંકો.
પ્રહસ્ત તાપ કાન્દસીક પ્રતિપચ્છી બને;
પદમ્રસ્ત બુલ્લત બિલોકિ રક્ત નાલોંકો.
સાક પાને વાલે રાનપત્તાકી કૃપાન પિક્ખિ;
લગત જુલાબસી પુલાવ ખાને વાલોંકો.

મ્લેચ્છનકો નમિબો અયોગ્ય લખિ, ખાય ગને, સમયાનુકૂલ કન્દ મૂલ ફલ પત્તાકોં;
રાજ્યદ્રંગ દુર્ગ દેશ વૈભવ જ સુખ હેય, રાખી દૃઢ વંશપરિપાટીકી પ્રભત્તાકોં.
અગ્ગ બલ બિરતરિ અકબરસે શત્રુ અગ્ગ, ઇક્કલ નિબાહો જિહ વેદધર્મ નત્તાકોં;
આ સમુદ્ર હિંદવાસી આર્જ કૃતમન્ય દેત, ધન્યવાદ વીર અગ્ર ગણ્ય રાન પત્તાકોં.

કરી, કે જેના ખડ્ગથી બહલોલખાંનો ટોપ, શિર, બખ્તર, શરીર અને પાખર કપાઇ નેસરસ રંગવાળો ઘોડો પણ કપાઈ ગયો.

ગીતઃ—ખટકે ખત્રવેધ સદા ખેહડતો, દિનપ્રત દાખંતો ખત્ર દાવઃ
અકબર શાહ તણો ઊદાવત, રાણ હિયે ચરણાં અનરાવ. ૧
નહ પલટે ખરડકે અહોનિસ, ઘડ દુર બેસ ઘડે ઘણ ઘાવ;
સાગાંહરો તણે આલમ સહ, પાંતરહે મહપત અન પાવ. ૨
ઘર બાહર પ્રતાપ ખડગ ધર, સુજ બીસરે ન પાખર સેર;
અકબર હરમેં સાલ અહાડો, ઓયણે સેવગ ભૂપ અનેર. ૩
રાવ હિંદવો તણો રોંદા રિપ, રાણો આપાણી કુલ રીત;
પડિયા રહૈં અવર નૃપ પાવાં, ચઢિયો કુંભ કલોધર ચીત. ૪

ભાવાર્થઃ—ક્ષત્રિયોના માર્ગે ચાલવાવાળો મહારાણો યુદ્ધમાં પાદશાહ અકબરના ચિત્તમાં ખટકયા કરે છે, અને બીજા રાજાઓ એની સેવામાં રહે છે, આથી મહારાણો પ્રતાપસિંહ સતત અકબરના હૃદયપર ચઢેલો રહે છે અને બીજા રાજાઓ એના ચરણમાં પડ્યા રહે છે. ફકીર સમાન થયલો અકબર મનમાં ઘણા ઘાટ ઘડ્યા કરે છે અને મહારાણો સદા એના મનમાં ખટકયા કરે છે, પરન્તુ સાંગાજીના વંશવાળો પ્રતાપસિંહ કે જે સંસારની રક્ષા કરવાવાળો છે તે ભૂમીને પણ અકબર સામા પગ ભરતો નથી. મહારાણો પ્રતાપસિંહ પૃથ્વીનો રક્ષક છે એટલે તે વીર કદાપિ પણ ભૂલ કરતો નથી અને તેથી જ્યારે બીજા રાજાઓ અકબરના ઘરના સેવા કરવાવાળા થઇ પડ્યા છે, ત્યારે મહારાણો પ્રતાપ તો એની છાતીમાં સાલ સમાન થઇને સાલે છે; કુંભાની કળાને ધારણ કરવાવાળો મહારાણો પ્રતાપસિંહ પોતાના કુળની મર્યાદાને રાખીને 'હિન્દુ પતિ' અને 'યવનોનો દુશ્મન' કહેવાય છે, એ કારણથી મહારાણો તો અકબરના હૃદયમાં વસી રહેલો છે અને બીજા રાજાઓ એના પગોમાં પડી રહે છે.

છપ્પય—દલ પૈલાં દયપે, તેજ બ્રહ્મહિ ઉત્થપે;
ઉત્તર દખ્ખિણ પછિમ, પૂર્વ તા પાણ પણપ્પે.
અન અનેક ભુવપત્ત, બાંગ શ્રવણાં સુણન્તે;
નમિ પ્રણામ આધીન, કરૈં સેવા બહુ ભત્તે.
ખત્રિયાણ માણ મહિ ઉદ્ધરન, એક છત્રી આલમ કહે;
ગાયત્રી મન્ત્ર ગહલોત ગુર, તિહિ પ્રતાપ શરણે રહે.

ભાવાર્થઃ—પાદશાહે શત્રુઓની સેનાઓને પરાજિત કરી નાંખી, અને બ્રહ્મતેજને પણ ઉખાડી નાંખ્યું. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ તમામ દિશાઓ એના હાથમાં આવી ગઇ. બહુ બીજા રાજાઓ યવનોના બાંગ મારવાના અવાજ સાંભળીને પ્રસન્ન થાય છે, અને

ઝુકી ઝુકીને સલામો કરે છે, અને અકબરના આધીન થઇને અનેક પ્રકારની એની સેવાઓમાં તૈયાર રહે છે, એથી સર્વ સંસાર કહે છે કે એવા સમયમાં ક્ષાત્ર ધર્મનો સત્ય ઉદ્ધાર કરવાવાળો માત્ર એક જ ક્ષત્રિય રાજા ભૂમંડળ પર છે કે જે આ ગહેલોતોમાં શ્રેષ્ઠ પ્રતાપસિંહ છે અને ગાયત્રી મન્ત્ર એને જ શરણુ છે, અર્થાત્ કે એક જ માત્ર પ્રતાપસિંહ જ અખણ્ડ બ્રહ્મ તેજની રક્ષા કરવા સારૂ સાવધ છે.

સોરઠઃ–ચેલા વંસ છત્તીસ, ગુર ઘર ગહલોતાં તણો;
રાજા રાણા રીસ, કહતાં મત કોઈ કરો.

ભાવાર્થ:–ક્ષત્રિયોના છત્રીસે વંશ ચેલા બની ગયા છે અને માત્ર ગહેલોતોનું ઘર જ તેમના ગુરૂ સમાન શ્રેષ્ઠ છે. હું આ પ્રમાણે કહું છું તેથી–કવિ કહે છે કે–કોઇ પણ રાજા, રાણાઓ ક્રોધ ન કરશો. કેમકે સત્ય કહેવું તે કવિઓનો ધર્મ છે.

ચંપો ચીતોડાહ, પોરસ તણો પ્રતાપસી;
સોરભ અકબર શાહ, અલિયલ આભડિયો નહીં.

ભાવાર્થ:–મહારાણા પ્રતાપસિંહનો પરાક્રમ ચંપાના વૃક્ષના સમાન છે, જેની સુગંધી પર અકબરરૂપી ભ્રમર કદાપિ પણ આવતો નથી.

માથે મૈંગલ ખડગ, ત બાહી પરતાપસી;
બોટ કિયા બે ભાગ, ગોટા સાબૂ તાંતગત.

ભાવાર્થ:–હે મહારાણા પ્રતાપસિંહ ! તમોએ હાથીના ઉપર ખડ્ગ ચલાવ્યું, તેણે જેમ તાંત સાબુની ગોટીના બે ટુકડા કરી નાંખે છે તેમ તેના–હાથીના બે ટૂકડા કરી નાંખ્યા.

સાંગ જ સોબરણાંહ, તૈં બાહી પરતાપસી;
જો બાદળ કરણાંહ, પરૈં પ્રગટ્ટી કુંજરાં.

ભાવાર્થ:–હે મહારાણા પ્રતાપસિંહ! તમોએ સુવર્ણના રૂપવાળી બરછી ચલાવી તે જેમ વાદળાંને ફોડીને સૂર્યની કિરણો નીકળે છે એ જ રીતે હાથીની પાર નીકળી ગઇ.

માંઝી મોહ મરાટ, પાતલ રાણ પ્રવાડ મલ;
દુજડાં કિય દ્રહ વાટ, દલ મૈંગલ દાણવ તણા.

ભાવાર્થ:–અનેક યુદ્ધો જીતવાવાળા અને મોહને મારવાવાળા વીર પ્રતાપસિંહે પોતાના ભાલાથી યવનોની સેના અને હાથીઓનો નાશ કરી નાંખ્યો.

સહનક તણાં સુનાણ, પારીસા પાતલ તણા;
તૈં શાહવિયા રાણ, એકણ હુંતા ઉદવત.

ભાવાર્થ:–અન્ય ડાહ્યા રાજાઓ પણ માટીના પાત્રોમાં* ભોજન

---

* મુસલમાનોના રસોડાંમાં માટીનાં વાસણો રાખવામાં આવે છે.

કરવાવાળા બની ગયા, પરન્તુ પત્રાલામાં પીરસેલું ભોજન તો માત્ર એક પ્રતાપસિંહના માટે જ છે. હે ઉદયસિંહના પુત્ર ! આ રીત તો એકલા તેં જ રાખી છે. અર્થાત્ કે સર્વ રાજાઓ યવનો સાથે જમવાવાળા બની ગયા, પરન્તુ માત્ર એક મહારાણો પ્રતાપસિંહ જ ન થયો.

એહી ઝુકે અરીત, તસલીમજ હિન્દુ તુરક;
માથે નિકર મજીત, પરસાદ કે પ્રતાપસી.

ભાવાર્થઃ—પરાક્રમોમાં એવી દુરીતિ પડી ગઇ છે કે હિન્દુઓ યવનોને ઝુકી ઝુકીને સલામ કરે છે, કેવળ મહારાણો પ્રતાપસિંહ જ એવો છે કે જે મસજીદોના સમૂહોપર દેવ મન્દિરો બનાવરાવે છે.

રોહે પાતલ રાણ, જાં તસલીમ ન આદરૈ:
હિન્દુ મુસ્સલમાન, એક નહીં તાં હોય હે.

ભાવાર્થઃ—ઘેરાયલો પણ મહારાણો પ્રતાપસિંહ જ્યાંસુધી ઝુકીને સલામ કરવાનું કબુલ નથી કરતો ત્યાંસુધી હિન્દુ અને મુસલમાનોને એક સરખા સમજવા ન જોઇએ. એમને તો જુદા જુદા જ સમજવા જોઇએ.

ચોકી ચીતોડાહ, પાતલ પડખેસાં તણી;
રહચેબા રાણાહ, આયો પણ આયો નહીં.

ભાવાર્થઃ—મહારાણો પ્રતાપસિંહ આવ્યો તો ખરો, પરંતુ યવનોના ટુકડા કરવા સારૂ, નહીં કે તેમની ચોકી કરવા સારૂ.

નિગમ નિવાણ તણાંહ, નાગદ્રહા નરહર જહુરીં;
રાવત ખટ રાણાહ, પિંડ અણખૂટ પ્રતાપસી.

ભાવાર્થઃ—વેદરૂપી જળાશય અખૂટ છે, અને ભગવાન્ નૃસિંહનું પરાક્રમ પણ અખૂટ છે. અને એવી જ રીતે મહારાણા પ્રતાપસિંહના શરીરની વીરતા પણ અખૂટ છે.

હીંદૂ હીંદૂકાર, રાણા જે રાખત નહીં;
તો અકબર એકાર, પહો સહો કરત પ્રતાપસી.

ભાવાર્થઃ—હે હિન્દુઓના પ્રભુ પ્રતાપસિંહ ! જો રાણાઓ હિન્દુઓના આર્ય ધર્મનું રક્ષણ ન કરત તો અકબર સહુને એકાકાર બનાવી દેત. અર્થાત્ તમામ હિન્દુઓને યવન બનાવી દેત.

હિન્દુપતિ પરતાપ, પત રાખી હિન્દવાણરી;
સહે વિપત્તિ સંતાપ, સત્ય શપથ કર આપણી.*

* જોધપુર મહારાજ માનસિંહના સમયમાં જ્યારે અનેક ઉપદ્રવો થવા લાગ્યા ત્યારે એને શાન્ત કરવા સારૂ અંગ્રેજ સરકારે પોતાની ફોજ મોકલી. એ વખતે મહારાજા માનસિંહે પોતાના સરદારોથી સલાહ કરી ત્યારે એમણે અંગ્રેજ સરકારની પ્રબળતા જણાવી તેની સાથે લડવાની ના પાડી. અને મોગલ

ભાવાર્થ:—હે હિન્દુ પ્રતાપસિંહ! તેં હિન્દુઓની લાજ રાખી. તેં અનેક પ્રકારની વિપત્તિઓ અને સંતાપ સહન કરીને પણ પોતાની સત્ય પ્રતિજ્ઞાનો પૂર્ણપણે નિર્વાહ કર્યો.

ગીત:—આયાં દલ સબલ સામહો આવે, રંગિયે ખગ ખત્રવાટ રતો;
એ નરનાહ નમો નહ આવે, પતસાહણ દરગાહ પતો. ૧
દાટક અનડ દણ્ડ નહ દીધો, રોયણ ધડસિર દાવ દિયો;
મેલ ન કિયો જાય બિચ મહલાં, કેલપુરે ખગ મેલ કિયો. ૨
કલમાં બાંગ ન સુણિયે કાના, સુણિયે વેદ પુરાણ સુભે;
અહડો સુર મસીત ન અરચૈ, અરચૈ દેવલ ગાય હભે ૩
અસપત ઇન્દ્ર અવનિ આણહડિયાં, ધારા ઝડિયાં સહે ધકા;
ધણ પડિયાં સાંકળિયાં ઘડિયાં, ના ધીહડિયાં પઠી નકા. ૪
આખી અણી રહે ઉદાવત, સાખી આલમ કલમ સુણો;
રાણે અકબર બાર રાખિયો, પાતલ હિન્દુ ધરમ પણો. ૫

ભાવાર્થ:—ક્ષાત્રધર્મપરાયણ મહારાણા પ્રતાપ પાદશાહના બલિષ્ઠ સૈન્યના આવવાથી, શત્રુઓના રક્તથી રંગાયલા ખડ્ગને ધારણ કરીને એમના સન્મુખ આવે છે, પરંતુ અભિમાનને છોડીને પોતાનું મસ્તક નમાવી પાદશાહના દરબારમાં આવતો નથી. પોતાના વેરીઓને રોકવા સારૂ અનગ્ર વીરે કદાપિ પણ દણ્ડ ન આપ્યો, પરંતુ શત્રુઓની સેનાઓ ઉપર ધોડા જ* કર્યા. કેલપુરા મહેલોમાં રાણો જઈને પાદશાહને ન મળ્યો, પરંતુ તેણે તો ખડ્ગોથી જ મેળ કર્યો. અર્થાત

બાદશાહોથી મહારાણા પ્રતાપ લડવા તૈયાર થયા તેથી તેમને જંગલે જંગલ રખડવું પડયું હતું, માટે બાદશાહથી લડવું યોગ્ય નથી. એના ઉત્તરમાં, મહારાજે જણાવ્યું કે:—

ગિર, પુર, દેશ ગમાડ, ભમિયા પગ પગ ભાખરાં;
મહ અઁજસ મેવાડ, સહ અઁજસૈ સીસોદિયા.

ભાવાર્થ:—પોતાના પર્વતો, નગર અને દેશો ગુમાવીને જંગલમાં પાયદલ—પગે ચાલીને—રખડતા રહ્યા, પરંતુ મહારાણાએ પોતાના ધર્મની રક્ષા કરી હતી, કે જેથી આજે મેવાડ દેશ ગર્વ કરે છે અને શીશોદીયા જાતિ પણ અભિમાન ધરાવે છે.

*કવિત:—દાવા અરૂ ધાવા દુર્ગદાસકો દિખાવા જગ;
રાન પાસ આવા સાથ પાવા સુર સત્તાસો.
જાવા અમરેસકો બખાને સબ દેશપૈ ન;
આવા બન્યો મારિ મર્યો મીર રૌસરત્તાસો.
આવા શિવરાજકો ન જાવા બન્યો જૈસી વિધિ;
ચહે મ્લેચ્છ મુચ્છ કાટ લાવા મોદ મત્તાસો.
દાવા રાન પત્તાસો ન ધાવા રાન પત્તાસો ન;
જાવા રાન પત્તાસો ન આવા રાન પત્તાસો.

કે અકબરથી સદા યુદ્ધ કર્યું પણ સન્ધિ ન કરી; એવો ધીર વીર મહારાણો પોતાના કાનોથી યવનોના બાંગ મારવાના અવાજો નથી સાંભળતો, પરન્તુ પરમ પવિત્ર વેદ પુરાણોના ઉપદેશ શ્રવણ કરે છે, કદાપિ પણ તે મસ્જીદમાં જઇને સેવા–સેજદો નથી કરતો, પરન્તુ દેવાલયો અને ગાયોની સેવા કરે છે; ઇન્દ્ર સમાન પાદશાહ જ્યારે જ્યારે કોપ કરીને આડમ્બર યુક્ત ઘટાઓ સહિત આક્રમણ કરે છે ત્યારે ધારાઓરૂપી ખડ્ગ ધારાઓની ઝડીમાં ધક્કા સહન કરે છે, અનેક વાર ઘણા સંકટના સમય આવવા છતાં પણ એને સહન કરી પોતાની મર્યાદા ન છોડી, એ વીર મહારાણાના વંશમાં ઉત્પન્ન થયલી પુત્રીઓએ દિલ્હી જઇને નકા પઢ્યા નથી. ઉદયસિંહનો પુત્ર મહારાણો સદા અગ્રગણ્ય રહ્યો છે, અને આ વાતના સમગ્ર જગત્ અને ખાસ વિશેષે કરીને મુસલમાનો પણ સાક્ષી છે કે અકબરના ભયંકર સમયમાં પણ મહારાણા પ્રતાપસિંહે હિન્દુઓના ધર્મનું યથાર્થ રીતે પાલન કર્યું છે. કવિરાજે કાવ્યો સંભળાવ્યાં એટલે તમામ સરદારો તથા ખુદ મહારાણો પણ તેમની પ્રશંસા કરવા લાગ્યા. મહારાણાએ કવિરાજને કહ્યું કે–

"કવિરાજ ! આમાં મેં શું કર્યું છે કે જેથી સર્વ કવિરાજો મારી પ્રશંસા કરે છે? માત્ર એક સાચા ક્ષત્રિયને ફરજ્યાત જે કંઇ કરવું જોઇએ તે જ મેં મારી ફરજને લઇને કર્યું છે."

કવિરાજ–"મહારાણા ! આપનું ફરમાવવું સત્ય છે, પરન્તુ અન્ય રાજપૂતો પણ રાજપૂત વંશમાં જન્મ્યા છતાં વિદેશીઓની ગુલામી ભોગવે છે. જ્યારે આપના વંશજો અનાદિ કાળથી જ તે રીત પસન્દ કરતા નથી અને તે જ મુજબ આપે પસન્દ નહીં કરતાં અનેક પ્રકારની આફતો સહીને પણ કુળની મર્યાદા સાચવવાની પ્રતિજ્ઞા કરી છે. આપના સમાન ક્ષત્રિયો હાલમાં ક્યાં છે? અને તેથી જ સત્ય વર્ણન કરવું તે કવિઓનો ધર્મ હોવાથી તેમણે આપની બહાદુરી અને પ્રશંસાનાં કાવ્યો કહ્યાં છે અને તે પણ કવિઓએ પોતાની ફરજ માનીને જ કહ્યાં છે."

પ્રતાપ–"કવિરાજ ! વિદ્વાનોએ સત્ય જ કહ્યું છે કે "નામ રહંતાં ઠક્કરાં, નાણાં નહીં રહંત; કીરત હંદા કોટડાં, પાડ્યાં નહીં પડંત" અને એ નામ અમર કરનાર કવિઓ જ છે. કવિઓ સિવાય કદાપિ પણ કોઇનાં નામ અમર થતાં નથી. પછી ભલે અન્ય પ્રકારના અનેક ઉપાયો કરવામાં આવે. તેવા સર્વ ઉપાયોનો નાશ કાળે કરીને થઇ જાય છે. પરન્તુ કવિરાજોનાં કાવ્યોનો નાશ થતો નથી અને તેમણે અમર કરેલાં નામો જ જગતમાં યાવત્ ચન્દ્ર દિવાકર અમર રહે છે એમાં શંકા નથી. કવિરાજ ! આપ દેશમાં ફરીને આવ્યા છો, માટે

આપણા દેશની સ્થિતિનું યથાર્થ વર્ણન કરો જોઉં. હું પણ દેશની દશાથી માહિતગાર તો બનું."

શંકર–"મહારાણા ! દેશની દુર્દશાનું હું શી રીતે યથાર્થ વર્ણન કરીશ ? કારણ કે દેશની હાલની સ્થિતિ કહેવા જેટલી મારા હૃદયમાં શક્તિ ક્યાંથી આવશે ? મારી જિવ્હા તે વર્ણન કરવાની કઠોરતા શી રીતે ધારણ કરશે ? છતાં પણ જ્યારે આપશ્રી દેશની દશા જાણવા સારૂ ઉત્સુક છો તો હું કહું છું. અરેરે ! જેમને આપ મ્લેચ્છ માની આપણી પવિત્ર ભૂમિ ઉપર પગ પણ મૂકવા દેતા નહોતા, જેમના પગ મૂકવાથી ભૂમિને આપ અપવિત્ર માનતા હતા અને શુદ્ધ કરાવતા હતા, તેઓ નિઃશંક રીતે દેશમાં ફરે છે, મરજીમાં આવે તેમ અત્યાચારો કરે છે. આપણા દેશની પવિત્ર સ્ત્રીઓની ઇજ્જતનું રક્ષણ થતું નથી. જેને આપણે પવિત્ર માનીએ છીએ તે ગાયોનો મ્લેચ્છો કોઇ પણ જાતની શંકા વગર વધ કરે છે. હિન્દુઓને પોતાના ધર્મમાં લાવવા સારૂ ફરજીયાત અથવા લાલચો આપીને વટલાવવાના પ્રયાસ કરવામાં આવે છે. આપણા દેશવાસીઓનાં પવિત્ર દેવમંદિરો અને તીર્થસ્થળોને ભ્રષ્ટ કરવામાં આવે છે. આપણા દેશમાં સ્વદેશપ્રેમી પુરૂષોને ઉભા રહેવાની પણ જગા નથી. સ્વદેશપ્રેમી પુરૂષોને રાજદ્રોહી માનવામાં આવી સખ્ત નસિહતો કરવામાં આવે છે. અને એવી રીતે સજા કરતાં તેમના મોભ્ભા કે લાયકાતનો કંઇ પણ વિચાર કરવામાં આવતો નથી. મહારાણા ! દેશમાં ભુખમરો વધ્યો છે અને છતાં પણ રાજ્ય તો અનેક પ્રકારના કરો નાંખીને પણ પ્રજાનું રક્ત ચુસવામાં કંઇ પણ વિચાર કરતું નથી.

મહારાણા–સર્વેશ્વરની કંઇક વિપરીત જ ઇચ્છા જણાય છે. ભવિષ્યમાં તે પરમ કૃપાળુ પરમાત્મા આપને યશ આપી, અમારી પવિત્ર માતૃભૂમિને આ વિદેશી મ્લેચ્છોના હાથમાંથી છોડાવે એવી અમો સર્વની તે પરમ કૃપાળુ પાસે સર્વદા પ્રાર્થના છે. બાકી અમારો કંઇ જ ઉપાય નથી."

પ્રતાપ–"કવિરાજ ! આ દેશની દશાનું વર્ણન સાંભળી મારૂં હૃદય વિદીર્ણ થાય છે. હવે તો મારી પાસે માણસોનું કે ધનનું પણ સાધન નથી કે જેની સહાયથી હું આપણી માતૃભૂમિનો આ રાક્ષસોના હાથમાંથી ઉદ્ધાર કરી શકું ! ! તેમ જ મારાથી તેમને નમી પણ શી રીતે શકાય ? માટે હું તો હવે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થતાં સુધી જંગલમાં રખડતો જ રહીશ. મારા સારૂ હવે બીજો કંઇ પણ ઉપાય નથી. ભલે અન્ય રાજાઓ યવનોની સેવા કરી રાજસુખ ભોગવે, પરન્તુ મહારાવળ બાપ્પાના વંશમાં મારો ઉદ્દભવ થયો છે એટલે મારાથી તે નહીં જ બને ! !

શંકર—"અને મહારાણા! ક્ષત્રિયો સાહસથી જ શોભા પણ પ્રાપ્ત કરે છે. આપે પણ જે આ સાહસ ઉઠાવ્યું છે, તેને પૂર્ણપણે વળગી રહી પૂર્ણ કરવું જ જોઇએ. અને તો જ આપ લોકોમાં પ્રિય થઇ પૂજાશો. બાકી તો આ જગતમાં નામધારી રાજપૂતોનો ક્યાં તોટો છે? પરન્તુ આપ તો નામધારી રાજપૂત નથી, તેમ નામધારી રાજપૂત વંશમાં જન્મ્યા પણ નથી, એટલે મહારાવળ બાપ્પાના પવિત્ર નામને લાંચ્છન ન લાગે તેવું કૃત્ય તો સ્વપ્ને પણ ન જ કરવું જોઇએ.

હિમ્મત ધરી નિજ વંશની, કીર્તિ સદૈવ દીપાવજો;
તન મન થકી નિજ માતૃભૂમિને, કરી સ્વતંત્ર શોભાવજો.
રાણા ધરી જે ટેક તેને નેક રીતે પાળજો;
લડતાં ન પાછો પગ ધરો, કદિ આવે સામો કાળજો.

પ્રતાપઃ—કવિરાજ! આપનું કહેવું યથાર્થ છે અને હું પણ મારા પ્રાણ જતાં સુધી પણ મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાના ઉપાય આદરીશ જ.

કદા ચન્દ્રથી અગ્નિ ઝરે, લહે સૂર્ય શિતળતા સહી;
પૃથ્વી તજે નિજ સ્થાન, તો પણ પ્રતિજ્ઞા પલટું નહીં.

શંકર—"મહારાણા! ત્યારે મને રજા છે? પુનઃ પ્રસંગ મળે હું સેવામાં હાજર થતો રહીશ."

આ વખતે રાણાને વિચાર થયો કે, શું કવિરાજ મારી પાસેથી કંઇ પણ મેળવ્યા વગર જ જાય? ના ના તેમ તો ન જ થવું જોઇએ! વળી પાછો એમને વિચાર થયો કે પણ મારી પાસે અત્યારે કવિ-રાજને આપવાનું પણ શું છે? છેવટે તેમણે પોતાના શિર ઉપર બાંધેલું મેહેકર ઉઠાવી કવિરાજને આપતાં કહ્યું કે: "કવિરાજ! આપ જાણો જ છો કે અત્યારે આપનો સત્કાર કરવા સરખી કોઇ પણ વસ્તુ મારી પાસે નથી. માત્ર આ મેહેકર છે અને તે હું આપને નજર કરૂં છું તે સ્વીકારી ઉપકારી કરો."

આ પ્રમાણે કહી હાથ લંબાવતાં જ પુનઃ મહારાણાને વિચાર થયો કે, "હું આ મેહેકર કવિરાજને આપું છું, પરંતુ તેઓ તો સર્વ સ્થળે ફરવાવાળા છે એટલે કદાચ અકબરના દરબારમાં જાય અને ત્યાં મારૂં મેહેકર શિર ઉપર બાંધેલું હોય અને તેઓ તેને નમે તો મારૂં મેહેકર પણ નમેલું કહી શકાય." આથી તેઓ હાથ આગળ પણ લંબાવી શક્યા નહીં, તેમ પાછો પણ ખેંચી શક્યા નહીં. કવિરાજ સમજ્યા કે મહારાણાને મહાન્ સંકટ ઉદ્ભવ્યું છે. તેથી તેમણે મહારાણાના મનનો ખુલાસો કરતાં કહ્યું કે:

"મહારાણા! આપનો કૃપાકટાક્ષ એ જ અમને લક્ષ પસાવ છે.

આપ સૂર્યવંશી છો અને સંકટમાં મૌજ આપે એ સૂર્યવંશનો સ્વભાવ જ છે. ભગવાન્ શ્રીરામચન્દ્રજીએ પણ વિભીષણને* સંકટના સમયમાં જ લંકાનું રાજ્ય આપ્યું હતું. છતાં પણ આપ મને જે મૌજ આપો છો તે આ સમયમાં હું ન જ લેત; પરંતુ આપના મનમાં જે શંકાએ સ્થાન મેળવ્યું છે, તે કારણ હું સમજી શકયો છું. એટલે હું આપશ્રી પાસેથી માગીને હવે મૌજ લઉં છું. આપની પ્રતિજ્ઞાને તેથી કોઇ પણ રીતે હરકત નહીં આવે, પરંતુ હું આપ સમક્ષ પ્રતિજ્ઞા કરી કહું છું કે, હું પાદશાહના દરબારમાં જઇશ અને છતાં પણ આપશ્રીની પ્રતિજ્ઞા પાદશાહને જણાવવા ખાતર જ મેહેકર તેને નહીં નમાવું."

કવિરાજના કહેવાથી મહારાણાને અત્યાનંદ થયો કારણ કે પોતાની દૃઢ પ્રતિજ્ઞા છેક પાદશાહ સુધી કવિરાજ પહોંચાડશે, તેથી તેણે મેહેકર કવિરાજને આપ્યું. કવિરાજ રાણાની રજા લઇ વિદાય થયા. તેમને પોહોંચાડવા સારૂ ખુદ મહારાણા અને તેમના સરદારો ગયા. કવિરાજને વિદાય કરી આવ્યા બાદ મહારાણાએ પોતાના સરદારોને કહ્યું કે:

"સરદારો! તમો જાણો છો કે મારે સર્વેશ્વરની મરજી હોય ત્યાં સુધી ગુપ્ત રહેવાની જરૂર છે. માટે તમો તપાસ કરી કોઇ ગુપ્ત સ્થળ મારા માટે પસંદ કરો કે જ્યાં આગળ મારા રહેવાની દુશ્મનોને માલુમ પડી શકે નહીં."

મહારાણાની આજ્ઞા થવાથી સરદારો ગયા, આજુબાજુના જંગલમાં તપાસ કરી એક ભોમીયા ભિલને પોતાની સાથે લઇને મહારાણાજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે: "અન્નદાતાર! આ ભિલ સમગ્ર જંગલોનો માહિતગાર છે માટે તેને પૂછવાથી તે આપણને કોઇ ગુપ્ત સ્થળ બતાવશે."

પ્રતાપ—"કેમ ઠાકોર! આ જંગલમાં તમારો સરદાર કોણ છે? અને તેના કબજામાં કેટલા ભિલ છે?"

---

* સવૈયા—પોઢણકો તૃણકે પયકે અરૂ ઓઢનકો પટ હૈ બકલી કે,
ભોજન યામ મિલે કબહૂ, કબહૂક ભખે ફલ હૈ કદલી કે;
સમ્પતિકો પરવેશ યહૈ રૂ, મહાદુઃખ દેહ વિદેહ લલી કે,
તા દિન લંક દઈજુ વિભીષણ, હાથ બહૈ રઘુનાથ બલી કે. ૧
માતકો મોહ ન દ્રોહ દુમાતકો, ના કછુ તાતકે ગાત દહેકો.
પ્રાનકો છોહ ન બંધુ બિછોહન, રાજકો મોહન ઓધિ ગયેકો;
નેક ન 'કેશવ' આવત જીવમેં, ના કછુ સીત વિયોગ સહેકો,
તારન-ભૂમિમેં રામ કહ્યો, મોહિ સોચ વિભીષણ ભૂપ કહેકો. ૨

દોહા— અધિપતિ આડો અંક, રાઘવ રજપૂતી તણા;
હિષાય પહેલી લંક, દીધી તેં દશરથ તણા. ૩

ભિલ્લ—"હજુર! આ જંગલમાં 'દોલીયો' નામનો ભિલ્લોનો સરદાર છે, અને તેના કબજામાં મારા સમાન દશ હજાર ભિલ્લો રહે છે."

પ્રતાપ—"તે તમારો ઠાકોર આ જગાએથી કેટલો દૂર રહે છે?"

ભિલ્લ—"અન્નદાતાર! તે અહિંથી બહુ જ નજીક રહે છે. જરૂર હોય ને આજ્ઞા થાય તો તેને બોલાવી લાવું."

પ્રતાપ—"હા, તેની જરૂર છે, માટે મારા એક સરદારને તમારી સાથે લઈ જાઓ અને એને બોલાવી લાવો."

મહારાણાએ આ ભિલ્લની સાથે પોતાના એક સરદારને દોલિયાને બોલાવી લાવવા સારૂ મોકલ્યો. જ્યારે તેઓ ગયા, ત્યારે મહારાણા પોતાના બાકીના સરદારોને કહેવા લાગ્યા કે:

"સરદારો! શું પૃથ્વી નિઃક્ષત્રિય થઈ ગઈ છે? અત્યારે કંઈ પરશુરામજીનો જન્મ થયાનું તો દેખાતું નથી! પછી જોધપુર અને જયપુર જેવાં મોટાં રાજ્યોના રાજાઓ પણ આવી રીતે મોગલોના પરતંત્ર બની ગુલામગિરી શા સારૂ કરે છે? જો કદાચ તેવા દેશદ્રોહીઓ મારી સાથે રહ્યા હોત તો શું આપણી આ દશા આવત કે? શું અંત્યારના સમયમાં માત્ર એક જ મન્નાજી હતો? બીજા ક્ષત્રિયો મન્નાજી સમાન નથી? જો અંબર અને મારવાડમાં પણ મન્ના સમાન ક્ષત્રિયો ઉત્પન્ન થયા હોત તો તેમનાં રાજ્યોની આ અધમતા આવત કે? હવે તેમને તો માત્ર મોગલોની ઇચ્છા અને કૃપા ઉપર જ રાજ્યો ભોગવવાનાં રહ્યાં છે. તેમના સુબાઓની કૃપા હોય ત્યાં સુધી જ તેઓ રાજ્યસુખ ભોગવી શકશે, અને તેમની અકૃપા સાથે જ તેમના રાજ્ય-સુખોનો પણ અંત આવશે. ખરેખર તે ક્ષત્રિય કુળ કલંકોની સ્થિતિ તો માત્ર ગુલામોના સમાન જ બની રહી છે, અને તેમની પ્રજાની સ્થિતિ તો તેથી પણ અધમ બની ગઇ છે અર્થાત્ પ્રજા તો ગુલા-મોની પણ ગુલામ બની ગઇ છે." (આ પ્રમાણે સરદારોને કહી પૃથ્વી તરફ નજર કરી કહેવા લાગ્યા કે) "અરે! હે સ્વતંત્રતાને ચાહનાર દેવી! તું પણ કેમ આવી કઠોર બની ગઇ છે? દેવી! શું હવે તને સ્વતંત્રતા પ્રિય નથી? કે જેથી અમારા દેશમાં આવા નિષ્ઠુર ક્ષત્રિયો તું ઉત્પન્ન કરે છે? અને 'યથા રાજા તથા પ્રજા'ના નિયમને અનુસરી પ્રજાને પણ તું શું દેશદ્રોહી ઉત્પન્ન કરે છે? તેઓ સ્વદેશ સેવક રાજા પ્રજાને કનડતાં લગાર પણ વિચાર લાવતા નથી. માતા! માતા! હવે તો મારાથી આ તારા ઉપર થતાં પાપો જોઇ શકાતાં નથી, માટે હવે તો તું રસાતળમાં જવાની કૃપા કર, અથવા અમો તારો ઉદ્ધાર કરી શકીએ તેવી તારી દિવ્ય શક્તિ અને સહાનુભૂત અમને અર્પીને મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરાવ."

આ પ્રમાણે પ્રાર્થના કરતાં કરતાં મહારાણાનાં નેત્રોમાંથી અશ્રુઓનો પ્રવાહ વેહેવા લાગ્યો, છતાં પણ તેઓ દઢતા રાખી ગદ્‌ગદ કંઠે માતૃભૂમિની પ્રાર્થના કરવા લાગ્યા કે—

સ્વદેશ પ્રેમી પુત્ર તારો, માત વંદુ પ્રેમથી;
સ્વતંત્રતા ચાહું હું તારી, માત પૂરણ નેમની. સ્વદેશ૦
જે વંશમાં શ્રીરામ થઇ, રાવણ અરિને મારતા;
જે વંશમાં બાપ્પા થઈ, સ્વતંત્રતા ઉર ધારતા. સ્વદેશ૦
સંગ રાણો થઈ ગયા, તે વંશમાં પ્રખ્યાત છે;
જેહનાં કૃત્યો થકી, રાણા વંશ બહુ વિખ્યાત છે. સ્વદેશ૦
માતા જનમ કેમ આપીઓ, તે વંશમાં અરરે ! મને;
સ્વતંત્રતા નહીં સાચવી, પરતંત્ર કીધી મેં તને. સ્વદેશ૦
કરી પ્રતિજ્ઞા પ્રાણ સાટે, માહરી તું નિભાવજે;
ભલે પ્રાણ તેમાં જાય પણ, સ્વપ્ને નહીં તે તજાવજે. સ્વદેશ૦

હવે રાણાજી વધુ બોલી શકયા નહીં, તેમનો કંઠ બંધ થઇ ગયો. પાસે ઉભેલા સરદારોનાં નેત્રોમાંથી પણ અશ્રુઓની ધારાઓ વહન કરવા લાગી. તેમનાં મનમાં માતૃભૂમિની પરતંત્રતાએ ગૃહ કર્યું, દેશમાં થતા અત્યાચારો જાણે તેમના આગળ મૂર્તિમંત ફરતા હોય તેમ તેમને લાગ્યું. રાણાજીથી ઉભા રહી શકાયું નહીં, તેમનું મગજ ભમવા લાગ્યું, તેઓ તુરત જ જમીન ઉપર બેસી ગયા અને પોતાનાં નેત્રો બંધ કરી લીધાં. આ વખતે તેમના મનમાં કયા વિચારો ઘોળાઇ રહ્યા હતા તે તો અમો કહી શકતા નથી. પરન્તુ નિદાન તેમના હૃદયમાં સ્વદેશ પ્રેમના દરિયાની ભરતી અને ઓટની લડાઇઓ ચાલી રહી હતી, એમ તો માની શકાય છે. આ અરસામાં દોલીયાને બોલાવવા ગયલો ભિલ અને સરદાર આવી પોહોંચ્યા. તેમણે મહારાણાને ઘુંટણે પડી પ્રણામ કરી અરજ કરી.*

સરદાર—“અન્નદાતાર ! ભિલ્લોના સરદાર આવ્યા છે, અને તે આપને નમન કરે છે.” હવે મહારાણાએ પોતાનાં નેત્રો ખોલ્યાં, સામે યમરાજાના દૂત-સમાન કાળા શરીરવાળો, વસ્ત્રોમાં માત્ર એક લંગોટી અને કમરે એક આડા લુગડાનો કકડો બાંધ્યો હતો, ભિલ્લોના સરદારની ઓળખમાં તેણે માથા ઉપર એક નાનકડો શો રૂમાલ બાંધ્યો હતો અને પગમાં રૂપાનું મોટું સાંકળું—તોડો પહેર્યો હતો, વળી કમ્મરે વીંટેલા લુગડા ઉપર રૂપાનો કંદોરો પહેરેલો હતો. એક હાથમાં તેણે

* આ દોલિયાના સંબંધની વિશેષ હકીકત જાણવા ઇચ્છનાર અમારી લખેલી 'પ્રતાપની [illegible]' એ નામની વાર્તા વાંચવી કે જે મુંબઈ 'ગુજરાતી' પ્રેસ તરફથી 'ભારત લોક કથા'માં પ્રસિદ્ધ થવા સંભવ છે.

ભિલ્લોનું ભયંકર હથિયાર ધનુષ્ય અને બીજા હાથમાં કેટલાંક બાણો ધારણ કરેલાં હતાં. તેણે આવીને મહારાણાને પ્રણામ કર્યા. મહારાણાએ તેને કહ્યું કે:

"ઠાકોર ! એક વખતે ભગવાન્ શ્રીરામચન્દ્રજીને જંગલમાં ગુહ રાજાએ આશ્રય આપ્યો હતો. રામચન્દ્રજીના રક્ષણ સારૂ પોતાના ભિલ્લો સાથે ભરતજી સામે લડવા અને મરવા તે તૈયાર થયો હતો, તે જ પ્રસંગ હું તે જ શ્રીરામચન્દ્રજીના વંશમાં ઉદ્ભવેલો હોવાથી મારા માટે ઉદ્ભવ્યો છે. માત્ર એમાં તફાવત એટલો જ છે કે ભગવાનને પિતાજીએ વનવાસ આપ્યો હતો, ત્યારે મારે મારા દેશદ્રોહીઓ, જાતિદ્રોહીઓ અને ક્ષત્રિયકુલ કલંકીઓનાં નીચ કૃત્યોથી દેશ છોડી જંગલમાં આવવું પડયું છે. તમો કહો કે તમો મારૂં રક્ષણ કરી શકશો !"

બિચારો દોલિયો ભિલ્લ કંઇ મહારાણાનું આ કહેવું એકાએક સાચું માની શકે કે ? એને તો મનમાં તર્ક–વિચાર થવા લાગ્યા કે શું આ બધું સત્ય છે કે માત્ર મારી મશ્કરી કરવામાં આવે છે. તેથી તે બિચારો એકાએક ઉત્તર ન આપી શક્યો. મહારાણાએ તેને વિચારમાં પડેલો જોઇ જણાવ્યું કે:

"કેમ ઠાકોર ! શું વિચારમાં પડ્યા છો ? શું મોગલોનો દુશ્મન એવો જે હું તેને આશ્રય આપતાં તમને આંચકો આવે છે ! અને જો આંચકો હોય તો તે પણ વ્યાજબી જ છે. કારણ કે મોગલોનો સૂર્ય આ વખતે ચડતીનો છે અને મારો સૂર્ય પડતીનો હોઇ આથમી ગયો છે. વળી જે મોગલોથી દુશ્મનાવટ કરતા જોધપુર જયપુર જેવાં રાજ્યો પણ હેબકી ગુલામગિરી પસંદ કરે છે, તો પછી તમો ડરો તેમાં શું નવાઇ ! છતાં પણ તમો જણાવો કે તમારો શું વિચાર છે !"

બિચારો દોલિયો જાણે વિચારરૂપી ઘોર નિદ્રામાંથી જાગ્રત થયો હોય તેમ ભાનમાં આવી નેત્રોમાં અશ્રુઓ લાવી પ્રાર્થના કરવા લાગ્યો કે:–"અન્નદાતાર ! હિન્દવા શૂર ! મને મોગલોની કંઇ પણ દેહશત નથી. મને આપના રક્ષણ આગળ મારા પોતાના પ્રાણની પણ પરવા નથી, પરંતુ મને વિચાર થાય છે કે શું આ હું સૂર્યવંશના મુકુટમણિ મહારાણાજીના મોઢામાંથી નીકળતા શબ્દો મારી જાગ્રદવસ્થામાં સાંભળું છું કે કંઇ સ્વપ્ન અનુભવું છું !"

પ્રતાપ–"ઠાકોર ! તમો સ્વપ્ન અનુભવતા નથી, પરંતુ આ બધું જાગ્રદવસ્થામાં સત્ય સાંભળો છો, માટે જો તમે મને આશ્રય આપી શકો તેમ હો તો જણાવો. બાકી મેં તો નિશ્ચયપૂર્વક પ્રતિજ્ઞા કરી છે કે 'જો હું માતૃભૂમિનો ઉદ્ધાર કરી શકું તો જ શહેરમાં જવું.

પરંતુ મોગલોને નમીને તો રાજ્યસુખ ન જ જોઇએ' ઠાકોર ! મારે મારી પ્રતિજ્ઞાના પાલન સારૂ જ આ જંગલોમાં રખડવું પડે છે અને તમારો આશ્રય માગવો પડે છે." પ્રતિજ્ઞા સારૂ તોઃ-

છપ્પય—સત્ય વચનને કાજ, રાજ છોડયું હરિચન્દે;
સત્ય વચનને કાજ, રામ વન ગયા આનન્દે.
સત્ય વચનને કાજ, રાજ નળ વનવન ભટક્યો;
પ્રિયા વિખૂટી કરી, છતાં નહીં વચનથી અટક્યો.
વળી પાંડવ સરખા પ્રબળ તે, સુખી રહ્યા નહીં વન વિષે;
રક્ષા કરતાં કુળ ધર્મતની, તે જ સમય મુજ શિર દિસે.

દોલિયો—"પ્રભુ ! જો આપના કહેવા મુજબ સત્ય જ હોય હું આપને આશ્રય આપવામાં અને રક્ષણ કરવામાં સુખ માનીશ."

પ્રતાપ—"ઠાકોર ! મારૂં રક્ષણ કરવામાં અને મને આશ્રય આપવામાં તમો જંપીને બેસી નહીં શકો, કારણ કે મોગલો મને જ્યાં જ્યાં જાણશે, ત્યાં ત્યાં પોતાનું સૈન્ય મોકલશે અને જો તમોએ મને આશ્રય આપ્યો છે એમ તેમને માલુમ પડશે, તો તમારા સ્થળ ઉપર પણ તેઓ તેમનું સૈન્ય મોકલશે, માટે જો તમો તમારા પ્રાણ સાટે મારૂં અને મારા કુટુંબનું રક્ષણ કરી શકવાની હિમ્મત રાખતા હો તો જ મને આશ્રય આપો. તેઓ તમને મોટી મોટી લાલચો પણ આપશે, પરંતુ તેમાં લલચાશો નહીં, એવી તમારી પોતાની પ્રથમ ખાત્રી કરીને ઉત્તર આપજો."

દોલિયો—"તન, મન અને ધનથી પ્રભુ, રક્ષા કરીશ હું પ્રેમથી;
કદિ થાય ટૂકડા કોડ તન, (પણ) ચૂકું નહીં નિજ નેમથી.

પ્રભુ ! મારૂં મુકામ એવા ઠેકાણા ઉપર છે કે જ્યાં એક પાદશાહ તો શું પણ એવા અનેક પાદશાહોનું સૈન્ય આવે તો પણ તેઓ જાણી શકે તેમ નથી. છતાં જો તેઓ કદાચ સૈન્ય લઇ આવશે તો મારા દશ હજાર ભિલ્લો તેમના પ્રાણ સાટે આપનું રક્ષણ કરશે. વળી અહીંથી ગયા પછી તુરત જ હું તમામ રસ્તાઓ અને ડુંગરો ઉપર ચોકીનો બંદોબસ્ત કરીશ કે જેથી મોગલો આવવાનો વિચાર કરતા હશે તો આપણને તેની તુરત જ માલુમ પડી શકશે, અને તેથી આપણને સ્થળ ફેરવવામાં પણ હરકત નહીં આવે."

પ્રતાપ—"ઠાકોર ! જો તમારી આવી હિમ્મત હોય તો જ હું તમારો આશ્રય સ્વીકારવા ખુશી છું."

દોલિયો—"અન્નદાતાર ! ખુશીથી મારી સાથે પધારો."

મહારાણા, તેમના સરદારો અને મહારાણાનું કુટુંબ દોલિયા સાથે જવા સારૂ તૈયાર થયું એટલે દોલિયાએ પોતાના ભિલ્લોને આજ્ઞા કરી કે,

"ભિલ્લ સરદારો ! તમો આ મહારાણા સાહેબની ડોળી ઉઠાવી લો અને સત્વર ચાલો." (વળી તેણે બીજા કેટલાક ભિલ્લોને ફરમાવ્યું કે) "તમો સહુ ઉતાવળા ઉતાવળા જાઓ અને મારા દરબાર પાસેની ખીણમાં અન્નદાતારજી સારૂ એક સુંદર પર્ણકુટી, બીજા આપણા સરદારોની મદદ લઈ બનાવી નાંખો. હું હમણાં જ અન્નદાતારજી સાથે આવી પહોંચું છું."

કેટલાક ભિલ્લોએ ડોળી ઉઠાવી લીધી અને બાકીના ભિલ્લો પોતાના સરદારની આજ્ઞા મુજબ પર્ણકુટી તૈયાર કરવા સારૂ ચાલ્યા ગયા, અને રાણાજીનો આ જંગલી બનેલો રસાલો, અરે ! જંગલી ભિલ્લોનો આશ્રિત રસાલો છુપાવવાના રહેઠાણ તરફ ચાલ્યો.

અહા ! ઈશ્વરની શું ગહન ગતિ છે કે જે થોડા જ સમય ઉપર મેવાડભૂમિનો મહારાણો હતો, તે જ પ્રતાપી પ્રતાપ અત્યારે ભિલ્લોના આશ્રય નીચે ગુપ્ત રીતે રહીને પણ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, પોતાના વંશનું બિર્દ સાચવવા ચાલ્યો.

પ્રકરણ આઠમું

શક્તાજીનું સલીમથી છુટા પડવું

છપ્પય–દગો કરો જનિ કોઈ, દગો છે દુશ્મન ભારી,
દગો કરો જનિ કોઇ, દગો છોડાવે મારી;
દગો કરો જનિ કોઇ, દગાથી સુખ નહીં પામે,
દગો કરો જનિ કોઇ, કરાવે નીચા કામો;
દગો કરવા થકી પાપનાં, ઊંડાં મૂળ રોપાવતો,
જન કોઈ ન કરો જગમાં દગો, અનીતિ અતિ કરાવતો.

વહાલા વાચકો ! આપણે મહારાણા સાથે છેક જંગલમાં ફર્યા અને તે સમયમાં રણભૂમિ તરફ પાછા ફરેલા વીર શક્તાજીની શી સ્થિતિ બની તે જાણી શક્યા નહીં, માટે હવે તમો પણ મારી સાથે રણભૂમિમાં ચાલો અને શક્તાજીની શી સ્થિતિ થઈ તે જાણી લો. પોતાના ભાઈથી છુટા પડ્યા પછી શક્તાજી મન સાથે શાહજાદાને શું ઉત્તર આપવો તે સંબંધી વિચાર કરતા સલીમની છાવણીમાં આવી પહોંચ્યા. તેમને તો સહુ મોગલો સારી રીતે જાણતા જ હતા એટલે તેમને અટકાવવાનો કોઇએ પણ પ્રયાસ કર્યો નહીં. એટલે તેઓ તુરત જ સલીમના હાથી પાસે આવ્યા. તેમને જોઇને સલીમે પૂછ્યું.

સલીમ–"કેમ શક્તિસિંહ ! તમો તો કહી ગયા હતા કે તુરત જ

પાછો આવીશ. છતાં આટલી બધી વાર શા સારૂ લાગી! અને તમો જઈને શું કરી આવ્યા!"

હવે શકતાજીને ખોટો ઉત્તર આપ્યા સિવાય શું ઉપાય હતો! શું રાણાજીના ભાઈ હોવાથી કુદરતી નિયમ જે એક ખોટાણાને છુપાવવાં બીજાં ઘણાં ખોટાં કરવાં પડે છે તે નિયમથી બચી શકે કે? તેઓ તે નિયમથી બચ્યા નહીં. તેમણે શાહજાદાને કહ્યું કે:

"શાહજાદા સલામત! મારા આગળ બે મોગલ સ્વારો રાણાની સામે થયા હતા, તેમને રાણાએ મારા જતાં પહેલાં મારી નાખ્યા અને લડતાં મારો પણ ઘોડો મરાયો, તેથી હું પણ પેલા રાણાના હાથે મરાયલા એક મોગલના ઘોડા ઉપર સવાર થઈ આપની સમક્ષ પાછો હાજર થયો અને રાણો જંગલમાં ચાલ્યો ગયો."

શકતાજીની ઘોડાની બદલી અને તેમના ચેહેરા ઉપરનો દેખાવ જોઈ શાહજાદો એવા અનુમાન ઉપર આવ્યો કે, આ શકતાજી મને ખોટો ઉત્તર આપી ઠગવા માગે છે. તેથી સત્ય હકીકત જાણવા સારૂ તેણે તેને કહ્યું કે:

"શક્તિસિંહ! તમારી મુખાકૃતિ મને એમ સૂચવે છે કે તમો પ્રથમ હતા તે શક્તિસિંહ નથી. માટે હું તમને અભયવચન આપું છું અને પ્રશ્ન કરૂં છું કે આમાં સત્ય હકીકત શું છે? માટે જે કંઈ બન્યું હોય તે સાચેસાચું જ મને જણાવી દો. યાદ રાખજો કે એક અક્ષર પણ અસત્ય જાહેર કરશો તો શિરચ્છેદ કરવામાં આવશે."

અભય વચન મળ્યા પછી શક્તિસિંહ શા સારૂ અસત્ય બોલે! હવે તો તેમને 'જોઈતું હતું ને વૈદે કહ્યા' સમાન થયું. તેથી તે પણ સત્ય હકીકત કહેવા લાગ્યા.

"શાહજાદા સલામત! હું આપથી છુટો પડ્યો તે જ વખતે મારા વિચારો બદલાયલા હતા. ખુરાસાની અને મુલતાની મોગલોને પણ તેઓ મહારાણાના વાંસે પડેલા હોવાથી મેં જ માર્યા છે. અને મહારાણાનો ઘોડો ચેટક બહુ ઘવાયલો હોવાથી રસ્તામાં મરણ પામ્યો, તેથી તેમને મેં સારો ઘોડો આપ્યો અને મોગલોના ઘોડાઓમાંથી એક ઘોડો લઈ હું આપની સમક્ષ હાજર થયો છું."

સલીમ—"શકતાજી! તમોએ તમારા સ્વાર્થ ઉપર છીણી મુકી છે. અમારો વિચાર હતો કે આ મેવાડનું રાજ્ય તમને જ આપવું, પરન્તુ તમોએ તેને ગુમાવ્યું છે. ખેર! તે તમારી મરજીની વાત છે. મેં તો તમને અભય વચન આપ્યું છે તેથી હવે હું કંઈ કરી શકતો નથી. પરન્તુ તમોએ તમારો લાભ ગુમાવવાની મૂર્ખતા કરી છે."

શક્તાજી—"શાહજાદા સલામત! જે મહારાણા સારૂ વીરવર મન્ના-જીએ આપના સમક્ષ પોતાનો પ્રાણ અર્પણ કર્યો છે, જે મહારાણો પોતાના કંઇ પણ સ્વાર્થ સિવાય માત્ર પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા સારૂ, પોતાના કુળની મર્યાદા સારૂ અને ક્ષત્રિવટ બનાવવા સારૂ મહાન્ સંકટો સહન કરવા તૈયાર થયો છે, તે જ મહારાણાને માત્ર એક મેવાડ ભૂમિના રાજ્ય સમાન તુચ્છ સ્વાર્થને સારૂ હું, જે વંશમાં તે ઉત્પન્ન થયલા છે તે જ વંશમાં ઉત્પન્ન થયા છતાં મારવા ઉદ્યુક્ત થાઉં, તે મારાથી શી રીતે બની શકે? અરે! તેવી રીતે જ્ઞાતિ-દ્રોહ, કુટુંબદ્રોહ અને પોતાના વડીલ ભાઇનો દ્રોહ કરવાથી કદાચ ત્રિભુવનનું રાજ્ય મળતું હોય તો પણ તેને હું નરક સમાન માનું છું. માટે હું જઇને મારા વડીલ ભાઇનો પ્રાણ મોગલોની આફતમાંથી બચાવી આવ્યો છું."

સલીમ—"શક્તાજી! જ્યારે અત્યારે આટલું બધું ડહાપણ આવ્યું, ત્યારે પ્રથમ તમારૂં તે ડહાપણ કયાં ગયું હતું? શું આ વિચારો બાદ-શાહ પાસે આવ્યા ત્યારે તમારા હૃદયમાં નહોતા આવ્યા?'

શક્તાજી—"ખુદાવિંદ! ક્રોધ એ સમગ્ર પાપનું મૂળ છે. અને તે જ મુજબ હું તે વખતે ક્રોધના આવેશમાં ફસાયલો હતો એટલે તે વખતે મને આ વિચારો આવ્યા નહોતા, પરન્તુ જ્યારે વીરવર મન્નાજી સમાન ગુરૂ મળ્યો અને તેણે પોતાના ચરિત્ર સમાન ઉપદેશથી મારા તે વિચારોને મારા હૃદયમાંથી હાંકી કહાડ્યા, ત્યારે હું મારા મૂળ સ્વરૂપને ઓળખી શકયો છું. ખુદાવિંદ! પોતાના મૂળ સ્વરૂપને જાણ્યા પછી બકરીના ટોળામાં ઊછરેલું વાઘનું બચ્ચું પણ તેમને છોડી જંગ-લમાં ચાલ્યું ગયું હતું અને જે કુળમાં તે ઊછર્યું હતું તે જ કુળને તે વિદારનાર થયું હતું. મારૂં પણ એમ જ માનો."

સલીમ—"શક્તાજી! હું તમને અભય વચન આપી ચૂકયો છું. એટલે તમને કંઇ જ કરી શકતો નથી, પરન્તુ તમને ફરમાવું છું કે તમો તમારા માણસો સાથે તુરત જ છાવણી છોડી ચાલ્યા જાઓ. હવે તમને મારી પાસે રાખવામાં મને સાર જણાતો નથી."

શક્તિસિંહને શાહજાદા પાસેથી રજા મળી એટલે તેઓ ખુશ થતા પોતાના માણસો સાથે બાદશાહી છાવણી છોડીને ચાલતા થયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે 'શું મારે ખાલી જ હાથે મહારાણાની મુલાકાત લેવી? ના, ના તેમ તો નહીં, માટે કંઇક ભેટની વસ્તુ સાથે જ મળવું.' આ વિચાર કરી તેમણે પાદશાહના 'ભિંસરોર' નામના એક નાના કિલ્લા ઉપર આક્રમણ કરી તેને પોતાના કબજે કર્યો, અને ત્યાર પછી તેઓ

શોધતા શોધતા મહારાણાને જઇ મળ્યા. તેમણે મહારાણાને પોતાના હવાલે કરેલો 'ભિસરોર'નો શાહી કિલ્લો નજર કર્યો.

જેના પાસે ઉભા રહેવાની જગા નથી, જેને છુપાવાની જગા નથી, પરન્તુ જેનું દિલ અદ્યાપ પણ મહાન્ રાજા સમાન છે તેવા ઉદાર ચિત્તવાળા પ્રતાપી પ્રતાપે તે જ કિલ્લો તેમને–શક્તિસિંહને–આજીવિકામાં આપ્યો અને કહ્યું કે–

"ભાઇ! તમો હવે મારાથી છૂટા પડી મોગલોને હેરાન કરવાના કાર્યોમાં લાગો કે જેથી તેઓ મને વિશેષ ઉપદ્રવ કરી શકે નહીં. તમોએ મને અંત સમય ઉપર જરૂર કરતાં પણ વિશેષ મદદ કરી છે. તે જ મુજબ આપણા કુળની મર્યાદાનો વિચાર કરી વખતોવખત મને મદદ કરતા રહેશો."

મહારાણાએ પોતાના ભાઇને એક બાજુ કાર્યમાં લગાડ્યા અને પોતે પોતાના કાર્યક્ષેત્રમાં બીજી બાજુ વળ્યા.

આ હલદી ઘાટના યુદ્ધમાં એકંદર ચૌદ હજાર રાજપૂતો રણભૂમિમાં કાયમના નિદ્રા લેવા સારૂ સુતા તે સહુનાં નામો અમો ક્યાં જણાવીએ; પરન્તુ મહારાણા વંશના પાંચસો જેટલા વીરો સમરશાયી થયા હતા, અને ગ્વાલીયરના બાબરના સમયમાં પદભ્રષ્ટ થયેલા રાજા રામશા, એના પુત્ર અને સાડાત્રણસો તુંવર રાજપૂતો સાથે સમરશાયી થયા હતા. તે સિવાય ઝાલાવંશાવતંસ, ક્ષત્રિયકુળમુકુટમણિ મન્નાજીનાં કાર્યોનું તો શું વર્ણન કરવું? તે તો અમો સહજ આગળ જણાવી જ ચૂકયા છીએ.

આ યુદ્ધમાં એટલા જ ક્ષત્રિયો મરાયા હતા એમ નથી, પરન્તુ તેમની સાથે રહી તેમને ઉત્તેજન કરનાર ભટ્ટ કવિઓ પણ સમરશાયી થયા હતા. તેમાં મુખ્ય ભટ્ટ કવિ કે જેનાં કાવ્યોથી રાજપૂતો અત્યંત વીરતામાં આવી મોગલોના સર્વ પ્રયાસ નિષ્ફળ કરવા ઉદ્યુક્ત થયા હતા તે પણ મરાયો હતો. તેનાં કાવ્યો અદ્યાપ પણ મેવાડવાસીઓ હર્ષથી ગાય છે.*

---

* અને આથી જ કહેવામાં પણ આવ્યું છે કે.

કવિત–આપ અહો રાજા હમ અહેં કવિરાજ યાતેં,
રાજરે તેં બડકેં હમારો નામ ભારી હે;
રાજરો તો હુકમ ચલે હે નિજ દેશ મધ્ય,
જગતમેં હમારી શ્રેષ્ઠ જામી અખત્યારી હે;
આપ દેત ગ્રામ ઘોડા હાથી ધન માલ કછુ,
હમ દેત કાવ્ય જાકી કિમ્મત અપારી હે;
આપ રન બાંહો ખડ્ગ હમ બિરદાવેં સંગ,
સર્વ રીત રાજનતેં કવિરાજ ભારી હે.

રાજપૂતો અસ્તવ્યસ્ત થઇ નાસવા લાગ્યા, કેટલાક સરદારો તો આપણે આગળ જાણી શક્યા છીએ તેમ મહારાણાને મળ્યા પણ ખરા અને કેટલાક રાજપૂતો ધીમે ધીમે મહારાણાનો પત્તો મેળવી મળે જાય છે.

પ્રકરણ નવમું

મહારાણાનો જંગલમાં વાસ

કાયા તજી છાયા કદાપિ, સ્વામી કયંઈ હોયે જતી ?
પશ્ચિમે ઊગે સૂર પણ, પતિ પક્ષ છોડે કયંઈ સતી ?
ત્યમ નાથ જાતાં પ્રાણ પણ, અહિંથી અમો જાશું નહીં,
નિજ નાથની સાથે રહી સહુ, કષ્ટ ભોગવશું સહી.

ભિલ્લોના સરદારે આપણે આગળ જણાવી ગયા છીએ તેમ પોતાના ભિલ્લોને પોતાના દરબાર પાસેની ખીણમાં મહારાણા માટે સુંદર પર્ણકુટી બનાવવા આજ્ઞા ફરમાવવાથી, તેઓએ જઇને તેમના સરદારના દરબાર પાસેની એક ઉંડી ખીણ સાફ કરી, ત્રણ મજલાની પર્ણકુટી, ઝાડો કાપી અને સુંદર રીતે બનાવી, પોતાના સરદારને આવવાની રાહ જોવા લાગ્યા.

પર્ણકુટી તૈયાર કરી ભિલ્લો મહારાણાની અને પોતાના સરદારની રાહ જોતા હતા, તે અરસામાં મહારાણાજીના સરદારો, તેમનું કુટુંબ અને ખુદ મહારાણાજી સાથે પર્ણકુટીવાળી જગાએ આવી પહોંચ્યા. દોલીઆએ મહારાણાને રસ્તામાં પોતાનું સ્થળ બતાવ્યું અને પછી ખીણમાં જઇ તેમને સારૂ ભિલ્લોએ તૈયાર કરેલી પર્ણકુટી બતાવી. મહારાણા બહુજ પ્રસન્ન થયા, અને પોતાના સરદારોને કહેવા લાગ્યા કે:

"સરદારો! આ ભિલ્લ ઠાકોરે મારા માટે કેવી સારી પર્ણકુટી તૈયાર કરી છે. વળી આપણે જે જે રસ્તાઓ જોતા આવ્યા તે ઉપરથી એમ પણ જણાય છે કે આ સ્થળ બહુ જ નિર્ભય છે, અને તેથી મારા આ સ્થળે હોવાની મોગલોને માલૂમ પડી શકશે નહીં."

સરદાર—"અન્નદાતાર! જો કે મોગલોને માલૂમ પડવાનો સંભવ ઓછો છે, છતાં પણ જો તેમને માલૂમ પડી તો અહીં તેઓ ફાવી શકે તેમ નથી. કારણ કે આપશ્રીની સરદારીમાં અમો તથા આ ઠાકોર પોતાના દશ હજાર ભિલ્લો સાથે લડવા ઉદ્યુક્ત થઇશું, તે વખતે અમારા સહુના હૃદયોમાં નવીન પ્રકારનું જોસ આપશે, માટે આ સ્થળ આપણા સારૂ દરેક રીતે નિર્ભય છે."

પ્રતાપ—"સરદારો ! તમારે અહીં મારી સાથે રહેવાની શું જરૂર છે ? તમો સહુ ખુશ રીતે પોતપોતાની જાગીરો તરફ જાઓ અને સુખેથી રાજ્ય કરો. મારા ઉપર આ જે કષ્ટ વાદળ આવ્યું છે તે હું ભોગવીશ. મારી સાથે તમારે સહુએ પણ શા સારૂ દુઃખી થવું જોઇએ ? માટે તમો જાઓ."

સરદાર—કાયા તજી છાયા કદાપિ, સ્વામી ક્યંઇ હોયે જતી ?
પશ્ચિમ ઊગે સૂર્ય પણ, પતિ પદ્મિની છોડે કયંઇ સતી ?
ત્યમ નાથ જતાં પ્રાણ પણ, અહિંથી અમો જશું નહીં,
નિજ નાથની સાથે રહી સહુ, કષ્ટ ભોગવશું સહી.

પ્રતાપ—મમ પ્રાણ સમ સરદાર સહુ, મારા હુકમને માનીને,
નિજ માતૃભૂમિની સત્યથી, સ્વતંત્રતા અનુમાનીને;
મોગલ કરે શું કાર્ય તે, અતિ પ્રેમથી લક્ષે ધરો,
મળે દાવ ત્યારે આવીને, સહુ વિગતથી જાહેર કરો.

સરદાર—નિજ રક્તવાહિની વહે છે, રક્ત ક્ષત્રિ તેજ મય.
સાથે રહીને નાથ સત્વર, વૈરી દુશ્મન કરિએ ક્ષય;
સ્વતંત્રતા નિજ દેશની, સહુ ચાહિએ તન, મન થકી,
તે મેળવી નહીં જ્યાં સુધી, શું કરી જઇએ ગૃહ તકી.

પ્રતાપ—સ્વતંત્રતા નિજ દેશની, જે ઊરમાં છે નહીં જરી,
તે નર ખરો 'ખર' માનવો, નારી ખરી માનો 'ખરી;
સ્વતંત્રતા નિજ દેશની, તમ ઉર વિષે દરશાય છે,
તે જાણીને આનંદ મારા, ઉર અતિશય થાય છે.

"મારા બહાદુર સરદારો ! તમારી સ્વામિભક્તિ અને સ્વદેશ-પ્રેમની હું કદર કરી શકું છું અને તમારી હાજરીની પણ મને ઘણી જરૂર છે, પરન્તુ જ્યાં મારે રહેવાના રહેઠાણની સવડ નથી, જ્યાં મારા અને મારા કુટુંબના ભરણ પોષણની પણ સ્થિતિ નથી, તેવા જંગલમાં હું તમને રોકીને શું કરૂં ? માટે તમો સહુ તમારી જાગીરો ઉપર જાઓ, અને તમોએ તમારા જે વિચારો મારા સમક્ષ જાહેર કર્યા છે તે સત્ય કરી બતાવવાનો ઉદ્યમ આદરો. મેં તો આપણી માતૃભૂમિનો આ પાપાત્મા દુરાચારી અને દેશનું સત્વ ચુસનાર દેશને ભિખારી સ્થિતિમાં લાવી મૂકનાર દેશદ્રોહીઓના પંજામાંથી ઉદ્ધાર કરવાની પ્રતિજ્ઞા કરી છે તેને મારા શરીરમાં પ્રાણ રહેશે ત્યાં સુધી છોડીશ નહીં.

કદિ સૂર્ય ઊગે પશ્ચિમે, શશિ શિતળતા છોડે સહી;
કદિ કોડ ટૂકડા થાય તન, નિજ પ્રતિજ્ઞા પલટૂં નહીં.
આકાશથી અગ્નિ ઝરે, પાતાળથી જ્વાળા સહી;
પૃથ્વી પતાળે જાય પણ, નિજ પ્રતિજ્ઞા પલટૂં નહીં.

નિજ માતૃભૂમિની ધર્મની, મેં ધોંસરી ધારી સહી;
તે કોડ કષ્ટો પેખીને, નિજ પ્રતિજ્ઞા પલટૂં નહીં.
બહાદુર સરદારો સહુ. પાળો પ્રતિજ્ઞા નેકથી;
નિજ દેશ દ્રોહીને હઠાવો, પ્રાણ ફેરા ટેકથી.

સરદાર–"અન્નદાતાર ! અમારી પ્રતિજ્ઞા કયાંય પણ આપની પ્રતિજ્ઞાથી અલગ હોય કે ? આપની પ્રતિજ્ઞા તે જ અમારી પ્રતિજ્ઞા. અમો પછી આપના ચરણોથી શી રીતે જુદા પડી શકીએ તેમ છે ? મહારાજ ! મહારાજ ! અમને આપની સેવામાં રહેવા આજ્ઞા ફરમાવો. આ ભિલ્લો જેમ જંગલમાં રહી આનંદ માને છે, તેમ અમો પણ અમારા માલિકની સાથે રહી આનંદ માનીશું અને આપની પવિત્ર પ્રતિજ્ઞા સત્ય કરી બતાવવા અમારા તન, મન અને ધનથી મહેનત કરી અમારી માતૃભૂમિને પુનઃ સ્વતંત્ર કરીશું અથવા તો અમારાં ધડ અને શિર અમારા માલિકના સમક્ષ યુદ્ધ કરતાં જુદાં કરી બતાવીશું."

પ્રતાપ–"મારા બહાદુર સરદારો ! તમો શુદ્ધ ક્ષત્રિયો છો. તમો તમારા પ્રાણ સાટે તમારી માતૃભૂમિને સ્વતંત્ર કરવા ધારો છો તેથી મને કેટલો આનંદ થતો હશે ! ! તેનો તમો વિચાર કરો. પરન્તુ તમારા અને મારા હિતનો વિચાર કરતાં તમારે તમારી જાગીરો તરફ પાછા જવું એક સલાહ ભરેલો અને ઉત્તમ માર્ગ છે, અને તેથી જ હું તમને તેમ કરવાનો આગ્રહ કરૂં છું. માટે તમો સહુ જઇ તમારી જાગીરો સંભાળો."

સરદાર–"અન્નદાતાર ! અમારી જાગીરો આપના રાજ્યથી કયાં જુદી છે ? અમો આપના કૃપા કટાક્ષથી જ અમારી જાગીરો ધરાવીએ છઇએ, છતાં શું હવે અમો અમારા દેશદ્રોહીઓના કૃપાકટાક્ષ ઉપર અમારી જાગીરોનો નિભાવ કરીએ એવી આપ અમને આજ્ઞા ફરમાવો છો ? અમારાથી તે કેમ બનશે ? અમોએ અત્યાર સુધી અમારી સ્વતંત્રતા સાચવી છે, અમોએ ભગવાન્ એકલિંગજીના દિવાન મહારાણાની કૃપાથી અનેક પ્રકારનાં સુખ અને વૈભવો ભોગવ્યા છે, પછી શું અમારા પ્રભુને દુઃખમાં રહેવા દઇ અમો સુખ ભોગવવા જઇએ ? અમારે તેમ કરવું તે તો મહા કવિ ચંદના કથન મુજબઃ–

'શ્યામ સાંકરે જાનકે, રહે અવર ઘર જોય;
સો રાણી ફીરતો લિયો, કુલ રજપૂત ન હોય.'

એને અનુસાર જો આપના આ દુઃખના સમયમાં સોબતી ન બનીએ તો અમો રાજપૂત નામને પણ લાયક કહેવાઇએ નહીં. વળી વિદ્વાન્ કવિઓ અમારા અપયશનું વર્ણન કરશે, તેનો પણ આપ કૃપાની રાહે વિચાર કરો અને અમને આપની સેવામાં રહેવા ફરમાવી કૃતાર્થ કરો."

પ્રતાપ—"મારા બહાદુર રાજપૂતો ! તમારા પૂર્વજોએ મારા પૂર્વજોની સાથે રહી વખતો વખત પોતાનાં મસ્તકો આપી તમારી જાગીરો મેળવી છે, નહિં કે મારા પૂર્વજોની કે મારી કૃપાથી. વળી જેમ તમો સ્વતંત્રતાથી તમારી જાગીરો ભોગવતા આવ્યા છો, તેમ ભોગવો એમ જોવા હું ઇચ્છું છું. આપણે આપણા વિચારોને અગ્ર સ્થાન આપવાનું છે અને તેથી તમો મોગલોના તાબામાં રહી, તમારી જાગીરો ભોગવશો તેથી કંઇ તમો પરાધીનપણાને ચાહનારા દેશદ્રોહીઓ છો, એમ તમને કોઇ પણ કહી શકશે નહીં, અને મારી આજ્ઞાથી તમો તમારી જાગીરો ઉપર જશો તો તેથી કવિરાજો પણ તમારા અપયશનું વર્ણન નહીં જ કરે. માટે સર્વ રીતે દેશના ઉદ્ધારનો વિચાર કરતાં હું તમને સર્વને તમારી જાગીરો તરફ જવા આજ્ઞા કરૂં છું, માટે તમો પણ મારી આજ્ઞા શિરસાવંદ્ય માની અન્ય કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા સિવાય તમારી જાગીરો તરફ જાઓ, અને તમારી માતૃભૂમિને પુનઃ સ્વતંત્ર કરવાનો ઉદ્યમ આદરો અને સારી સહાય એકત્ર કરી મને મળો એટલે આ તમારો રાજા પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તૈયાર જ છે. તમો વિચાર કરો કે હું અને તમો સહુ જ અહીં જંગલમાં રહીશું તો પછી મારી પ્રતિજ્ઞા શી રીતે પૂર્ણ થઇ શકશે ? માટે મારી પ્રતિજ્ઞા ખાતર પણ તમો તમારી જાગીરો ઉપર જાઓ." હવે બિચારા સરદારો મહારાણાને વિશેષ શું વિનંતિ કરી શકે તેમ હતું ? તેમણે પોતાની ઇચ્છાઓ વિરૂદ્ધ પણ મહારાણાની આજ્ઞાને માન આપી જવાની રજા માગી. મહારાણાએ તેમને રજા આપી, અને તેમ જ રસ્તે ચડાવવા બે ચાર ભિલ્લોને જવા જણાવ્યું.

આ વખતે સરદારોનાં નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. જેમ ગાયથી વિખૂટું પડતું વાછડું વારંવાર તેના સામું જોય છે, તેમ તેઓ વારંવાર પાછા ફરી મહારાણા સામું જોતા હતા. તેમના મનમાં એમ પણ ઇચ્છા હતી કે કદાચ પોતે પોતાનો વિચાર ફેરવી પાછા બોલાવે ! પરન્તુ આ તેમની આશાઓ નિરાશાના રૂપમાં બદલાઇ અને તેઓ મહારાણાથી વિખૂટા પડી શોકાતુર ચહેરે પોતાની જાગીરો તરફ ચાલ્યા. તેઓ મોગલો ન જાણે તેવી રીતે પોતાની જાગીરોમાં ગુપ્ત રીતે પેશી ગયા.

સરદારોને વિદાય કર્યા પછી, દોલિયાથી ચોકી પહેરાની ખાત્રી કરી લઇ તેને પણ રજા આપી. પોતાના કુટુંબનાં માણસોને પર્ણકુટીમાં રૂકી પોતે બહાર આવી એક ટેકરી ઉપર બેઠા. આ વખતે સૂર્ય ધીમે ધીમે અસ્ત થવાનો વિચાર કરી રહ્યા હતા, તેમ જ મહારાણા કહેવા લાગ્યા કે, 'અરે ! હે સૂર્યવંશને ઉત્પન્ન કરનાર ભગવાન્ સૂર્ય ! આપ આપના કયા તેજથી તપો છો ? આપના વંશમાં ઉત્પન્ન થયેલો આ આપનો

પુત્ર આપના વંશના બિરુદ માટે રાજા મટીને રંક થઇ રખડતો ફરે છે, છતાં તમો કેમ આપ તમારા પૂર્ણ તેજથી તપો છો? ભગવન્! હવે તો કૃપા કરી ચહાય તો આપ મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનું સામર્થ્ય મને આપો અથવા તો આપના અંગથી અગ્નિ ઉત્પન્ન કરી, મને અને મારા દુશ્મનોને બાળીને ભસ્મ કરો. અરે! આપ આ પૃથ્વી ઉપર થતા પાપને કેમ સહન કરી શકો છો? આપ સર્વવ્યાપક હોવાથી પૃથ્વી ઉપર થતાં પાપોને પૂર્ણ રીતે જાણી શકો છો, છતાં આ બધાં પાપોને કેમ જોયા જ કરો છો? પ્રભુ! પ્રભુ? હવે તો તેનો કંઇ ઉપાય કરો, ઉપાય કરો!'

આ પ્રમાણે કહેતાં કહેતાં તેમનો કંઠ ભરાઇ ગયો. તેમની આંખમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં, તેઓ વધુ બોલી શકવા અસમર્થ બન્યા તેથી પોતાના મસ્તકે હાથ મૂકી શાંત ચિત્તે વિચારમાં પડ્યા.

પ્રકરણ દશમું

પ્રતાપના સંધિ કરવાના વિચારો

વિપત્તને જ સંપત્ત ગણી, મનમાં માનો સુખ;
તો નથી જગમાં વિપત્ત કો, જે દે આવી દુઃખ.

સરદારો મહારાણાના હુકમ મુજબ પોતપોતાની જાગીરો તરફ ચાલ્યા ગયા અને મહારાણો ભિલ્લો ભેળા ભિલ્લ બની પોતાની પર્ણકુટીમાં સહકુટુંબ રહેવા લાગ્યા. તેમનાં દુઃખોનું વર્ણન શું થઇ શકે? શું રાજા મટીને રંક બનવું તે ઓછું દુઃખ છે? શું રંક બન્યાં છતાં પણ નિવાસસ્થાન કોઇ સ્થળે નહીં તે ઓછું દુઃખ છે? માત્ર નિવાસસ્થાનમાં એક ભિલ્લના નાયકે પોતાના ભિલ્લો કરતાં સહજ સારી સગવડવાળી પર્ણકુટી બનાવી દીધી, તેમાં એક રાજા રહી શકે ખરો કે? અને રહે તો તેના મનમાં કેટલું દુઃખ ઉત્પન્ન થાય? તેનો વિચાર તો સહુ વાચકો સારી રીતે કરી શકે તેમ હોવાથી અમો આ સ્થળે તેનું વધુ વિવેચન કરતા નથી. આટલાં આટલાં મહાન્ સંકટો પણ પોતાના કુળની ઇજ્જત અને ક્ષાત્રવટના રક્ષણ સારૂ પણ પ્રતાપી પ્રતાપે આનંદ સાથે સહન કરવા માંડ્યાં. કદાપિ કદાપિ તેઓ દેશમાં રખડતા યવનોને પોતાની સાથે કેટલાક ભિલ્લોને લઇને હેરાન કરતા હતા અને તો પણ યવનો તો તેમનું કંઇ જ કરી શકતા નહોતા, કારણ કે મહારાણાને રહેવાનું સ્થળ કઇ જગાએ છે તે જ તે બિચારા જાણી શકતા નહોતા, પછી તેમને હેરાન કરવાની તો વાત જ ક્યાં? અને છતાં પણ મહાન્ પ્રતાપશાળી પાદશાહ અકબર તેનો પત્તો

મેળવવા અને તેને પકડવા પોતાના લશ્કરોને સખ્ત તાકિદો આપ્યા કરતો હતો. બિચારા મુસલમાન સરદારો અને સૈનિકો પોતાના પ્રાણ સાટે તેનો પત્તો પાડવા મથી રહેલા હતા, છતાં પણ તેનું પરિણામ તો માત્ર પોતાના કેટલાક માણસોના પ્રાણ ગુમાવવામાં જ આવતું હતું, છતાં પણ માત્ર પાદશાહની પ્રીતિ મેળવવાની લાલસાએ તેઓ તે ભોગ પણ ભોગવી લેતા હતા. કારણ કે એમાં એમને હરકત નહોતી, તેમને હુકમો કરવાના હતા અને મરનાર મનુષ્યો તો બીજા હતા. હરેક કાર્યમાં મોટા માણસો તો યશ અપયશના જ ભોક્તા હોય છે. બાકી તેમને તે કાર્ય કરવામાં કંઇ નફો નુકશાન હોતું જ નથી, અને એવી જ રીતે આ શાહી સૈન્યની પણ સ્થિતિ હતી. જો બૂમ ઉગમણી પડે તો તેઓ આથમણી બાજુ બંદોબસ્ત સારૂ દોડતા હતા અને માણસોને મરવા સારૂ ઉગમણી બાજુએ મોકલવામાં આવતા હતા. આમાંને આમાં શાહી સૈન્યના ઘણા માણસો ખુદા તાલાની સેવા કરવાનું પસન્દ કરી તેની હજુરમાં હાજર થતા હતા. તેમનાથી રાણા તરફથી તેમના ઉપર ત્રાસનો વર્ષાદ વર્ષાવવામાં આવતો હતો તે સહન થઇ શકતો નહોતો. કારણ કે રાણો તો જેમ સર્વ વ્યાપક હોય તેમ એક દિવસ એક ઠેકાણે ધાણ કહાડી ગયો હોય અને બીજા દિવસે સૈન્યથી ન પહોંચી કે જઇ શકાય તેટલા દૂર જઇ સૈન્યનો નાશ કર્યાના સમાચાર પહોંચાડતો હતો અને તેમની સઘળી મેહનતો વ્યર્થ જતી હતી.

રાણાને આ દુઃખમાં સુખ માની લેવાનો સમય આવી પડવાથી તેણે પણ તેને આનંદથી સ્વીકાર્યો હતો, છતાં કંઇ આ જંગલમાં તેને એક પ્રકારનું દુઃખ નહોતું, આટલાં દુઃખો ઉપરાંત ઉદરપોષણનું દુઃખ વિશેષમાં હતું અને તેને સારૂ પણ કંઇને કંઇ તજવીજ હમ્મેશાં જ કરવી પડતી હતી, કારણ કે જો તેવી રીતે તજવીજ કરવામાં ન આવે તો પછી દિવસોના દિવસો ભુખમરો વેઠતાં પણ કોઇ નોકર ચાકર લાવી આપે તેમ નહોતું. તમામ પ્રકારનું કામ હાથથી જ કરવું પડતું હતું. એક દિવસે મહારાણા ખોરાકની શોધ સારૂ જવાની તૈયારી કરી રહ્યા હતા એ અરસામાં એક ભિલ્લે દુશ્મનો નજીકમાં હોવાની ખબર આપી એટલે ખોરાકની શોધ સારૂ જવાનો વિચાર પડતો મૂકી પોતાના દુશ્મનોરૂપી શિકારની શોધમાં તેઓ ગયા. અને તેથી આ દિવસે ખોરાકની વસ્તુ લાવવાનું બની શકે તેમ નહોતું. રાણીજીએ આગળના દિવસોમાં કેટલુંક જંગલી અનાજ સંઘરી રાખ્યું હતું. તેના રોટલા બનાવી પોતાના રાજભવનમાં ઉછરેલાં બાળકાં

બાળકોને તે વહેંચી આપી પોતે પણ મહારાણાની રાહ જોતાં ભુખ્યાંજ બેસી રહ્યાં હતાં. કેટલાક સમય બાદ રાણાજી દુશ્મનોનો ઘાણ કહાડી પોતાની પર્ણકુટીએ આવ્યા અને રાણીજીથી બાળકોને રોટલા બનાવી આપ્યાની હકીકત જાણી, તે બન્ને જણ પોતપોતાના કામે લાગ્યાં. અહિં રાણાજીને કંઇ કામકાજનું તો કાર્ય હતું જ નહીં, અહિં તો તેમને કાં તો કબાનીઓ બાંધવાનો હોય કે કાં તો ભાલોડાંને પક્ષીઓનાં પીંછાં ચડાવવાનાં હોય એટલે તેઓ એક બાજુ આ કાર્યમાં રોકાયા હતા. રાણીજી ભુખ્યા પેટે સુતાં એટલે તેઓ પણ ઊંઘી ગયાં અને બાળકો થોડો રોટલો ખાઇ બાકીનો રોટલો ધીમે ધીમે એક બીજા સાથે રમત કરતાં ખાતાં હતાં, તે અરસામાં જંગલમાંથી એક બિલાડો આવ્યો. તેણે રાણાજીની એક કુંવરીના હાથમાંથી રોટલાને ઝડપ મારી પડાવી લીધો અને તે તો આવેલા રસ્તાથી વિદાય થઈ ગયો, પરંતુ કુંવરીએ તો કદાપિ સાંભળી પણ નહીં હોય એવી કારમી ચીસ પાડી કે જે સાંભળી મહારાણા પણ પોતાના કાર્યમાંથી ઝબકી જાગી ઉઠ્યા અને ઉતાવળા ઉતાવળા કુંવરી પાસે આવી તે શાથી રડે છે તે બાબદ પૂછવા લાગ્યા. કુંવરીએ બિલાડો પોતાના ભાગનો રોટલાનો કકડો લઈ ગયાની હકીકત કહી અને રાણીજીએ બીજો રોટલો નથી કે જેથી આપી કુંવરીને છાની રાખી શકાય તે હકીકત કહી. આથી રાણાજીએ બહુ જ સમઝાવી પટાવીને કુંવરીને છાની તો રાખી. પણ આ દૃશ્ય જોઇ તેમના દયાથી ભરેલાં હૃદયમાં દયા થઈ આવી અને તેમનાં નેત્રોમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી. આ વખતે તેમનું હૃદય ધીરજ ધરી શક્યું નહીં. તેઓ એકાંત સ્થળે બેસી મન સાથે વિચાર કરવા લાગ્યા કે "શું આવી રીતે પણ કુળની મર્યાદા સાચવી રખાય ખરી કે? શું રાજભવનમાં જન્મેલાં બાળકો ભિખારી સમાન દશા ભોગવે અને છતાં પણ ક્ષાત્રવટ રાખી શકાય કે? અરે ધિક્કાર છે! તેવી કુળ મર્યાદાને અને તેવા ક્ષાત્રવટને કે જેના સારૂ રાજ ગુમાવ્યું, રહેવાનું સ્થળ નથી અને જંગલે જંગલે એક ભિલ્લની માફક રખડવું પડે છે અને છતાં પણ પેટ ભરીને અનાજ મને કે મારાં મોંઘેરાં બાળકોને પણ મળતું નથી. હવે તે ચહાય તે રીતે પણ પાદશાહ સાથે સંધિ કરી લેવી તે જ ઉત્તમ માર્ગ છે. કારણ કે મારૂં નસીબ હાલના સમયમાં મારાથી વિરૂદ્ધ કામ કરવાવાળું હોય તે જેમ કહેવામાં આવ્યું છે કે 'ભાગ્ય ચલે હૈ દુહું ડગ આગે' તેમ મારા આગળ ને આગળ ચાલ્યા જ કરે છે. આવી સ્થિતિમાં આ જંગલનાં દુઃખમય સુખો પણ મારાથી ક્યાં સુધી સહી શકાય?" આ કુંવરીના રૂદનથી, જે

રાણાએ પોતાનું રાજ છોડતાં ધીરજ ગુમાવી નહોતી, જેણે જંગલે જંગલ રખડતાં ધીરજ છોડી ન હોતી, જેણે એક સવારથી બીજા સવાર સુધી લંઘન કરી વખત વિતાડવા છતાં પણ ધીરજ છોડી ન હોતી તે રાણાની ધીરજ આજે છૂટી ગઇ. તેમના શરીર ઉપર કુંવરીનું દશ્ય જોઇ ક્રોધ છવાયો, તેમના ઓઠ ફરફરવા લાગ્યા, મસ્તક ભમવા લાગ્યું અને ઘડીભર વિચાર કરી આપણે ઉપર જાણી ચુક્યા તેમ સંધિ કરવાના વિચાર ઉપર આવ્યા. અહો! વાત્સલ્યભાવ કેટલો બધો કઠિન છે તેનો ખ્યાલ આ મહારાણાના દષ્ટાંતથી સારી રીતે થઇ શકે છે. આજે મહારાણાની ધીરજ છૂટી અને અત્યાર સુધી તેમના નિર્મળ મગજમાં તેમના કુંટુંબની ઇજ્જતનું રક્ષણ કરવાના, ક્ષત્રિય નામને દીપાવવાના અને પોતાનું નામ અમર કરવાના જે વિચારો ઘોળાઇ રહ્યા હતા, તે વિચારો તેમના મગજમાંથી ખસી ગયા. હવે તો તેઓ એક નવીન પ્રકારના વિચારસાગરમાં ગોથાં ખાવા લાગ્યા.

પ્રકરણ અગીઆરમું

શાહી દરબારમાં શંકર કવિનું આવવું

હિંદુ પતિ પરતાપ, રાખો હિંદુઆણી;
સર વિપતિ સંતાપ, સત્ય સપથ કર આ પરી.

આજનો દિવસ એક એવો દિવસ છે કે, જે દિવસના નામથી પણ આપણને દિલગીરી ઉત્પન્ન થયા વગર રહેતી નથી. મહારાણાએ કેટલાક દિવસ તો વિચારસાગરમાં જ ગોથાં ખાધાં, પરંતુ છેવટે તેમણે અકબરને પોતાની સાથે સંધિ કરવા સારૂ પ્રાર્થના કરી. જે મહારાણો અકબરને કદાપિ પણ પાદશાહ કહેતો ન હોતો, પરંતુ તુર્ક કહેતો હતો તે જ મહારાણાએ આજ પોતાના પ્રાર્થના પત્રમાં તેને પાદશાહનું સંબોધન આપ્યું. બાદશાહનો દરબાર ભરાયો છે. રાજદરબારી કામકાજ ચાલી રહ્યું છે, તે જ વખતે મહારાણાનો પત્ર લઇ એક દૂત આવી પહોંચ્યો. તેણે દરબારમાં વરધી મોકલાવી એટલે તો તુરત જ તેને દરબારમાં દાખલ કરવાની પાદશાહે આજ્ઞા ફરમાવી. દૂતે આવી કુરનસ કરી મહારાણાનો કાગળ પાદશાહને આપ્યો, તે તેણે સાદ્યંત વાંચ્યો. એક વખત વાંચ્યો, એક વખત વાંચ્યા પછી ફરીને અને પુનઃ ફરીને પણ વાંચ્યો. વારંવાર બે ત્રણ વખત પત્ર વાંચવાથી પાદશાહની પોતાની ખાત્રી થઇ કે આ પત્ર જરૂર મહારાણાએ જ મોકલેલ છે, તેથી તેણે તે પત્ર હમ્મેશાં દરબારમાં પ્રતાપી પ્રતાપની પ્રશંસા કરનાર બિકાનેરના રાજા રાયસિંહના નાના ભાઇ પૃથિરાજજીને

આપ્યો. આ વખતે તો અકબરના આનંદનો પાર ન રહ્યો: કારણ કે જે અકબર લાખો મનુષ્યોના પ્રાણ આપ્યા છતાં, લાખો રૂપિયાનો ખર્ચ ભોગવ્યા છતાં અને હેરાન હેરાન થઇ ગયા છતાં પણ પ્રતાપનો પત્તો પાડી શકતો નહોતો, તે જ પ્રતાપ આજે સંધિ સારૂ સામું માગણું કરે તે તેના માટે કેટલા આનંદની વાત ?

પૃથિરાજે રાણાનો પત્ર વાંચ્યો, તે પત્ર રાણાનો જ છે એમ એમને પણ ખાત્રી થઇ, છતાં પણ મહારાણાનો પત્ર હોવા બાબત જાણે પોતાની શંકા હોય તેમ શિર ડોલાવ્યું. આથી પાદશાહે તેને પૂછ્યું કે 'પૃથિરાજ ! તમોએ તમારૂં શિર કેમ ડોલાવ્યું ?' પૃથિરાજે જણાવ્યું કે 'ખુદાવિંદ ! આ પત્ર મહારાણાનો હોવા બાબત મને શંકા છે અને તેથી મેં મારૂં શિર ડોલાવ્યું.' પાદશાહે કહ્યું 'તેવી શંકા લેવાનું કારણ ?' પૃથિરાજે જણાવ્યું, 'ખુદાવિંદ ! શંકા લેવાનું કારણ પ્રત્યક્ષ જ છે કે જે મહારાણાએ રાજ ગુમાવ્યું ત્યારે પણ સંધિ ન કરી, જંગલે જંગલ રખડી ભુખનાં દુઃખો સહન કરતાં છતાં પણ સંધિ ન કરી આપણા હજારો અને લાખો મનુષ્યોને યમપુરીમાં પહોંચડાવ્યા, હજારો અને લાખો રૂપિયાની બરબાદી થઇ અને છતાં પણ આપણે તે ક્યાં છે એમ જાણી શકતા નથી; વળી આપણે તેને કોઇ રીતે હરકત કરી શકવા પણ શકિતમાન્ નથી, તે રાણો વગર કારણે આપણને સંધિ કરવા સામે પત્ર લખે તે હું તો માની શકતો નથી અને આપ પણ તે હકીકતને સાચી માનો છો તેનું કારણ હું સમજી શકતો નથી."

જે વખતે દરબારમાં મહારાણાની પ્રાર્થના ઉપર પાદશાહ અને પૃથિરાજ વચ્ચે ચર્ચા ચાલી રહી હતી તે વખતે એક નકીબે આવી શંકર કવિના આવ્યાના સમાચાર પાદશાહને આપ્યા. પાદશાહે તેમને દરબારમાં લાવવાની પરવાનગી આપી એટલે નકીબ જઇને કવિરાજને લઇ આવ્યો. કવિરાજે દરબારમાં પગ મૂકતાં જ આશીર્વાદ આપ્યો કે

"યાવત્ ગંગગિરીશ રહ, રહ કુરાનકી રાહ;
તાવત્ દિલ્હી તખત પર, અકબર શાહનશાહ.'

કવિરાજે આશીર્વાદ આપ્યો એટલે બાદશાહે તેમને તાજીમ આપી અને મળવા સારૂ ઉભો થયો. કવિરાજે પોતાના શિર ઉપર મહારાણાએ આપેલું મેહેકર બાંધ્યું હતું અને તેને પાદશાહ આગળ નમાવવું ન હોતું, તેથી તેમણે જમણા હાથમાં મહારાણાનું મેહેકર પકડી તે હાથ એક બાજુ રાખી મસ્તક નમાવી ડાબા હાથથી બાદશાહ સાથે હસ્તમિલાપ કર્યો. આ દેખાવથી સમગ્ર દરબારીઓ વિસ્મિત થયા અને બાદશાહને પણ આમ કરવામાં કંઇક ભેદ હોવો જોઇએ એમ લાગ્યું તેથી તેણે

કવિને પૂછ્યું, "કવિરાજ ! આજે આપે આ મળવાની નવી રીત કેમ કાઢી ?" કવિરાજે ઉત્તર આપ્યો,

"પાહણ રાણ પ્રતાપરી, પૂરણ પતિતપનાહ,
નમે નહીં મ્હેકર નવીન, કર ધરી શાહનશાહ."

અકબરે પ્રશ્ન કર્યો, 'કવિરાજ ! શું રાણાની એવી પણ પ્રતિજ્ઞા છે ?' કવિરાજે જણાવ્યું.

કવિત:–અટલ હમેશ જાકી પૂરણ પ્રતિજ્ઞ અહે,
ધ્રુવ ચલ જીવે તદિ બચન ચલે નહીં;
ટલે યદિ મેરૂ હિમવાન હૂ ટલે તો ટલે,
તદપિ પ્રતિજ્ઞ જાકી નેકહૂ ટલે નહીં;
'શંકર' ભનંત શ્રી અકબર શાહાનશાહ'
જાકી કુવિ કાહૂ જન કબહૂ કલે નહીં.
સોઇ મહારાન શ્રી પ્રતાપી પરતાપ જાકો,
મ્હેકર યા નમે કાજ નેકહૂ હલે નહીં.

અકબરે જણાવ્યું કે, "કવિરાજ ! જ્યાં પાંત્રીશ વંશના રાજપૂતો મારી છત્રછાયામાં, પોતાનો ઘમંડ છોડી આવી વસ્યા છે તો તમારા રાણાની આ પ્રતિજ્ઞા ક્યાં સુધી રહી શકવાની છે ?" કવિએ જણાવ્યું કે, 'ખુદાવિંદ ! તેમાં બહુ જ તફાવત છે.' ક્યાં રાજા ભોજ અને ક્યાં તેલી ગાંગો ? આપ વિચાર કરો કે 'શું સિંહ પણ અન્ય પશુઓની તુલનામાં આવી શકે કે ?' અને 'શું ગરૂડને પણ અન્ય પક્ષીઓમાં ગણી શકાય કે ?' અને તેવી જ રીતે આ પાંત્રીસ વંશના રાજપૂતો આપના તાબામાં આવવાથી આપે લગાર પણ ઘમંડ ધારણ કરવાની જરૂર નથી. જ્યાં સુધી આ ગેહલોત વંશ આપના તાબામાં આવ્યો નથી ત્યાં સુધી આ છત્રીસમો વંશ વશ કરવાની ખોટ કોઇ પણ પૂરી કરી શકે તેમ નથી. જુઓ:

કવિત:–પરમ પ્રતાપી પાદશાહ અકબર યહ,
ભારતમેં રાખત ન એક તેરે ત્રોટકો;
ભલે ભલે રાજા રાવ સર્વ રજપૂતિ છોડ,
બને 'રબઝુત' અતિ કરી કર્મ ખોટકો.
પરમ પ્રતાપ તેરો પેખી મનવંછિત માન,
ઉલ્લુકે સમાન અરિ ખોજે ગિરી કોટકો;
'શંકર' ભનંત બિના ઉદેપુર પત્તારાન,
કોન સકે પૂરી પરે છત્તીસકે ટોટકો ?

વળી હે ખુદાવિંદ ! આપે ઘણા ઘણા દેશ કબજે કર્યા, પણ જ્યાં સુધી પ્રતાપસિંહને કબજે કર્યો નથી, ત્યાં સુધી ઘમંડ ધારણ કરવાની જરૂર નથી. સાંભળો:

છપ્પય—ગુર્જર દેશ ગરૂવ, કિન્હ અપને બલ તુમ બશ;
મદ કાબુલકો મોરિ. કિન્હ માલવ ધર બસ તશ.
મારવાર આમેર, કિન્હ મુખ મ્લાન સબ તુમ;
બઢી હાડા સરવ, નિરખિ દલ ભગત ઉઠા દુમ.
પૂરવ, પછાંટ, ઉત્તર, દખણ કોઈ ન રણ મંડી લડે;
'શંકર' ભનંત મહારાન શ્રી, પાતલહી આડો અડે.

ખુદાવિંદ ! પ્રતાપને આપ એક સાધારણ શત્રુ તરીકે ન માનશો ! તે આપના માટે કેવો છે કે ?

દોહા—અકબર તું અમ્ભોનિધિ, મચ્છ અવર ભુપ માણ;
બૂડે, પર નાં બૂડહો, પાતલ મગર પ્રમાંણ.
અકબર તું અમ્ભોનિધિ, દાખત દની અમાપ;
વડવાગ્નિ ભારી વિપત, તો શિર રાણ પ્રતાપ.
તુજ બલ તરણી સમ દિસૈ, સકલ ભુપ બસ કિન્હ;
પાતલ બલ રાહુ બણી, અપણે મુખમેં લિન્હ.
રાત દિન અકબર દહે, પડે ન જંપ પ્રમાણ;
વંશ પેંતીશાં વશ કિયે, આવો નાંહ ખુમાણ.

ખુદાવિંદ ! પ્રતાપથી વેર રાખવામાં હિત સમાયલું નથી, એને છેડવો ને આપને છેડવો સમાન છે. ઘવાયલા સુવ્વરને સતાવવા સમાન છે, શિકાર ગુમાવી બેઠેલા સિંહને સતાવવા સમાન છે, અને એમાં કોઈ વખતે પ્રાણહાનિ થવા સંભવ છે. માટે એનાથી સામા પગલે જઈ નિકાલ કરવો એ જ ઉત્તમ માર્ગ છે. હું તો આટલું કહેવું તે એક કવિ તરીકેની મારી ફરજ સમજી કહેવા આવ્યો હતો તે કહ્યું અને હવે રજા લઈશ." બાદશાહે તેમને મૌજ આપવા માંડી પરંતુ તેમણે તે સ્વીકારવાનું ઇન્કાર કરતાં જણાવ્યું કે "ખુદાવિંદ ! હું અત્યારે મૌજ નહીં લેવાના નિશ્ચયથી માત્ર મહારાણાની દૃઢ પ્રતિજ્ઞા જણાવવા સારૂ જ આવ્યો છું એટલે મૌજ લઈશ નહીં. કારણ કે જેમ જમણા હાથમાં મહારાણાનું મ્હેકર હોવાથી મેં માત્ર મારૂં મસ્તક નમાવી ડાબા હાથથી ખુદાવિંદથી ભેટો કર્યો, તેમ જ જમણા હાથમાં મહારાણાનું મ્હેકર અત્યારે પકડેલું હોવાથી તે હાથથી આપની મૌજ લઈ શકતો નથી અને ડાબો હાથ તો મૌજ લેવાના કામમાં આવતો નથી એટલે અત્યારે મારાથી મૌજનો સ્વીકાર થઈ શકે તેમ નથી." બાદશાહે કવિની પ્રશંસા કરી જવાની રજા આપી. દરબારીઓ પણ આ કવિની નીડરતા અને નિઃસ્વાર્થતાની મુગ્ધપણે પ્રશંસા કરવા લાગ્યા.

કવિના ગયા બાદ પુનઃ અકબર પોતાની મૂળ વાત ઉપર આવ્યો અને તેણે પૃથિરાજને પ્રશ્ન કર્યો કે, "પૃથિરાજ ! જો તમને આ પત્ર રાણાનો હોવા બાબતની શંકા હોય તો તેની ખાત્રી કરો." પૃથિરાજે

કહ્યું કે, "ખુદાવિંદ! ત્યારે મહારાણાને પત્ર લખવાની મને પરવાનગી મળવી જોઇએ." પાદશાહે તેને પત્ર લખવા પરવાનગી આપી અને દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

પ્રકરણ બારમું
પૃથિરાજનો તેમનાં પત્ની સાથે સંવાદ અને મહારાણાને પત્ર લખવો

પતિ જિદ કી પતસાહ સું, યહ સુણી મેં આજ;
કહાં પાતલ અકબર કહાં, કરિયો બડો અકાજ.

દરબાર બરખાસ્ત થયો. સહુ સરદારો અને અમલદારો પોતપોતાના મુકામોપર આવ્યા. પૃથિરાજ પણ પોતાના મુકામે આવ્યા. કહેવત છે કે "વાત તો વાયરે ઉડીને જાય છે." તેમ આ દરબારમાં પાદશાહ અને પૃથિરાજ વચ્ચે થયલા સંવાદની હકીકત પણ તેમના આવતાં પહેલાં તેમનાં પત્નીએ જાણી હતી.

જેવી રીતે પૃથિરાજજી એક બાહોશ રાજનીતિજ્ઞ હતા તેવા જ તેઓ એક મહાન્ કવિ પણ હતા. વળી જેવા તેઓ કવિ હતા તેવાં જ તેમનાં પત્ની પણ તેમના સંબંધમાં આવવાથી કવિ બન્યાં હતાં. પતિને આવ્યા બાદ તેમણે કહ્યું કે,

પતિ જિદ કી પતસાહ સું, યહ સુણી મેં આજ;
કહાં પાતલ અકબર કહાં, કરિયો બડો અકાજ.

ભાવાર્થઃ—હે નાથ! મેં આજે એવું સાંભળ્યું છે કે, આપે મહારાણાના સંબંધમાં પાદશાહથી વિવાદ આદર્યો છે. પરંતુ આપ વિચાર કરો કે હાલના સમયમાં સમસ્ત ભારત વર્ષના રાજાઓ ઉપર સત્તા ચલાવવાવાળો અને ભારી સૈન્યવાળો અકબર કયાં? અને કોઇ સાથમાં નહીં એવી સ્થિતિમાં જંગલે જંગલ રખડનાર મહારાણો પ્રતાપસિંહ કયાં? માટે આપે પાદશાહ સાથે વિવાદ કરીને બહુ અનર્થ આદર્યો. આથી તો પાદશાહ નાખુશ થશે અને જંગલમાં પણ તે મહારાણાને કષ્ટ આપવા વિશેષ પ્રયત્નો કરશે. પ્રિય! સાંભળો—

કવિતઃ—જબતેં સુનેહેં બૈન તબતેં ન મોકો ચૈન;
પાતી પઢિ નેક સો બિલંબ ન લગાવૈંગો.
સૈંહે જમદુતસે સમસ્ત રાજપૂત આજ;
આગરેમેં આઠોં યામ ઉદ્યમ મચાવૈંગો.
કહૈં પૃથિરાજ પ્રિયા! નેક ઉર ધીર ધરો;
ચિરંજીવી રાનાશ્રી મલેચ્છન ભગાવૈંગો.
મનકો મરદ માની પ્રબલ પ્રતાપસિંહ;
જબબરજોરી તડક અકબરપેં આવૈંગો.

ભાવાર્થઃ—હે પ્રિયે! તમો થોડી ધીરજ રાખો. મેં તો જ્યારથી સાંભળ્યું છે કે 'મહારાણો હવે મને પાદશાહ કહે છે' ત્યારથી મારા મનમાં સુખ થતું જ નથી. મને ખાત્રી છે કે મારો પત્ર વાંચીને વીર શિરોમણિ મહારાણો જરા પણ વિલંબ કરશે નહીં, પરંતુ યમદૂતોના સમાન શત્રુઓના પ્રાણ લેવાવાળા પોતાના સોબતી રાજપૂતોને સાથે લઈને આવા સમયમાં પણ આગરામાં સર્વદા ઘોડા દોડાવશે જ. ચિરંજીવી રાણો મ્લેચ્છોને ભગાડી તેમની લક્ષ્મીને પણ વિચ્છિન્ન કરી દેશે. એ મનનો મરદ અને અભિમાનવાળો તથા બળશાળી છે એટલે તે પ્રતાપસિંહ ક્રોધાયમાન થઈ શેરની માફક અકબર ઉપર કુદી આવશે.

આ પ્રમાણે કહી તેણે પોતાની પત્નીને રજા આપી અને પોતે મહારાણાને પત્ર લખવાની શરૂઆત કરી. તેમણે તમામ પત્ર કાવ્યમાં જ લખ્યો કેઃ—

ધર વાંકી દિન પાધરા, મરદ ન મૂકે માણ;
ઘણાં નરિંદાં ઘેરિયો, રહે ગિરંદાં રાણ.

ભાવાર્થઃ—જેની ભૂમિ અતિ વિકટ છે, અને દિવસ અનુકૂળતા-વાળા છે અને જે વીર પોતાના અભિમાનને છોડતો નથી તે મહા-રાણો બહુ રાજાઓથી ઘેરાયલો થકો પહાડોમાં વાસ કરે છે.

પાતલ રાણ પ્રવાડમલ, બાંકી ઘડા બિભાડ;
ખૂંદાડે કુણ હૈ ખુરાં, તો ઉભાં મેવાડ.

ભાવાર્થઃ—હે વિકટ સેનાઓના વિધ્વંસ કરનાર અને યુદ્ધમાં મલ્લ મહારાણા પ્રતાપસિંહ! તારા ઉભા છતાં મેવાડને (હૈ—હય) ઘોડાઓની ખરીઓથી દબાવવાવાળો કોણ છે? અર્થાત્ કે તારી ભૂમિને કોઈ દબાવી શકે તેમ નથી.

માઈ એહા પૂત જણ, જેહા રાણ પ્રતાપ;
અકબર સૂતો ઓધકે, જાણ સિરાણે સાપ.

ભાવાર્થઃ—હે માતા! પુત્ર જણે તો એવો જણ કે જેવો મહા-રાણો પ્રતાપસિંહ, કે જેની યાદ આવવાથી જ જેમ ઉશીકે સાપ પડ્યો હોય અને મનુષ્ય ધબકી ઉઠે છે તેમ અકબર ઝબકી ઉઠે છે.

અકરે અટકળિયાહ, તેજ તુહારો તુરકડા;
નમ નમ નિસરિયાહ, રાણ વિના સહ રાજવી.

ભાવાર્થઃ—હે પાદશાહ અકબર! તારો પ્રતાપ જોઈને બહુ આશ્ચર્ય થાય છે કે જેના સામે માત્ર એક મહારાણા વિના બીજા સહુ રાજાઓ નમી નીકળ્યા.

સહ ગાવાડયો સાથ, એકણ બાડે બાઢિયો;
રાણ ન માની નાથ, તાંડે સાંડ પ્રતાપસી.

ભાવાર્થ:–(હે અકબર!) તેં ગાયો રૂપી સર્વ રાજાઓને એક વાડામાં એકઠા કરી દીધા, પરંતુ મહારાણા પ્રતાપસિંહરૂપી સાંઢ તારા નાથને નહીં માનતાં ગાજી રહ્યો છે.

પડ ગોધલિયા પાસ, આલુધા અકબર તણી;
રાખો ખિમે નરાસ, પ્રબલો સાંડ પ્રતાપસી.

ભાવાર્થ:–બીજા સહુ નાના બળદો–ગોધીઓ–રૂપી રાજાઓ અકબરના પાશથી બંધાયા, પરંતુ મહારાણા પ્રતાપસિંહરૂપી બળવાન સાંઢ એની રાશને સહન કરવાવાળો નથી.

પાતલ પાઘ પ્રમાણ, સાંચી સાંગાહર તણી;
રહી સદા લગ રાણ, અકબરસું ઉભી અણી.

ભાવાર્થ:–મહારાણા સંગ્રામસિંહના પૌત્ર મહારાણા પ્રતાપસિંહની પાઘડી જ ગણત્રીમાં સાચી છે કે જે અકબરના સામે નમ્યા સિવાય ઉંચીજ રહી છે.

ચોથો ચીતોડાહ, બાટો બાજંતી તણો;
માથે મેવાડાહ, થારે રાણ પ્રતાપસી.

ભાવાર્થ:–હે ચીતોડપતિ મહારાણા પ્રતાપસિંહ! એક ઘડીનો ચોથો ભાગ એટલે પાઘડી અર્થાત્ મસ્તકે બાંધવાની પાઘડી હે મેવાડપતિ! તારા શિર ઉપર જ છે.

બાહી રાણ પ્રતાપસી, બરછી લચપચ્ચાંહ;
જાણક નાગણ નીસરી, મુંહ ભરિયો બચ્ચાંહ.

ભાવાર્થ:–મહારાણા પ્રતાપસિંહે પોતાની લચકતી બરછી ચલાવી. તે શત્રુઓના શરીરમાં પ્રવેશ કરી આંતરડાં લઇને બહાર આવી, બીજી બાજુ નીકળી તે એવી શોભતી હતી કે જાણે સાપણ પોતાનાં બચ્ચાંને મોંમાં લઇને નીકળી.

બારી રાણ પ્રતાપસી, બગતરમેં બરછીહ;
જાણક ઝીંગર જાલમેં, મુંહ કાઢયો મચ્છીહ.

ભાવાર્થ:–મહારાણા પ્રતાપસિંહે પોતાની બરછી ચલાવી તે શત્રુઓનાં કવચોને ફાડીને પેલી તરફ નીકળીને એવી શોભવા લાગી કે જાણે ઝીંગર જાતની માછલીએ જાળમાં પોતાનું મોં બહાર કાઢયું.

પાતલ ઘડ પતશાહરી, એમ વિધુંસી આણ;
જાણ ચઢી કર બંદરાં, પોથી બેદ પુરાણ.

ભાવાર્થ:–મહારાણા પ્રતાપસિંહે પાદશાહની ફોજનો એવો વિધ્વંસ કરી નાંખ્યો કે જેમ વાંદરાના હાથમાં વેદ અથવા પુરાણનું પુસ્તક લાગવાથી તે તેને ફાડી નાંખે છે.

ગીતઃ-નર જેથી નિમાણા નિલજ નારી, અકબર ગાહક વટ અવટ;
આવૈ તિણી હાટે ઉદાવત, વેચે કિમ રજપૂતવટ.
રોજાઇતાં તણે નવરોજે, જેથી મુસીજે જગત જણ;
હીંદુ કિ તિણિ આવે ચીત્રોડો, પતો ન ખરચે ખત્રીપણ.
પડપંચ દીઠ વખલાજ ન કાપતિ, ખોટો લાભ કુલાભ ખરો;
રજ વેચિવા નાયૌ રાણો, હાટિ હુરમ્મ હમીર હરો.
પિંડ આપરૈ દાખિ પુરસાતણ, રોહિણિયાસ તણે બલિ રાણિ;
ખત્ર વેચિયૌ જૈ વડખત્રિએ, ખત્ર રાખિયો જૈ ખુમ્માણિ.
જાસી હાટ બાત રહિસી જગિ, અકબર ઠગિ જાસી એકાર;
રહિ રાખિયો ખત્રી ધ્રમ રાણે, સગ લૈ બરતે સંસાર.

ભાવાર્થઃ-જ્યાં આગળ માનહીન પુરૂષો અને લજ્જાહીન સ્ત્રીઓ છે અને અકબર જેવો ગ્રાહક છે, એવા ચોપટ બજારમાં જઇને ચિતોડનો સ્વામી રજપૂતોનો હિસ્સો શી રીતે વેચશે? મુસલમાનોના નવરોજાની જગ્યાએ દરેક વ્યક્તિ લુટાઇ, પરંતુ હિન્દુઓનો પતિ પ્રતાપસિંહ એ દિલ્હીના બજારમાં પોતાના ક્ષાત્રવટને કેમ કરીને ખરચે? વંશની મર્યાદાની ભરેલી દૃષ્ટિ ઉપર બીજાનો પ્રપંચ ચાલી શકતો નથી. એથી પરતંત્રતાના સુખના લાભને ખરાબ અને સ્વતંત્રતાના નુકશાનને સારૂં સમજીને પાદશાહી દુકાન ઉપર 'રજ'-માન-વેચવાને માટે હમીરનો પૌત્ર મહારાણો પ્રતાપસિંહ કદાપિ પણ આવતો નથી. પોતાના પૂર્વજોનાં ઉત્તમ કૃત્યો જોતાં જોતાં મહારાણાએ ભાલાના બળથી ક્ષત્રિય ધર્મને અચલ રાખ્યો અને બીજા ક્ષત્રિયોએ પોતાના ક્ષત્રિયત્વનું વેચાણ કરી નાંખ્યું. ઠગરૂપી અકબર પણ એક દિવસ આ સંસારથી કૂચ કરી જશે અને આ દુકાન પણ ઉઠી જશે, પરંતુ સંસારમાં આ વાત અમર રહી જશે કે ક્ષાત્રયોના ધર્મમાં રહીને એ ધર્મને કેવળ મહારાણા પ્રતાપસિંહે જ રાખ્યો, હવે પૃથ્વીમાં સહુને યોગ્ય છે કે એ ક્ષત્રિયત્વને પોતાના વર્તનમાં ચાલુ કરો અર્થાત્ **મહારાણા પ્રતાપસિંહની માફક આપત્તિ ભોગવીને પણ પુરૂષાર્થથી ધર્મની-સ્વતંત્રતાની-રક્ષા કરો.**

ગીતઃ-ઊગાં દન સમૈં કરે અખાડા, ચોરંગ ભુવન હસત અણચૂક;
રોદાં તણા રગતસૂં રાણા, રંગિયો રહે તુહાલો રૂક.
મોહલ હરા મહા જુધ મચતૈં, બચતાં સર નત્રીઠ બહે;
પાતલ તુલ તણો પડિયા લગ, રૂધર ચરચિયો સદા રહે.
ખિન કારણૈં કરૈં નિત ખલવટ, પેટૈં કટક તણા પુરસાણ;
પ્રસણાં સેણ અહોનસ પાતલ, ખગ સાવરત રહૈ ખૂમાણ.
ઊગાં સૂર સમો ઉદાવત, બટૈ બસૂ બલ બોલ બિરાલ;
ચહ અલ અરી તણૈં ચીતોડા, ચંદ્ર પ્રહાસ રહૈ નત ચોલ.

ભાવાર્થ:-હે મહારાણા! તારા નહીં ચુકવાવાળા હાથ દિવસ ઉગતાં જ યુદ્ધભૂમિમાં યુદ્ધ કરવા લાગે છે, અને તારી તરવાર યવનોના લોહીથી રંગાયલી રહે છે. હે મોકલજીના પૌત્ર મહારાણા પ્રતાપસિંહ! મહાયુદ્ધમાં તારૂં ખડ્ગ બની જતા શત્રુઓના શિરપર બહુ વેગથી ચાલવા માંડે છે અને એ જ કારણથી હમ્મેશાં રક્તથી રંગાયલું રહે છે. હે ખુમાણના વંશવાળા પ્રતાપસિંહ! તું પૃથ્વીના માટે નિત્ય યવનોના સૈન્યથી યુદ્ધ કરીને દુષ્ટોના ટુકડા ટુકડા કરી નાંખે છે અને ખળોના રક્તથી તારૂં ખડ્ગ સદા લાલ રહે છે. હે ઉદયસિંહના પુત્ર પ્રતાપ! સૂર્યોદયના સમયે જ પૃથ્વીના માટે યુદ્ધ થાય છે અને તારૂં ચન્દ્રહાસ-ખડ્ગ સદા શત્રુઓના શોણિતથી રક્તવર્ણ રહે છે.

પાતલ જો પતશાહ, બોલૈ મુખ હૂંતાં બયણ;
મિહર પછમ દિશમાંહ, ઊગે કાસપ રાવવત;
પટકૂં મૂછ પાણ, કૈ પટકૂં નિજ તન કરદ;
દિજે લિખ દિવાણ, ઇણ દો મહલી બાત ઇક.

ભાવાર્થ:-મહારાણા પ્રતાપસિંહ જો પાદશાહને પોતાના મુખથી પાદશાહ કહે તો કશ્યપજીના સંતાન ભગવાન સૂર્ય પશ્ચિમ દિશામાં જ ઊગે, અર્થાત્ કે સૂર્યનું કદાપિ પણ પશ્ચિમ દિશામાં ઊગવાપણું નથી તેવી જ રીતે આપ (મહારાણા)નું પાદશાહ કહેવાપણું પણ સર્વદા અસમ્ભવિત જ છે" હે દિવાન! હું આ બે પ્રશ્ન આપને લખી પૂછું છું તેનો ઉત્તર આપ લખી મોકલો કે, હું તે મારી મૂછો ઉપર હાથ નાંખું? અર્થાત મૂછો ઉપર હાથ ફેરવું કે મારા પોતાના શરીર ઉપર (કરદ) તલવાર નાંખું? અર્થાત્ કે આત્મઘાત કરૂં.

આ પ્રમાણે પત્રમાં મહારાણાની પ્રશંસાત્મક કવિતા, તેમ જ તેમને પોતાના સત્ય સ્વરૂપની ઓળખ કરાવનાર કવિતા લખી પોતાના માણસ સાથે મહારાણા પાસે મોકલાવી આપ્યો.

પૃથિરાજજી સંબંધી કંઇ જાણવાજોગ ઇતિહાસ

[પૃથિરાજજી બિકાનેર મહારાજ રાયસિંહના ભાઇ હતા. રાયસિંહજી અને પાદશાહ અકબરનો વિવાહ એક જ દિવસે થવાથી તેમને પાદશાહ સાથે પરણવાનો મિથ્યા અભિમાન થયો, તેથી તેને ખોટો અભિમાન સમજી પૃથિરાજજીએ કહ્યું કે "આન્જૈણા ઇસૈં હસો, રાયાઁસિંહ નરેશ; બપુતો સુવરણ ડાંકિયો, શિર પાગડી ન કેરા." આ પૃથ્વીરાજજી એક સાચા સ્પષ્ટ વક્તા હતા. એઓ ધર્મના પક્ષપાતી હતા, અને મહારાણા પ્રતાપના સાચા ભક્ત હતા. એમણે એમના પિતાના અવસાન સમયે એક ગીત કહ્યું છે તે તથા તેમણે

ગંગાજીની સ્તુતિમાં ઘણા દોહા કહ્યા છે તે પૈકી બે અત્રે આપ્યા છે એમના પિતાનું નામ 'કલ્યાણસિંહજી' હતું

ગીત—સુખ રાસ રમન્તા પાસ સહેલી, હાસ ખવાસ મોકળા હામ;
ન લિયા નામ પખે નારાયણ, 'કલિયા' ઉઠ ચલિયા બે કામ.
માયા પાસ રહી સુળકન્તી, સજિ સુંદરી કીધાઁ સિણગાર;
બહુ પરિવાર કુટમ ચૌ બાધૌ, હરિ વિણ ગયો જમારો હાર.
હાસ હસંતા રહ્યા ધોળ હર, સુખમેં રાસવ જયોં સંસાર;
લાખાં ઘણી પચાણુ લાંબે, ઝાવાં નહ ભેજિયા જુહાર.
બાઈબંધ કુટૂંબા હુવ ભેળો, પિંડ ન રાખો હેક પુળ;
આપરિ કરે અંગ સિર ચાઢો, કાઢો કાઢો કહે કુળ!
અસિ પાયગા રહ્યા આકુળતા, મદઝર ખળ હળતા મેમંત;
બહલો ઘણી સિંગાસણવાળો, પાળો હોય હલિયો પંથ.
દેહળી લગ મહલી પિણ દોડી, કુળ સાલગમાં બહણ ફિરી;
મડ હટ લાગો કુટુંબ ચોમેળો, ત્રિભુવન સુખ દુખ વાત કરી?
કોમળ અંગ ન સહતો કલિયાઁ, તાતી ઝળિયાઁ સહે તપ;
ઘડી ઘડી કર તડી ઝોવિયો, બડી બડી બાળિયો બપ.
કેસર ચંદન ચરચતો કાયા, ભણહણતા ઊપર ભમર;
રજિયો રાખ તણે પૂગરણે, ઘણાં મુસાણા બીચ ઘર.
ખાટી સો દાટી ઘર ખોદે, સાથ ન ચાલે હેક સિળી;
પવનજ જાય પવન બિચ પૈઠો, માઁટી માઁટી મહિં મિળી.
બળ ચડ બાલિયો પતસાહ બહીતો, મંડોવર રૂખ માણ મહીતો;
જો જમવાર લગે જસ જીતો, કહો ભલો રજપૂત કહીતો.
પુળિયા દળ પાધર પતસાહી, સિધ નરિયણ સૂઁ બીડો સાહી;
અકિયા બેણ તિકા નિરબાહી, ગઢ સિમયાણ કલા પિડગાહી.
ચટ ગાગરણ તળેટી થાણો, રાવ અમાજ કરે રિસાણો;
કરડા બચન કહે કલિયાંણો, સિર પડિયાઁ પલટે સુમિયાણો.
વદિ છમંછર બરસ તિયાઁળે, વેઢ પડ્યો ઘર એખ વિચાળે;
ઊદો રાવ દુરંગ રૂદ્રાળે, રાયમલોત દુરંગ રૂખાળે.
સૂઝા હરા ડાંખિયાં સાબળ, ચાવા બઢે અણખલા નહ બળ;
દીઠા કાળ રહાવે અરિદળ, ચઢિયા ગઢાઁ જૂઝવા ચળ ચળ.
'બારથસિંહ' જિસા ભૂપાલાઁ, માચિ કલહ ગઢ ઉપર માલાઁ;
તૂં મ્હેલો આવે રવતાળાં, કલિયો જૂઝ મુવો કિરમાળાઁ.
જિમ રાવલ દૂદો જેસાણે, સાતલ સોમ મુવા સુમિયાણે;
પાટણ અરજણ જેમ પમાણે, કીધો મરણ તિસો કલિયાણે.
જુડિ ઘડ કાન્હ મુવો જાલંધર, થાટ વિડાર હમો રણથંભર;
એંગતે લાજ અણખલા ઉપર, કલિયો જૂઝ મુવો ગજ કહેર.
પાવાગઢ જૂઝાર પતાઈ, સજિ જૈમલ ચિતોડ સવાઈ;
લાખ બડાં સિર માંડિ લડાઈ, વાપ હરો રહિયો વરદાઈ.

હાથી સિંધહર બાણ હઠાયો, આખુ સદન મુવો અડસાયો;
કુંભ ગાગરણ મૉઝી કાલો, સમિયે તેમ કલો સુ પખાલો.
અચલ તિલોકસિંધ રણ આગે, જુદિ ગાગરણ મુવા છલ જાગે;
લાજત કે ભડ અમ્બર લાગે, ખેડ નરેસ બાજિયો આગે.
છલ જૈનેગઢ ભીમ છ છોહે, 'ક્ષુદ્રવૈ' ભીમ મુવો અહિ લોહે;
રહિયો બાણ મૅંડોવર રોહે, સિર સુમિયાણ કલો મૃત સોહે.
બિઢિ ઘાયલ મોજ મુવો વીકાણેં, નહ સે રાવ ચૂંડો નાગાણેં
બરસલ પરખેં માલ બખાણેં, કીધો મરણ જિસો કલિયાંણેં
નહ મલ બાત કલૈ નિરબાબે, આવા રાવાઁ બોલ ચઢાવે;
રવિ સસિ હર લગ નામ રહાવેં, અમર સભા બિચ બૈંઠો આવેં.

દોહા:—કાયા લાગ્યો કાટ, સિકલીગર સુધરૈં નહીં;
નિર્મલ હોય નિરાટ, તબ ભેટયાં ભાગીરથી.
પુલિયે મધ પુલિયા, દરસ હુવા અદરસ હુવા;
જડ પૈઠા જલિયા, મંદા કરમ મંદાકિની. (વિવિધ સંગ્રહ)

પ્રથિરાજજીનાં લગ્ન બે વખત થયાં હતાં, એમનાં પ્રથમ રાણીનું નામ 'લાલાદે' હતું, આ રાણી એમના સંબંધથી વિદ્વાન્ કવિ બન્યાં હતાં અને એમની સાથે મહારાણાના સંબંધમાં વિવાદ કરનાર પણ તે જ રાણીજી હતાં- આ લાલાદેનો સ્વર્ગવાસ ભર યુવાનીમાં થયો હતો. આથી પૃથિરાજજીને ભારે શોક ઉત્પન્ન થયો અને જે વખતે એમનું શબ ચિતામાં બળી રહ્યું હતું તે વખતે પ્રથિરાજજીએ આ દોહરો કહ્યો હતો: —

તો રાઁધ્યો નહિં ખાવસ્યાં, રે! બાસદે નિસડ્ડ;
મો દેખત તું બાલિયા, લાલાંરંદા હડ્ડ.

અર્થાત્, હે આગ! હું હવેથી તારાથી રંધાયલો કોઈ પદાર્થ નહીં ખાઉં, કારણ કે તેં મારા દેખતાં જ લાલાદેને બાળી નાંખી અને એનાં હાડકાં જ બાકી રહ્યાં.

કહેવામાં આવે છે કે તે દિવસથી તેઓ આગથી રાંધવામાં આવેલો કોઈ પદાર્થ જમતા નહોતા, જ્યારે તેઓ બહુ દુર્બળ બની ગયા, ત્યારે લોકોએ એમને સમજાવીને જેસલમેરના રાવ લહરરાજજીની પુત્રી "ચમ્પાદે" સાથે તેમનું લગ્ન કરાવ્યું. ચમ્પાદે લાલાદે કરતાં પણ રૂપગુણમાં વિશેષ હતી, ઉપરાંત પતિની પ્રીતિપાત્ર બની હતી. વળી પતિના સંસર્ગથી તે પણ કવિતા બનાવતાં શીખી હતી. એક દિવસ પૃથ્વીરાજજી વાળોમાં કાંસકો ફેરવી રહ્યા હતા તે વખતે તેમણે દાઢીમાંથી એક સફેદ વાળ લઈ ફેંકી દીધો. આ વખતે ચમ્પાદે પાછળ ઉભી હતી, તેણે મોં ફેરવ્યું અને હસવા લાગી. પૃથિરાજે દર્પણમાં તેની છાયા અને હસવું જોઈ લજ્જિત થઈ કહ્યું કે;

પીથલ ધોલા આવિયાઁ, બહુલી લાગી ખોડ;
મરવણ મત્ત ગયંદ જ્યાઁ, ઊભી મુખ મરોડ.
(પીથલ પલી ટમુક્કિયા, બહુલી લગ ગઈ ખોડ;
પૂરે જોવન પદમણી, ઊભી મૅંહ મરોડ.

પીથલ પલી ટમુકિયાં, બહુલી લગી ખોડ;
સ્વામીના હોંસા કરે, તાલી દે મુખ મોડ.)

ચમ્પાદેને લાગ્યું કે પતિને માઠું લાગ્યું છે, તેથી તેના મનનું સાંત્વન કરવા સારૂ તેણે કહ્યું કેઃ —

પ્યારી કહે પીથલ સુણો, ધોલાઁ દિસ મત જોય;
નરાઁ, નાહરાઁ, ડિગમરાઁ, પાકાઁહી રસ હોય.
ખેડ જ પક્કાં ધોરિયાઁ, પંથ જ ગઉધાઁ પાવ;
નરાઁ તુરંગાં બનફળાં, પક્કાં પક્કાં સાવ.
(કવિતા-કૌમુદી ઉપરથી)]

પ્રકરણ તેરમું

મહારાણાનો દૃઢ વિચાર

રજપૂત કહેવો એહને, કુળ ધર્મની રક્ષા કરે;
પ્રેમે સમર્પણ પ્રાણ કરતાં, પગ ન પાછો જે ધરે.
પાળે પ્રતિજ્ઞા પ્રેમથી, વિચાર વિણ કરતો કદિ;
દૃઢ નિયમ રાખે નેહથી, યમ આવે જો સામો કદિ.
નામ રજપૂત જેહનું, રજપૂત માનો નાં કદિ;
કામનાં રજપૂતનાં, રજપૂત છે નહીં તે કદિ.

પૃથિરાજજીનો પત્ર લઈ નીકળેલો માણસ કેટલાક દિવસે જંગલે જંગલ અને પર્વતે પર્વત રખડી રઝળી, કેટલીક હેરાનગતી ભોગવી મહારાણાની પર્ણકુટીએ આવી પહોંચ્યો. તેણે આવીને વિવેકયુક્ત નમન કરી મહારાણાને પોતાના માલિકનો પત્ર આપ્યો. મહારાણાએ આદ્યંત પત્ર વાંચ્યો. હવે તો કહેવું જ શું? મહારાણાનાં રૂંવાડે રૂંવાડાં ક્રોધથી ફરફરી ઉઠ્યાં, તેમના ઓષ્ઠો ફરફરવા લાગ્યા. તેમના નેત્રો ક્રોધથી રક્તવર્ણાં બની ગયાં અને જાણે હમણાં જ તેમાંથી અગ્નિ ઉત્પન્ન થશે એમ ભાસ થવા લાગ્યો. અને થોડી વારમાં તો તે અગ્નિએ પોતાનું સ્વરૂપ બદલી પાણીનું સ્વરૂપ ધારણ કર્યું. એટલે મહારાણાનાં નેત્રોમાંથી ક્રોધનાં અશ્રુઓનું વહન થવા લાગ્યું. તેઓ પોતાના મૂળ સ્વરૂપને ઓળખી ગયા, એમના મગજમાં પોતાની પ્રતિજ્ઞા સંબંધી વિચારો થવા લાગ્યા. તેઓ મન સાથે વિચાર કરવા લાગ્યા કે, "અરે! મને આ શું સૂઝયું કે જેથી મેં મારા હસ્તાક્ષરથી સંધિ સારૂ પત્ર લખ્યો? શું તે વખતે મારૂં મગજ ફરી ગયું હતું કે સ્થિર હતું? શું રાજ ગુમાવ્યું તેનું ફળ આ હતું? શું જંગલે જંગલ રખડવાનું ફળ આ હતું? શું જંગલમાં ભૂખે મરી દિવસો વ્યતીત કરવાનું આજ પરિણામ હતું? શું માતૃભૂમિની સ્વતંત્રતા પુનઃપ્રાપ્ત કરવાની પ્રતિ-

આને તિલાંજલિ આપવા સારૂ હું તૈયાર થયો ? શું મારા કુળની મર્યાદા અને ક્ષત્રિ નામનું આ સંધિથી હું રક્ષણ કરી શકવાનો હતો ! શું આ સમયમાં પણ મારૂં ચિત્ત ઠેકાણે લાવવાનો ઉપદેશ કરનાર પૃથિરાજજી સમાન ક્ષત્રિયોનું અસ્તિત્વ છે ? જ્યારે મારવાડ, આમેર વિગેરે મોટાં મોટાં રાજ્યોના રાજ્યકર્તાઓ યવનોની ગુલામી સ્વીકારી બેઠા છે તેવા સમયમાં પણ આ ભારત ભૂમિ ઉપર પ્રથિરાજજી સમાન શુદ્ધ ક્ષત્રિયોનું અસ્તિત્વ તે શું ઓછા આનંદની વાત છે ?" મહારાણા તો આ વિચારોમાં, આવનાર માણસ પાસે છે કે કંઈ ચાલ્યો ગયો છે તેના ભાનમાં પણ રહ્યા નહીં. છેવટે આવનાર દૂતે તેમને પ્રશ્ન કર્યો કે "અન્નદાતાર ! મને શું આજ્ઞા છે ?" આ પ્રશ્નથી રાણાજીના વિચારો તેમને છોડી ગયા, એમણે આવનાર દૂતને પ્રશ્ન કર્યો કે "પૃથિરાજજી ખુશી આનંદમાં તો છે ને ?" દૂતે ઉત્તર આપ્યો "અન્નદાતાર ! આપની કૃપાથી તેઓ આનંદમાં જ છે અને હમ્મેશાં માત્ર આપની જ ચિંતા કરતા રહે છે. બાદશાહના દરબારમાં પણ તેઓ તો સર્વદા આપની જ પ્રશંસા કરી આપની બહાદુરીનું વર્ણન કરે છે અને તેથી જ જ્યારે મહારાણાશ્રીનો પત્ર પાદશાહના હાથમાં આવ્યો એટલે તેણે તેમને જ વાંચવા આપ્યો. પત્ર વાંચીને તેમને બહુજ ચિંતા થઈ, પરન્તુ પાદશાહને તેમણે તે પત્ર આપનો નથી એમ જણાવ્યું. પાદશાહે તેમને તે સંબંધી ખાત્રી કરવા ફરમાવવાથી આ પત્ર સાથે મને શ્રીજીની હજુરમાં મોકલ્યો છે. માટે આપ કૃપા કરી મને આ પત્રનો ઉત્તર લખી આપો." મહારાણાએ તુરત જ કાગળના ટૂકડા ઉપર ઉત્તર લખ્યો કેઃ—

તુરક કહાસી મુખ પતો, ઇણ તનસું ઇકલિંગ;
ઉગે જાંહી ઉગસી, પ્રાચી બીચ પતંગ.
ખુસી હુંત પીથલ કમધ, પટકો મૂછાં પાણ;
પછટણ હે જે તે પત્તો, કલમ સિર કેવાણ.
સાંગ મુંડ સહ સીસકો, સમજસ જહર સવાદ;
ભડ પીથલ જીતો ભલાં, વૈણા તુરકસું વાદ.

ભાવાર્થઃ-ભગવાન્ 'એકલિંગજી' ના સોગન લઇને હું જણાવું છું કે, આ શરીર છે ત્યાં સુધી પ્રતાપના મોઢેથી તો પાદશાહ તુર્ક જ કહેવાશે અને ભગવાન્ સૂર્યનો ઉદય તો જ્યાં થાય છે ત્યાં જ પૂર્વ દિશામાં જ થશે. હે વીર પ્રથિરાજ ! આપ ખુશી થઇને આપની મૂછો ઉપર હાથ ફેરવો અર્થાત્ કે નિઃશંક રીતે આપના માનનું રક્ષણ કરો. જ્યાં સુધી પ્રતાપસિંહ છે ત્યાં સુધી કેવાણ-કૃપાણ-ખડ્ગને જ યવનોના શિરપર જાણો. પ્રતાપસિંહ પોતાના શિર ઉપર ભાલો સહન

કરશે, પરન્તુ પોતાના સમોવડીયા બરોબરીયાના જસને વિષ સમાન માનશે. માટે હે વીર પ્રથિરાજ ! આપ તુરતજ થી જ વચનોના વિવાદમાં વિજય પ્રાપ્ત કરો.

હવે તો મહારાણાના સંધિના વિચારો, જેમ બકરીનાં ટોળામાં ઉછરેલું વાઘનું બચ્ચું પોતાના સ્વરૂપને ઓળખ્યા બાદ પોતાની જાતિનાં કામો કરવા ઉત્સુકત બને છે તેમ ગુમ થયા અને પુનઃ તેઓ યવનોની શોધ કરી કરીને તેમનો નાશ કરવા લાગ્યા. તેમને વારંવાર પોતાના સંધિપત્ર સારૂ પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેઓ વારંવાર વિચાર કરવા લાગ્યા કે, "મને મારા મૂળ સ્વરૂપનું ભાન કરાવનાર પ્રથિરાજજીનું જો અત્યારે અસ્તિત્વ ન હત, જો તેઓ મારૂં ચિત્ત ઠેકાણે ન લાવત તો, આટલાં આટલાં કષ્ટો ભોગવવા છતાં પણ હું મારા કુળની મર્યાદા ઉપર પાણી ફેરવત ! ! ધન્ય છે વીરવર પ્રથિરાજજીને કે જે સમયમાં સમગ્ર રાજપૂતો પોતાના વંશની મર્યાદાને તિલાંજલિ આપી, યવનોના ગુલામો બની બેઠા છે તે જ સમયમાં તેઓ પાદશાહના તાબામાં હોવા છતાં પણ ક્ષત્રિ નામને શોભાવે છે. અરે મને આ કેવી બુદ્ધિ આવી કે જેથી હું સંધિના વિચાર ઉપર આવ્યો. અને તેનું કારણ માત્ર એક નજીવું દૃશ્ય જ છે. મારી હિમ્મત તે વખતે કેમ મને છોડીને ચાલી ગઈ હશે ?" હવે તો તેઓ યવનોને હેરાન કરવા સારૂ પુનઃ કમર કસીને તૈયાર બન્યા અને વિપત્તિ સામે ધૈર્યથી થયા.

પ્રકરણ ચૌદમું
પ્રથિરાજ અને ગંગ કવિ

વે મરદાંરી જાત, માણ રખાવે આપણો;
નામરદાંરી બાત, કૈ કવિ કથતા નહીં.
પાતલ રાણા પ્રતાપ, રાખી રજપૂતી પૂરી;
સત્ય શપથ કર આપ, કરી મર્યાદ કુળરી અચલ.
અકબર સમૈદ અથાહ, બૂડંતાં બાથો ભરે;
પાયો પૂરણ થાહ, પીથલ નાવ મગટ મળે.

મહારાણાનો ઉત્તર લઈ નીકળેલો દૂત કેટલાક વખતે રખડતો રઝળતો પ્રથિરાજજીને આવી મળ્યો. તેણે મહારાણાએ લખી આપેલો ઉત્તર તેમને આપ્યો. જે વાંચવાથી પ્રથિરાજજીને અતિ આનંદ થયો. તેમના નેત્રોમાંથી અશ્રુઓ વર્ષ્યાં, તેમનાં ઓઠો ફરફર્યા. તેઓ દરબારમાં જવાની ઉતાવળથી તૈયારી કરવા લાગ્યા. કારણ કે તેમણે પાદશાહ આગળ

કહેલી હકીકત સત્ય નીવડી હતી તેથી તેમને આનંદનો પાર નહોતો. પાદશાહનો દરબાર બરાબર ભરાયો છે. સીતેર ખાન અને બહોતેર ઉમરાવો, મેહેતા, મુત્સદીઓ, પટવારીઓ વિગેરે પોતપોતાનાં નિયત સ્થાનો ઉપર બેસી ગયા છે. પાદશાહ આવ્યો. તેણે પોતાના સિંહાસનને શોભાવ્યું. દરબારી કામકાજની શરૂઆત કરી પૂર્ણ કરવામાં આવ્યાં, અને તે કાર્યો આટોપાયા બાદ પાદશાહે વીર પ્રથિરાજજીને પ્રશ્ન કર્યો "કેમ પ્રથિરાજ! તમોએ રાણાને પત્ર લખ્યો હતો તેનો કંઈ ઉત્તર છે કે?" પ્રથિરાજજીએ આનંદ સાથે ઉત્તર આપ્યો કે "ખુદાવિંદ! મહારાણાનો ઉત્તર આવી ગયો છે અને તેમાં તેઓ પોતાના વિચારોથી કદાપિ પણ ચ્યુત થયા હોય એમ દેખાતું નથી. એટલે સંધિનો પત્ર તેમનો નથી જ."

પ્રથિરાજજીના ઉત્તરથી પાદશાહ ઝાંખો પડી ગયો, તેની મુખાકૃતિ ઉપર શ્યામતા છવાઈ ગઈ. કારણ કે તેના મનમાં તો એમ જ હતું કે પ્રથિરાજ જરૂર પોતાના પ્રયાસમાં નિષ્ફળ નીવડશે. તેને એમ ચોક્કસ ભરોસો હતો કે મારા પ્રબળ સૈન્યથી હેરાન થઇને જ રાણાએ સંધિની પ્રાર્થના કરી છે. પછી પ્રથિરાજ ચહાય તેવો કાગળ લખે તો પણ તેમાં તે ફાવી શકવાનો નથી. પરન્તુ આ તો ઉલટ પરિણામ આવ્યું. પ્રથિરાજજીએ દરબારમાં મહારાણાના દોહા પાદશાહને વાંચી બતાવ્યા જે સાંભળી પાદશાહે પણ મહારાણાની દૃઢ પ્રતિજ્ઞા બાબત તેની પ્રશંસા કરી.

આ વખતે દરબારમાં નવ્વાબ ખાનખાના હાજર હતા. તેમણે પણ પાદશાહને જણાવ્યું કે "ખુદાવિંદ! પ્રતાપસિંહ અન્ય રાજપૂતો સમાન રાજપૂત નથી. તે સાચો ક્ષત્રિય છે અને અન્ય ક્ષત્રિયો તો માત્ર નામના જ ક્ષત્રિયો છે. એના સમાન મરદને વધુ સતાવવામાં સાર નથી. વીર પ્રથિરાજજી દરબારમાં મહારાણા સારૂ હમ્મેશાં જે વિચારો જણાવે છે તેમાં એક અક્ષર પણ અસત્ય નથી. તે રાણાએ ક્ષત્રિયોનાં બિરૂદને એકલાને જ ધારણ કર્યાં છે. તેના શિર ઉપર જ સમસ્ત ભારતવર્ષના હિન્દુઓના ધર્મનું રક્ષણ કરવાનો બોજો તેણે ધારણ કર્યો છે. પછી આપ તેને ચહાય તેવી રીતે હેરાનગતિમાં મૂકો તો પણ તે શી રીતે સંધિ કરે?* ખુદાવિંદ! તેણે રાજ ગુમાવ્યું,

* કવિત–કોલ ખાનખાનાકે પ્રતાપસિંહ રાના પર;
બાના હિંદવાનાકો સુહાના તો ગયારીતૈં.
દાહકે કરન પાતસાહકે ઉરાહને પૈ;
ચાહકે મરન રન રાહકે જયારી તૈં.

ત્યારે સંધિ કરવાનો વિચાર ન કર્યો, જંગલે જંગલ ભૂખે મરી રખડતા છતાં પણ સંધિનો વિચાર ન કર્યો, તેજ રાણો જે સમયમાં તે ક્યાં રહે છે તેની આપણને માલુમ સારખી નથી. આપણુ તેને કંઈ ઉપદ્રવ કરી શકતા નથી તેવા સમયમાં સામા પગલે આપણી સાથે સંધિ માગવા પ્રાર્થના કરે તે શી રીતે માની શકાય તેમ હતું ? આ તો બધો તેના કોઈ દુશ્મનનો પ્રપંચ હોવો જોઇએ." વળી નવાબે પાદશાહના રાજકવિ સુપ્રસિદ્ધ કવિવર ગંગજીને પ્રશ્ન કર્યો કે "કેમ કવિરાજ ! આપનો શું અભિપ્રાય છે ?" કવિરાજે જણાવ્યું કે "મારો અભિપ્રાય પણ એવો જ છે સાંભળો"

છપ્પય:-'ગુર્જરેસ' ગંભીર, નીર નીરઝ નિઝિયો;
અતિ અથાહ 'દાઉદ' ખુંદ ખુંદન ઉબ્બરિયો.
ઘામ ઘૂટ 'રઘુરાય, જામ' જલધર લિન્હવ;
હિન્દુ-તુરક-તલાવ, કો ન કર્દમ બસ કિન્હવ.
કવિ ગંગ' અકબ્બર અક્ક બન, નૃપ નિપાન સબ બસ કરિય;
રાના પ્રતાપ રયનાક મઝ, છિન ડુબ્બત છિન ઉબ્બરિય.

ભાવાર્થ:-ગુજરાતના પતિનું અતિ ઊંડું જલ અર્થાત્ પરાક્રમ-રૂપી જલ હતું તેને કહાડીને ખાલી કરી નાંખ્યું અને એ જ રીતે દાઉદખાનમાં પણ જેનો પાર પામી શકાય નહીં તેવું જલ હતું એને ટીપાં ટીપાં કરીને રહેવા ન દીધું. વળી ઘામ એટલે તાપના પ્રાબલ્યથી જામ દેશના-જલધર-મેઘરૂપી રાજા રઘુરાયનું પણ જલ હરી લીધું. અને હિન્દુ કિંવા મુસલમાનોનું કયું તળાવ રહ્યું છે કે જેના પરાક્રમ, રૂપી જલ ખેંચી લઇને એને કર્દમમય બનાવ્યું ન હોય. વળી અન્ય રાજાઓરૂપી જે તલાવડાં હતાં તેમને સર્વથી સુકાવી નાખ્યાં. કવિ ગંગ કહે છે કે અકબરરૂપી-અક્ક, અર્ક-સૂર્યે સર્વ રાજા મહારાજા-ઓને એમના પરાક્રમ જળને સોષીસોષીને વશ કરી લીધા, પરન્તુ મહારાણા પ્રતાપસિંહરૂપી-રયનાક-રત્નાકર સમુદ્રમાં તે ઘડીમાં ડૂબી જાય છે અને ઘડીમાં ઉપર આવે છે અર્થાત્ કે મહારાણા પ્રતાપ-સિંહના પ્રતાપરૂપી જલને તે સોષી શકતો તો નથી, પરન્તુ ઉલટ તે જ ગોથાં ખાતો ખાતો બચી શકે છે.

મારો અભિપ્રાય પણ એ જ છે કે મહારાણો પ્રતાપ હલના સંજોગો વચ્ચે સંધિ કરવા સારૂ પ્રાર્થના કરે તે બિલકુલ ન માની

ઘાતિ દૈકૈં મુચ્છન કૃપાન પુનિ પાનિ દૈકૈં;
પાનલૌં ઉડાવૈં મ્લેચ્છ બીરના બચારી તૈં.
સૂચ્છકે હાકે હોત કૂરનકે સાકે હોત;
કૂરન ધૈંધાકે હોત વરન તચારી વૈં.

શકાય તેવી વાત છે. તે સાચો ક્ષત્રિય છે. અન્ય ક્ષત્રિયોની માફક તે નામધારી ક્ષત્રિય નથી કે જેથી નમી પાસું આપી પ્રાર્થના કરે. એણે અત્યાર સુધી પોતાની પ્રતિજ્ઞા દૃઢ રીતે પાળી છે. તેણે ક્ષત્રિય નામને અને મહારાણા બાપ્પાના વંશને તેમ જ પોતાના પૂર્વજોનાં નામોને દીપાવ્યાં છે એટલે તેને હલકો પાડવા તેના કોઇ પ્રતિસ્પર્ધીનો આ સંધિની પ્રાર્થનાનો ખોટો પ્રપંચ છે એમ મારૂં પણ માનવું છે."

મહારાણાના પત્રથી અને પોતાના દરબારના સભાસદોના વિચારોથી પાદશાહને પણ મહારાણાના સંધિપત્ર બાબત ચોક્કસ શંકા જ થઈ. તેથી તેણે સંધિના વિચારો માંડી વાળ્યા અને તે વાત ઉપર ઢાંકપિછોડો કરવામાં આવ્યો.

કવિ ગંગને નીચેના છપ્પય ઉપર નવાબ ખાનખાના ઉર્ફે અબ્દુલ રહીમ ખાને રૂપિયા છત્રી લાખ આપ્યા હતા.

છપ્પય:-ચકિત ભવર રહી ગયો, ગૅવન નહ કરત કમલ બન;
અહિ ફનિ મનિ નહ લેત, તેજ નહ બહત પવન ઘન.
હંસ માનસર તજ્યો, ચક્ક ચક્કી ન મિલૈ અતિ;
બહુ સુંદરી પદમિની, પુરૂષ ન ચહૈ ન કરૈ રતિ.
ખલ ભલિત શેષ કવિ ગંગ ભન, અમિત તેજ રવિ રથ ખસ્યો;
ખાનાનખાન બૈરમ સુવન, જહિન ક્રોધ કરિ તંગ કસ્યો.

કવિરાજ ગંગજીનું નવાબ ખાનખાના બહુ સારૂં માન રાખી સત્કાર કરતા હતા અને કવિરાજે પણ નવાબજીનાં બહુ કાવ્યો કહ્યાં છે. તેના કેટલાક નમુના આ નીચે આપ્યા છે.

કવિતા:-

નવલ નવાબ ખાનખાના જૂ તિહારે ત્રાસ, ભાગે દેશપતિ ધુનિ સુનત નિસાનકી;
ગંગ કહે તિનહૂકી રાની રજધાની છોડ, ફિરે બિલલાની સુધિ ભૂલિ ખાન પાનકી.
તે ઊમિલિ કરિન, હરિન, મૃગ, બાનરન, તિન હૂતેં ભલી ભઈ રચ્છાતિન પ્રાનકી;
સચી જાની કરિન ભવાની જાની કેહરિન, મૃગન કલાનિધિ કપિન જાનિ જાનકી.
પ્રબલ પ્રચણ્ડ બલી બૈરમકે ખાનખાના, તેરી ધાક દીપન દિસાન દહ દહકી;
કહે કવિ ગંગ તહાં ભારી સૂર વીરનકે, ઉપડિ અખંડ દંડ પ્રતે પૌંન લહકી.
મચ્યો ઘમસાન તહાં તોપ તીર બાન ચલે, મંડિ બળવાન કિરવાન કોપી ગહકી;
તુંડ કટી મુંડ કાટી જોસન જિરહ કાટી, નીમા જમાજીન કાટી જિમિ આની ઠહકી.
ત્રુકત કૃપાન મયદાન જ્યોં ઉદોત ભાન, એકનતેં એક મનો સુખમા જરદકી;
કહે કવિ ગંગ તેરી બલકી બયારી લગે, ફૂટી ગજ ઘટા ઘન ઘટા જ્યોં સરદકી,
એ તે માન સોનિતકી નદિયાં ઉપડિ ચલી, રહી ન નિસાની કહૂં મહિમેં ગરદકી;
ગૌરી ગહ્યો ગિરિપતિ ગનપતિ ગહ્યો ગૌરી. ગૌરી પતિ ગહ્યો પૂંછલપકિ બરદકી.
રાજે ભાજે રાજ છોડ રનછોડિ રજપૂત, રૌત છોડિ રાઉત રનાઈ છોડિ રાનાજ;
કહે કવિ ગંગ કુલ સમુદકે ચહૂં કૂલ, કિયો ન કરૈ કબૂલ તિય ખસમાનાજ.

પશ્ચિમ પૂરતગાલ કાશ્મીર અવતાલ, ખખ્ખરકો દેશ બાઢયો ભકખર બગાનાલ;
રૂમ, સામ, શામ, સોમ, બલક બદાક્શાન, ખૈલફૈલ ખુરાસાન ખીજે ખાનખાનાલ.

શાહાનશાહ જહાઁગીરની પ્રશંસામાં તેમણે કહ્યું છે કે:

છપ્પય:–હલહિ ચલત દલ હલત, ભૂમિ થલ થલ જિમિચલદલ;
થલ પલ ખલ ખલભલન, બિકલ બાલા કર કુલ કલ.
જબ પટહધ્વનિ યુદ્ધ, ધું ધું ધુષ્ધુબ ધુષ્ધુબ હુવ;
અરર અરર કૃટિ દરકિ, ગિરત ધસમસનિ ધુન ધુંવ.
ભનિ ગંગ પ્રબલ મહિ ચલત દલ, જહઁગીર શાહ તુવ ભાર તલ;
કું કું ફનિન્દ ફન ફુંકરત, સહસ ગાલ ઉગિલત ગરલ.

આ શિવાય કવિરાજે નીતિવિષયક તેમ જ શૃંગારવિષયક વિગેરે પણ બહુ જ કાવ્યો બનાવ્યાં છે. જે આ વાર્તામાં પ્રસિદ્ધ કરવાનો અવકાશ નથી. અમારા 'બ્રહ્મભટ્ટ કાવ્ય સંગ્રહ'માં એનો સંગ્રહ છે. અને જો તે ગ્રંથ પ્રસિદ્ધ કરવાનો પ્રસંગ સદ્ભાગ્યે અમને પ્રાપ્ત થશે તો વિદ્વાન્ વાચક સમક્ષ તે રજુ કરવા શક્તિમાન્ બની શકીશું.]

પ્રકરણ પંદરમું

નવ્વાબ ખાનખાનાનો મહારાણાને મદદ કરવાનો વિચાર

સાચો હીરો જેહ, તે ન કદિ પાછો પડે;
ગ્રાહક તેના કહે, સાચા સોદાગર જડે.

પૃથિરાજજીનો પત્ર લઈને મહારાણા પાસે જે માણસ ગયો હતો તેને નવ્વાબ ખાનખાનાએ બોલાવ્યો અને મહારાણાની સ્થિતિ સંબંધમાં પૂછપરછ કરી. પેલા માણસે પોતાનાં નેત્રોમાં અશ્રુઓના વહન સાથે તેણે જે સ્થિતિ મહારાણાની જોઈ હતી તે સ્થિતિનું યથાર્થ વર્ણન કરવા માંડ્યું. તેણે જણાવ્યું, "નવ્વાબ સાહેબ! મહારાણાની દશાનું વર્ણન કરતાં મારૂં મન ધીરજ ધરી શકતું નથી. મારૂં હૃદય ફાટી જાય છે, સમગ્ર મેવાડવાસી જેના નામ ઉપર પ્રાણ નિસાર કરતા હતા, તે મહારાણાને પ્રથમ તો હું ઓળખી શકયો જ નહીં, કારણ કે, તેમનું શરીર બહુ કૃશ થઈ ગયું છે, તેમને પરિધાન કરવા સારૂ પૂરતાં કપડાં નથી, પેટ ભરવા સારૂ સૂકું અન્ન પણ વખતસર મળતું નથી. કોઈ કોઈ વખત તો અનાજ તો શું પણ ફળ ફૂલ પણ મળી આવતાં નથી અને તેથી તે તથા તેમનું સમગ્ર કુટુંબ લાંઘણો કરીને દિવસ વિતાડે છે. હજુર! જે મહારાણાનાં બાળકો રાજભવનમાં, રાજકુટુંબમાં જન્મ લેનાર છે તેમને લાંઘણો ખેંચવી પડે છે તે કેટલા બધા દુઃખની વાત છે. મહારાણાને જોઈને તો તેમને પ્રથમ જોનાર કોઈ

પણુ માણસ ભાગ્યે જ ઓળખી શકે. કારણ કે અત્યારે તો તેઓ જંગલી ભિલ્લોના ભેળા એક ભિલ્લ સમાન જ છે. અને આવી વિપરીત દશામાં પણ તેઓ તેમનું ધૈર્ય છોડતા નથી. અત્યારે કયો ક્ષત્રી એના એક રૂંવાડા સમાન પણ ધીરજ ધારી શકે છે? અત્યારે તો બાદશાહ અને તેના અમલદારોની મહેરબાની ઉપર માત્ર એક પાળેલા શ્વાન સમાન સુખ ભોગવનાર ક્ષત્રિયો જ છે તેમને પોતાના પૂર્વજોનાં નામ અને કૃત્યોનો કંઈ પણ ખ્યાલ સરખોય નથી. અરે ! આપ વિચાર કરો કે ક્ષત્રિયોએ તો એટલા સુધી પોતાની કુળની મર્યાદા ઉપર ગજબ ગુજાર્યો છે કે તેઓ પોતાની પુત્રીઓ પણ પાદશાહ અને બીજા યવનોને આપતાં અચકાયા નથી. તેવા કઠિન સમયમાં પણ પોતાના કુળની મર્યાદ સારૂ જંગલે જંગલ રખડવું તે શું એક સાધારણ મનુષ્યનું કામ છે હજુર ! હું તો મહારાણા પ્રતાપને મનુષ્ય નહીં પણ કોઇ દેવનો અવતાર હોવાનું માનું છું.” આટલું વર્ણન કર્યા પછી તે માણસ શાન્ત રહ્યો.

નવાબ ખાનખાના એક નીતિજ્ઞ પુરુષ હોવા ઉપરાંત વિદ્વાન્ કવિ હતા. વળી તેઓ રાણાની સત્ય પ્રતિજ્ઞાથી તેને બહુ જ ચહાતા હતા, એટલે તેમનાં નેત્રામાં પણ મહરાણાનું વર્ણન સાંભળતાં અસ્ખલિત જળપ્રવાહ ચાલૂ જ હતો. તેમણે કેટલીકવાર પછી પેલા દૂતને રજા આપી અને પોતે કંઇક મોટા વિચાર કરવાના ગુંચવાડામાં પડ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કેઃ—

“શું અત્યારે રાણાને સહાયની જરૂર નથી ? અરે ! આથી કઠિન પ્રસંગ તેના માટે બીજો કેવો આવશે કે હું તેના ઉપર સહાય કરવાનું બાકી રાખી શકું ? મિત્રની પરીક્ષા સંકટના સમયમાં જ કરી શકાય છે અને મારે પણ મારી પરીક્ષા આપવાનો પ્રસંગ પરમાત્માએ વગર પ્રચ્છાએ મેળવી આપ્યો છે. જો હું તેને ચૂકું તો હાથ લાગેલો અવસર ગુમાવનાર પાપી નીવડું. સહાય કરવાની જો પાદશાહને માલુમ પડે તો હું પાદશાહતનો વિરોધી રાજદ્રોહી ઠરૂં, માટે ચહાય તે બીજી યુક્તિ શોધી કહાડીને પ્રતાપસિંહને મદદ તો જરૂર કરવી.” આ પ્રમાણે વિચાર કરી તેમણે યુક્તિ શોધવા માંડી. છેવટ યુક્તિ શોધતાં શોધતાં એઓ એવા વિચાર ઉપર આવ્યા કે “કુટુમ્બનાં માણસોને દેશાટન કરવા સારૂ મોકલવાનો વિચાર જાહેર કરવો અને તેમની સાથે મુસાફરીમાં જરૂર પડશે એમ જણાવી બહુ ધન આપવું અને પ્રતાપસિંહને ખાનગી રીતે લખી જણાવું કે તે તમામ ધન તમારી સહાયાર્થે આવી રીતે મોકલવામાં આવ્યું છે માટે મારા કુટુંબનાં માણસોને લૂટી લઇ ધન તમામ હવાલે કરી લેવું.”

તેમણે મહારાણા ઉપર એક પત્ર લખી કહાવ્યો અને તેમાં એવા મતલબનું જણાવ્યું કે "મારાં પૂજ્ય માજી અને મારૂં કુટુંબ દેશાટન અર્થે બહાર ફરવા નીકળ્યાં છે. તેમની સાથે મેં પુષ્કળ ધન આપ્યું છે, તે તમામ આપના માટે જ મોકલવામાં આવેલ છે. કારણ કે જો હું પ્રત્યક્ષ આપને મદદ કરવા સારૂ આગળ આવું તો રાજદ્રોહી ગણાઉં, માટે મદદ કરવા સારૂ આ રસ્તો મેં ગ્રહણ કર્યો છે. માટે કોઇ પણ પ્રકારના વિચાર વગર જ આપ મારી ભલામણ સ્વીકારી મારા કુટુંબનાં માણસોને લુટજો." આ કાગળ તેમણે પોતાના ભરોસાવાળા માણસ સાથે મહારાણા પાસે મોકલાવ્યો, અને પોતાનાં માજી તથા કુટુંબનાં અન્ય માણસોને સમજાવી પટાવી દેશાટન કરવા જવા સારૂ તૈયાર કર્યાં. માજી પોતાની સાથે કેટલાક માણસો સાથે નવ્વાબજીએ નક્કી કરી આપેલા રસ્તે થઇ મુસાફરીએ નીકળ્યાં. તેઓ નવ્વાબજીના આ ભેદને જાણતાં નહીં હોવાથી પોતાને જોવાનાં સ્થળોની રાહ જોવા લાગ્યાં અને આગળ વધવા લાગ્યાં, ત્યારે નવ્વાબજી માજી લુટાયાના સમાચાર મળવાની રાહ જોવા લાગ્યા.

નવ્વાબજીનો પત્ર લઇ આગળથી વિદાય થયલો માણસ કેટલાક દિવસે મહારાણાના આશ્રમે આવી પહોંચ્યો અને તેણે નવ્વાબ ખાનખાનાનો પત્ર તેમના હવાલે કર્યો. રાણાએ તે પત્ર વાંચ્યો તેમને અતિ આનંદ થયો. તેમનાં નેત્રોમાં પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. તેઓ વિચાર કરવા લાગ્યા કે "શું નવ્વાબ ખાનખાના સમાન નીતિજ્ઞ પુરુષો અદ્યાપ પણ ભારતવર્ષમાં છે? શું એક મુસલમાન છતાં પણ આવી રીતની યુક્તિ કરીને પણ મને સહાય કરનાર હજુ છે? જરૂર હજુ પણ સર્વેશ્વર મારાથી પ્રતિકૂળ નથી. જો પ્રતિકૂળ હોય તો નવ્વાબજી મને મદદ કરવા શાના પ્રેરાય? પરન્તુ મારે આ તેમની મદદ સ્વીકારવી ખરી કે? શું હું નવ્વાબજીનાં માતુશ્રીને લૂટું? નવ્વાબજીનાં માતુશ્રી તે મારાં પણ માતુશ્રી જ માની શકાય, પછી હું તેમને શી રીતે લૂટું અને છતાં પણ જો તેમને હું લૂટું તો વિદ્વાન્ કવિઓ નવ્વાબજીના યશ સાથે મારા અયશોનું વર્ણન ન કરે કે? જરૂર જ કરે. માટે હું તેમને લુટીને મારા નામને કલંકિત નહીં કરૂં." આ પ્રમાણે વિચાર કરી તેમણે નવ્વાબજીપર પત્ર લખી આપ્યો કે "વ્હાલા નવ્વાબજી! આપ નીતને ચાહનાર છો, એટલે આપે મારા સંકટના સમયમાં સહાય કરવા હાથ લંબાવ્યો છે. પરન્તુ આપ વિચાર કરો કે આપનાં માજી તે મારાં માજી નહીં કે, જેથી હું તેમને લૂટવાનું નીચ કાર્ય કરૂં? મારાથી તેમ તો નહીં જ બને. હું માજીનાં દર્શનનો લાભ

જરૂર લઇશ. પણ લૂટવા સારૂ તો નહીં જ. માત્ર તેમની સેવા અને ચોકી પેહેરાના બંદોબસ્ત સારૂ જ. નવ્વાબજી ! જ્યાં સુધી અકબરના દરબારમાં આપ અને પ્રથિરાજજી સમાન મારા હિતૈષીઓનું અસ્તિત્વ છે, ત્યાં સુધી સર્વેશ્વર મારાથી પ્રતિકૂળ ન થતાં અનુકૂળ છે એમ હું માનું છું. હું તો અત્યારે એક જંગલી ભિલ્લની અથવા જંગલી જાનવરની સ્થિતિ અકબરના અત્યાચારથી ભોગવી રહ્યો છું. પરંતુ મને ભરોસો છે કે અખિલ બ્રહ્માંડોનો માલિક આપ જેવા હિતૈષીઓના આશીર્વાદથી મારી ટેક નેક રીતે પૂર્ણ કરશે જ. ઈશ્વર આપને સહ કુટુંબ સુખી રાખે એમ જોવા અને જાણવા ઇચ્છું છું. મેં તો પ્રતિજ્ઞા કરી છે કે, જ્યાં સુધી મારી પવિત્ર માતૃભૂમિનો ઉદ્ધાર કરી શકું નહીં ત્યાં સુધી રાજા પણ કહેવડાવવું નહીં અને તે પ્રતિજ્ઞા છોડવી પણ નહીં.

કદિ સૂર્ય ઉગે પશ્ચિમે, શશિ શિતળતા છોડે સહી;
કદિ કોડ ટૂકડા થાય તન, નિજ પ્રતિજ્ઞા પલટું નહીં.
આકાશથી અગ્નિ ઝરે, પાતાળથી ભાળા સહી;
પૃથ્વી પાતાળે જાય પણ, નિજ પ્રતિજ્ઞા પલટું નહીં.
નિજ માતૃભૂમિની ધર્મની, મેં ધોંસરી ધારી સહી;
તે કોડ કષ્ટો પેખીને, નિજ પ્રતિજ્ઞા પલટું નહીં.

નવ્વાબજી ! મારા કુળમાં વખે નીકળવાની કયાં નવાઇ છે ? ભગવાન્ શ્રીરામચન્દ્રજી પણ જંગલે જંગલ ભટકયા હતા અને તેમને પણ ભિલ્લોના રાજા ગૂહે જ મદદ કરી હતી. મારે પણ તેવો જ જંગલમાં રખડવાનો પ્રસંગ આવ્યો છે અને મને પણ ભિલ્લોના સરદાર 'દોલીયા'ની મદદ મળી છે. માત્ર તફાવત એટલો જ છે કે તેમને જંગલમાં સતાવનાર કોઇ નહોતું, તેમને કંદ મૂળ હમ્મેશાં જ મળી રહેતાં હતાં અને મારા શિરે અકબર સમાન પ્રબળ શત્રુ સતાવનાર છે અને કોઇ કોઇ વખત તો કંદ મૂળના અભાવે સહકુટુંબ લંઘન કરવું પડે છે. તે બધી ભાગ્યની જ બલિહારી છે. મને ખાત્રી છે કે દુઃખના અંતે સુખ આવે છે અને મને પણ તેમ જ સુખ મળશે જ. આપ આપના નીતિમય અને દયાળુ હૃદયમાં મારાં દુઃખોને સ્થાન ન આપશો. બની શકે તો યોગ્ય સમયે યોગ્ય મદદ કરશો તો બસ છે. આપના અંતઃકરણમાં મારા માટે જે લાગણીઓ ધરાવો છો તેના માટે હું આપનો ઉપકારી છું." આ પત્ર પેલા માણસને આપી તેને વિદાય કર્યો અને પોતે નવ્વાબજીના કૂટુંબની રાહ જોવા લાગ્યા.

કેટલાક દિવસે નવ્વાબ ખાનખાનાનાં માતુશ્રી પોતાના રસાલા સાથે મહારાણાનો જે ડુંગરોમાં મુકામ હતો, તેની પાસેના એક સ્થળે

આવી પહોંચ્યાં અને પોતાના માણસોને સખ્ત રીતે ચોકી કરવાની વરદી આપી રસોઇ પાણીનો બંદોબસ્ત કરાવી પોતે આરામ લેવા લાગ્યા. આ વખત મુસલમાનો માટે જંગલમાં બહુ જ ભયંકર મનાતો હતો. કારણ કે મહારાણો પોતાના ભિલ્લો સાથે દરેક સ્થળે વાલ્યા ઉગતા હતા અને યવનોનો નાશ કરી નિડર રીતે ચાલ્યા જતા હતા, એટલે હથિયારબંધ યવનોને પણ જંગલમાં પોતાના પ્રાણ બચાવવા તે બે વાઘની વચ્ચે બકરીએ પ્રાણ બચાવવા સરખું જ હતું. અને તેથી જ નવ્વાબજીનાં માજીએ પણ ચોકી પેરાનો બંદોબસ્ત સખ્ત રીતે કરાવ્યો હતો.

જ્યારે આ બધો રસાલો આરામ લેવાની તૈયારી કરતો હતો તે વખતે પોતાની સાથે કેટલાક ભિલ્લો લઇને હમ્મેશાં રસાલાની વરસાદની માફક રાહ જોનાર મહારાણા પ્રતાપસિંહ ત્યાં આવી પહોંચ્યા. જ્યારે ભિલ્લોને જોયા એટલે માજીના રસાલામાં ખળભળાટ શરૂ થયો, તેઓ હથિયાર સંભાળવા લાગ્યા. એમના તો બિચારાઓના પ્રાણ પંખેરૂ પીંજરામાંથી પલાયન કરી ગયા, તેમના હાથ પગ ધ્રૂજવા લાગ્યા. તેમને તો સોએ વર્ષ પૂરાં થઇ જવાના અનુભવ થવા લાગ્યા. આ તેમની દયાજનક સ્થિતિ જોઇ તેમને ગભરાતા અટકાવવા સારૂ મહારાણા પોતે જ મોખરે આવ્યા અને રસાલાના માણસોને જણાવ્યું કે "તમો કોઇ ગભરાતા નહીં, હું રાણો પ્રતાપ છું." પ્રતાપનું નામ સાંભળતાં તો થોડા થોડા પણ પ્રાણ તેમના શરીરમાં હતા તે નાસવા લાગ્યા. મહારાણાએ તેમને કહ્યું કે "ભાઇઓ! તમારે ગભરાવાનું કંઇ કારણ નથી. મને નવ્વાબજી તરફથી માજીના આવવાના સમાચાર છે અને તેથી હું તેમની ચોકી સારૂં આવ્યો છું. તમો માજીને વરદી આપો કે મારે માજીનાં દર્શન કરવાં છે." જ્યારે મહારાણાના મોઢામાંથી આ મુજબના શબ્દો સાંભળ્યા ત્યારે બિચારા સિપાઇઓના હોશકોશ ઠેકાણે આવ્યા અને તેમનામાંથી એક મનુષ્ય માજીને વરદી આપવા સારૂ ગયો. તેણે જઇ માજીને વરદી આપી એટલે માજી પોતાના તંબુમાં ચક નાંખી બેઠાં અને વરદી લાવનાર માણસને મહારાણાને લઇ આવવા આજ્ઞા કરી. પેલો માણસ ગયો અને મહારાણાને લઇને માજીના તંબુ આગળ આવ્યો. મહારાણાએ માજીને પ્રણામ કરતાં જણાવ્યું કે "માજી! હું આપનો પુત્ર પ્રતાપ પ્રણામ કરૂં છું. માજી! મારો આવી રીતે મલાજો હોય કે? જેવા નવ્વાબજી છે તેવો હું પણ આપનો જ પુત્ર છું, માટે મારો મલાજો હોઇ શકે નહીં." માજીએ ચક છોડી નંખાવ્યો અને મહારાણાને પૂછ્યું કે "ભાઇ! મેં તો આપને કોઇ વખતે જોયા નથી એટલે શાની ઓળખી શકું? પરન્તુ

શું ઉદયપુરના મહારાણા પ્રતાપી પ્રતાપ તે આપ પોતે જ છો ? ભાઇ ! હિન્દુ ધર્મનો સર્વ આધાર અત્યારે આપના ઉપર જ છે. અન્ય ક્ષત્રિયો તો બાયલા સમાન બની બાદશાહને નમી પડ્યા છે, એટલું જ નહીં પણ તે સર્વે પોતાની કન્યાઓ પણ અમને આપવા લાગ્યા છે. માત્ર આપે જ આપનાં માતા, પિતા અને આપની માતૃભૂમિને શોભાવી છે. ઇશ્વર આપના આ સત્કાર્યમાં જરૂર સહાય કરશે. ભાઇ ! ધન્ય છે આપને ! રાજ્યસુખની પરવા ન કરતાં એક ભિક્ષની દશા ભોગવીને પણ કુલની મર્યાદા સાચવી રાખવા સારૂ તનતોડ મહેનત કરી રહ્યા છો."

"માજી ! મને પણ ભરોસો છે કે આપ સમાન વૃદ્ધ અને પૂજ્યોના આશીર્વાદથી મારાં આ દુઃખોનો પણ અંત આવશે જ. માજી ! આપ અહીં જેટલા દિવસ આરામ લેવાનું ઇચ્છતાં હોવ તેટલા દિવસ સુધી આરામ લો. અહિં કોઇ જાતની દહેશત નથી. ચોકી પેરા સારૂ પણ હું મારા ભિલ્લોને જ અહિં રાખીશ. કારણ કે આપની સાથેના સિપાઇઓ બિચારા લાંબી મુસાફરીથી આવે છે એટલે તેઓ પણ થાકી ગયા હશે, માટે ભલે તે બિચારા પણ આરામ લે." માજીએ જણાવ્યું કે "ભાઇ ! તમારી દહેશતના કારણે માત્ર આજની રાત્રિ જ અહીં આરામ લેવાનો વિચાર રાખ્યો હતો, પરન્તુ જ્યારે તમો જ અમારૂં રક્ષણ કરવા સામા આવ્યા છો એટલે અમને બીજા કોની દહેશત છે ? હવે તો અમે અહીં બે ચાર દિવસ રોકાઇને પછી જ આગળ વધશું." પછી મહારાણા રજા લઇ ચોકી પેરાનો બંદોબસ્ત કરી પોતાના મુકામે ચાલ્યા ગયા. અને રસાલાના માણસો તથા માજી તેમની પ્રશંસા કરી ઇશ્વરે તેમના ઉપર આ મહાન્ સંકટ નાંખ્યું તે બાબત શોક પ્રદર્શિત કરતાં આંખમાંથી અશ્રુઓ વહેવડાવવા લાગ્યાં.

મહારાણાએ આપેલો પત્ર લઇ પેલો માણસ ખાનખાના પાસે આવ્યો અને તેમને મહારાણાનો પત્ર આપ્યો. તેમણે પત્ર વાંચ્યો અને વિચાર કરવા લાગ્યા કે "ધન્ય પ્રતાપ ! તને ધન્ય છે ! તારા સિવાય આવી નેક ટેક કોણ સાચવી શકે ? શું આવા સંકટમાં પણ તેં મારી ભલામણ છતાં માજી પાસેથી ધન નહીં લેવાની ધીરજ રાખી છે ? અરે ! પ્રતાપ તારી ધીરજ આગળ મારી મેહેનત તેં વ્યર્થ કરી, પ્રતાપ ! પ્રતાપ ! તારી નીતિથી સર્વેશ્વર જરૂર તારી સહાયમાં જ રહેશે." આ પ્રમાણે વિચાર અને પ્રશંસા કરતાં કરતાં તેમનું હૃદય અને નેત્રો ધીરજ રાખી શકયાં નહીં, તેથી અધીરજ તેમના હૃદયમાં ન સમાઇ એટલે નેત્રો વાટે પ્રવાહી સ્વરૂપમાં બહાર આવી. પાસે ઉભેલા પત્ર લઇને આવનાર માણસની પણ એવી જ દશા થઇ, અને થોડા વખત સુધી આ બન્ને જણની એવી જ દશા રહી.

કેટલીક વારે નવ્વાબે શાન્ત થઈ પેલા માણસને પોતાના કામે લાગવા જણાવ્યું અને પોતે માજીને આવવાની રાહ જોવા લાગ્યા.

અહીં જંગલમાં માજીએ ચાર દિવસ સુધી મહારાણાના આશ્રયમાં આરામ લીધો અને પછી પોતે ત્યાંથી આગળ ચાલ્યાં. મહારાણા કેટલાક દૂર સુધી પોતાના ભિલ્લો સાથે તેમને વળાવવા ગયા અને બહુ આગ્રહ થયાથી કેટલાક ભિલ્લોને તેમને શહેર સુધી પહોંચાડી આવવાનું કહી પોતે પાછા ફર્યા.

માજી મુસાફરી પૂર્ણ કરી કેટલાક સમય બાદ પાછાં ઘર આગળ આવ્યાં. નવ્વાબ ખાનખાનાએ તેમને રાણો મળ્યા હતા કે કેમ તે બાબત પ્રશ્ન પૂછ્યો. માજીએ જણાવ્યું કે "ભાઈ! પ્રતાપસિંહ મને મળ્યો હતો. તેણે આવીને મને કહ્યું કે 'માજી! જેવા નવાબજી છે તેવો જ હું પણ આપનો પુત્ર જ છું' અને પછી તેણે અમારી ચોકી પેરાનો બહુ સારી રીતે બંદોબસ્ત કર્યો. અમો નીકળ્યાં ત્યારે કેટલાક દૂર સુધી તે અમને વળાવવા સારૂ આવ્યો અને જ્યારે મેં બહુ આગ્રહ કર્યો ત્યારે જ તે પાછો ફર્યો, અને છતાં પણ શહેર સુધી તો તેની સાથેના ભિલ્લોને અમારી સાથે મોકલ્યા. ભાઈ! તે તો પ્રત્યક્ષ નીતિસ્વરૂપ છે, છતાં પાદશાહ તેને શા સારૂ સતાવે છે? આવા માણસને સતાવવો તે તો મહાન્ પાપ કર્યા સમાન છે. ભાઈ! તું કંઈ પાદશાહ સલામતને કહેતો નથી? આવો સારો રાજા, રાજા મટીને રંકની સ્થિતિ ભોગવે છે, છતાં શું પાદશાહને એની દયા નથી આવતી કે? એ તો એની ટેક આખર સુધી પણ નહીં જ છોડે, પછી ભલે તેમાં તેનો પ્રાણ પણ જાય." આટલું કહેતાં કહેતાં માજીનું દયામય હૃદય ધીરજ ન જ ધરી શક્યું, તેઓ રોઈ પડ્યાં. તેમને જોઈને નવાબ પણ રોવા લાગ્યા, અને તેમની સ્થિતિ જોનાર જાણનાર સર્વની પણ એ જ દશા થઈ. નવાબે ધીરજ રાખી માજીને જણાવ્યું કે "માજી! હું બાદશાહને શું કહું? તે તો અત્યારે અનીતિના રસ્તે છડી હરેક ઉપાયે પ્રતાપસિંહને પાયમાલ કરવા ધારે છે. વળી પ્રતાપસિંહના ભ્રષ્ટ થયલા જ્ઞાતિ ભાઈઓ પણ પોતે ભ્રષ્ટ થયલા હોવાથી હરેક રીતે પણ પ્રતાપને ભ્રષ્ટ કરવા સારૂ પાદશાહને ઉશ્કેર્યા જ કરે છે. અકબરના સમાન નીતિજ્ઞ પાદશાહના મનમાંથી પણ પ્રતાપની વાત સાંભળીને નીતિ નાસી જાય છે. હું તેને શું કહું? માજી! એની નીતિ તો જુઓ કે મેં તો આપને કંઈ દેશાટન સારૂ મોકલ્યાં નહોતાં, પરંતુ આપની સાથે ધન આપી તેને સહાય કરવા સારૂ મોકલ્યાં હતાં અને એને પણ મેં એવી મતલબનો પત્ર લખ્યો હતો કે 'મેં તમને સહાયાર્થે માજી સાથે બહુ ધન મોકલ્યું

છે માટે તમો તેને લૂટી લેજો. જો હું પ્રત્યક્ષ રીતે તમને મદદ કરવા બહાર આવું તો રાજદ્રોહી ઠરૂં, તેથી આ ઉપાય શોધ્યો છે.' છતાં તેણે તમને લૂટવાની ના પાડી અને મને જણાવ્યું કે 'શું તમારાં માજી તે મારાં માજી નહીં કે જેથી હું તેમને લૂટું, તેમ તો મારાથી કદાપિ પણ નહીં બને,' એણે લૂટવાની વાત તો બાજુએ મૂકી, પરંતુ ઉલ્ટી તમારી આવી સારી બરદાસ્ત કરી. માજી! સાચો ક્ષત્રિય તો અત્યારે સમગ્ર ભારતવર્ષમાં એકલો પ્રતાપ જ છે. બાકી તો બધાય પોતાની ક્ષત્રિયવટને છોડી, પાદશાહના ગુલામો બની કન્યાઓ આપે છે. અરે! ધિક્કાર છે તેવા કુળ દેશદ્રોહીઓને, તેમણે તો યાવત ચન્દ્ર સૂર્ય રહેશે ત્યાં સુધી પોતાનાં માતા પિતાને લજવ્યાં છે. તેવા કુળદ્રોહીઓ ભારત ભૂમિ ઉપર ન હત તો શું ખોટું હતું! એમની દુષ્ટતાના પરિણામે જ પ્રતાપને હેરાન થવું પડે છે."

આ પ્રમાણે વાતચીત થયા બાદ સહુ કોઇ મહારાણાની પ્રશંસા કરતાં પોતપોતાના કામે લાગી ગયાં.

[નવાબ ખાનખાનાનું નામ અબ્દુલ રહીમખાન હતું, તેમના પિતાનું નામ બેરમખાં હતું. તેઓ બહુ દાની હોવાથી આગળ જતાં હાથ તંગીમાં આવી પડયો. એ દશામાં એમણે કહ્યું છે કે:-

દોહા:-યે રહીમ દર દર ફિરૈં, માંગિ મધુકર ખાહીં;
યારો યારી છોડ દો, વૈ રહીમ અબ નાહીં.

આવી રીતના પોતાના શબ્દો છતાં પણ તેમને યાચકો છોડતા નહોતા. એક વખતે એક યાચકના યાચવાથી તેમણે રીંવાના રાજાને નિચે લખેલો દોહો લખી એક લાખ રૂપિયા મંગાવી યાચકને આપ્યા હતા.

દોહા:-ચિત્રકૂટમેં રમિ રહે, રહિમન અવધ નરેશ;
જાપર વિપદા પરતિ હૈ, સો આવત યહિ દેશ.

મહારાણા અમરસિંહ ઉપર પાદશાહના હુકમથી નવ્વાબ ખાનખાનાએ ચડાઇ કરી, ત્યારે રાણાજીએ તેમને લખી જણાવ્યું કે:-

કમધજ હાડા કૂરમા, મહલાં મોજ કરંત;
કહજે ખાનાખાનનેં, બનચર હુવા ફિરંત.
ચહુવાણાં દિલ્લી ગઇ, રાઠોડાં કનવજ્જ;
રાણ પયંપે ખાનનૈ, વો દિન દિસે અજ્જ.

આ દોહાઓ વાંચી ગુણગ્રાહક, નીતિજ્ઞ નવ્વાબજીએ નીચેના દોહામાં જવાબ આપ્યો હતો.

ધર રહસી રહસી ધરમ, ખપ જાસી ખુરસાણ;
અમર વિસંભર ઉપ્પરૈ, રાખ નવેજ્યો રાણ.

નવ્વાબજીએ ઘણા ગ્રન્થો પણ બનાવ્યા છે, પરંતુ તે સઘળાનો અત્યારે પત્તો પડતો નથી. તેમનાં ઇતર કાવ્યોના નમુના અહીં આપ્યા છે.

છપ્પય:—કબહુક ખગ મૃગ મીન, કબહુ મર્કટતનુ ધરિકે;
કબહુક સુરનર અસુર, નાગમય આકૃતિ કરિકે.
નટવન લખ ચોરાસિ, સ્વાઁગ ધરિ ધરિ મેં આયો;
હે ત્રિભુવનકે નાથ, રીઝકો કછુ ન પાયો.
જો હો પ્રસન્ન તો દેહુ અબ, મુક્તિદાન માઁગૂ બિહસ;
જો પૈ ઉદાસ તો કહહુ ઇમ, મત ધરરે નર સ્વાંગ અસ.
સો૦—રહિમ ન મોહિ સુહાય, અમી પિયાવત માન બિન;
જો બિષ દેય બુલાય, પ્રેમ સહિત મરિબો ભલો.
પલહિચલી મુસુકાય, દુતિ રહીમ ઉજિઆત અતિ;
બાતીસી ઉસકાય, માનો દીની દીપકી.
દીપક હિયે છપાય, નવલ વધૂ ઘર લે ચલી;
કર બિહીન પછિતાય, કુચ લખિ નિજ સિર ધુને.
ગઇ આગિ ઉર લાય, આગિ લેન આઇ તિય;
લાગી નહીં બુઝાય, ભભકિ ભભકિ બરિ બરિ ઉઠે.
કલિત લલિત માલા, વા વા જવાહિર જડા થા;
ચપલ ચખન વાલા, ચાંદનીમેં ખડા થા.
કટિતટ બિચ મેલા, પીત સેલા નવેલા;
અલિ બન અલબેલા, યાર મેરા અકેલા.
અબ રહીમ મુસકિલ પરી, ગાઢે દોઉ કામ;
સાંચેસે તો જગ નહીં, ઝુઠે મિલૈ ન રામ.
રહિમન કોઉ કા કરે, જ્વારી ચોર લબાર;
જો પતિ રાખન હાર હૈ, માખન ચાખન હાર.
રહીમ વિપદા તૂ ભલી, જો થોરે દિન હોય;
હિત અનહિત યા જગતમેં, જાનિપરત સબ કોય.
સાધુ સરાહે સાધુતા, જતિ જોખિતા જાન;
રહિમન સાંચે સૂરકો, બૈરિ કરે બખાન.
ભૂપ ગનત લઘુ ગુનિનકો, ગુની ગુનત લઘુ ભૂપ;
રહિમન ગિરિતેં ભૂમિલો, લખો તો એકૈ રૂપ.
છિમા બડેનકો ચાહિયે, છોટેન કો ઉતપાત;
કા રહીમ હરિકો ઘટયો, જો ભૃગુ મારી લાત.

નવ્વાબ ખાનખાના અરબી, ફારસી, તુરકી ઇત્યાદિ યાવની ભાષા ઉપરાંત સંસ્કૃત અને વ્રજ ભાષાના પણ સારા વિદ્વાન હોઇ અકબરશાહની આંખની પુતલી સમાન હતા. તેમના સંસ્કૃત શ્લોકનો નમુનો વાચકોના લક્ષ ઉપર લાવવા સારૂ આ નીચે આપ્યો છે.

आनीता नटवन्मया तव पुरः श्रीकृष्ण या भूमिका
व्योमाकाशखखांबराब्धिवसवस्त्वत्प्रीतये यावधि ॥
प्रीतिर्यस्य निरीक्षणोहि भगवन्मत्प्रार्थितं देहि मे
नोचेद्ब्रूहि कदापि मानय पुनर्मामीदृशीं भूमिकाम् ॥

જાતિ હતી સખિ મોહનમેં મન મોહનકો બહુતૈ લલચાનો;
નાગરિ નારિ નઇ બ્રજકી ઉન હૂં નંદલાલ કો રીઝિબો જાનો.
જાતિ ભટુકિરિ કૈ ચિતઇ તબ ભાવ રહીમ યહૈ ઉર આનો;
જ્યૈં કમ નૈન દમાનકમેં ફિરિ તીર સૌં મારિ લૈ જાત નિસાનો.

જ્યારે આ નવ્વાબજી કાવ્યો બનાવી શકતા હતા ત્યારે તેઓ વિદ્વાનોની મહેનતની પરીક્ષા કરી સારી રીતે સંતોષતા હતા. અત્યારે હાલ નવ્વાબો તે વિષયમાં પૂર્ણ રીતે અજ્ઞાનતા ધરાવતા હોવાથી તેઓ કવિઓથી અતડા રહે છે. વળી એક નાનકડી ઠકરાતના ઠાકોર, જો કે જાણતા કંઈ જ નથી, છતાં પણ કવિ કહેવડાવવાનો મિથ્યા અભિમાન ધારણ કરે છે. અને વળી વિદ્વાનોની કદર કરવામાં અસલ સુમના સરદાર હોવાની ખાત્રી આપે છે; છતાં પણ દાની કહેવડાવવાનો ખોટો દાવો કરે છે. એમ પણ અમારા અનુભવમાં આવ્યું છે. આવા સરદારો મિથ્યા અભિમાન કરતાં શરમાતા પણ નથી, વળી તેઓ ડાકલું વગાડી શકતા હોવાથી તે બાબતનો પણ અભિમાન દર્શાવે છે. અને પોતાના પૂર્વ નૃપતિઓને ચન્દ્ર અને પોતાને સૂર્ય તરીકે ઓળખાવે છે. ધન્ય છે એમની વિદ્વત્તાને ! ! !]

પ્રકરણ સોળમું
શિકારમાં નિષ્ફળતા

કોટી ઉપાય કરો કદિ, વિધિ વિપરિત જો હોય;
તે સઘળા નિરર્થક બને, કાર્ય કદિ ના હોય.
દુઃખના અંતે સુખ સદા, સુખ અંતે દુઃખ જાણ;
માટે દેખી દુઃખને, કદિ તજો નહીં મામ.
એક અને પછી એક, આવે આફત અતિ ઘણી;
પણ જે રાખે ટેક, (તે) માનો સાચો નર મણી.

આજે ચોમાસાનો દિવસ છે. સારી રાત્રિ વરસાદ વિજળી અને ગર્જના સાથે વરસ્યા કર્યો છે. મહારાણો સવારમાં જાગ્રત થઇ નિશ્ચિંત રીતે બેઠા બેઠા પોતાના ભવિષ્ય ઉપર વિચાર કરી રહ્યા હતા. તેમના મનમાં હજુ પણ પોતાને વિઘ્નોના વાદળાંવાળા કેટલા દિવસો જંગલમાં ભોગવવાના છે તે સંબંધી વિચાર ચાલી રહ્યા હતા.

જ્યારે તેમના મનમાં આ વિચારો ઘોળાતા હતા. ત્યારે મહારાણીના મનમાં આજે ઘરમાં કંઇ પણ ખાવાનું સાધન નહીં હોવાથી બાળકોને શું ખાવા આપવું ? તે સંબંધી વિચારો ચાલી રહ્યા હતા. પરન્તુ દુઃખથી કસાયલાં મહારાણીએ મહારાણાને દુઃખી નહીં કરવાના વિચારથી તે હકીકત મહારાણાને જણાવી નહીં. આવી રીતે બપોરનો સમય થયો. અન્ય લોકો પોતાનાં પેટ ભરી પોત-

પોતાના કામે લાગી ગયાં, પરન્તુ રાણાજીને તો આજે રાણીજીએ જમવા જવા કહ્યું નહીં, તેથી રાણાજીએ જ પોતે જઇને રાણીજીને પૂછ્યું કે "કેમ, આજે જમવાની કંઇ જોગવાઇ નથી કે શું? કે જેથી હજુ સુધી મને તેના માટે બોલાવ્યો નથી?" રાણીજીએ જણાવ્યું કે "અન્નદાતાર! આજે ઘરમાં કંઇ પણ વસ્તુ નથી કે જે આપને જમવા આપી શકું." રાણાજીએ પૂછ્યું "ત્યારે બિચારાં બાળકોની શું દશા છે?" રાણીજીએ જણાવ્યું "તે બિચારાં પણ ભૂખ્યાં જ બેસી રહ્યાં છે." રાણાજીએ કહ્યું "ત્યારે મને લગાર વહેલી ખબર આપી હત તો જંગલમાંથી કંઇ શિકાર મળત તો લઇ આવત ને?" રાણીજીએ કહ્યું "પરન્તુ મારી જીભ મારા અન્નદાતારને અનેક દુઃખોમાં આ સમાચાર આપવા ઉપડી શકતી નહોતી અને તેથી જ હું છાની માની બેસી રહી હતી." આટલું કહેતાં કહેતાં તેમનાં નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેમ જ આ વખતે એમ થયું કે અરે રે! મહારાણાને અનેક પ્રકારનાં દુઃખો ઉપરાંત અમારો નિર્વાહ કરવાનું પણ મહાન્ દુઃખ છે. રાણીજીનાં નેત્રોમાં નીર જોઇ મહારાણાએ તેમનું સાન્ત્વન કરતાં જણાવ્યું કે "રાણીજી! તમો એમાં ચિન્તા શા સારૂ કરો છો? ક્ષત્રિઓ દુઃખો સહન કરવા સારૂ જ પૃથ્વી ઉપર જન્મે છે. ક્ષત્રિયો સારૂ સુખમય રાજ્ય હોય જ નહીં. જેમ જેમ ક્ષત્રિયને વધુ દુઃખ પડે છે તેમ તેમ તે વધુ કસાય છે અને તેની વધુ સારી પરીક્ષા થઇ શકે છે. શું સાચા ક્ષત્રિય બચ્ચાને મેહેલનાં સુખો ભોગવવાનાં હોય છે? કદાપિ પણ નહીં. તેને તો પોતાના કુળની મર્યાદાનું રક્ષણ કરતાં અનેક પ્રકારનાં સંકટ વેઠવાં પડે છે, અને તો જ તે ક્ષત્રિયો તરીકે ઓળખાય પણ છે. પ્રિયે! અત્યારના સમયમાં વિદેશીઓની ગુલામી કરી, તેમની મરજી મુજબ રાજ્ય સુખો ભોગવનાર ક્ષત્રિયો નામના ક્ષત્રિય છે ખરા! પરન્તુ તેઓ સાચા ક્ષત્રિય નથી જ અને માટે જ કહેવામાં આવ્યું છે કે "હોય રજપૂત ત્યાં તો એમ જ હોય! અને ન હોય રજપૂત તેની વાત કહેતા નથી" એટલે તમોએ પણ મારાં દુઃખોનો કંઇ વિચાર કરવો નહીં. જો દુઃખોનો વિચાર તમો મારા સારૂ કરો તો તમો ક્યાં મારા કરતાં વધુ સુખો ભોગવી શકો છો કે મારાં દુઃખોની તમો ચિંતા કરો? જેટલાં દુઃખો મને છે તેટલાં જ તમને પણ છે, માટે આવી ચિંતા મન સાથે કરવી નહીં. હવે મારો કબાનીઓ લાવો જોઊં. હું જંગલમાં તપાસ કરૂં અને કંઇ મળે તો લઇ આવું." રાણીજીએ મહારાણાનો કબાનીઓ અને કેટલાંક તીરો બાણો લાવીને રજુ કર્યાં; જે લઇને મહારાણા જંગલમાં શિકારની શોધ સારૂ નીકળ્યા.

ખરેખર કહેવામાં આવ્યું છે કે "ભાગ્ય ચલે હૈ દુહું ડગ આગે" માણસના ભાગ્યના પ્રમાણે જ સુખ દુઃખ અને નફો નુકાસાન થયા જ કરે છે અને તેથી મહાત્માશ્રી તુલસીદાસજીએ પણ કહ્યું જ છે કે,

સુનહુ ભરત ભાવી પ્રબળ, બિલખી કહેઉ મુનિ નાથ;
લાભ હાની જીવન મરન, જસ અપયસ વિધિ હાથ.

આટલી વસ્તુઓનો અધિકાર તો વિધિ બ્રહ્માએ પોતાના જ અખત્યારમાં રાખેલો છે. તેમાં મનુષ્યનો કંઈ પણ ઉપાય ચાલી શકતો નથી. જો કદાચ મનુષ્યના અધિકારમાં તે તે વસ્તુઓ રાખી હત તો પછી મનુષ્યમાં અને દેવોમાં કંઈ પણ તફાવત ન જ રહેત. વળી ભાવીમાં નિર્મિત થયલી વસ્તુનો કોઈ પણ કર્મથી નાશ થતો નથી. તે તો અનેક પ્રકારના પ્રયાસો કરતાં પણ થાય છે જ. અને માટે જ રાજર્ષિ ભર્તુહરિએ પણ કહ્યું છે કેઃ—

मज्जत्वम्भसि यातु मेरुशिखरं शत्रुञ्जयत्याहवे
वाणिज्यं कृषिसेवनादि सकला विद्याः कलाः शिक्षतु ।
आकाशं विपुलं प्रयातु खगवत्कृत्वा प्रयत्नं परं
नाभाव्यं भवतीह भाग्यवशतो भावस्य नाशः कुतः ॥

ભાવાર્થઃ—ચહાય તો સમુદ્રમાં ડુબો, ચહાય તો સુમેરૂ પર્વતના શિખર પર ચઢી જાઓ, ચહાય તો ઘોર સંગ્રમમાં શત્રુઓ ઉપર વિજય મેળવો, ચહાય તો વેપાર કરો, ચહાય તો ખેતી કરો અને ચહાય તો સેવા વિગેરે વિદ્યાઓનો અનેક પ્રકારે ઉપયોગ કરો અને ચહાય તો આકાશમાં પક્ષીની માફક બહુ યત્નપૂર્વક ઉડતા ફરો, પરન્તુ ન બનવાની વસ્તુ બનતી નથી અને કર્મના વશ થઈને જે વસ્તુ બનવાની છે તેને કોઈ ટાળી શકતું નથી.

મહારાણાને પણ અદ્યાપ દુઃખો ભોગવવાનાં બાકી હતાં, એમ એમના ભાગ્યમાં લખાયલું હતું, એટલે જો આજે તેમને શિકાર મળે તો પછી તેમનું એક દુઃખ ઓછું જ થાય. તેથી તેમના ભાગ્યે તેમનાથી આગળ જઈ એવો બંદોબસ્ત કરી રાખ્યો કે જેથી તેમને કંઈ પણ શિકાર મળી શકે નહીં. વરસાદ વરસી રહ્યો હતો એટલે તમામ પશુઓ પોતાનાં સ્થળોએ છુપાઈ રહ્યાં હતાં, અને પક્ષીઓ પણ પોતાના માળામાં છુપાઈને બેસી રહ્યાં હતાં. કદાપિ કોઈ કોઈ સ્થળે કોઈ ભુલું ભટક્યું પશુ અથવા પક્ષી તેમ જ દેખાઈ આવતું અને મહારાણા તેના ઉપર પોતાના બાણનું નિશાન તાકતા હતા, તો પછી તેમનું કર્મ પેલા નિશાનવાળા શિકારના કાનમાં સમાચાર આપી આવતું હતું કે "નાસી જા, તને મારવા સારૂ પેલો પ્રતાપ આવ્યો છે."

એટલે તે પશુ પક્ષી નાસી જતાં હતાં અને મહારાણા નિરાશ થઇ આગળ શિકારની શોધ સારૂ વધતા હતા. આવી રીતે શિકારની શોધમાં એક પછી એક એમ કેટલાંક જંગલો વટાવ્યાં, પરન્તુ એક પશુ પક્ષી તેમને મળ્યું નહી. અને સન્ધ્યાનો સમય થવા આવ્યો હતો. એટલે તેઓ પોતાની પર્ણકુટીએ જવા સારૂ પાછા ફર્યા. એઓ મન સાથે વિચાર કરવા લાગ્યા કે "અદ્યાપ પણ મારૂં ભાગ્ય મારાથી પ્રતિકૂળ છે. જો તેમ ન હોય તો આટલી મેહેનત અને રખડતાં છતાં પણ આજે મને કંઇ જ શિકાર ન મળે? અરે રે! બિચારાં બાળકો આજે આખા દિવસનાં લંઘન જ ખેંચ્યા કરે છે. સર્વેશ્વરે તે બિચારાં નિરપરાધીઓને મારા ત્યાં શા સારૂ જન્મ આપ્યો હશે કે બિચારાં પેટ ભરીને ખોરાક પણ મેળવી શકતાં નથી. હવે મારો પણ કંઇ ઉપાય નથી. આટલામાં નજીક કોઇ ફળાઉ જંગલ પણ નથી કે જેથી હું કંઇ ફળ પણ લેતો જાઉં" આ પ્રમાણે વિચાર કરતાં કરતાં તેઓ આગળ વધવા લાગ્યા.

અહીં પર્ણકુટીમાં મધ્યાહ્ન સમય થયો, ત્યારે બાળકોને અતિ ક્ષુધા લાગી. તેમણે રાણીજી પાસેથી ખાવાનું માગ્યું, પરન્તુ તે બિચારાં શું આપે? કારણ કે પર્ણકુટીમાં તો કંઇ જ હતું નહીં, તેથી તેમણે તેમના પિતા જંગલમાં કંઇક ખોરાક શોધવા સારૂ ગયા છે, તે આવે ત્યાં સુધી રાહ જોવાનું કહ્યું. બિચારાં બાળકો કેટલીક ઘડીઓ સુધી રાહ જોઇ જોઇને થાક્યાં, પરન્તુ મહારાણા તો એક જંગલથી બીજા જંગલમાં શિકાર શોધતા શોધતા આગળ વધે જતા હતા એટલે જલ્દી શાના આવે? આમ રાહ જોતાં જોતાં થાક્યાં. એમને પિતાની રાહે જોવાની લાલસા, વળી રાહ જોતાં જોતાં ત્રીજા પ્રહર એટલો સમય વિતાવ્યો હતો અને વળી ચોમાસાનો દિવસ હોવાથી આંખ ઉપર વર્ષાદનો ભાર થયો એટલે બિચારાં ભૂખ્યાં જ સુઇ ગયાં. બાળકોના સુઇ ગયા બાદ રાણીજી મહારાણાની રાહ જોતાં બેસી રહ્યાં.

જંગલમાંથી રખડી રઝડીને લગભગ સન્ધ્યા સમયે મહારાણા ખાલી હાથે પર્ણકુટી પાસે આવ્યા. રાણીજીએ મહારાણાને ખાલી જોયા તેથી તેમની ધીરજ રહી નહીં અને તેમનાં નેત્રોમાંથી અશ્રુ-પ્રવાહ વહેવા લાગ્યો. મહારાણાએ આવી રાણીજીને કહ્યું કે "રાણીજી! તમો શા સારૂ શોકાતુર થાઓ છો? અત્યારે આપણને સુખનો સમય ક્યાં છે કે જેથી હું ખાલી હાથે આવ્યો તેનો શોક કરો છો? અત્યારે તો કંઇ વધુ દુઃખો નથી આવતાં એટલો જ ઇશ્વરનો ઉપકાર માનો. બાકી દુઃખના સમુદ્રમાં છઇએ પછી તેની ગણત્રી શાની? કહ્યું છે

કે "બહુ દુઃખીઆને દુઃખ નહીં, અને બહુ રૂણીઆને રૂણુ નહી" એમ આપણે પણ અત્યારે દુઃખનો તો કંઈએ વિચાર કરવા સરખું નથી. વળી હર વખત તમો મને ધાડશ આપો છો છતાં આજે તો ખુદ તમો જ મને અધીર બનાવો છો એ શું ? શું તમને માલુમ નથી કે

विधातारचिता या सा ललाटेऽक्षरमालिका ।
न तां मार्जयितुं शक्ताः स्वबुद्ध्याप्यतिपण्डिताः ॥

ભાવાર્થ–વિધાતાએ જે અક્ષરમાલા મસ્તકમાં લખી નાંખી છે, એને વિદ્વાન્ પુરુષો પણ પોતાની બુદ્ધિથી મટાડી શકતા નથી. પછી કહો તો ખરાં કે તમો કે હું કોઈએ આપણા ભાગ્યમાં લખાયલી વિધાતાની રેખને શી રીતે મટાડી શકશું ? વળી જુઓ કહેવામાં આવ્યું છે કેઃ

सम्पदि यस्य न हर्षो विपदि विषादो रणे न भीरुत्वम् ।
तं भुवनत्रयतिलकं जनयति जननी सुतं विरलम् ॥

ભાવાર્થઃ–જે સમ્પત્તિમાં હર્ષ વિપત્તિમાં દુઃખ અને રણભુમિમાં કાયરતા નથી કરતા એવા મનુષ્યો ત્રણે ભુવનોના તિલક સમાન હોય એવા વિરલા પુત્રને તો કોઈ જ માતા જન્મ આપે છે. વળી કહ્યું છે કેઃ

एकस्य दुःखस्य न यावदन्तं गच्छाम्यहं पारमिवार्णवस्य ।
तावद्द्वितीयं समुपस्थितं मे छिद्रेष्वनर्था बहुली भवन्ति ॥

ભાવાર્થઃ–સાગરના સમાન દુઃખોમાં જ્યાં સુધી એક દુઃખનો પાર પમાતો નથી ત્યાં સુધી તો બીજું દુઃખ આવીને ઉપસ્થિત થાય છે. બહુ કરિને દુઃખોમાં અનર્થ બહુ થાય છે. પરન્તુ હે રાણીજી ! આપણા હાથે દુઃખના સમયમાં પણ કંઈ અનર્થ નથી બનતો એટલો પરમેશ્વરનો ઉપકાર માનો. માટે તમોએ આજના દિવસનો કંઈ શોક કરવો ઉચિત નથી."

આ વખતે સન્ધ્યા સમય વ્યતીત થઈ ગયો હતો એટલે મહારાણાએ પોતે આખો દિવસ રખડીને થાકી ગયા હતા તેથી સુવાની ઇચ્છા જણાવી, તેથી મહારાણીએ તેમના માટે પથારી તૈયાર કરી એટલે મહારાણા સુતા. મહારાણા સુતા એટલે આખા દિવસનાં ભુખ્યા રાણીજી તેમના પગ તળાસવા લાગ્યાં.

રાણીજી સમજતાં હતાં કે રાણાજીના આ દુઃખના સમયમાં પોતે પોતાની પરીક્ષા આપવાનો પણ સમય છે. દુઃખમાં જે સ્ત્રી પતિને સહાય કરે તેનું નામ જ સ્ત્રી કહેવાય ? બાકી તો રાક્ષસીઓ જ માની શકાય. શ્રીમાન્ તુલસીદાસજીએ કહ્યું છે કેઃ–

धीरज धर्म मित्र अरु नारी, आफत काल परखिये चारी ॥

ધીરજ, ધર્મ, મિત્ર અને સ્ત્રી એ ચારની પરીક્ષા સંકટના સમયમાં કરી શકાય છે. રાણીજી પણ સંકટના સમયનાં સોબતી સ્ત્રી હતાં. જેવી રીતે મહારાણા પ્રતાપ એક દૈવી પુરુષ હતા. તેવાં જ તેમનાં મહારાણી એક દૈવી સ્ત્રી હતાં? એટલે તેમણે આ ભયંકર દુઃખોમાં પણ પોતાને સહન કરવાં પડતાં દુઃખો સારૂ શોક કર્યો નહોતો. પરન્તુ પોતાના પ્રાણેશ્વર પ્રતાપી પ્રતાપને વખતો વખત આવતાં દુઃખોથી તેઓ પોતાની ધીરજ છોડી રડતાં હતાં.

શું આવી પતિપરાયણા ક્ષત્રાણીઓ અત્યારે પણ છે ? અત્યારે તો પતિનાં દુઃખ એ જ એમનાં સુખો માનતી ક્ષત્રાણીઓ અને અન્ય સ્ત્રીઓ પણ છે. પ્રથમના સમયમાં જ્યારે મહારાણીજીના સમાન સ્ત્રીઓ આ ભારતવર્ષમાં ઉત્પન્ન થતી હતી ત્યારે દેશ સમગ્ર રીતે સમૃદ્ધિવાળો હતો, અને જ્યારે સ્ત્રીઓમાંથી સતીત્વપણાનો લોપ થયો, ત્યારે તેમનાથી ઉત્પન્ન થતી પ્રજા પણ અનર્થવાદિની ઉત્પન્ન થવા લાગી અને તેવી અનર્થવાદિની પ્રજાનાં પાપી કૃત્યોથી દેશની દુર્દશા થઇ છે. જે દેશ સમગ્ર સમૃદ્ધિઓનું નિવાસસ્થાન મનાતો હતો તે જ દેશ અત્યારે દુર્દશાનું નિવાસસ્થાન બન્યો છે. લોકોના ગૃહોમાં જ્યારે પ્રથમના સમયમાં ધન ધાન્યની પૂર્ણતા હતી, ત્યારે અત્યારે લોકોને પેટ પૂરતું ખાવા પણ મળતું નથી. પછી ધનની તો વાત જ શું કરવી? જે દેશમાં રાજા નીતિએ ચાલનાર હોઇ પુણ્ય દાન કરનાર હોય છે તે દેશની પ્રજા પણ તેવી જ રીતે નીતિએ ચાલનાર અને પુણ્યદાન કરનાર હોય છે, અને જે દેશનો રાજા અનીતિએ ચાલનાર હોય છે તેની પ્રજા પણ અનીતિએ જ ચાલનાર નીવડે છે અને તેથી જ કહેવામાં આવ્યું છે કે—

राज्ञि धर्मिणि धर्मिष्ठा पापे पापाः समे समाः ।
प्रजास्तमनुवर्तन्ते यथाराजा तथाप्रजाः ॥

ભાવાર્થઃ—જેવો રાજા હોય છે તેવી જ તેની પ્રજા પણ થાય છે. જો રાજા સદ્‌ગુણી હોય તો એની પ્રજા પણ સદ્‌ગુણી જ થાય છે અને જો રાજા પાપી અથવા દુર્ગુણી હોય છે તો એની પ્રજાનાં પણ એવાં જ આચરણો બની જાય છે. વળી અત્યારની રાજનીતિ સારૂ તો કવિ જગ્તદાનજીએ કહ્યું છે કેઃ—

કવિતઃ-નૃપકે કહેતે કામદારકો બનાય દેત;
કહે કામદાર બાત ફોજદારી જૈસીહૈ.
કહે ફોજદારકો તો દિવાની બનાય દેત;
કહે જો દિવાની તો દિવાની મત ઐસીહૈ.

કહે હે દિવાન કોટવાલતેં બનૈગી બાત;
કહે કોટવાલ મોસે બનૈ નહીં ઐશીહૈ.
દાદી ફરિયાદીકી સુનૈ ન કોઉ 'જગત' કવિ.
રાજનીતિ ઐશી તો અનીતિ ફીર કૈશીહૈ.

શું અત્યારે ઉપરના કવિતમાં જણાવવામાં આવેલી રાજનીતિ રાજાઓએ ધારણ નથી કરી? તેમણે તો વણિક બુદ્ધિ ધારણ કરી અનેક રીતે પ્રજાને લુટી લુટીને પણ ધન એકઠું કરી ખજાનાઓ ભરવા માંડ્યા છે. અને પછી તે ધનને અનીતિના રસ્તે વાપરવામાં આવે છે. પ્રજા અનેક રીતે પીડાય છે તેનો તેઓ કંઈ જ વિચાર કરતા નથી. તેમ જ તેનું કારણ પોતે જ છે તે તો તેમના સ્વપ્નમાં પણ આવતું નથી. ખરેખર મહાત્મા તુલસીદાસજીએ ઠીક જ કહ્યું છે કેઃ—

जहां सुमति तहां संपति नाना, जहां कुमति तहां विपति निदाना.

જ્યાં આગળ સદ્બુદ્ધિ હોય છે ત્યાં આગળ અનેક પ્રકારનાં સુખો હોય છે અને જ્યાં આગળ દુર્બુદ્ધિ હોય છે ત્યાં આગળ ખાત્રીપૂર્વક અનેક પ્રકારનાં દુઃખોનો નિવાસ હોય છે. આપણા હાલના રાજા સાહેબોએ સદ્બુદ્ધિ સાથે ભયંકર યુદ્ધનો આરંભ કર્યો છે અને દુર્બુદ્ધિની સાથે મિત્રતા બાંધી છે કે જેના પરિણામે પ્રજા પાયમાલ થાય છે.*

---

* અવતાર ચરિત્ર નામના ગ્રંથમાં જ્યારે રાવણે કુંભકર્ણને જાગ્રત કર્યો ત્યારે તેણે રાવણને રાજનીતિનો ઉપદેશ કર્યો છે તેમાંથી કેટલોક ભાગ આ નીચે આપવામાં આવ્યો છે-

છપ્પયઃ—રાજા અરૂ યુવરાજ, પ્રગટ પ્રોહિત મંત્રી વર;
ઇનહિં કુલચ્છન ઇતે, સુનકુ સુત હે લંકેશ્વર.
કામી કુટિલ કુસંગ, કૃપન કૃત હતક કુબોધી;
સો દુખદાયક, નહિન સેવ્યજન, વેદ વિરોધી.
પાવે ન જગત સોભા સુપૈં, કારન સંપતિ નાશહૈ;
સુર અસુર જદપિ નરહર સુકવિ, એ ભાજન ઉપહાસહૈ.

નૃપદોષઃ—છન્દ દ્વિ અક્ષરી

કામી, વામ, મૂઢ, કુલ દ્રોહી, ક્રોધી, કુપુરૂષ, હઠહિ, અરોહી;
કૃતઘ્ન, કાતર, કલહ, કુસંગી, ક્રૂર, કુટિલ અલશી એકંગી.
દેવ દોષ, દ્વિજદોષ, અદાતા, દુર્વચ, દારૂન વ્યસન વિખ્યાતા;
શઠ, ક્રૂર, ખલ, નિલજ, નિર્મોહી, વાદી દંભ, કુવાદી, દ્રેહી.
પ્રકૃતિ છલી, જુઠો, જડ, પાપી, અજસી, લોભી, આતમ થાપી;
સર્વ ભખી, અવિવેક, અસોચી, અજપી, અદયી, પ્રતિમા પોચી.
વાતુલ, બધિર, ગુંગ, તન વામન, અંગહીન, કોઢી, અનપાવન;
અંધ, અવિદ્યા, અધમ, અમાની, જ્ઞાતિ, ભ્રષ્ટ, અવિ ષ્ટ, અજ્ઞાની.
ઇતે અલચ્છન ભૂપ જો આહી, તિરસ્કાર સબ કરહી તાહી;

અત્યારે તો રાજાઓ અને રાજકુંવરો લગભગ આ તમામ દુર્ગુણોનો સંગ્રહ કરી રાખે છે. પછી શું કહેવું જ રહ્યું?

ચોમાસાનો દિવસ, અંધારી રાત્રિ અને વળી વર્ષાદ અંધારેલો એટલે રાત્રિ તો હબસીભાઇના મોં સમાન બરાબર મળી હતી. તેમાં વળી કોઇ કોઇ ઠેકાણે સિંહ, વાઘ, ચિત્તાના ભયંકર અવાજો સંભળાતા હતા. કોઇ કોઇ ઠેકાણે રાત્રિચર પક્ષીઓ ઘુવડ વગેરેના પણ દેહેશત ઉત્પન્ન કરનાર અવાજો ડરપોક મનુષ્યોનાં હૃદયો વિદીર્ણ કરી રહ્યા હતા અને વરસાદના પાણીમાં દેડકાં ડરાં ડરાંના અવાજો કરી રહ્યાં હતાં, તેમ જ તેમનો આહાર કરનાર સર્પો વગેરે ઝેરી જંતુઓ ડક ડક, ડક ડક પોતાની ડાકલીઓ વગાડી રહ્યા હતા અને કોઇ કોઇ સ્થળે તમરાંના તમ તમ, તમ તમના અવાજ અંધારાને પોકારી રહ્યા હતા. આવા સમયમાં માત્ર ધીરવીર પુરૂષોની જ ધીરજ પોતાના ઠેકાણે કાયમ રહી શકે છે. તેવા ભયંકર સમયમાં ઉદયપુરના ભિલ વેષધારી મહારાણા પ્રતાપી પ્રતાપની પર્ણકુટીમાં પવન આવવા સારૂ દ્વારમાં પાથરણું નાંખ્યા સિવાય એકલાં જ મહારાણીજી જાગૃત હોઇ પોતાના પવિત્ર પતિના પગ તળાંસી રહ્યાં હતાં. તેમની દૃષ્ટિ બારીમાંથી બહારની બાજુ તરફના દેખાવો જોવામાં હતી. કારણ કે વર્ષાદમાં વચ્ચે વચ્ચે વિજળી બળબળ ઝબ્બ કરતી અજવાસ મારી રહી હતી. કોઇ વખતે કાટકા સાથે વિજળી પડી મોટાં મોટાં વૃક્ષોને બાળીને ભસ્મીભૂત કરી રહી હતી. આ વિજળી જાણે દુઃખી મનુષ્યોને દિલાસો આપી ઉપદેશ કરતી ન હોય કે 'તું દુઃખથી દુઃખી શા સારૂ થાય છે, મારી અસ્થિરતાની માફક તારાં દુઃખોની પણ અસ્થિરતા સમજી દુઃખી ન થા ! વળી ઘડી પહેલાં જે વૃક્ષ લીલું છમ જેવું હતું તેને મેં મારા અગ્નિથી બાળીને ભસ્મ કરી નાંખ્યું તેમ તારાં દુઃખો પણ બળીને ભસ્મ થઇ જશે.'

રાણીજી આ બધો દેખાવ જોઇ પોતાના મન સાથે પોતાનાં સંકટો સંબંધમાં તર્કવિતર્ક ચલાવી રહ્યાં હતાં તે સમયે વિજળી થઇ; અને વિજળીના અજવાળામાં તેમણે બારીના સામેના એક ઝાડના થડમાં યમરાજાના દૂત સમાન એક માણસને હાથમાં હથિયાર લઇ ઉભેલો જોયો. તેથી તેમણે તે કોણ છે તે જાણવા સારૂ તેને પ્રશ્ન કર્યો કે, "અરે ! આવી ભયંકર ચોમાસાની રાત્રિમાં કોણ ઉભો છે ?" સામા ઉભેલા માણસે ઉત્તર આપ્યો કે, "હું દોળીયાનો ભાણેજ કાળીયો છઊં." રાણીજીએ કહ્યું કે, "હરામી ! અત્યારે શા સારૂ પર્ણકુટી સામો આવીને ઉભો છે ? ચાલ દૂર ચાલ્યો જા." કાળીયાએ જણાવ્યું કે, "હું દૂર જવા સારૂ આવ્યો નથી." તેથી રાણીજીએ તેને પ્રશ્ન કર્યો કે "દૂર જવા નથી આવ્યો ત્યારે તું શા વિચારથી આવ્યો છે ?" તેણે જણાવ્યું "મારે અને મારી સ્રીને તકરાર થઇ છે. તેણે મને કહ્યું કે

કે 'રાણીજીનાં વસ્ત્ર અને દાગીના લાવી આપે તોજ તારૂં ઘર માંડીશ, નહિ તર હું તારા ઘરમાં નહીં રહું અને તેથી આપનાં વસ્ત્ર અને ઘરાણાં લેવા સારૂ માતાને પાડો ચડાવવાની માનતા માની અહીં આવ્યો છું અને આપનાં વસ્ત્ર અને ઘરાણાં લીધા સિવાય પાછો જવાનો નથી." રાણીજીએ તેને કહ્યું કે, "પણ કુત્રા! હમણાં મહારાણાજી નિદ્રામાં છે તે જાગ્રત થશે તો પ્રાણ ગુમાવીશ, માટે ચાલ્યો જા." એણે ઉત્તર આપ્યો કે "જો એમ થશે તોપણ મારાં અહોભાગ્ય કે મહારાણાના હાથે મારૂં મૃત્યુ નિવડે? પરંતુ કપડાં અને દાગીના લીધા સિવાય તો નથી જ જવાનો." હવે મહારાણીએ "વિચાર કર્યો કે આ પાપી સાથે વધુ વખત સુધી બોલવામાં કદાચ મહારાણાજીની નિદ્રાનો ભંગ થશે, માટે એને કંઇક આપીને વિદાય કરૂં" આ પ્રમાણે વિચાર કરી તેમણે પોતાની એક સાડી અને પગનો એક દાગીનો પેલા ભિલને આપીને કહાડી મૂક્યો.

જેણે પોતાના કુળની મર્યાદા સારૂ રાજ્ય ગુમાવ્યું હતું, જેણે કુળની મર્યાદા સારૂ જંગલેજંગલ રખડવાનું પસંદ કર્યું હતું, તે પ્રતાપી પ્રતાપ અત્યારે ભર નિદ્રામાં સંસારી દુઃખોમાંથી નિવૃત્તિ મેળવી સુતો છે. તે વખતે એને સ્વપ્ન આવ્યું કે "જાણે જંગલમાં કોઇ હરામીએ રાણીજીને લૂંટયાં." આથી તે એકાએક 'ખબરદાર' કરીને જાગ્રત થયો. આ વખતે રાણીજી પાસે જ હતાં. તેમણે "ઘણી ખમ્મા અન્નદાતાર! કેમ એકાએક ઝબકીને જાગ્રત થવાયું?" એમ પૂછ્યું. રાણાએ જણાવ્યું કે "પ્રિયે! મને અત્યારે એવું સ્વપ્ન આવ્યું કે જાણે કોઇ હરામીએ તમને લૂટયાં!" શું તેવો કંઇ પ્રસંગ બન્યો છે? કારણ કે મારૂં સ્વપ્ન બનતાં લગી ખોટું પડતું નથી એટલે મારા માનવા મુજબ મારૂં સ્વપ્ન સાચું જ હોવું જોઇએ. માટે કહો જોઇએ, મારા ઊંઘ્યા પછી એવો કંઇ પ્રસંગ બન્યો છે." હવે રાણીજી બીજો શું ઉત્તર આપે? તેમને સાચું કહ્યા સિવાય બીજો ઉપાય જ નહોતો, તેથી તેમણે મહારાણાને સત્ય હકીકત કહેતાં જણાવ્યું કે "હા, અન્નદાતાર! આપ ભર નિદ્રામાં હતા તે વખતે દોલીયાનો ભાણે જ કાળીગો અહીં આવ્યો અને સામા ઝાડ પાસે ઉભો રહ્યો હતો. મેં તેને પૂછ્યું કે તે કેમ આવ્યો છે? ત્યારે તેણે જણાવ્યું કે એની બૈરીએ મારાં કપડાં અને દાગીના લેવાની હઠ પકડી, તે લાવે તો જ તેનું ઘર માંડવા જણાવ્યું છે અને નહીં તો નાસી જવા કહ્યું છે. મેં તેને બહુએ સમજાવ્યો, પરંતુ તે પાપી જવાની ના પાડવા લાગ્યો. મને લાગ્યું કે જો આ પાપી સાથે ઘણો વખત હું વાતચિત કરીશ તો આપની નિદ્રાને

બંધ થઈ તેથી મેં તેને મારી એક સાડી અને પગે પહેરવાનો એક દાગીનો આપી તાબડતોબ વિદાય કર્યો અને આપ જાગૃત થયા." રાણાજીએ કહ્યું કે "રાણીજી! રાણીજી! તમોએ બહુ જ ખોટું કામ કર્યું; તમારી ઇજ્જત અને મર્યાદા સારૂ તો હું જંગલેજંગલ રખડતો ફરૂં છું. લાખણો ઉપર લાખણો ખેંચી કહાડવામાં આવે છે અને છતાં પણ તમોએ આપણા કુળની મર્યાદાનો વિચાર કર્યા વગર તે નીચ ભિલ્લને સાડી અને દાગીના આપ્યા. આ સારૂ મારી બહાર લોકો કેવી વાતો કરશે તેનો વિચાર કરો. આ વાત બહાર પડવાથી બીજા તો ઠીક પણ મારા જાતિ ભાઈઓ જ પ્રથમ વાતોની શરૂઆતો કરશે કે "રાણો, જંગલેજંગલ રખડ્યો છતાં પણ તેની રાણીને એક ભિલ્લે લૂટી લીધી. એ કરતાં બાદશાહને નમી પડવામાં શું ખોટું હતું? ખેર હવે વધુ વિલંબ કરવાનો સમય નથી, માટે મને કહો કે તે પાપી કઈ બાજુએ ગયો છે?" રાણીજી બિચારાં લાચાર પડી ગયાં. તેમને પણ મહારાણાનું કહેવું સાચું લાગ્યું. તેઓ મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યાં અને રાણાજીને જે રસ્તેથી કાળીઓ ગયો હતો તે રસ્તો તેમણે બતાવ્યો. મહારાણો હાથમાં કબાનીઓ તીરનો ભાથો અને તલવાર લઈ તે બાજુ ચાલ્યા. રાત્રિ તો આપણે આગળ વર્ણવ્યું તેમ હબશી ભાઈના મોઢા સમાન બની રહી હતી, છતાં પણ જેમ જેમ વિજળી થતી હતી તેમ તેમ વિજળીના અજવાળે રસ્તો જોઈ લઈ આગળ વધે જતા હતા.

મહારાણો ડુંગર ઉપર જ્યાં પોતાના આશ્રયદાતા દોલીયા ભિલ્લના દરબાર માટે છાપરૂં બાંધવામાં આવ્યું હતું, ત્યાંથી વિજળીના અજવાસમાં થોડા આગળ ચાલ્યા એટલે ભિલ્લોની કુળદેવી મહાકાળીનું ડુંગરમાંથી કુદરતી રીતે કોરી કહાયલું એક મંદિર આવ્યું. આ મંદિરમાં કાળીઓ અને તેની બૈરી એક પાડાને લઈને બલિદાન આપવા સારૂ આવી પહોંચ્યાં હતાં. તેમનો બોલવાનો અવાજ સાંભળી મહારાણાને લાગ્યું કે અહિં કોઈ મનુષ્ય છે, તેથી તે કોણ છે? એમ ઓળખવા સારૂ તેઓ ત્યાં રોકાયા, તો તેમની બન્ને જણની વાતચિત ઉપરથી તેઓ સમજી શક્યા કે આજ હરામી કાળીઓ છે. ઠીક તાકડો મળી ગયો છે, માટે તે બિચારા પાડાને મારે તે પહેલાં જ એને મારવો કે જેથી મારૂં કામ થવા ઉપરાંત એક અબોલા પ્રાણીનો પણ પ્રાણ બચી શકશે. હવે તેઓ તેને બરોબર ઓળખવા તથા તેની ઉભા રહેવાની સ્થિતિ જોવા સારૂ તેઓ વિજળીની રાહ જોતા ઉભા રહ્યા, એટલામાં વીજળીનો પ્રકાશ થયો, તેમાં તેમણે તેને બરાબર ઓળખી

પણ લીધો અને તેની ઉભા રહેવાની સ્થિતિ પણ જોઇ લીધી. આ વખતે કાળીઓ દેવીને વિનંતિ કરી માનતાવાળા પાડાને તેલ સિંદૂર ચડાવતો હતો. એટલે તેનું મોં દેવી સામું હતું અને પીઠ મંદિરમાં આવવાના દરવાજા તરફ હતી. એવામાં મહારાણાએ પોતાની તલવાર ખુલ્લી કરી તેને પડકાર્યો કે "હરામી! ભિલ્લના ઘરાં ઉપર ભાલા નાંખીને અને ગોખરૂના મૂળાડાંમાં હાથ નાંખીને નિશ્ચિન્ત આવી કામ કરે છે કે! થા તૈયાર અને માતાનું સ્મરણ કર." બિચારો કાળીઓ રાણીજી આગળ તો મરવા તૈયાર થયો હતો, પરન્તુ મોતને પ્રત્યક્ષ સામું આવેલું જોઇ થરથર ધ્રૂજવા લાગ્યો. તેના મોંમાંથી આજીજીનો પણ એક શબ્દ ન નીકળી શક્યો, તેમ હાથમાં હથિયાર પણ ન પકડી શક્યો. મહારાણાએ તેને પડકારતાંની સાથે જ તલવારનો ઝપાટો માર્યો કે જેથી "ઘોરી શાહના ઘાવથી બખતર કટકા બે." જેમ 'કુંભારના ચાકડા ઉપરથી દોરી પીંડા કાતી નાંખે છે' તેમ ધડ ઉપરથી શિર જઇને દૂર પડ્યું. એટલે રાણાજીએ દેવીને કહ્યું કે, 'માની લેજે માતા આ તારૂં બળીદાન, અબોલ પશુ કરતાં શ્રેષ્ઠ બોલતું મનુષ્ય મેં તને બલિદાનમાં આપ્યું છે.' પછી તેમણે પેલી પાસે થરથર કાંપતી ઉભેલી ભિલડીને કહ્યું કે "રાંડ, હરામજાદી! લાવ્ય એ સાડી અને દાગીના." ભિલડી બિચારીએ ભિલ્લ કાળીઆની દશા રૂબરૂમાં જ જોઇ હતી એટલે શાની અરજ કરી શકે. તુરત જ તેણે પણ સાડી અને દાગીના આપ્યા એટલે મહારાણાએ તેને નીચે બેસી જવા કહ્યું, અને ફરીને બીજાનું ઘર ઘાલે નહીં તે સારૂ તેનું નાક તલવારથી કાપી નાખ્યું અને પોતે ચાલતા થયા.

પ્રકરણ સત્તરમું

પાદશાહનો પ્રપંચ અને દાલીયાનો ઘાત

પિતૃ, ભ્રાત, સુત, મિત્રને, સ્ત્રી પણ દ્રોહ કરનાર;
તેવા જનને મારતાં, 'છગન' ન પાપ લગાર.
વિપદા જ્યારે આવતી, હિંદૂ પણ બદલાય;
જમ્બ બાંધવા થાય છે, ખીલે માતા પાય.

જ્યારે હદ ઉપરાંતનાં સુખો આવે ત્યારે એમ સમજવું કે હવે દુઃખોનો વારો નજીકમાં જ આવેલો છે અને જ્યારે હદ ઉપરાંતનાં દુઃખો આવે ત્યારે એમ સમજવું કે સુખો આવવાનો સમય નજીકમાં જ આવ્યો છે અને તે જ સત્ય હકીકત છે માટે જ કહેવામાં આવ્યું છે કે, 'સુખના અંતે દુઃખ અને દુઃખના અંતે સુખ.' જો કે સુખના અંતે દુઃખ

આવે છે અને દુઃખના અંતે સુખ આવે છે, પરન્તુ સુખના અંતે દુઃખ આવવાથી ધીરજથી સહન કરનાર અને દુઃખના અંતની રાહ જોઈ નીતિમય જીવન વ્યતીત કરનાર બહુ જ ઓછી વ્યક્તિઓ આપણને દૃષ્ટિગોચર થાય છે. બાકી તો દુઃખના અંતની રાહ જોયા સિવાય તુરત જ સુખની લાલસાએ એક પાપ પછી બીજું પાપ અને બીજા પછી ત્રીજું પાપ કરનાર ઘણા મનુષ્યો દેખાય છે કે, જેમના પાપનો પાર આવતો નથી અને પુનઃ દુઃખમાંથી સુખ ભેળા બની શકતા નથી. તેમાં ખરા દોષિત તેવા મનુષ્યો જાતે જ હોય છે તેનો તેઓ કંઈ જ વિચાર કરતા નથી. પાપ, અનીતિ એ જ અનેક પ્રકારનાં દુઃખોના માતાપિતા છે અને તેવી જ રીતે પુણ્ય અને નીતિ એ પણ અનેક પ્રકારનાં સુખોનાં માતાપિતા છે એમાં કંઇ જ શંકા નથી.

મહારાણા પ્રતાપ સારી રીતે સમજતા હતા કે, 'વિપત્તિ એ જ સંપત્તિનું મૂળ સ્થાન છે.' અને તેથી તેઓ ધીરજથી અનેક પ્રકારનાં સંકટો સહન કરતા હતા.

આજનો દિવસ એ એમનાં દુઃખોનો અંતિમ દિવસ હતો અને તેથી બાકી રહેલાં તમામ દુઃખોએ આજે એક પછી એક એમનાં ઉપર આક્રમણ કરી એમને થકાવવાનો નિશ્ચય કર્યો હતો. આપણે જાણી ચૂકયા કે આજે એમને ભુખનું દુઃખ તો હતું અને તે ઉપરાંત કાળીયાનું બીજું દુઃખ આવી પડયું, પરન્તુ પ્રતાપી પ્રતાપે તે બન્ને દુઃખોને એક પછી હઠાવ્યાં. પરંતુ પોતે લગાર પણ તે દુઃખોથી હઠ્યા નહીં. છતાં પણ એમના ઉપર આજે દુઃખો આવવાનાં બાકી હતાં. કારણ કહેવામાં આવ્યું છે કે:-

સાઁઈ ટેઢી અકિખયાઁ, બૈરી ખલક તમામ;
ટુકેક ઝોલા મહેરકા, (વાં) લખ્ખૂ કરે સલામ.

જ્યારે ઇશ્વરની વાંકી નિગાહ થાય છે અર્થાત્ ઇશ્વરની અવકૃપા સાથે જ સમગ્ર જગત્ દુશ્મન બની જાય છે, પરન્તુ જ્યારે તે જ વ્યક્તિ ઉપર તે પરમ કૃપાળુ પરમાત્માની સહજ પણ મહેરબાની થાય છે, ત્યારે તો લાખ્ખો મનુષ્યો સલામો કરવા મંડી પડે છે. રાણાજીને પણ હજુ સુધી ઇશ્વરની અવકૃપાના દિવસો વિતાડવાના બાકી હતા.

અનેક પ્રકારે હેરાન કર્યા છતાં પણ મહારાણા પકડાયા નહીં, કિંવા પાદશાહને નમ્યા નહીં, તેમજ સંધિની હકીકત પણ વીર પ્રથિરાજજીના પત્રથી ઉડી ગઇ. વળી શંકર કવિએ પણ અકબરના દરબારમાં આવી મહારાણાની પ્રશંસા કરી તેથી અકબર ચિડાયો. તેણે કોઇ પણ પ્રકારનો ઉપાય મહારાણાને કબજે લાવવાનો જોયો નહીં.

તેથી છેવટે થાકીને એણે એક એવા પ્રકારનું જાહેરનામું બહાર પાડ્યું કે "જે કોઈ રાણા પ્રતાપને જીવતો પકડી પાદશાહ હજુર રજુ કરશે અથવા તો તેનું શિર કાપી લાવી પાદશાહ હઝુર રજુ કરશે, તેને દશ લાખની ઉત્પન્નવાળો ઝાલોર જીલ્લાનો વંશ પરંપરા આરૂ પટ્ટો આપવામાં આવશે અને તે ઉપરાંત તેને વંશ પરંપરા આરૂ ઝાલોરના રાણાનો ઇલ્કાબ આપવામાં આવશે." આ જાહેરનામું તેણે તમામ દેશોમાં અને જંગલો તથા પર્વતોમાં પણ પ્રસિદ્ધ કરાવ્યું.

અહા! દુષ્ટ લાલચ કેવી ભયંકર છે કે, જેણે પાપી દોલીયા ઉપર વિજળીની માફક અસર કરી. દુષ્ટ દોલીયો પાદશાહની આ પ્રપંચી જાળમાં સપડાયો. અને તેણે પોતાની પ્રતિજ્ઞા છોડી, પ્રાણ પણ ગુમાવ્યો. જે દોલીયો મહારાણાને આશ્રય આપતાં પ્રતિજ્ઞા કરનાર હતો કેઃ—

તન, મન અને ધનથી પ્રભુ, રક્ષા કરીશ હું પ્રેમથી;
કદિ થાય ટુકડા ક્રોડ તન, ચૂકું નહીં નિજ નેમથી.

તેજ દોલીયો. મહારાણાએ તેને ભવિષ્યમાં પાદશાહ તરફથી લલચાવવામાં પણ આવશે એમ જણાવેલું હતું, અને છતાં પણ તેણે ઉપર મુજબ પ્રતિજ્ઞા કરી આશ્રય આપ્યો હતો, તે જ દોલીયો પાદશાહના પ્રપંચમાં સપડાયો અને તેણે પોતાના પાપી પ્રાણને પ્રતાપી પ્રતાપના હાથે જ ગુમાવ્યો. કહેવામાં આવ્યું છે કેઃ—

જીવ્હા લાલચ વશ થયે, પ્રાણ તણું નુકશાન;
જેમ માછલી જળ રહે, લાલચ ખાવે પ્રાણ.

આપણી વાર્તાના નાયક મહારાણા પ્રતાપના આશ્રયદાતા દોલીયાની પણ તે જ દશા થઇ. દોલીયો લાલચમાં ફસાયો. તે તેની જાતિ ઉપર ગયો. ખરૂં જ કહેવામાં આવ્યું છે કે "મીઠું વ્હોયે તેલને" ચહાય તેટલો સારો હોય તોપણ ભિલ્લ તે ભિલ્લ જ. અને માટે જ કવિ શિવલાલે કહ્યું છે કે,

"ભણેલો વ્હોય ભિલરો, ગણેલો વ્હોયે બૂચ;
રૂડો વ્હોય રબારી, (અને) ડાહ્યો વ્હોયે ડુચ."

અર્થાત્ કે ચહાય તેટલો વિદ્વાન્ અને ડાહ્યો છતાં પણ ભિલ્લ તે ભિલ્લ જ અને ચહાય તેવી રીતે સુધારવામાં આવ્યો હોય તો પણ (બાટલીઓ ઉપર બંધ કરવાનો) બૂચ તે બૂચ જ અને તેવી જ રીતે ભલો હોય તો પણ રબારી તે રબારી જ અને ચહાય તેટલો ડાહ્યો હોય તો પણ ડુચ (એટલે કણબી) તે ડુચ જ. અને તેથી જ કહેવામાં પણ આવ્યું છે કે 'ભણ્યો કણબી કુટુંબ બોળે'? તેમ આપણો ભિલ્લભાઇ દોલીયો દસ લાખના ઝાલોરના પટ્ટાનો રાણો થવા તૈયાર થયો. અને મહારાણા પ્રતાપને જીવતો પકડી શકવાની શક્તિ નહીં હોવાથી,

તેને મારીને તેનું માથું પાદશાહ હજુર રજુ કરવાના વિચાર ઉપર આવ્યો. તેણે હિન્દુ ધર્મનો અસ્ત કરવાનો અને ! રાજપૂત નામનો લોપ કરવાનો વિચાર કર્યો, પરન્તુ હિન્દુ ધર્મનાં મૂળ બહુ જ ઉંડા રોપાયલાં છે. તેનું રક્ષણ કરવા સારૂ સર્વેશ્વર ચહાય તે વ્યક્તિને પોતાની દિવ્ય શક્તિ આપી આ મૃત્યુ લોકમાં મોકલે છે, અને હિન્દુ ધર્મનું યથાર્થ રીતે રક્ષણ કરે છે. જો તેમ ન હોય તો જે સમયમાં સમગ્ર ભારતવર્ષના હિન્દુ રાજાઓ પોતાનું માન છોડી પાદશાહને નમી પડ્યા હતા, તે સમયમાં મહારાણા પ્રતાપનું અસ્તિત્વ જ શાનું હોય ? અને પાપના મુદ્દગળ સમાન ઔરંગજેબ જેવા રાક્ષસના રાજત્વ કાળમાં, મહારાષ્ટ્રકેસરી વીર શિવાજી શાનો ઉત્પન્ન થાય ?* શું એ ઇશ્વરી સંકેત માનવા સરખું નથી કે ? અત્યારે પણ અનેક કહેવાતા સુધરેલા (ખરી રીતે બગડેલા) મનુષ્યો હિન્દુ ધર્મનો લોપ કરવા મથી રહેલ છે. પરંતુ ત્હેમાંય તેનું રક્ષણ કરનાર વ્યક્તિઓનું અસ્તિત્વ હોય છે જ.

આજે દોલીયાના આનંદનો પાર નથી. જાણે તેને ઝાલોરનો પટો હાથમાં જ આવી ગયો હોય તેમ તે આનંદ માનવા લાગ્યો. તે માનવા લાગ્યો કે રાણો અત્યારે એકલો જ મારા આશ્રયમાં છે એટલે તેને પકડવો અને સોપારીનો ટૂકડો ખાઇ લેવો તે સમાન છે. તેના મનમાં લગાર પણ મહારાણાને પકડવાની દહેશત નથી. તેણે એમ માન્યું નહીં કે, મહારાણાને પકડવો તે વિષધરના રાફડામાં હાથ નાંખી તેને પકડવાની તૈયારી કરવા સમાન ઉદ્ધતાઇ છે, તેને પકડવાનો વિચાર કરવો તે સિંહને તેની ખોળમાંથી પકડી લાવવા સમાન છે. મહારાણો એક સાધારણ વ્યક્તિ નથી, પરન્તુ જેમ અમારા તરફથી કહેવામાં આવ્યું છે કે–

---

* મહારાજા શિવાજીના માટે ભૂષણે કહેલ છે કે,

કવિત:–સાચકો ન માને દેવી દેવતા ન જાને શરૂ;
ઐસી ઉર આને મેં કહત બાત જબકી.
બબ્બર હુમાયુ અક્બ્બર હદ બાંધિ ગયે;
હિન્દુ ઔ તુરકકી કુરાન વેદ ઢબકી.
આગે બાદશાહનકે ચાહ હતી હિન્દુનકી;
જહાંગીર શાહજહાં પૂરે શાખ તબકી.
કાશીહુકી કલા ગઈ, મથુરાં મસીદ ભઈ;
શિવાજી ન હોત તો સુનત હોત સબકી.

ભૂષણનાં કાવ્યો, અમો શિવાજીના ચરિત્રમાં લખવા વિચાર રાખીએ છીએ, કે જેથી શિવાજીના ચરિત્ર સાથે શિવાજીની પ્રશંસાનાં કાવ્યો પણ વાંચકોને વાંચવા મળી શકે, પરન્તુ તેનો આધાર વિદ્વાન વાંચકોની કૃપા દૃષ્ટિ ઉપરજ છે.

કવિત:–સકલ જહાનકે સુભૂતિપતિ છોડ ધર્મ;
બિક્રમ બિહાય શિર શાહકો ન માયે હૈ.
અતિ અંધકાર રાજયોગકો ધરીકેં મન;
વિવિધ વિધાન નિંદ સેવાકો ઉઠાયે હૈ.
'છમન' યા છત્રી ધર્મ ધીર છોડ જાતો ધસી;
ધરનીતલ રચ્છક ન અન્યકો સુહાયે હૈ.
તાહી સમૈ છત્રી ધર્મ રચ્છબેકી કૃપા કરી;
'પંચાનન' રૂપ શ્રી 'પ્રતાપ' ધરી આયે હૈ.

તેમ મહારાણો પ્રતાપ સાક્ષાત શંકરનો અવતાર હતો. તેની જ મારફત ક્ષત્રિય નામનું રક્ષણ, અને હિન્દુ ધર્મનું રક્ષણ કરવાનું સર્વેશ્વરે નિશ્ચિત કર્યું હતું. છતાં પણ તે પાપી આ પાપી કાર્ય કરવા સારૂ ઉદ્યત થયો.

તેણે પોતાના સરદારોને મધ્ય રાત્રિના સમયે પોતાના દરબારમાં આવવા કહેવડાવ્યું હતું અને તે મુજબ તેના સમગ્ર સરદારો પર્વત ઉપરના તેના દરબારના છાપરામાં એકત્ર થયા. વચ્ચે એક માંચડા ઉપર દોલીયો હાથમાં હોકો લઇ બેઠો હતો. આજુ બાજુ તેના ભિલ સરદારો બેઠા હતા. દોલીયાની આજ્ઞા થવાથી દારૂની માણો વચ્ચે ફરવા ફરવા લાગી. સ્વાર્થી–લાલચુ દોલીયાએ મનવારો અને પોતાના સોગન સાથે સરદારોને ખૂબ દારૂ પાયો અને પોતે પણ તેજ પ્રમાણમાં દારૂ પી બધા ભિલ્લો મસ્ત બની ગયા. તેમને આજુ બાજુનું ભાન પણ રહ્યું નથી. માત્ર સરદારોના મનમાં એ જ લક્ષ બિન્દુ હતું કે આપણા સરદારે આપણને કેમ બોલાવ્યા છે? અને દોલીયાના મનમાં એ લક્ષ બિન્દુ હતું કે હું આ સરદારો આગળ વાત છેડીને મારો વિચાર ક્યારે મંજુર કરાવી લઉં!

રાત્રિ તો આપણે ઉપર વર્ણવ્યું તેમ અંધારી છે. મધ્ય રાત્રિનો સમય છે, મહારાણો કાળીઆનો વધ કરી હકથમાં સાડી તથા દાગીના અને હથિયાર સાથે આ દોલીયાના દરબારના છાપરા પાસેથી પસાર થતા પોતાના રસ્તે આવે છે. તે વખતે તેમને દરબારના છાપરામાં ભિલ્લો એકઠા થયાનો અને એક બીજાને દારૂની મનવારો કરતા હોવાનો અવાજ સંભળાયો, એટલે એક ઝાડની ઓથ લઇ તેઓ શા સારૂ એકઠા થયા છે અને શું વિચાર કરે છે તે જાણવા સારૂ ઉભા રહ્યા.

જ્યારે બરાબર નિશામાં ચકચૂર થયા એટલે દોલીયાએ વાતની શરૂઆત કરતાં જણાવ્યું કે, "સરદારો! પાદશાહનું એક એવું જાહેરનામું બહાર પડયું છે કે, 'જે કોઇ રાણા પ્રતાપને જીવતો પકડી પાદશાહ હજુર રજુ કરે અથવા તેને મારીને તેનું શિર પણ પાદશાહ સમક્ષ રજુ

કરે તેને દશ લાખની ઉપજવાળા ઝાલોર જીલ્લાનો પટો વંશપરંપરા આપવામાં આવશે, અને તેને વંશપરંપરાના માટે ઝાલોરના રાણાનો ઇલકાબ આપવામાં આવશે.' આ સારૂ મેં આજે તમો સર્વેને બોલાવ્યા છે માટે તમે વિચાર કરીને મને કહો કે આપણે આ બાબતમાં શું કરવું ?" પોતાના સરદારના પ્રશ્ન ઉપર તમામ સરદારોએ વાટાઘાટ કરીને જણાવ્યું કે, "ઠાકોર ! તમારો વિચાર બરાબર છે, આપણે કયાં રાણાને શોધવા જવો છે ? તે તો આપણા તાબામાં જ છે, માટે જ્યારે તમારી આજ્ઞા થાય ત્યારે તુરત જ રાણાનું શિર લાવીને તમારા પગોમાં રજુ કરીશું. એમાં આપણે કંઈ વધારે જોર મારવું પડે તેમ નથી." દોલીયો પોતાના સરદારોને પોતાના વિચારો સાથે સમ્મત થયલા જોઇને આનંદમગ્ન બની ગયો અને તે તેમને કહેવા લાગ્યો કે, "સરદારો ! જો મને કાલે જ તમો રાણાનું શિર લાવી આપો તો હું પાદશાહ હજુર જઇને તેને રજુ કરૂં અને હું ઝાલોરનો રાણો બનું." જો તેમ બને તો મારી ભિલડી ભિલારાણી કહેવાય અને તમો બધા મારા ભિલ સરદારો બની શકો, અને કોઇ ઠેકાણે આપણું મોટું રાજ્ય નથી, માટે આપણે એક દશ લાખની ઉત્પન્નવાળા મોટા રાજ્યના રાજ્યકર્તા બની પાદશાહના દરબારમાં બેસતા થઇએ." ભિલ્લોએ જણાવ્યું કે, "જો તમારી એવી જ ઇચ્છા છે તો ઉગતા સવારમાં જ રાણાનું શિર લાવી રજુ કરીશું."

આ શબ્દો મહારાણાએ પોતાના કાનોકાન સાંભળ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે, અરે ! અત્યારે મારો દિ કેવો છે ? જે ઝાડના નીચે જઇને હું ઉભો રહું છું તે ઝાડ પણ મારૂં થતું નથી. જે મનુષ્યો પાસે આશ્રય માગું છું તે જ મારા દુશ્મનો બની દગો કરવા તૈયાર થાય છે. અરે આજના આ બધા દાખલા તેની કેવી પ્રત્યક્ષ સાક્ષી પૂરે છે કે આજે હું આખો દિવસ રખડ્યો છતાં કંઈ શિકાર ન મળ્યો, બાળકો પણ બિચારાં ભુખ્યાં જ સુતાં, દુષ્ટ કાળીયાએ રાણીજીને લુટયાં અને આ દુષ્ટ દોલીયો મને આશ્રયમાં રાખી મારવા તૈયાર થયો છે. હે સર્વેશ્વર ! હે એકલિંગજી ! તને આ બધું શું ગમે છે ? શું તને હિન્દુ ધર્મની રક્ષા કરવાનું વ્યાજબી લાગતું નથી ? શું ક્ષત્રિયનું નામ રહેવું તે તને યોગ્ય નથી લાગતું ? શું હિન્દુ ધર્મની રક્ષા કરતાં, ક્ષત્રિય નામની રક્ષા કરતાં અને કુળની મર્યાદાનો બચાવ કરતાં આવાં આવાં વિઘ્નો આવે છે ? જો એમ જ છે તો મારા જીવિત જીવને ધિક્કાર છે ! કે જે આટલા કષ્ટોમાં પ્રયાણ કરતો નથી. અરે ! મને કુળની રક્ષા કરવામાં કેટલાં કેટલાં કષ્ટો ભોગવવાં પડે છે ! મેં રાજ્ય ગુમાવ્યું, ભિખારી સમાન બન્યો, રહેવાને માટે એક પણ સુરક્ષિત સ્થળ નથી. વળી આ કષ્ટો ભોગ-

વવા સારૂ વિના કારણે હજારો રાજપૂત વીરોનો અંત કરાવ્યો, અને આખરે સૂર્ય વંશમાં ઉત્પન્ન થયા છતાં એક દુષ્ટ ભિલ્લનો આશ્રય લેવો પડ્યો કે, જે દુષ્ટ મારો આશ્રયદાતા બની વિશ્વાસઘાત કરવા તૈયાર થઇ મને મારવા પ્રવૃત્ત થયો છે! હવે જો સવાર સુધી હું આ દુષ્ટને જીવતો રાખીશ તો જરૂર સવારમાં મારા ઉપર એક ભયંકર વિઘ્નોનું વાદળ આવશે, માટે અત્યારે જ તેને પૂરો કરી આગળ વધવું તેમાં જ સાર છે કે જેથી નવાં વિઘ્ન વાદળો તે દુષ્ટની સાથે જ વિખરાઇ જાય."

ઉપર પ્રમાણે વિચાર કરી તેમણે એકદમ દુષ્ટ દોલીયાને પડકાર્યો કે "દુષ્ટ, નરાધમ, કુત્રા, દોલીયા! જો એમ તો માથું લઈ શકાય નહીં, પણ આ રીતે લઇ શકાય? થા તૈયાર અને કર યાદ તારા ઇષ્ટને. પાપી વિશ્વાસઘાત કરી ભિલ્લો રાણો બનવું છે કે?" એમ કહેતાં જ જેમ ભૂખ્યો સિંહ પોતાના શિકાર ઉપર કૂદી પડે છે તેમ તે દોલીઆના માચડા ઉપર ખુલ્લી તલવાર સાથે જઈ પહોંચ્યા.

દોલીયાનો અને તેના સરદારોનો નિશો નાસી ગયો. તેઓ ધ્રુજવા લાગ્યા, કંઇ પણ ઉત્તર આપી શકયા નહીં. રાણાજીએ તો કૂદકો મારતાની સાથે જ જેમ કુંભાર ચાક ઉપરથી પીંડો ઉતારી નાંખે છે તેમ ધડ ઉપરથી દોલીયાનું શિર અલગ કરી દીધું. મહારાણા પ્રતાપના ઝટકા માટે તો કહેવામાં જ આવ્યું છે કેઃ—

> તેં વાહી રાણ પ્રતાપશી,, કુંજરરા શિર ખગ;
> એકે ઝટકે ત્રણ હણ્યાં, સુંઢ દંતુશળ પગ.

પછી તે ખાલી તો શાનો જ જાય? દોલીયાનું માથું જૂદું કરી, બીજા ભિલ્લોને તે કહેવા લાગ્યા કે "સાંભળો, અલ્યા હરામી ભિલ્લો! જો હવે તમો પણ મને મારવાનો કંઇ પ્રપંચ કરશો તો જેવી રીતે આ પાપી દોલીયાનું શિર ધડથી જૂદું થયું તેમ તમારાં પણ સમઝી લેજો. એકને પણ નહીં છોડું." બિચારા ભિલ્લોએ આ દોલીયાનું મરણ, રાણાજીનું ઓચિંતા આવવું એ બધું પોતાની નજરે જ જોયું હતું, તેથી તે તો બિચારા એમ જ માનતા હતા કે "આ રાણો તો મનુષ્ય નહીં પણ કોઇ દેવ જ છે. જો તેમ ન હોય તો મધ્યરાત્રિએ આપણે ખાનગી વાતચિત કરતા હતા તેમાં તે ઓચિંતો આવી કયાંથી ઉભો રહે? માટે આપણે તેનાથી બગાડવામાં સાર નથી." તેથી તેમણે મહારાણાને જણાવ્યું કે "અન્નદાતાર! અમો તો આપના ગુલામ છઇએ, અમારાથી તે કાર્ય કંઇ બને કે? આ તો આ હરામખોર દોલીયાની ઉશ્કેરણીથી અમો તૈયાર થયા હતા. આપ હવે બેફીકર રહો. અમારામાંથી કોઇ આપની સાથે કોઇ પણ પ્રકારનો દગો

કરીશું નહી." અમો વચ્ચે અમારી માતાને રાખી સોગન લઇએ છઇએ કે "અમો આપની સાથે કોઇ પણ પ્રકારનો દગો કરીશું નહીં." મહારાણાને આ પ્રમાણે ઉત્તર મળ્યો એટલે તેમણે તેમને વેરાઇ જવા હુકમ કર્યો, બિચારા ઉકાંચળીના ધાવનાર ભિલ્લોને તો પ્રાણ બચાવવા સારૂ એટલું જ જોઇતું હતું એટલે ચડપો ચડપ પોતાના ઝુપડાંમાં જઇને પેશી ગયા. તેમનામાંથી કોઇ એક પણ દોલીયાની ભિલ્લારાણીને દોલીયાની કાળોતરીના સમાચાર કહેવા પણ ગયા નહીં. ભિલ્લોના ગયા પછી મહારાણો પણ પોતાની પર્ણકુટી તરફ જવા સારૂ છાપરામાંથી નિકળી ચાલતા થયા.

પ્રકરણ અઢારમું

મહારાણી ઉપર આફત

તુલસિ જેસી ભવતવ્યતા, તેસેઈ મિલે સહાય;
આપુન જાવે તાહિ પૈં, (કે) તાહિ તાહાં લે જાય.
ઉજડ ખેડા ફિર બસૈં, નિરધનિયાઁ ધન હોય;
બીતા દિન નહ બાહુડે, મુવા ન જીવૈં કોય.
જાકો રખ્ખે સાંઇયાઁ, માર ન સક્કે કોય;
બાલ ન બાઁકા કર સકે, જો જગ વેરી હોય.
સુખ બીતે દુખ હોત હે, દુખ બીતે સુખ હોત;
દિવસ ગયે જ્યાઁ નિશિ ઉદિત, નિશિગત દિવસ ઉદોત.
સાઁઈ તોસૌં બિનતી, યે દુઈ બોલ રખ;
જીવ રખૈ તો લાજ રખ, લજ બિન જીવ ન રખ્ખ.
રાણી દેખે બાટ, રાણા ક્યું ન આયા નહીં;
સિંહ સમાજ્યો ઘાટ, પકડી રાણી પુંઠ શું.

મહારાણા કાળીઆને મારી પર્ણકુટી તરફ આવતા હતા, ત્યાં રસ્તામાં આ દોલીયાની બલા વળગી અને તેનો પણ વચ્ચે જ નિકાલ કરી, તેઓ હવે આ સ્થળે રહેવું કે કેમ? તે સંબંધી પોતાના મન સાથે વિચાર કરતા કરતા પર્ણકુટી તરફ ચાલ્યા.

જ્યારથી મહારાણા કાળીઆને મારવા સારૂ ગયા ત્યારથી મહારાણી કેટલોક વખત સુધી તો પથારી પાસે રાહ જોઇને બેસી રહી પરન્તુ જ્યારે મહારાણાને ગયાને બહુ સમય થયો અને તેઓ આવ્યા નહીં, ત્યારે તેઓ ઉઠી દ્વારમાં ઉભાં રહી મહારાણાની રાહ જોવા લાગ્યાં. પરન્તુ તેમને મહારાણાના વિજળીના પ્રકાશમાં કોઈ ઠેકાણે દર્શન થયાં નહીં.

મધ્યરાત્રિ વ્યતીત થઈ અને ઉપરાંત થોડો વખત ગયા બાદ એ ત્રણ દિવસનો ભુખ્યો એક સિંહ શિકારની શોધ સારૂ પોતાની ગુફામાંથી બહાર નિકળ્યો. રાત્રિ અંધારી અને વળી વર્ષાદ વધૂ અંધારેલો હોવાથી જાણે અંધારા ઉપર અંધારાનો ઓથ ચઢાવ્યો હોય તેવી મળી રહી હતી એટલે આ સિંહ શિકારની શોધમાં ફરતો ફરતો છેક મહારાણાની પર્ણકુટીની નજીકમાં આવ્યો, છતાં પણ મહારાણી તેને જોઇ શકયાં નહીં ! જ્યારે તે સિંહ થોડો જ દૂર રહ્યો ત્યારે વિજળીએ પોતાનો પ્રકાશ પૃથ્વી ઉપર નાંખ્યો. આ વખતે રાણીજીનું ચિત્ત તો રાણાજીની રાહ જોવામાં જ પરોવાયલું હતું એટલે તેઓ તો સિંહને જોઇ શકયાં નહીં, પરન્તુ શિકારની શોધ સારૂ તમામ બાજુ દૃષ્ટિ ફેરવતા સિંહે મહારાણીને જોયાં. તેણે પોતાને તુરતમાં જ શિકાર મળ્યો તેથી બહુ આનંદ માન્યો અને કૂદકો મારી મહારાણીને કમ્મરમાંથી પકડી લઇ ચાલતો થયો. સિંહને આ જંગલમાં અને પર્વતોમાં કોઇની પણ દેહેશત નહોતી અને તેમાં પાછી ચોમાસાની ભયંકર કાળી રાત્રિમાં તો તે કોઇથી પણ શાનો ડરે ? એટલે તે પણ કોઇ પ્રકારની દેહેશત રાખ્યા સિવાય જે રસ્તેથી મહારાણો આવતા હતા તે રસ્તે ચાલ્યો.

મારવાડ, મેવાડમાં અને ખાસ કરીને રાજપૂતોમાં ચરણીઆ બહુ ભારે પહેરવાનો રિવાજ છે એટલે મહારાણીજીએ પણ બહુ ઘેરવાળો ભારે ચરણીઓ પહેર્યો હતો. તેથી સિંહના વિકરાળ, પ્રાણઘાતક દંતની તેમના અંગને કોઇ પણ પ્રકારની અસર થઇ ન હોતી. પરન્તુ વરસાદમાં પલળવાથી અને ઉપર સુસવાટ કરતો પવન વાવાથી તેઓ શરદીના કારણે મૂર્છિત બની ગયાં હતાં. સિંહ તેમને મોંમાં ઘાસના પૂળાની માફક પકડીને જે વખતે ચાલતો હતો તે વખતે રાણીજીના પગ આજુ-બાજુ ડુંગરો સાથે અથવા વૃક્ષો સાથે અથડાતા હતા અને તેથી તેમણે પગમાં પહેરેલાં ઝાંઝર અથડાઇ તેમાંથી ઝણુણુણુ, ઝણુણુણુનો અવાજ થતો હતો. આ ઝાંઝરનો અવાજ મહારાણાના કર્ણ ઉપર પડ્યો. તેથી તેમને એમ લાગ્યું કે આ ભયાનક જંગલમાં કોઇ ભૂત, પ્રેત, કિંવા ડાકણ, સાકણ મને ડરાવવા આવે છે, તેથી તે તેને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે "તું જે હોય તે મારા સામે જ આવ, હું ઉદયપુરનો રાણો પ્રતાપ છું અને હું તારાથી ડરવાનો નથી. તું કોણ છે એ પણ મને જલ્દી. જણાવ. જો તું ન જણાવે તો તને ઉદયપુરના રાણા પ્રતાપની દુહાઇ છે." પરન્તુ આ મહારાણાના શબ્દોની તેના ઉપર શું અસર થાય ? તે તો (સિંહ) મહારાણાના સામો જ આવવા લાગ્યો. આથી મહારાણાને શંકા થઇ કે આ કોણ છે કે જે મ્હારૂં કહેવું ન માનતાં

મારા જ સામું ચાલ્યું આવે છે ? આ પ્રમાણે વિચાર કરી મહારાણાએ પોતાની તલવાર ખુલ્લી કરી. આ અરસામાં વિજળીનો ઝબકારો થયો અને તેના ઉજાસથી મહારાણાને જણાયું કે એક સિંહ પોતાના મોંમાં એક સ્ત્રીને પકડીને પોતાના સામો ચાલ્યો આવે છે. હવે મહારાણાને વિચાર થવા લાગ્યો કે 'જો હું આ સ્ત્રીને છોડાવીશ નહીં તો મને સ્ત્રીહત્યાનું પાપ લાગશે માટે એને છોડવવી તો ખરી. આ પ્રમાણે વિચાર કરી તેમણે સિંહને સચેત કરવા સારૂ કહ્યું કે "અરે કુત્તા ! હું ઉદયપુરનો મહારાણો તને આજ્ઞા ફરમાવું છું કે આ નિરપરાધી બૈરીને છોડી દે." આ રાણાજીનું કહેવું કંઈ આ જંગલી ઘાતકી પ્રાણી સાંભળે ખરૂં કે ? તે તો રાણીજીને ઉંચકીને છેક મહારાણાની નજીકમાં આવી પહોંચ્યો. મહારાણાએ પણ તેને મારવાનો વિચાર કર્યો અને વિજળીના ઝબકારમાં તેના ઉપર તલવારનો ઘા કરી તેનું ધડ અને શિર જુદું કરી નાખ્યું. ધડ ઉપરથી શિર જુદું થયું એટલે સિંહનું ડાચું ફાટી ગયું અને દાંત ઢીલા થવાથી મહારાણી પણ મોંમાંથી છૂટાં થઈ ગયાં. રાણીજી સિંહના મોંમાંથી છૂટાં પડ્યાં છતાં પણ ત્વરિત તેમની મૂર્છા છૂટી શકી નહીં.

હવે તો રાણાજીને વિશેષ આફત આવી પડી. તેઓ વિચાર કરવા લાગ્યા કે "હું આ ઓરતને ઓળખતો નથી એટલે તેને સ્પર્શ શી રીતે કરી શકું ? તેમ જ તેને એકલીને આની આ સ્થિતિમાં છોડીને પણ જો હું અહીંથી જાઉં તો તે બેશુદ્ધાવસ્થામાં હોવાથી, તેને બિચારીને એક બલામાંથી તો છોડાવી પણ પાછી ગમે તે બીજી બલા આવીને વળગશે. માટે તે જાગૃત થતાં સુધી જવું તે યોગ્ય નથી." મહારાણાએ તલવાર મ્યાન કરી અને હાથમાં તીર કામઠું લઈ તેઓ રાણીજીથી થોડે દૂર તેમના સામે નજર રાખી બેઠા. થોડા વખત પછી મહારાણીને કળ વળી અને તેઓ જાગી ઉઠ્યાં. આ અરસામાં વિજળીનો ઝબકારો થયો અને તેના પ્રકાશમાં તેમણે જોયું તો પોતાની પાસે થોડે દૂર એક પુરૂષ બેઠો છે. આ બન્ને પતિ પત્નીએ એક બીજાને ઓળખ્યાં નહોતાં, તેથી મહારાણાના મનમાં એમ હતું કે, આ કોઈ પરાઈ સ્ત્રી છે અને મહારાણીના મનમાં એમ હતું કે આ કોઈ પરાયો પુરૂષ છે. મહારાણી બોલ્યાં: "તમો જે હો તે મારી પાસે ન આવશો. હું ઉદયપુરની મહારાણી છું. જો તમો માહિતગાર હોવ તો મને મારી પર્ણકુટીએ પહોંચાડવા આગળ થાઓ. અને મને ઉતાવળથી પર્ણકુટી ભેગી કરો, કારણ કે ત્યાં મારાં બાળકો એકલાં જ છે અને મહારાણા જંગલમાં ગયા છે."

જ્યારે મહારાણાએ આ પ્રમાણે રાણીજીના મોઢામાંથી શબ્દો સાંભળ્યા એટલે તેઓ વિચારમાં પડી ગયા કે, "શું હું આ જાગ્રતાવસ્થામાં છઉં કે સ્વપ્નમાં? શું મેં આ જે શબ્દો સાંભળ્યા તે સાચા જ છે?" એમણે પ્રશ્ન કર્યો, "કોણ રાણીજી? આ શી દશા" રાણીજીએ પણ હવે તો મહારાણાને ઓળખ્યા. તેમણે જણાવ્યું. "અન્નદાતાર! હા હું જ છું, અને આપ પાપી કાળીઆને મારવા સારૂ પધાર્યા ત્યારે હું આપની રાહ જોતી ઉભી હતી, તે વખતે આ કુતરાએ આવીને મને પકડી લીધી. પરન્તુ મારા અન્નદાતાર મળવાથી હું બચી શકી છું, નહીં તર તો હું આજે મારા પ્રાણેશ્વરનાં દર્શન પુનઃ ન જ કરી શકત," રાણાજીએ, રાણીજીની હકીકત સાંભળી એટલે તેઓ થર થર કંપી ઉઠ્યા. તેમને એમ વિચાર થવા લાગ્યો કે અરે આ ઈશ્વરે મારા માટે કેવા દિવસો નિર્મિત કરેલા છે? શું આ જ એક જ દિવસમાં આટલાં બધાં સંકટો!! તેમણે રાણીજીને કહ્યું, "રાણીજી! આજના દિવસનું કંઇ પણ વર્ણન કરવા સરખું નથી. આજે તો એક દુઃખના વાંસે બીજું તેથી પણ ચઢીઆતું આવીને સામું જ ઊભું હોય છે. પરન્તુ માત્ર ભગવાન્ એકલિંગજીની પરમ કૃપાથી સર્વ દુઃખો નિર્વિઘ્ન પસાર થયાં છે. કોઇમાં હરકત આવી નથી." રાણીએ કહ્યું" અન્નદાતાર! આપ હિન્દુઆ શૂર છો, આપ ભગવાન એકલિંગજીના દિવાન છો અને તેથી જ ભગવાન્ એકલિંગજી આપની સહાયમાં જ રહે છે."

રાણાજીએ રાણીજીને કહ્યું કે "જો તમો ચાલી શકો તેમ હોય તો મારા આગળ આગળ ચાલો, અને અશક્તિના કારણે ચાલી શકવાની શક્તિ ન હોય તો હું ઉંચકી લઉં?" રાણીજી એક સતી સ્ત્રી હતાં. ચહાય તેટલાં ભયંકર કષ્ટો આવે તો પણ શું પોતાના પ્રાણેશને કોઇ પણ રીતે કંટાળો આપે ખરાં કે? તેમણે રાણાજીને જણાવ્યું કે "પ્રાણેશ! મને એવું કંઇ કષ્ટ આવ્યું નથી કે જેથી હું ચાલી ન શકું! આપ પધારો, હું ચાલી શકીશ." બન્ને જણ ચાલ્યાં. આગળ રાણીજી થયાં અને પછાડી રાણાજી ચાલવા લાગ્યા. પછી રાણાજીએ વાતની શરૂઆત કરતાં જણાવ્યું કે "રાણીજી! આપણું ભાગ્યબળ આપણાથી વિરૂદ્ધ છે, એની મને આજના આખા દિવસનાં દુઃખોથી ખબર પડી છે. બીજા પ્રસંગ તો તમો જાણો છો એટલે કહેતો નથી, પણ એક વિશેષ પ્રસંગ જે બન્યો છે અને તમો જાણતા નથી તે તમને કહું છું તે સાંભળો. જ્યારે હું પાપી કાળીઆને મારીને પર્ણકુટી તરફ આવતો હતો ત્યારે દુષ્ટ દોલીઆના દરબારમાં તેના તમામ સરદારોની સભા થઇ હતી અને મને મારીને મારૂં માથું પાદશાહ હજુર રજુ

કરી ઝાલોરનો પટ્ટો લેવાનો વિચાર ચાલી રહ્યો હતો. આ તેમની વાતચીત મેં રસ્તામાં આવતાં સાંભળી તેથી ત્યાં ઉભો રહ્યો. એ પાપીના સરદારોએ પણ તેના વિચારમાં પોતાની સમ્મતિ આપી અને સવારમાં મને મારવાનો વિચાર નક્કી કરવામાં આવ્યો. આથી મને એવો વિચાર થયો કે "જો સવાર સુધી આ દોલીઓ જીવતો રહેશે તો મારા ઉપર જરૂર સવારમાં વિઘ્નનું વાદળું આવશે. આથી મેં તે પાપી દોલીયાનું તેના દરબારમાં જઇ શિર કાપી નાંખ્યું અને પછી પર્ણકુટી તરફ આવતો હતો ત્યાં તો તમે મળ્યાં." રાણીજીએ કહ્યું કે "ઘણી ખમ્મા મારા અન્નદાતારને! જે આપે કર્યું તે બહુ જ સારૂં જ કર્યું. નહિ તો તે દુષ્ટ સવારમાં આપણને હેરાન કરવામાં ન ચૂકત." આ બધી વાતચીત કરતાં મહારાણાનાં નેત્રો આગળ પોતાનાં તમામ દુઃખો ખડાં થઇ ગયાં. હવે તેમની ધીરજ તેમના હૃદયમાં ટકી શકી નહીં. જે મહારાણાએ મહાન્ સંકટોમાં પણ પોતાની ધીરજ છોડી નહોતી, તેજ મહારાણો અત્યારે મહારાણીને કહેવા લાગ્યા કે, "રાણીજી! કુળની મર્યાદાનું રક્ષણ કરતાં, રાજ્ય ગુમાવવું, જંગલે જંગલ રહેવાના ઠેકાણા સિવાય રખડતા ફરવું અને શિરપર દુશ્મનો હમ્મેશાં સવાર થતાં જ ચડી આવે. વળી ભૂખ્યાને ભુખ્યા દિવસો વિતાડવા અને વળી જેના આશ્રયમાં આવી રહેવું તે જ માથાં કાપવા તૈયાર થાય! આ બધાં સંકટો સહન કરવા કરતાં પાદશાહ સાથે સંધિ કરી તેને નમી પડવું શું ખોટું છે? માટે હવે તો ગમે તે ઉપાયે પણ પાદશાહ સાથે નિકાલ કરી નાંખવો એ જ મને તો ઠીક લાગે છે." મહારાણાના મોઢેથી આ પ્રમાણેનાં વચનો સાંભળી, મહારાણીનું હૃદય કંપવા લાગ્યું, તેમની આંખે અંધારા આવી ગયાં, તેઓ થર થર ધ્રૂજવા લાગ્યાં. તેમણે ધીરજ રાખી મહારાણાને કહ્યું કે "પ્રાણેશ! હું આ સંધિ કરવાની વાત કોના મોહોડેથી સાંભળું છું? શું આ મારા અન્નદાતાર ફરમાવે છે? અરે! જે કુળની મર્યાદાના વાસ્તે મારા અન્નદાતારે રાજ્ય ગુમાવ્યું, ભિલ્લોના સમાન બનીને ભુખ્યા ને ભુખ્યા જંગલમાં રખડ્યા એ સઘળાં દુઃખોનું આજ ફળ છે? આપની બુદ્ધિ કેમ આજે દુઃખ જોઇને કાયર બની ગઇ? શું મારા પ્રાણેશ્વરને એથી શોભા મળશે? અન્નદાતાર! આથી પણ વધારે દુઃખો કદાચ મારા માલિકને આવે તો પણ તે તો સહન કરવાં જ જોઇએ અને તેમાં જ આપણી શોભા છે. જ્યારે મારો માલિક તુર્કોને નમશે ત્યારે તો સૂર્ય અસ્ત થશે, ચન્દ્રમાંથી અગ્નિનો વર્ષાદ વરસશે. પૃથ્વી પણ તેનું રક્ષણ કરવા કોઇ નહીં રહે તેથી રસાતળમાં ચાલી જશે, શેષ પણ પૃથ્વીનો ભાર નહીં ઉઠાવે, અને આપણા પૂર્વજો

આપણા ઉપર નિઃશ્વાસની વૃષ્ટિ કરશે. અન્નદાતાર! આટલાં આટલાં સંકટો સહન કરીને પણ અત્યાર સુધી કુળની મર્યાદાનું રક્ષણ કર્યા પછી, હવે સંધિ કરવાનું આપને કેમ સૂઝ્યું છે? અન્નદાતાર! આપ વિચાર કરો કે સર્વેશ્વર હમ્મેશાં સત્યની સહાયમાં રહે છે. ભગવાન્ એકલિંગજી હમ્મેશાં આપનું રક્ષણ કરવા સારૂ આપની સાથે જ રહે છે, છતાં જો કદાચ આપ સંધિના વિચાર ઉપર આવશો તો તેથી ભગવાન્ એકલિંગજી આપની સોબત છોડશે. આપ જો આ પ્રમાણે આવાં નજીવાં સંકટમાં ગભરામણ દાખવો તેથી અમારી હિમ્મત શી રીતે રહી શકે? શું દુઃખો જાનવરો ઉપર આવે છે? દુઃખ તો મનુષ્યોના માથા ઉપર જ પડે છે, પરન્તુ કુદરતનો એક એવો નિયમ છે કે સુખની પછાડી દુઃખ અને દુઃખની પછાડી સુખ. દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ આવ્યા જ કરે છે. અન્નદાતાર! આપ વિચાર કરો કે આજનાં દુઃખોથી હવે વધુ કોઇ પ્રકારનાં દુઃખો બાકી રહ્યાં નથી, એથી હવે આપણાં દુઃખોનો અંત આવી પહોંચ્યો છે અને સુખના દિવસો નજીકમાં જ આવવા લાગ્યા છે. માટે હવે તો હિમ્મત હારી કાયરતા દાખવવી તે આપને માટે યોગ્ય નથી જ."

શુદ્ધ રાજપૂતોનો એવો નિયમ છે કે, જો તેમને કોઇ બિરદાવનાર હોય છે તો પછી રણભૂમિમાંથી નાઠા પછી પણ, વધુ વીરતા સાથે લડવા ઉદ્યત થાય છે. મહારાણાને પણ એમ જ થયું. રાણીજીનાં વચન સાંભળી રાણાજીની ધીરજ પુનઃ ઠેકાણે આવી. તેમને તેમના ઉદ્‌ગારો બાબત પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેઓ રાણીજી સાથે પર્ણકુટીએ આવી પહોંચ્યા. શું અત્યારે સંકટમાં આવી રીતે પતિને સહાય કરનાર અને ઇજ્જતનું રક્ષણ કરનાર ક્ષત્રાણીઓનું અસ્તિત્વ છે? શોધ કરતાં મહારાણીજી સમાન કેટલી ક્ષત્રાણીઓનાં આપણે દર્શન કરી શકીએ તેમ છે? કદાપિ કોઇ કોઇ સ્થળે આવી ક્ષત્રાણીઓ તો હશે, પરન્તુ મહારાણા પ્રતાપ સમાન ક્ષત્રિયો કોઇ છે કે? રાજ્યકર્તાઓનાં હાલનાં ચરિત્રો જોઇને આપણને ચોક્કસ માનવા કારણ મળે છે કે અત્યારે તો કોઇ પણ ઠેકાણે શુદ્ધ ક્ષત્રિયો છેજ નહીં, એમ કહેવામાં આવે તો તેમાં કંઇ જ ખોટું નથી. જે ગીતાજીમાં જણાવવામાં આવ્યું છે કે "नराणां नराधिपः" તે મુજબ જે રાજાઓને વિષ્ણુના અવતાર તરીકે હિન્દુ આલમ માનતી આવી છે, તે જ રાજાઓ અત્યારે પ્રજાનું સત્વ ચુસનારા કુળની મર્યાદાને તિલાંજલિ આપનાર વિદેશીઓની કૃપા કટાક્ષ ઉપર રાજ્ય ચલાવનાર અને તેમને રાજી રાખવા સારૂ અનેક પ્રકારના અનર્થો ગુજારનાર ઉત્પન્ન થયા છે. તે શું પુણ્યક્ષેત્ર ભારતવર્ષને ઓછું લાન્છનપ્રદ છે કે?

અમને તો લાગે છે કે અત્યારે પણ કોઈ ગુપ્ત પરશુધરનો અવતાર અસ્તિત્વમાં હોવો જોઈએ કે, જેના ગુપ્ત પ્રભાવથી પૃથ્વી નિઃક્ષત્રિય બની ગઈ છે !! અમને માલુમ પડતી નથી કે આ પૃથ્વી કયા પુણ્યના આધારે પાતાલમાં પ્રવેશ કરતી નથી ! રાજાઓમાં રજ તો કંઈ પણ દર્શાતી નથી. અમો હાલના રાજાઓની રાજનીતના સંબંધમાં આ નીચે એકાદ બે કાવ્યો વાચકોની જાણ સારૂ આપીએ છીએ.

કવિતઃ- નૃપ તેં કહે તેં કમહારકો બતાય દેત,
કહે કામદાર બાત ફૌજદારી જૈશી હૈ;
કહે ફોજદારીકો તો દિવાની બતાય દેત,
કહે જો દિવાની તો દિવાની અન ઐશી હૈ.
કહે હૈ દિવાન કોટવાલ તેં બનેગી બાત.
કહે કોટવાલ મોસેં બને નહીં ઐશી હૈ;
દાદી ફરિયાદીકી સુને ન કોઉ 'જગત' કવિ,
રાજનીત ઐસી તો અનીત ફીર કૈશી હૈ?
લૂટત લૂટેરૂ સદા મોજ મન આનિ અતિ,
રૈ'ત પાલવેકી મતિ આનત અનૈશી હૈ;
રાજા બની પોચ ફિરૈં સર્વદા સમન્દ્ર પાર,
આપ જૈસે ઐસે અધિકારીવત્તિ ઐશી હૈ.
ન્યાયકી પલાયનતા નીતિકી પલાયનતા,
રીતકી પલાયનતા નહીં જૈસી તૈશી હૈ;
રાખૈં નાં રખાવે કોઉ રૈયત કો લૂટાવૈં સદા,
"રાજનીત ઐસી તો અનીત ફીર કૈશી હૈ"?
રાજા ભે લૂટેરે યાતેં રૈ'તભી લૂટેરી ભઈ,
ઠામ ઠામ બાગેં ગ્રામ બીક નાં જરૈસી હૈ;
ઉત્તરમેં પરૈં બૂમ આપ બાગેં દખ્ખણમેં,
વૃત્તિ અધિકારીનને ધરી મન ઐશી હૈ.
તેલી ઔર તમોલી ભરે ફોજમેં ફજેતી ખોર,
ધરી ડરપોક રીત રાજનકે જૈસી હૈ;
રાખે નાં રખાવૈ કોઊ રૈયતકો લુટાવૈ સદા,
"રાજનીત ઐસી તો અનીત ફિર કૈશી હૈ?"

શું આવા રાજાઓને પણ આપણે રાજા માની ભગવાન્ વિષ્ણુના પવિત્ર અવતાર સમાન માનવા ? એવા રાજાઓએ ઈશ્વર ખાતર પણ મહારાણા પ્રતાપનાં પવિત્ર ચરિત્રો વાંચી પોતાનાં કર્મો પ્રમાણે વર્તવા તૈયાર થવું, ઈશ્વરે તેમને મોજ શોખ માણવા સારૂ રાજા બનાવ્યા નથી. તેમને જેટલા દરજ્જે મહત્તા પ્રાપ્ત થઈ છે તેટલા જ દરજ્જે તેઓ પ્રજાને જવાબદાર પણ છે. તેઓ પ્રજાનું નિમક ખાય છે માટે તેમણે પ્રજા તરફ નિમકહરામ વૃત્તિઓ ધારણ ન કરતાં નિમકહલાલ

બનવું જોઇએ. તેમણે યાદ રાખવું જોઇએ કે નિમક જો હલાલ કરવામાં નથી આવતું તો તે જરૂર ફૂટી નીકળે છે. અને એવાં ઘણાં દૃષ્ટાન્તો આપણી દૃષ્ટિ આગળ મોજુદ છે. તેમણે એ પણ યાદ રાખવાની જરૂર છે કે જેમને તેઓ તૃણ સમાન માને છે તે તૃણ જ પ્રસંગ પડે ભાલાડાનાં કાર્ય કરશે અને તેમની વૃત્તિઓ ઠેકાણે લાવશે. ખરેખર મિતાક્ષરાકારે કહ્યું છે કેઃ—

राज्ञि धर्मिणि धर्मिष्ठाः पापे पापाः समे समाः ।
प्रजास्तमनुवर्तन्ते यथा राजा तथा प्रजा ॥

ભાવાર્થ—જેવો રાજા હોય છે તેવી જ તેની પ્રજા પણ થાય છે, જો રાજા સદ્‌ગુણી હોય તો તેની પ્રજા પણ સદ્‌ગુણી જ થાય છે અને જો રાજા પાપી અથવા દુર્ગુણી હોય છે તો એની પ્રજાનાં પણ એવાં જ આચરણો બની જાય છે. જો કદાચ પ્રજા પણ રાજાઓના સમાન બને તો રાજાઓએ પ્રજાનો દોષ ન કહાડતાં પોતાનાં કૃત્યોનો જ આભાર માનવો જોઇએ ! !

રાણાજી પોતાની સતી સાધ્વી મહારાણીને લઇને પોતાની પર્ણ-કુટીએ આવી પહોંચ્યા. હજુ થોડી રાત્રિ બાકી હતી એટલે તેઓ તમામ દ્વારોમાં કટલાં ભરાવી સુતાં. પ્રાતઃકાળમાં તેઓ વેહેલાં જાગ્રત થયાં અને પોતાનાં ભુખ્યા પેટે પોઢેલાં બાળકોને જાગ્રત કર્યાં, બાદ મહારાણા સ્નાન સંધ્યાથી પરવારી, પોતાની પ્રાણેશ્વરી સાથે હવે શું કરવું ? તત્સંબંધી વિચાર કરવા સારૂ બેઠા.

પ્રકરણ ઓગણીસમું
મહારાણાને રાજ્યપ્રાપ્તિ

કવિત—બાઢી બાદશાહી પ્રલે કાલકે સલિલ સમ;
બૂડે રાવ રાના ખાગ કિન્હોં નાહીં ખરકો.
દેન લગે નવલ્લૂ દુલ્હૈયા નવરોજનમેં; *
ફેરિ આન દેખેં મુખ નિકુ નિકુ ઘરકો.
તાન તલવાર કાર ન્હી બાદશાહજુ સોં;
હેર્યોં હૈ પ્રતાપ અવતાર સાચો હરકો.
દે.હ દિન જાના બાત અકથ કહાના યહૈ;
રહ્યૌ ઉંચે રાના જૈસે પાના અખેવરકો.

---

* જ્યારે આ કવિતમાં "નવરોજ"નો ઈશારો કરવામાં આવ્યો છે ત્યારે અમો પણ નવરોજની હકિકતથી અમારા વાચકોને વાકેફ કરવા સારૂ તત્‌સંબંધી કંઈક લખવા વિચાર રાખીએ છીએ.

આ કવિત આપણને ચોક્કસ નિર્દિષ્ટ કરી આપે છે કે, મહારાણા પ્રતાપના સમયમાં પણ ક્ષત્રિયો તો તમામ તેના સિવાયના ગુલામગિરિ જ પસન્દ કરતા હતા. અને તેઓ બાદશાહના બળરૂપી પ્રલય કાળના જળમાં બૂડી ગયા હતા, માત્ર નહીં બૂડવામાં આપણી વાર્તાનો નાયક એકલો જ હતો. અને તેથી કવિએ પણ સત્ય જ કહ્યું છે કે 'રહ્યો ઉંચે રાના જૈસે પાના અખૈવરકો" જેમ અક્ષયવટનું પાન પ્રલય કાળના જળમાં પણ ન બૂડતાં ઉપર ને ઉપર જ રહે છે, તેમ મહારાણા પણ છેક સુધી અકબરના સામે હથિયાર ઉઠાવીને જ ઉભા હતા. અત્યારે આપણે એવો એક પણ વીર ક્ષત્રિય બચ્ચો જોઇ શકતા નથી!

અકબર પાદશાહ જેવી રીતે નીતિવાળો ગણાયો છે, તેવી જ રીતે તે માત્ર નીતિમય જ નહોતો, પરંતુ અનીતિને પણ ધારણ કરનાર હતો. તે રાજના દાવપેચ સારી રીતે જાણનાર પાદશાહ હતો. અને તેથી નીતિથી કામ પાર પડતું હોય ત્યાં તે નીતિનો રસ્તો ગ્રહણ કરતો હતો અને અનીતિ કરવાની જરૂર પડતી હતી ત્યાં તે જરૂર અનીતિ ચલાવતો હતો. શું મહારાણા પ્રતાપને પાયમાલ કરવામાં તેણે કોઈ પણ વખતે નીતિનું દર્શન કરાવ્યું છે? શું રાજપૂતોની પુત્રીઓ સાથે લગ્ન કરવામાં તેની નીતિ હતી? કે માત્ર તેમની નબળાઇનો તેણે લાભ લીધો હતો? અને વળી નવરોજાનો બજાર ભરવાનું ઠરાવવામાં તો તેણે હદપાર અનીતિનો આપણને પરિચય આપ્યો નથી કે? હા એટલી હકિકત તો ચોક્કસ જ છે કે તેણે પ્રજા તરફ બહુ જ સારૂં વર્તન રાખ્યું હતું, તેમ જ હિંદુ મુસલમાનોના ધર્મ સંબંધી તેણે કાંઈ પ્રકારનો પક્ષપાત કર્યો નથી અને તેથી તે પાદશાહ પ્રશંસાને પાત્ર થયો છે.

બાદશાહ અકબરે એક એવો ઠરાવ બહાર પાડયો હતો કે, તમામ રાજાઓ અને સરદારો તેમ જ મોટા અધિકારીઓની સ્ત્રીઓ પોતાના હાથની નવીન કારીગરીની બનાવેલી વસ્તુઓ રાજભુવનમાં ભરવામાં આવતા નવા દિવસના બજારમાં વેચવા આવે. પછી તેની હરમો અને બીજી બેગમો તથા રાજરાણીઓમાં પરસ્પર ખરીદીઓ થતી હતી. આ દરબારમાં ગુપ્ત વેષથી ખુદ પાદશાહ પણ જતો હતો અને પોતાની પાપી વૃત્તિઓને લાંડીઓ મારફત પોષતો હતો.

આ તેનું પાપ કેટલાક સમય સુધી તો નિભ્યું, પરંતુ જેમ કહેવત છે કે "પાપનો ઘડો ફૂટયા સિવાય રહેતો નથી." તેમ એના પણ પાપનો ઘડો ભરાઈ છલકાઈ ફૂટવાનો સમય આવી પહોંચ્યો, તેથી બિકાનેરના રાજા રાયસિંહના ભાઈ પ્રથિરાજજીનાં પવિત્ર અને પતિપરાયણ પત્ની કિરણમયી અથવા લાલાદે ઉપર તે મોહાંધ થયો. લાલાદે એક વિદ્વાન કવિ, યુવાવસ્થાવાળી અને જેમ તેનું નામ કિરણમયી હતું તેવી જ તે સ્વરૂપમાં પણ કિરણમયી હતી. એક દિવસના નવરોજના દરબારમાં આ કિરણમયીને પાદશાહે પોતાની પ્રપંચી જાળમાં ફસાવવાનો વિચાર કર્યો અને આ અનીતિમય કાર્ય એક પાપી દાસીને સોંપવામાં આવ્યું. આ દાસીએ જ્યારે બજાર ખતમ થયો ત્યારે જવાના તમામ રસ્તાઓ બંધ કરી માત્ર આગળથી દ્વાર બંધ કરી રાખેલ ઓરડામાં થઇ જવાની

શું દેશના રાજ્યકર્તાઓની અધમ, દશા આવી ગઇ છે? જેમ એક કુતરૂં પોતાના મોં આગળ પડેલી રોટલીનો કકડો ગુમાવી બેસાય નહીં, તે સારૂ રોટલી નાખનાર વ્યક્તિ આગળ રમે છે અને નાચ નચાવે છે, તેમ જ આપણા દેશના તમામ રાજકર્તાઓની સ્થિતિઓ થઇ પડી છે. તેઓ માત્ર પોતાના રાજરૂપી કકડા રોટલી સારૂ સાર્વભૌમ સત્તાના પ્રતિનિધિઓ આગળ ગુલામગિરી ભોગવે છે. તેમના નચાવ્યા નાચે છે, તેમના કુદાવ્યા કુદે છે અને તેમના જ પગલે ચાલી અનર્થ ગુજારે છે. તેઓ એમ નથી સમજતા કે આ પ્રતિનિધિઓ તો ભાડુવાત છે અને તેઓ ભાડુવાત નહીં પણ માલિકની પંક્તિ ઉપર છે. એટલે તેમને તેમનાં વર્તન જોઇ વર્તવામાં અથવા તેમને માત્ર રાજી રાખવા સારૂ પ્રજાના અહિતનાં વર્તન રાખવામાં માલ નથી.

મહારાણા પોતાનાં નિત્ય નૈમત્તિક કાર્યોથી પરવારી રાણાજી સાથે વિચાર કરવા લાગ્યા કે, હવે આ સ્થળે રહેવું કે કેમ? મહારાણીએ અભિપ્રાય આપતાં જણાવ્યું કે "નાથ! હવે આ સ્થળ આપણા માટે પ્રથમના સમાન સુરક્ષિત સમજવાનું નથી, કારણ કે આ બધાય ભિલ્લો આપણા દુશ્મન જ માનવા. હવે તેઓ પોતે થઇને કદાચ આપણા ઉપર કોઇ પણ પ્રકારની આફ્ત લાવશે અથવા તો તેઓ પાદશાહના સૈન્ય સાથે મળી જાય, એવો પણ સંભવ રહે છે એટલે હરેક રીતે આપણે અહિંથી કોઇ ગુપ્ત સ્થળે ચાલ્યા જવાની જરૂર છે, એમ મને તો લાગે છે. પછી આપની ઇચ્છા!!' પુરૂપ ઘરમાં રાજા છે અને સ્ત્રી ઘરમાં પ્રધાન છે અને વળી રાજનીતિના નિયમાનુસાર રાણી એ રાજનું બીજું અંગ છે. આ હકિકત મહારાણા સારી રીતે સમજતા હતા. વળી તેમણે સંકટના સમયમાં રાણીજીની બરાબર પરીક્ષા કરી હતી. અને તે પરીક્ષામાં રાણીજી ઉત્તીર્ણ પણ થયાં હતાં, એટલે તેમની સલાહ પ્રમાણે વર્તવામાં રાણાજીને સાર જણાતો હતો. તેમની સલાહ

તેને ફરજ પાડી. બિચારી કિરણમયી આ પ્રપંચમાં જાણીતી નહોતી તેથી તે ઓરડામાંથી બહાર જવા સારૂ ઓરડામાં ગઈ, ત્યાં તો તેના માટે તલસી રહેલો પાદશાહ તેના સામો આવી ઉભો રહ્યો. હવે કિરણમયી બધા ગોટાળામાંથી વાકેફ થઇ પરંતુ તેણી હિમ્મતથી ડગી નહીં અને પોતાના શિયળનું રક્ષણ કરવા સારૂ સિંહણ બની પાદશાહ ઉપર ધસી ગઇ અને તેને પકડી પૃથ્વી ઉપર પછાડી છાતી ઉપર ચડી બેઠી. તેણે પોતાની સદા સંગિની કટાર કહાડી આ નીતિની મૂર્તિ પાદશાહની છાતી સરસી લગાવી. પાદશાહે મોતનાં દર્શન કર્યાં અને જ્યારે "માતા મને છોડ" એવા કરૂણામય ઉદ્ગારો કહાડયા ત્યારે જ બચી શક્યો. ધન્ય છે આવા નીતિજ્ઞ શાહને!!

(જુઓ રાજસ્થાનનો ઈતિહાસ અને કવિતા કૌમુદી)

સુખમય હતી. અને તેથીજ રાજનીતિના નિયમ મુજબ તેમને સત્ય સલાહકાર રાજનું દ્વિતીય અંગ તેઓ માનતા હતા અને જંગલમાં દરેક કાર્યમાં તેમની સલાહ લેતા હતા. રાજ્યાંગોનું વર્ણન કરતાં કવિરાજ જસુરામજી પોતાના રાજનીતિ નામના ગ્રન્થમાં જણાવે છે કે:-

છપ્પય:-પ્રથમ અંગ ભૂપાલ, રાજરાણી અંગ દૂજે;
તીજે રાજકુમાર, મન્ત્રી ચોથે ગણુ લીજે.
પંચ મુસાહિબ અંગ, અંગ ખટ શકિત માનો;
સપ્તમ રૈયત અંગ, અંગ અઠ કવિ બખાનો.
જગજીત જુત રીત જાને જગત વિવિધ વિવેક વિચાર કહ;
જો કરત સદા સુમરન જસુ, આઠ અંગ બરને સુમહ.

ભાવાર્થ:-રાજ્યાંગોમાં પ્રથમ અંગ ખુદ રાજા, બીજું અંગ રાજરાણી, ત્રીજું અંગ રાજકુમાર, ચોથું અંગ કામદાર, પાચમું અંગ મુસાહિબ-માનકરી, સલાહકાર; છઠ્ઠું અંગ ઠાકોરો-સરદારો, સાતમું અંગ પ્રજા અને આઠમું અંગ રાજકવિ છે. એ રીતનાં આ આઠ અંગોનું વર્ણન કર્યું છે. અને જે કોઇ હમ્મેશાં, ગ્રન્થકર્તા જસુરામજી કહે છે કે, તેનું સ્મરણ કરતો રહે છે અને અનેક પ્રકારના વિવેકથી યુક્ત તેનો વિચાર કરતો રહે છે, તે જગતમાં રાજાઓની રીત જાણી શકે છે. અથવા તો તેવા જ રાજાને જગત્ રાજા તરીકે ઓળખે છે.

મહારાણીની યોગ્ય સલાહ મળવાથી મહારાણાએ પણ તે સ્થળ છોડી જવાનો વિચાર કર્યો અને તેઓ પોતાનાં બાળકો સાથે પર્ણ-કુટીમાંથી બહાર આવ્યા. બહાર આવીને જે પર્ણકુટીએ પોતાને ઘણા દિવસ સુધી રક્ષણ આપ્યું હતું તે પર્ણકુટીને આખરના પ્રણામ કરી, મહારાણાએ અને મહારાણીએ પોતાનાં બાળકોને ઉંચકી, જેમ જંગલી ભિલ્લો એક સ્થળેથી બીજા સ્થળે જાય છે તેવી રીતે ચાલ્યાં. આ વખતે મહારાણાના બાળકોને ઉંચકનાર કોઇ પણ નોકર ચાકર કિંવા ભિલ્લ પણ સાથે નહોતો. તેઓ પોતાની આ દુ:ખદ સ્થિતિ ઉપર વિચાર ચલાવતા ચલાવતા આગળ વધ્યા.

મહારાણાને પોતાની માતૃભૂમિ છોડવાનો પ્રસંગ આવ્યો નહીં. કારણ કે જ્યારે તેઓ અરવલ્લીના ડુંગરના શિખર પરથી ઉતરીને મારવાડની સીમા ઉપર આવ્યા, ત્યારે તેમના પરમ વિશ્વાસુ વણિક મંત્રી ભામાશા કે જેઓ ઘણા વખતથી તેમની શોધમાં હતા તે તેમને મળ્યા. તેમણે મહારાણાના ચરણમાં મસ્તક નમાવી પોતાના પૂર્વજોએ ઉપાર્જિત કરેલ અનંત ધનનો ઢગલો મહારાણાને ભેટ કર્યો.

વાચકો! વિચાર કરો કે આ વખતે મહારાણાને કેટલો અને ભામાશાને પણ કેટલો આનંદ થયો હશે! જેવી રીતે શુભ થયેલું

વાછરડું ગાયને પુનઃ પ્રાપ્ત થવાથી જેટલો આનંદ પ્રાપ્ત થાય છે તેટલો જ આનંદ મહારાણાને પ્રાપ્ત થયો અને પોતાની માતાથી વિખૂટા પડેલા વાછરડાને પુનઃ પોતાની માતાનો ભેટો થવાથી જેટલો આનંદ થાય છે તેટલો આનંદ ભામાશાને થયો. તેઓ એક બીજાને ભેટી પડ્યા, તેમનાં નેત્રોમાંથી પ્રેમવારિનો પ્રવાહ વહેવા લાગ્યો. થોડો વખત તો તેઓ તે જ સ્થિતિમાં પરમાનંદ પામ્યા અને મૌન રહી અરસપરસ એક બીજાના ખભા વગાડવા લાગ્યા. છેવટે તેઓ છુટા પડ્યા.

ભામાશાએ મહારાણાને કહ્યું કે "અન્નદાતાર! આ ધન આપનું જ છે. મારા પૂર્વજોએ અને મેં તે ,આપના મંત્રીપદેથી પ્રાપ્ત કર્યું છે. એટલે પ્રથમ દરજ્જે જ તે સંકટના સમયમાં આપના જ ઉપયોગમાં આવવું જોઇએ. હું કેટલાક સમયથી આપની શોધમાં હતો, પરંતુ મારો અને આપનો ભેટો થયો નહીં, તેથી આટલો સમય આપને સંકટ સહન કરવું પડયું તેના માટે હું ક્ષમા યાચું છું. હવે આપ આ ધનની સહાયથી સૈન્ય એકઠું કરો અને પુનઃ રાજ્ય પ્રાપ્ત કરો."

મહારાણાના આનંદનો પાર રહ્યો નહીં. તેમને જેમ મનુષ્ય મધ્ય દરિયામાં ડુબવાની અણી ઉપર બચાવ માટે ફાંફાં મારતો હોય, તે અરસામાં જો તેને કંઇક અવલંબન મળી જાય અને તેથી તેને જેટલો આનંદ પ્રાપ્ત થાય તેટલો આનંદ થયો. તેમણે ભામાશાને કહ્યું કે, "ભામાશા! તમોએ મને ખરા સંકટમાં સહાય કરી છે. મારો હવે કોઇ પણ ઉપાય નહોતો. એક જંગલેથી બીજા જંગલે ભટકી રખડી રઝળીને આ જીવન પૂર્ણ કરવાનું જ બાકી હતું; તેવા સમયમાં આપે મને યથાર્થ સહાય આપી છે. આ આપે આપેલો ધનરાશિ અખૂટ છે અને તેથી મારૂં સર્વ કાર્ય પૂર્ણ થશે. હું બેઠાં બેઠાં આ ધનરાશિથી પચીસ હજાર માણસોને બાર વર્ષ સુધી નિભાવી શકીશ. ભામાશા! ખરેખર જો મેવાડનો ઉદ્ધાર હું કરી શકીશ તો માત્ર તમારી જ સહાયથી કરી શકીશ અને તેથી તમો જ 'મેવાડના ખરા ઉદ્ધારક' છો. તમારાં હૃદયમાં માતૃભૂમિ પ્રત્યે આટલું માન છે તેથી તમારૂં નામ ઇતિહાસમાં અમર થશે."

મહારાણાએ પોતાને ધનરાશિની પ્રાપ્તિ થયા બાદ પોતાના સરદારોને આમંત્રણ મોકલી એકઠા કર્યા. તેઓ પોતપોતાની સહાયાર્થે પોતાનાં સૈન્ય લઇને મહારાણાની છત્રછાયા નીચે એકત્ર થયા. પછી તેમણે બીજું સૈન્ય એકઠું કર્યું. જ્યારે પોતાની પાસે બરાબર સૈન્ય એકઠું થયું એટલે તેમણે શ્રીગણેશાય નમઃમાં મોગલોના સેનાપતિ શાહબાઝખાં ઉપર આક્રમણ કર્યું. મોગલો એમ માનવા લાગ્યા હતા કે મહારાણા

તો મારવાડ તરફ નાસી ગયા છે. એટલે તેઓ તેમની દહેશતથી રહિત થઇને પડાવ નાંખી પડ્યા હતા. પરન્તુ જ્યારે મહારાણાએ આક્રમણ કર્યું ત્યારે તેમની આંખો ઉઘડી. શાહબાજખાં પોતાની છાવણી દેવીર નામના સ્થાને રાખી પડ્યો હતો. ત્યાં જેમ ભૂખ્યો સિંહ પોતાને પ્રાપ્ત થયલા શિકાર ઉપર તૂટી પડે તેમ મહારાણા તેના ઉપર તૂટી પડ્યા. મોગલો મહારાણાના સૈન્ય વચ્ચે ઘેરાયા. તેમને નાસવાનો પણ કોઇ રસ્તો મહારાણાએ રાખ્યો નહોતો. એટલે મોગલ સેનાપતિનો લડ્યા સિવાય અથવા રાણાજીના શરણે આવવા સિવાય બીજો માર્ગ નહોતો. આ બન્નેમાંથી પ્રથમનો માર્ગ તેણે પસંદ કર્યો અને બન્ને સેનાઓ વચ્ચે દેવીરની રણભૂમિમાં દીર્ઘકાળ પર્યંત ભયંકર યુદ્ધ થયું. મહારાણા અગીઆરમા રૂદ્ર સમાન બની રણભૂમિમાં જાણે મુણ્ડોની માળા એકત્ર કરવા નિ:શંક ઘૂમતા હોય તેમ નિઃશંક રીતે ઘૂમી રહ્યા હતા. યવનોએ પોતાના શૌર્યનો પરિચય કરાવવા માટે કંઇ પણ મણા રાખી નહીં, છતાં પણ મહારાણાના પ્રબળ અને ઉત્સાહી સૈન્ય સામે તેઓ ટકી શકયા નહીં. ગર્વિષ્ઠ મોગલ સેનાપતિ પોતાના અનેક મનુષ્યો સાથે પ્રતાપી પ્રતાપના હાથે રણભૂમિમાં કાયમના સારૂ શયન કરી ગયા. બાકીના કેટલાક યવનો આમૈર નામના સ્થળે બીજું યવનોનું સૈન્ય હતું તેમાં નાસીને ભળી ગયા અને મહારાણાનો વિજય થયો.

આ લડાઇમાં જાણે મહારાણાએ આગળથી આમંત્રણ મોકલ્યાં ન હોય, તેમ કાલિકા અને શંકર મુણ્ડોની માળાઓ બનાવવા સારૂ આવ્યાં હતાં ! ભૂત, પ્રેત, ડાકિણીઓ અને શાકિણીઓ પણ રક્તપાન કરવા સારૂ તથા આમિષનો આહાર મેળવવા સારૂ એકત્ર થયાં હતાં. વળી કુતરાં, કાગડા, ગીધો અને શૃગાલો આમિષ અને મનુષ્યોનાં આંતરડાંની તાણુંતાણ કરી આનંદ માનવા લાગ્યાં. આકાશમાં અપ્સરાઓ સુંદર શ્રૃંગારો ધારણ કરી પોતાના વીર પતિઓ મેળવવા સારૂ વિમાનમાં આરુઢ થઈ આવી હતી. અને એક વીરના મરણ સાથે જ અનેક અપ્સરાઓની તેને ઉઠાવી જવાની હરીફાઇ ચાલતી હતી અને તેમાં જે ચાલાક હોય તે ફાવી જતી હતી. આ યુદ્ધ અને અપ્સરાઓની હરીફાઇથી આનંદમાં આવી યુદ્ધ જોવા સારૂ આકાશમાં એકત્રિત થયલા દેવતાઓ પ્રતાપી પ્રતાપ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતા હતા.

પ્રતાપ શાહબાઝખાં ઉપર વિજય મેળવીનેજ સંતોષ માની બેસી રહ્યો નહીં, પરન્તુ તેણે નાઠેલા યવનોની પૂઠ પકડી અને આમૈર પહોંચી નાઠેલા યવનોનો ત્યાંની યવનસેના સાથે અંત આણ્યો. યવનોમાં ભારે ગભરાટ પેસી ગયો. તેમણે શાહને ખબર જણાવી. તેણે

મહારાણાને સૈન્ય સાથે પકડી કેદ કરવાનો વિચાર કરી સૈન્ય એકઠું કરવા માંડયું. પરન્તુ મહારાણો અકબરની અવગણના કરી, વિજયોન્મત્ત બની કમલમેર આવ્યો. અને ત્યાં પડેલી મોગલ સેનાને ઓચિંતા આવી ઘેરી લીધી અને તે સૈન્યના સેનાપતિ અબ્દુલ્લામીયાંને તેના સમગ્ર સૈન્ય સાથે સમરશાયી કર્યો. આ પ્રકારે શ્રમનો વિચાર કર્યા વગર ત્વરિત ત્વરિત તેણે કામ શરૂ રાખી થોડા જ સમયમાં બત્રીસ જેટલા કિલ્લાઓ પોતાને હવાલે કર્યા. આ બત્રીસ કિલ્લા પૈકી કોઇ પણ કિલ્લામાંથી કોઇ પણ યવન બચી અકબરને સ્નાનના સમાચાર આપવા પણ પહોંચી શકયો નહીં. યવનોએ મહારાણાના હાથ રૂપી તીર્થક્ષેત્રમાં પોતાનો પ્રાણ અર્પણ કરી પાદશાહના હુકમથી કરેલી અનીતિમાંથી છુટવાનો રસ્તો શોધ્યો હતો, એટલે તેઓ શાના બચી શકે? પાદશાહને સમાચાર મળ્યા તેથી તે હાથ ઘસવા લાગ્યો. અદ્યાપિ તેનું સૈન્ય એકત્ર થયું નહોતું.

પાદશાહનું સૈન્ય એકત્ર થાય તે પહેલાં તો મહારાણાએ ઉદયપુર પણ પોતાના હવાલે કર્યું. આ નગર કબજે કરતાં મહારાણાને અધિક પરિશ્રમ કરવો પડયો નહીં, કારણ કે આ વખતે મહારાણાને જેમ કહેવામાં આવ્યું છે કે,

"સાંઈયાં રૂઠી અખિયાં, વૈરી ખલક તમામ;
હુકે ઝોલા મ્હેરકા, (વ્હાંતો) લાખું કરે સલામ."

તેમ માલિકની વક્રદૃષ્ટિ મટી ગઇ હતી અને તેમના ઉપર માલિકની મહેરબાની ઝોલા ખાઇ રહી હતી એટલે તેમને પાદાક્રાન્ત કરવાને માટે કોણ શકિતમાન્ હતું? માત્ર ચિત્તોડ, અજમેર અને મંડલગઢ એ ત્રણ કિલ્લાઓ તેઓ કબજે કરી શકયા નહોતા. ઉદયપુરનું સૈન્ય તો વગર કારણે માર્યા જવા કરતાં નાસી છુટવાનું ઉચિત સમજી મહારાણાની ઉદયપુર ઉપરની ચડાઇના સમાચાર જાણીને પલાયન કરી ગયું હતું.

પાદશાહ અકબરે પ્રતાપસિંહનું કેવી રીતે દમન કરવું તે સંબંધી વિચાર કરવા સારૂ પોતાના સલાહકારોને બોલાવ્યા કે જેમાં બીરબલ, ખાનખાના, પૃથિરાજજી અને ગંગ સમાન નીતિજ્ઞ પુરૂષો પણ હતા. પાદશાહે તેમના અભિપ્રાય જાણવાની ઇચ્છા જણાવી, તેથી તેમણે નીડર રીતે પોતાના અભિપ્રાય વ્યક્ત કરતાં પાદશાહને જણાવ્યું કે "ખુદાવિંદ! શું પ્રતાપનો પ્રતાપ સાધારણ મનુષ્ય સમાન છે કે તેને આપણે દબાવી દેવા વિચાર કરો? શું પ્રતાપના સમાન સાહસ આપણા કોઇ પણ સેનાપતિમાં છે કે જેના ભરોસાથી આપણે પ્રતાપ સાથેની લડાઇ ચાલુ જ રાખવી? શું પ્રતાપના સમાન કોઇ પણ વીર પુરૂષ આપણી શાહાનશાહતમાં છે કે જેના ભરોસાથી આપણે લડી

શકીએ. તેના સમાન રણમાં ઉત્સાહ ધરાવનાર કેટલા મનુષ્યોનું આપણી પાસે અસ્તિત્વ છે ? ખુદાવિંદ ! છતાં પણ આપણે એમ માનીએ કે આપણે તેનો ચહાય તે ઉપાયે નાશ કરી શકીએ તેમ છે તો પણ એક આવા વીર પુરૂષને અધિક સતાવવામાં શું સાર છે ? માટે અમારો અભિપ્રાય તો એવો છે કે, તેનો પ્રતાપ, તેનું સાહસ, તેનું વીરત્વ અને તેના ઉત્સાહનો વિચાર કરીને પણ તેના ઉપર રહેમ કરવાની જરૂર છે. હા ! કદાચ તે તેજસ્વી પુરૂષ હોવાથી તેના દ્વેષીઓ તેના જાતિવાળાઓ થયા છે અને તેઓ ખુદાવિંદને તેનું દમન કરવા ઉશ્કેરે છે, તેથી ખુદાવિંદની તેવી ઇચ્છા હોય તો પણ અમો ખાત્રીપૂર્વક જણાવીએ છીએ કે તેમાંથી આપણને ફાયદો મળવાના બદલે નુકશાન વધુ થશે ! ! શું અત્યાર સુધીમાં પ્રતાપના માટે આપણે ઓછાં મનુષ્યો ગુમાવી બેઠા છઇએ ? ખુદાવિંદ ! શું આપણને ધનનું પણ થોડું નુકશાન થયું છે કે જેથી પુનઃ આપણે તે જ ઉપાય ચાલૂ રાખી શકીએ ? જ્યારે પ્રતાપ જંગલે જંગલ ભટકતો ફરતો હતો તે વખતે તેના વિરોધીઓ ક્યાં ગયા હતા ? શું તે વખતે તેમણે તેને પકડીને ખુદાવિંદના હજુર રજુ કર્યો કે ? અને છતાં પણ શું આપણે તેમના ઉપર ભરોસો રાખી પ્રતાપ સાથેની લડાઈ ચાલૂ જ રાખવી ? જો આપણે તેવા ખોટા મનમાં ભરાઇ લડ્યા જ કરીએ તો પછી આપણે મૂર્ખની ગણત્રીમાં જ આવી શકીએ.” અકબરને પોતાના સભાસદોનો અભિપ્રાય યોગ્ય લાગ્યો અને તેણે તેમનું કહેવું માની મહારાણાને દુઃખ દેવાનો વિચાર છોડી દીધો. તેણે તે પ્રમાણે પોતાના બાકીના સૈન્યને હુકમો આપી પરત બોલાવી લીધું અને એકત્ર કરેલા ભારી સૈન્યોને વિખેરી નાંખ્યું.

જો કે ભટ્ટ લોકોના લેખો મુજબ બાદશાહની કૃપાથી જ રાણો શાંતિ ભોગવતા હતા પરન્તુ શું મહારાણો પ્રતાપ કંઈ દુશ્મનના અનુગ્રહ ઉપર રાજ ભોગવે કે ? પોતાની માતૃભૂમિને સ્મશાનવત્ બનાવી દેનાર અકબર આનંદથી રાજ ભોગવી રહ્યો હતો તે તેને અંતરમાં બહુ જ સાલી રહ્યું હતું. પરન્તુ હવે તેઓ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂકયા હતા એટલે જે કંઇ તેમણે કર્યું તે જ તેમના સમાન વયવાળો મનુષ્ય સતત પચીસ વર્ષ જંગલમાં રખડવાનાં દુઃખો ભોગવીને પણ કરે તે વધારે હતું. યુવાવસ્થામાં મહાન્ સંકટો ભોગવવાના કારણે તેમને વૃદ્ધાવસ્થા વહેલી પ્રાપ્ત થઇ હતી. જો કે વૃદ્ધાવસ્થાની સાથે સાથે દુર્બલતા અને અશક્તિ પણ તેમના શરીરમાં આવી ગઇ હતી. ઉપરાંત તેમના મનમાં ચિત્તોડનો ઉદ્ધાર કરવાની અને પોતાના દુશ્મનો નિશ્ચિન્તતાથી રાજ-સુખો ભોગવતા હતા તેની પણ ભારે ચિંતા ઘૂમી રહી હતી.

જો કે તેઓ ઉદયપુરનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરી શક્યા હતા, છતાં પણ તેમના મનમાંથી ચિત્તોડનો ઉદ્ધાર કરવાની ચિંતા નાશ પામી નહોતી. તેઓ હરહમ્મેશ વિચાર કરી રહ્યા હતા કે "અરે રે! જે ચિત્તોડના બચાવાર્થે ગિહલોત્ વંશના અનેક વીર પુરૂષોએ પોતાના પ્રાણ અર્પણ કર્યા અને જેમના સમયમાં અનેક ગિહલોત્ ક્ષત્રાણીઓએ જોહારનું અવલંબન કર્યું તે જ ચિત્તોડનો હું ઉદ્ધાર કરી શક્યો નહીં. પછી ઊદયપુરની પ્રાપ્તિથી મેં શું કર્યું? અરેરે! મેં અનેક પ્રકારનાં કષ્ટો સહન કર્યાં છતાંપણ મારાથી ચિત્તોડનો ઉદ્ધાર થઇ શક્યો નહીં". આ મહાન્ ચિંતાથી પ્રતાપી પ્રતાપ રાત દિવસ ઉદાસ જ રહ્યા કરતો હતો. તેનું હૃદય ચિત્તોડની ચિંતાથી અનેક પ્રકારે ડામાડોલ થયા કરતું હતું, આ તેમના વિચારોમાં ને વિચારોમાં તેઓ કદાપિ કદાપિ ઉન્માદિત બની જતા હતા, કદાપિ ઉત્તેજિત બની જતા હતા અને કદાપિ બેશુદ્ધ પણ બની જતા હતા. આ ચિંતાએ તેમના હૃદયમાં એવું દઢ ગૃહ કર્યું કે તેમનું મૃત્યુ દિવસે દિવસે વધારે ને વધારે તેમની નજીકમાં આવતું ગયું

ભટ્ટ લોકો પોતાના ગ્રન્થોમાં જણાવે છે કે મહારાણા પ્રતાપે જો કે ઉદયપુરનું સમગ્ર રાજ્ય પ્રાપ્ત કર્યું હતું, છતાં પણ ચિત્તોડની ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર ઘસાયું, તેને લડાઇમાં લડતાં અનેક ઘા વાગ્યા હતા તેનાં ચિન્હો તેના અંગ પર હતાં. તેની તેને લગાર પણ પરવાહ નહોતી, પરન્તુ ચિત્તોડની પ્રાપ્તિની તેને ભારે ચિંતા થઇ રહી હતી. જે મહારાણાને રાજ્ય છોડતાં, જંગલમાં કઠોર પ્રકારની પીડા સહન કરતાં કાંઇ પણ દહેશત કે ચિંતા નહોતી થઇ તેજ પ્રતાપને રાજ્ય પ્રાપ્ત કર્યા પછી માત્ર ચિત્તોડના ઉદ્ધારની ભયંકર ચિંતા થઇ આવી. પ્રતાપનું જે હૃદય કઠોર પ્રકારની પીડાઓ સહન કરતાં પણ ભગ્ન થતું નહોતું તેજ હૃદય આજે ટૂકડે ટૂકડા થઇ જતું હતું. તેમના અંતિમ સમયનું વૃત્તાંત સાંભળીને પાષાણનું હૃદય પણ પીગળી જાય છે. તો પછી મનુષ્યનું હૃદય પીગળી તેમાંથી અશ્રુઓની ધારાઓનું વહન થાય તેમાં શું નવાઇ! તેઓ જે વીરતામય જીવન ગાળી રહ્યા હતા, તેજ વીરતામય મરણ પણ તેઓ પામ્યા હતા. તેમને ક્ષત્રિયોના ગુરુનું પદ પ્રાપ્ત થયું છે તે યોગ્યજ છે. જો ક્ષત્રિયો તેમના ચરિત્રનું અત્યારે પણ આંતરદષ્ટિથી અવલોકન કરે તો તેઓ ક્ષત્રિય જાતને ઓળખી શકે એમાં લેશ પણ શંક નથી, પરન્તુ તેમનાં ચરિત્રોનું આંતરદષ્ટિથી અવલોકન કરનાર ક્ષત્રિયોજ અત્યારે ક્યાં છે? કે જેઓ ક્ષત્રિય બનવાની ઇચ્છા સરખી પણ રાખે.

હવે પ્રતાપી પ્રતાપ મહારાણાનો અંતિમ દિવસ તેમની નજીક ને નજીક આવતો ગયો. તેમનું શરીર બિલકુલ કૃષ થઇ ગયું. તેમનામાં પથારીમાંથી ઉઠવાની પણ શક્તિ રહી નહીં, તેઓ હાલી ચાલી શકવાની શક્તિ પણ ગુમાવી બેઠા. છતાં પણ તેમના શરીર પિંજરમાંથી તેમનો પ્રાણુ પંખેરૂ નિકળતો નહોતો. એમના મનમાં કોઇ ભારી ચિંતા ઘોળાયા કરતી હતી અને તેથી તેમનો પ્રાણ નીકળતો નહોતો. તેઓ પેશોલા* તળાવ ઉપરની પોતાની પર્ણકુટીમાં સુતા હતા. આ વખતે તેમના તમામ સરદારો તેમના પાસે આવ્યા અને મહારાણાની અંતિમ સ્થિતિ જોઈ તેમના સરદારોનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. સલુંબરના સરદારે મહારાણાને પૂછ્યું "અન્નદાતાર! આપનો પવિત્ર આત્મા એવા કયા દુઃખથી દુઃખી થાય છે?" મહારાણાએ ધીમા થરથરતા અવાજથી ઉત્તર આપ્યો. "વ્હાલા સરદારો! જો તમારા મોંમાંથી જ્યાં સુધી અમારા શરીરમાં પ્રાણ રહેશે ત્યાં સુધી અમો અમારી પવિત્ર માતૃભૂમિને શત્રુના હાથમાં જવા દઇશું નહીં." એટલા શબ્દો નીકળશે તો મારા પ્રાણ સુખપૂર્વક પ્રયાણ કરશે. તમો જાણો જ છો કે કુંવર અમરસિંહ અમારા પૂર્વજોની મર્યાદાનું રક્ષણ કરી શકે તેમ નથી, તે મોજ શોખીલો મનુષ્ય છે. તે આ પર્ણકુટીઓના સ્થળે મહાલયો બંધાવશે. અમરસિંહ મેવાડની દુર્દશા વિસરી જઇ અનેક પ્રકારના વિલાસો ભોગવશે ને માતૃભૂમિનું ગૌરવ વિસરી જશે. અને સ્વાધીનતાના સૂત્રને પણ તિલાંજલિ આપશે. અને તમો સર્વ પણ કદાચ રાજાના પગલે ચાલી મેવાડના પવિત્ર અને શ્વેત યશમાં કલંક લગાડનાર નિવડશો." મહારાણાનાં વચનો પુરાં થયાં એટલે સરદારોએ એક બીજા સામું જોયું, જાણે તેઓ ઘેરથી જ મહારાણાને આવો ઉત્તર આપવો પડશે તેનો વિચાર કરીને આવ્યા ન હોય! એમ સર્વ સાથે જ બોલી ઉઠયા "અન્નદાતાર! અમો પ્રતિજ્ઞાઓ લઇને કહીએ છઇએ કે, જ્યાં સુધી અમારામાંથી એક

* મહારાણાએ જો કે ઉદયપુરનું રાજ્ય પ્રાપ્ત કર્યું હતું છતાં પણ તેઓ પોતાની પ્રતિજ્ઞાથી ચ્યુત થયા નહોતા. તેઓ રાજમહેલમાં ન રહેતાં પેશોલા નામના તળાવના કિનારા ઉપર સાધારણ પર્ણકુટીઓ તૈયાર કરાવી તેમાં રહેતા હતા. તેઓ છત્રપલંગ કે સોના રૂપાના પલંગો ઉપર ન પોઢતાં આ પર્ણકુટીઓમાં દર્ભાદિ ઘાસ ઉપર સુતા હતા. વળી તેઓ સુવર્ણ અને રૌપ્ય વાસણોમાં ભોજન કરતા નહોતા, પરન્તુ પાતલ અને દોનામાં જ ભોજન કરતા હતા. આવી કઠિન પ્રતિજ્ઞા કરનાર અને કરે તો પણ તેને સાંગોપાંગ નિભાવનાર પણ કયા રાજપૂતો છે? ખુદ તેમના જ વંશજોએ પછીથી પર્ણકુટીઓના સ્થળે મેહેલો બંધાવ્યા. ઘાસના બદલામાં પથારી નીચે એક તૃણ રાખવા લાગ્યા અને પાતલોના બદલામાં સોના રૂપાનાં વાસણો નીચે વૃક્ષનાં પાંદડાં રાખતા થયા હતા.

માણસનું અસ્તિત્વ હશે ત્યાં સુધી કોઈ પણ શત્રુ મેવાડભૂમિ ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરી શકશે નહીં." પોતાના સરદારોનાં આ સંતોષકારક વચનો સાંભળી મહારાણા બહુ જ પ્રસન્ન થયા. તેમની સર્વ ચિંતા, સર્વ કષ્ટ, અને સર્વ શંકાઓનું નિવારણ થઈ ગયું. તેમના મુખ ઉપર એક દિવ્ય પ્રકારનું તેજ પ્રગટી આવ્યું. તેમના અવયવોની હાલવા ચાલવાની શક્તિ ધીમે ધીમે મંદતા ધારણ કરી ગઈ. અને એક અલૌકિક પ્રકારના આનંદનો ભાવ તેમના ગોં ઉપર દેખાવા લાગ્યો. આ પ્રમાણે સમગ્ર જીંદગી સંકટમાં વિતાડનાર ઉદયપુરનો મહારાણો પ્રતાપી પ્રતાપ પોતાના સમગ્ર સરદારોરૂપી નક્ષત્રોમાંથી એક મહાન સૂર્યરૂપી નક્ષત્ર તૂટી પડ્યું, અને ભારતભૂમિને હંમેશના માટે દુઃખદ સ્થિતિમાં મૂકી, મેવાડ ભૂમિને રંડાપો આપી, આ લોકનો ત્યાગ કરી સંવત્ ૧૬૫૩ ની સાલમાં પરલોકયાત્રા કરવા ગયો.

મહારાણાના અવસાનની કવિતા, કવિઓએ કરેલી છે જે આ નીચે આપવામાં આવી છે.

છપ્પયઃ-અસ લેગો અણદાગ, પાઘ લેગો અણનામી;
ગૌ આડા ગવડાય, જિકો બહતો ધુર બામી.
નવરોજે નહ ગયો, ન ગો આતસાં નવલ્લી;
નગો ઝરોખાં હેઠ, જેઠ દુનિયાણ દહલ્લી.
ગહલોત રાણ જીતી ગયો, દસણ મૂંદ રસણા ડસી;
નીસાસ મૂક ભરિયા નયણ, તો મૃત શાહ પ્રતાપસી.

ભાવાર્થ:-હે મહારાણા પ્રતાપસિંહ! તારૂં મૃત્યુ થવાથી પાદશાહે દાંતોમાં જીભ લીધી, અને નિઃશ્વાસ સાથે નેત્રો ભર્યાં અર્થાત્ કે આપના કાળવશ થવાથી પાદશાહે પણ પોતાનો શોક પ્રકટ કર્યો કે, "હાય! ગેહલોત રાણો જીતી ગયો. એ પોતાના અશ્વને વગર દાગે જ અર્થાત્ પાદશાહી ચિન્હથી અંકાવ્યા સિવાય જ લઈ ગયો. અરેરે! તે પોતાની પાઘડીને નમાવ્યા સિવાય જ લઈ ગયો. અર્થાત્ કે દરબારમાં આવી તેણે કદાપિ પણ મસ્તક નમાવી સલામ કરી નહીં. જે સતત વિરૂદ્ધ ભાવની ધોંસરીને પણ ધારણ કરતો હતો અર્થાત્ જે મહા પ્રતાપી શત્રુ હતો-તે ગયો. હાય! તે વીર પુરૂષ કદાપિ પણ નવરોજામાં ન આવ્યો. એણે કદાપિ પણ આતશ સંબંધી કષ્ટ ન સહ્યાં. અરેરે! તે સંસારમાં અતિ ઉંચા પ્રતિષ્ઠાના શિખર ઉપર બેઠો, તે કદાપિ પણ દિલ્હીના પાદશાહના ઝરોખા નીચે ન આવ્યો. (આવી રીતે પાદશાહને પોતાની પ્રતિષ્ઠામાં ન્યૂનતા જણાઈ તે સારૂ શોક કરવા લાગ્યો.)*

---

* પરમાત્માની અંત અપાર છે, તેનો કોઈ પણ પાર પામી શક્યું નથી. વેદ જેવા પણ નઇતિ-નેતિ નેતિનો પોકાર કરે છે કે જેના પ્રતાપે જે મહારાણો

ગીત:-સામો આવિયો સુર સાથ સહેતો, ઉચ્ચ બહા ઉદાણા;
અકબર શાહ સરસ અણુમિલિયાં રામ કહે મિલ રાણા.
પ્રમ ગુર કહે પધારો પાતલ, પ્રાગ્રા કરણ પ્રવાડા;
હેવૈ સરસ અમલિયા હીંદૂ, મોસૂં મિલ મેવાડા.
એકંકાર જ રહિયો અલગો, અકબર સરસ અનેસો;
બિસન ભણૈ રૂદ્ર બ્રહ્મ બિચાલે, બીજા સાંગણ બૈસો.

ભાવાર્થ:-ઉંચે ચઢવાવાળા ઉદયસિંહના પુત્ર મહારાણા પ્રતાપસિંહના સમ્મુખ દેવતાઓ સહિત વિષ્ણુ ભગવાને આવીને કહ્યું કે, "અકબરથી સ્નેહપૂર્વક નહીં મળવાના કારણે હે મેવાડના રાજા પ્રતાપસિંહ! પધારો અને યવનોથી સ્નેહપૂર્વક નહીં મળવાના કારણે મને મળો. તમો હિન્દુ અને મુસલમાનનો ધર્મ એક કરવાથી દૂર રહ્યા છો, અને અકબરથી અપરિચિત રહ્યા છો, એટલા સારૂ હે બીજા સંગ્રામસિંહરૂપી મહારાણા પ્રતાપસિંહ! શિવ અને બ્રહ્માના વચ્ચે બેસો."

ઉપસંહાર

કવિત:-અખિલ જહાન યૌં બખાનત હે આનન તેં;
મેદપાટ મંડન પ્રતાપ બલબંડકોં.
પાક સાક પચત રસોઈમેં તથાપિ તેરો;
પિંડ નાં તજત રજપૂતીકે ઘમંડકોં.
કવિ 'હિંગલાજ' નવખંડનમેં નાના વિધિ;
પણ્ડિત પઢત પાવૈં સુજસ અખંડકોં.
જાપૈં ભરિ દણ્ડ નૃપ મુણ્ડનકે મુણ્ડ ઝુકેં;
તાપૈં ભુજ દણ્ડ તેરે માપેં બ્રહ્માંડકોં.

ભાવાર્થ:-સમગ્ર સંસાર મેવાડના ભૂષણ અને બલશાલી મહાશૂર વીર મહારાણા પ્રતાપસિંહના પ્રતાપનો આ રીતે મોઢેથી વખાણ કરે છે કે "હે રાણા! યદ્યપિ તારી રસોઇમાં પાતરાં ઉપર ફળ ફૂલનો જ ખોરાક તૈયાર થાય છે-અર્થાત્ કે તારી એવી શોચનીય અવસ્થા છે કે અન્ન વિગેરેનો ખોરાક મળતો નથી-તથાપિ તારૂં તન રજપૂતોના ઘમંડને

પ્રતાપસિંહ પાદશાહની ફોજના હજારો મનુષ્યો વચ્ચેથી અનેકવાર પસાર થયો, છતાં પણ તેને કંઈ ઈજા આવી નહોતી. જે જંગલે જંગલ એક પર્વતથી બીજા પર્વત ઉપર ભટકતો ફર્યો છતાં પણ તેને કંઈ જ ઇજા આવી નહોતી. તે મહારાણા પ્રતાપ એક સમયે સિંહના શિકારે ગયા હતા, ત્યાં તેમણે પોતાના નિશાન ઉપર કમાન ચડાવી અને કમાન ખેંચતાં શરીરને જોર આવ્યું, તેથી તેમનું એક આંતરડું તૂટી ગયું અને એ આતરડાનું તૂટવું એજ એમના મરણનું મુખ્ય કારણ થયું એમ કહેવાય છે. પરમાત્મા હરેક ઉપાયથી મનુષ્યના માથા ઉપર કાળને પ્રેરણા કરે છે. કારણ કે તે પોતે કોઈના મરણનો કારણભૂત બનતો નથી. બાકી મહારાણા પ્રતાપ સમાન વીરનું મનુષ્ય ખેંચતાં આંતરડાનું તૂટવું શાનું બને? કે જે એના મૃત્યુનું પણ કારણ થાય.

છોડતું નથી." કવિ હિંગલાજ કહે છે કે વિદ્વાન્ પુરુષો નવે ખંડોમાં તારા અખંડ સુયશનું ગાન કરે છે. જે પાદશાહના આગળ—દણ્ડ-નજરાણાં ભરી ભરીને બીજા રાજાઓના સમૂહો મસ્તક નમાવે છે—અર્થાત્ બીજા રાજાઓ જેના આગળ અતિ નમ્ર ભાવથી સલામ કરે છે—એ યવન સમ્રાટ્ પર તારા ભુજ દણ્ડ બ્રહ્માંડનું માપ કરે છે.—અર્થાત્ સર્વદા ખડ્ગ ધારણ કરીને શત્રુનો સંહાર કરવાને ઉદ્યત રહે છે.

કવિઓ, અન્ય રાજાઓ કે જેમણે પોતાના વંશના ગૌરવને તિલાંજલિ આપી હતી તેમનાં વર્ણનો કરતાં પાપ લાગ્યાનું માનતા હતા અને તેથી તેમણે મહારાણા પ્રતાપના પવિત્ર યશોનું વર્ણન કરી પવિત્ર થવાની ઇચ્છા રાખી છે. એક કવિ તે સંબંધમાં કહે છે કે,

ગીતઃ—મહ લાગો પાપ અભનમા મોકલ, પૅંડ સુહતાર ભેટતાં પાપ;
આજ હુવા નિકંલક અહાડા, પેખે મુખ તાહરો પ્રતાપ.
ચઢતાં કલજુગ જોર ચઢતો, ઘણા અસન ઝાચતો ઘણો;
મિલતાં સમે રાણ મેવાડા, ટલિયો પ્રાછત દેહ તણો.
સગ અત લોક મુણે સીસોદા, પાપ ગયા હજમેં પરા;
હોતાં ભેટ સમૈ રાવ હીંદૂ, હુવા પવિત્ર સગ્રમ હરા.
ઈખે તુઝ કમલ ઉદાવત, જનમ તણો ગો પાપ જુવો;
દેકણ બાર હજલા દીઠ, હરસૂં જાણ જુહાર હુવો.

ભાવાર્થઃ—કળિયુગનું જોર વધવાથી બહુ જૂઠા અને અધર્મી રાજાઓથી યાચના કરવાથી મને પાપ લાગી ગયું, તે હે મોકલના સમાન મહારાણા પ્રતાપસિંહ! આજે તારા મોઢાનાં દર્શન થવાથી છૂટી ગયું. હે શીશોદિયા! સ્વર્ગલોક અને મૃત્યુલોક કહે છે કે આજે તે પાપોનું ઉત્થાપન થઈ ગયું અને સંગ્રામસિંહનો પૌત્ર એવો જે તું તેનાં દર્શન થવાથી પવિત્ર બની ગયો. હે ઉદયસિંહના પુત્ર! તારું મોં જોવાથી મારાં જન્મ જન્મનાં પાપ મારાથી જુદાં થઈ ગયાં, એ પ્રતાપસિંહથી તો જુહાર શું પણ માનો ખુદ શંકરથી મને પ્રત્યક્ષ જુહાર થયા.

મહારાણા પ્રતાપના અવસાન બાદ તેનો વિલાસી કુંવર અમરસિંહ ઉદયપુરના તખ્ત ઉપર સંવત્ ૧૬૫૩ માં આવ્યો. આ મહારાણો બહુ જ વિલાસી હતો. તે લડવાના નામે પણ કંપતો હતો, પરન્તુ તેના સરદારો આગળ તેનું વધુ ચાલી શકતું નહીં તેથી મૌન રહેતો હતો. તેણે પોતાના પવિત્ર પિતાની પ્રતિજ્ઞા પાળવાની પણ આનાકાની કરી, પરન્તુ બહાદુર સલુમ્બ્રા સરદારે તેને તેમ કરતો અટકાવ્યો હતો. સલુમ્બ્રા સરદારે તેને પાદશાહ સામે લડવા ઉદ્યત કર્યો હતો અને તેણે પોતાના સરદારોના આગ્રહથી ન છૂટકે પાદશાહ સામે હથિયારો ધારણ કર્યાં હતાં.

તેણે અનેક વખત પાદશાહી સૈન્યને પરાજય કર્યો હતો. પાદશાહ દ્વારા સાગરજીને ચિતોડમાં રાજ્યાભિષેક પણ કરવામાં આવ્યો હતો. પરન્તુ તેણે ચિતોડ પોતાના ભત્રીજા અમરસિંહને જ સમર્પણ કરી દીધું. એક વખત તો પાદશાહ સલીમના પુત્ર પર્વેઝની સરદારી નીચે શાહી સૈન્ય અમરસિંહને દલિત કરવા સારૂ ચઢી આવ્યું હતું, પરન્તુ અમરસિંહે તેનો પરાજય કરી નાંખ્યો હતો. તેના કાકા સાગરજીનો યવન પુત્ર મહોબતખાનનો પણ તેણે પરાજય કર્યો હતો. છેવટમાં સુલ્તાન ખુશરોએ મેવાડ ઉપર આક્રમણ કર્યું, અને તે વખતે મહારાણા અમરસિંહે પાદશાહ સાથે સંધિ કરી, પોતાના વંશના ગૌરવને તિલાંજલિ આપી. તેણે તેના કુંવર કરણસિંહને પાદશાહ પાસે મોકલ્યો. પાદશાહે કરણસિંહનો સારો સત્કાર કર્યો અને છેવટ તેને પણ પાદશાહી નોકરીમાં હાજર રહેવાની ફરજમાંથી મુક્ત કર્યો હતો. છતાં પણ અમરસિંહના મનમાં આ પાદશાહ સાથેની સંધિ કંટકની સમાન સાલ્યા જ કરતી હતી. અને પાદશાહ જહાંગીર પણ તેના મનની આ વ્યથા જાણી ગયો હતો, તેથી તે ન્યાયપરાયણ અને નીતિજ્ઞ પાદશાહ પણ વ્યથિત થયો હતો. ઉદયપુર પ્રતાપે પ્રાપ્ત કર્યું તે અત્યારે પણ તેનાજ વંશજો ભોગવે છે, પરન્તુ અમારે સખેદ જણાવવું પડે છે કે હાલના રાણાઓ તે પવિત્ર પુરુષની પ્રતિજ્ઞાનો પૂર્ણપણે વિચાર કરી શકતા નથી. તેઓ અન્ય રાજ્યકર્તાઓની સમાન જ પરતન્ત્રતા ભોગવે છે. ઈશ્વર તેમને સદ્બુદ્ધિ આપે અને તેઓ પ્રતાપી પ્રતાપની પ્રતિજ્ઞાના શબ્દો ઉપર યથાર્થ વિચાર કરી તેને પાળતા થાય! તો પણ ભારતભૂમિ પોતાને અહોભાગ્ય માનશે.

મહારાણા પ્રતાપના અવસાન બાદ તેનો પ્રબળ શત્રુ અકબર પણ આઠ વર્ષે આ દુનિયાનો ત્યાગ કરી ચાલ્યો ગયો. તે પાદશાહ એક નીતિજ્ઞ, રાજકાજ કુશળ હતો, તેવો જ તે અનીતિવાળો પણ હતો, એમ તેનાં વર્તન ઉપરથી અને તેના મૃત્યુના કારણથી માનવાનું આપણને ભાગ પડે છે. પાદશાહ અકબર, અંબરના રાજા માનસિંહ–પ્રતાપી પ્રતાપનો પ્રબળ શત્રુ–ને પોતાનો જમણો હાથ માનતો હતો, તેની જ બહાદુરીથી તે પોતાનું અર્ધું રાજ્ય પ્રાપ્ત કરી શક્યો હતો, છતાં પણ પોતાના ઉત્તરાધિકાર બાબત તકરાર પડી અને તે કારણથી તેણે માનસિંહની ફાંસ કહાડી નાંખવા સારૂ નીતિને પોતાના હાડપિંજરમાં રાખી નહીં! તેણે "માજમ" નામની એક કેફી વસ્તુ બનાવરાવી અને માનસિંહને આપવા સારૂ જે ભાગ રાખવામાં આવ્યો હતો તેમાં વિષ મેળવવામાં આવ્યું. પરન્તુ જેનો રક્ષક હજાર હાથવાળો છે તેને

એ હાથવાળો શી રીતે મારી શકે? અને માટે જ સદ્દગત કવિરાજ જેઠરાવે પણ કહ્યું છે કે;

કવિત:—ગરૂડકો દાસ વાકો કરે નાગ પાસ કહા?
સાગરમેં વાસ વાકો પાવક પ્રજારેકા?
બાલ મ્રગરાજ વાકો કરે ગજરાજ કહા?
બાજરાજ બાલકો લાવર પછારેકા?
'જેઠ' કવ દાસ વાસ સુરજકે પાસ જાકો;
તાકો મન ત્રાસ તિલ તિમરકો ધારેકા?
જાપેં રામ રાજી વાકી બાજી સબ કાલ તાજી;
વાપેં નર પાજી ઇતરાજી તો બિગારેકા?

આ માનસિંહ માટે પણ એમ જ થયું. બે હાથવાળો બિચારો અકબર તેને મારવાની ઉપાધિમાં પડયો હતો, ત્યારે હજાર હાથવાળો સર્વેશ્વર તેનું રક્ષણ કરવાની તૈયારીમાં હતો, એટલે ઇશ્વરેચ્છાથી માનસિંહને આપવાની વિષમય માજમ પોતે જ ખાઇ ગયો. અને પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત ભોગવી આ નીતિના નમુના સમાન પાદશાહ અકબર પોતાના કૃત્યોનો જવાબ આપવા સારૂ ખુદાતાલાની હજુરમાં હાજર થયો અને માટે જ કોઇ કવિએ કહ્યું છે કે;—

જિણરો જસ જગમાંહિ, જિણરો ધન જગ જીવણો?
નેડો અપજસ નાહિં, પણ ધર ધિનો પ્રતાપસી.
અકબર જાસી આપ, દિલ્હી પાસી દૂસરા;
પુનરાસી પરતાપ, સુજસ ન જાસી સૂરમા?

સમાપ્ત

પરિશિષ્ટ

મહારાણાનાં બીજાં કાવ્યો

મહારાણાનાં ઘણાં ખરાં–લગભગ તમામ–કાવ્યો તો યોગ્ય સ્થળે આ વાર્તામાં ગોઠવવામાં આવ્યાં છે, પરન્તુ જે કાવ્યો યોગ્ય સ્થળે ગોઠવી શકાયાં નથી તેવાં કાવ્યો આ પરિશિષ્ટમાં દાખલ કર્યાં છે.

કવિત:–ગેર ગેર લાજ સબ રાજ રહૈં પૈર પરૈ;
જેર ભયે ફેર સુર મેરકે સિખર જાત.
'એકલિંગ' બાસમેં બિલાસકો નિવાસ જાની;
રાધિકા રમન ચહે રમન રિખર જાત;
આછી આછી મીરનીકે આખિરી ઉજીરનીકે.
ચીર નીકે ચીર દગ નીર જી નિખર જાત;
ઘેર ઘેર ઘેર ઉદૈનેરકોં અસુર અરૈ,
હેર હેર પરૈં પત્તા બેરસે બિખર જાત.

ભાવાર્થઃ–સર્વ રાજાઓ લાજ છોડીને પગે પડી રહે છે, અને પાદશાહના આધીન બની ગયા છે, અને વળી દૈવત એ મેરૂના શિખર પર જતા રહે છે. એકલિંગ ભગવાનના વાસસ્થાન–મેવાડમાં વિલાસને નિવાસ થયલો જાણીને શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાન્ ક્રીડા કરવાનું ચાહે છે. (વૈષ્ણવ સંપ્રદાયના શ્રીનાથજી મેવાડમાં નિવાસ કરે છે.) સારી સારી મીરોની અને વજીરોની સ્ત્રીઓની આંખોનાં આંસુ અને જીવ એમનાં સારાં સારાં ચીર–વસ્ત્રો–ને ચીરીને નીકળી જાય છે. ઘડીએ ઘડીએ યવનો ઉદયપુરને ઘેરો ઘાલવા સારૂ આવીને અડે છે. તેમને જોઇ જોઇને પ્રતાપસિંહ તેમના ઉપર પડે છે અને તેઓ બોરની માફક છૂટા પડી જાય છે.

હેરિ હેરિ હારિ હિય હહરિ હરિન નૈની;
હુરમ કહત હઠ તિય નાહ નત્તા હૈ.
હીનસોં અહીન હવૈ કે તરૈ નેહ પીન હવૈ હૈ;
મીન જલ લીન વ્હૈકેં ખીન હવૈ ન ખત્તા હૈ.
બબ્બરકો નાતિય અકબ્બર શુ અબ્બરસે;
મહ્લે ફરમાન મેલ કીજે મોદ મત્તા હૈ.
બાલસો રૂ તાલસો પસારિત હૈ જાલ જૈસો;
જ્વાલ જૈસો કાલ જૈસો પત્તા રન રત્તા હૈ.

ભાવાર્થઃ–મૃગના સમાન નેત્રોવાળી પાદશાહની આંખો પરાજયને જોઇ જોઇને ગભરાય છે અને આગ્રહ સાથે પોતાના પતિને કહે છે કે આપણો આ પુરુષનો સંબંધ છે, અને પોતાના ધર્મને છોડીને તારા સ્નેહમાં

પુષ્ટ થવાના કારણે અમોએ બીજા નીચ ધર્મનો અંગીકાર કર્યો છે, અને પાણીમાં માછલીની જેમ દીન બનીને દુર્બળ બની રહીએ છઇએ, એવો અમારો કંઇ અપરાધ નથી. બાબરનો પૌત્ર જોરાવર અકબર પ્રસન્ન થઇને સંધિ કરવાનાં ફરમાન મોકલે છે, પરન્તુ મહારાણો પ્રતાપસિંહ, બાળક, તાળું, પસારીઓના સમૂહ, અગ્નિની જવાળાઓ, અને કાળની સમાન પોતાના રણરૂપ કર્મમાં અતિ આસકિત રાખે છે.

સોરઠા:-ગઢ ઊંચો ગિરનાર, નીચો આબુહી નહીં;
અકબર અઘ અવતાર, પુન અવતાર પ્રતાપસી.

ભાવાર્થ:-ઉંચાપણામાં ગીરનારનો ગઢ ઉંચો છે તો આબુનો ગઢ શું કંઇ એનાથી નીચો છે કે? પાપનો અવતાર બનવામાં અકબર ઉંચો છે તો શું પુણ્યનો અવતાર બનવામાં મહારાણો પ્રતાપસિંહ કંઇ એનાથી નીચો છે?

અકબર કીના આદ, હીંદૂ નૃપ હાજર હુવા;
મેદપાટ મરજાદ, પગ લાગો ન પ્રતાપસી.

ભાવાર્થ:-અકબરના યાદ કરવાથીજ સર્વ હિન્દુ રાજાઓ આવીને હાજર થઇ ગયા, પરન્તુ મેવાડની મર્યાદા રાખવાવાળા મહારાણા પ્રતાપસિંહે હાજર થવાની ઇચ્છા ન કરી.

અકબર કુટિલ અનીત, ઔર બિટલ સિર આદરે;
રઘુકુળ ઉત્તમ રીત, પાળે રાણ પ્રતાપસી.

ભાવાર્થ:-કુટિલ અકબરની અનીતિને બીજા બગડી ગયલા રાજાઓ માન સહિત પોતાના મસ્તકે ચડાવે છે, પરન્તુ રઘુકુળની ઉત્તમ રીતિનું પાલન કરવાવાળો તો મહારાણો પ્રતાપસિંહ જ છે.

અકબર પથર અનેક, કે ભૂપત ભેળા કિયા;
હાથ ન લાગો હેક, પરસ રાણ પ્રતાપસી.

ભાવાર્થ:-અકબરે કેટલાયે રાજાઓ રૂપી પથરો એકઠા કર્યા, પરન્તુ મહારાણા પ્રતાપસિંહ રૂપી પારસ-સ્પર્શમણિ-હાથ આવ્યો નહીં.*

અકબર હિયે ઉચાટ, રાત દિવસ લાગી રહે;
રજવટ ખટ સમરાટ, પાટપ રાણ પ્રતાપસી.

ભાવાર્થ:-અકબરના હૃદયમાં રાત્રિ દિવસ ઉચાટ જ લાગી રહે છે, પરન્તુ મહારાણો પ્રતાપસિંહ ક્ષાત્રધર્મનો અભિમાન રાખવાવાળો સમ્રાટ્ શિરોમણિ છે.

---

* કુળ મર્યાદા છોડવાથી બીજા રાજાઓ પત્થરની ગણત્રીમાં આવ્યા, જ્યારે કુળ અને જાતિની મર્યાદાનું રક્ષણ કરવાથી મહારાણો પ્રતાપસિંહ પારસની ગણત્રીમાં આવ્યા છે. શું અત્યારે પારસની ગણત્રીમાં આવી શકે તેવા કોઇ પણ ક્ષત્રિયો હશે કે?

અકબર સમંદ અથાહ, તિંહ ડૂબા હીંદુ તુરક;
મેવાડો તિણ માંહ, પોયણ ફૂલ પ્રતાપસી.

ભાવાર્થઃ-અકબર અથાગ સમુદ્ર રૂપ છે કે જેમાં હિન્દુઓ અને યવનો ડૂબી ગયા છે, પરન્તુ મેવાડપતિ મહારાણો શ્રી પ્રતાપસિંહ એ સમુદ્રમાં કમલના ફૂલના સમાન ઉપર રહેવાથી જલનો સ્પર્શ કરતો નથી.

અકબરિયે ઈકબાર, દાગલકી સારી દની;
અણ દાગલ અસવાર, રહિયો રાણ પ્રતાપશી.

ભાવાર્થઃ-પાદશાહી સમયમાં તમામ રજવાડાના ઘોડાઓને શાહી ચિન્હથી દાગવામાં આવતા હતા. તેથી અકબરે એકીવારે તમામ દુનિયાંને દાગ લગાડ્યો, અર્થાત્ કે તમામ ઘોડાઓને બાદશાહી ચિન્હથી દાગ્યા, પરન્તુ વગર દાગેલા ઘોડાનો સવાર તો એકલો મહારાણો પ્રતાપસિંહ જ રહ્યો.

અકબર ઘોર અંધાર, ઉંઘાણા હાદૂ અવર;
જાગે જગદાતાર, પોહરે રાહ પ્રતાપસી.

ભાવાર્થઃ-અકબર રૂપી ઘોર અંધકારમાં, બીજા બધાય હીંદુઓ નિદ્રાવશ થઇ ગયા, પરન્તુ જગતનો દાતા મહારાણો પ્રતાપસિંહ-ધર્મરૂપી ધનની રક્ષા કરવા સારૂ પહેરા ઉપર ઉભો રહ્યો.

થિર નૃપ હિન્દુસ્થાન, લાતરગા મન લોભ લગ;
માતા ભૂમિ માન, પૂજે રાણ પ્રતાપસી.

ભાવાર્થઃ-જે હિન્દુસ્થાનના સ્થિર-વંશપરંપરાના રાજાઓ હતા, તેઓ તો લોભના માર્ગે ચઢીને થાકી ગયા, પરન્તુ પૃથ્વીને માતા માનીને પૂજવાવાળો તો માત્ર મહારાણો પ્રતાપસિંહ જ છે.

અકબર કિલા અનેક, ફતે કિયા નિજ ફોજ સૂં;
અકલ ચલેન એક, પાધર લડે પ્રતાપસી.

ભાવાર્થઃ-અકબરે પોતાની ફોજથી કેટલાય કિલ્લાઓ વશ કરી લીધા, પરન્તુ મહારાણો પ્રતાપસિંહ (ખુલ્લી જ) યુદ્ધ ભૂમિમાં લડે છે, છતાં પણ તેમના ઉપર વિજય મેળવવામાં તેની-અકબરની એક પણ બુદ્ધિ ચાલી શકતી નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

કવિ છગનલાલ અ. બ્રહ્મભટ્ટની રસિક વાર્તા

અમરેશરી કટારી અને તોગારી તલવાર

(૧૯૩૧)-આ વાર્તામાં બાદશાહ શાહજહાંનને, નાગોરના રાઠોડવંશી રાજા અમરસિંહે ભર દરબારમાં કટારી ચલાવી કેવો ગભરાવી નાંખ્યો હતો અને ત્રાહે ત્રાહે પોકરાવી હતી તેનું રોમાંચકારક વર્ણન કરવામાં આવ્યું છે. વીરરસ અને કરૂણરસથી ભરપૂર છે.

બીજી, તેથી પણ વધારે અદ્ભુત વાર્તા તો તોગાજીની તલવારના તરખાટની છે. શિર કાપીને કબંધ અવસ્થામાં પણ પોતાના હાથથી તલવાર ચલાવવાનું જોર અને શ્રદ્ધા રાખનાર વીર તોગાજીએ આ વાતમાં કમાલ કરી છે. તોગાજીની સ્ત્રી પણ તેની પાછળ બહાદૂરીથી સ્વાર્પણ (સતી) કરે છે તે વાંચી તેને શ્રદ્ધાંજલિ આપ્યા વિના કોઈ પણ રહી નહિ શકે. અદ્ભુત અને કરૂણરસની ટોંચ આવે છે.

ત્રીજી, ગુજરાતના હળવદના રાજા રાયસિંહે અકબર બાદશાહના દરબારમાં તેના 'એક્કા'ને ઉંચકી હથેલીથી ભીંતમાં પટકાવી મોત નિપજાવ્યાની વીરરસથી ભરપૂર વાત છે.

કીંમત રૂ. ૨-૦-૦ ટ. ખ. ૦-૫-૦

મહારાણી વિક્ટોરિયાનું જીવનચરિત્ર

(૧૮૮૮) (લેખકઃ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ) આમાં રાજતેજોમયી ઇગ્લાંડની રાણીની વાર્તારૂપે રસિક જીવનકથા છે. આ પુસ્તક મુંબઈ ઈલાકાના તથા ગાયકવાડના સરકારી કેળવણી ખાતાએ ઇનામ અને લાયબ્રેરીમાં રાખવા મંજુર કીધું છે.

કીંમત રૂ. ૧-૮-૦.

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ

ઇ. સ. ૧૮૯૬ થી ઇ. સ. ૧૯૪૧ સુધીમાં પ્રકટ થયેલી

ચાળીસ જુદા જુદા લેખકોની

"ગુજરાતી" પત્રની ઐતિહાસિક નવલકથાઓ

(૮) રા૦ નારાયણ વિસનજી ઠક્કુરકૃત

૧ પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ ક્લાઇવનું ષડયંત્ર (૧૯૦૫) નથી
૨ હલદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય (૧૯૦૬) ૧-૦
૩ પદ્મિની અથવા અગ્નિભૂત ચિતોડ (૧૯૧૦) નથી
૪ કતલેઆમ અથવા દિલ્હીનો ડગમગતો રાજમુકુટ (૧૯૧૧) ૨-૦
૫ ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય (૧૯૧૨) ૨-૦
૬ જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય (૧૯૧૩) નથી
૭ હમ્મીર હઠ અથવા રણથંભોરનો ઘેરો (૧૯૧૪) નથી
૮ આમ્રકથ નન્દિની અથવા ગઝની અને ગુંડલી (૧૯૧૭) નથી
૯ અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ (૧૯૧૮) ૨-૦
૧૦ બાદશાહ બાબર અથવા નૂરે ઇસ્લામ (૧૯૨૦) ૨-૦
૧૧ ચક્રવર્તી હમ્મીર અથવા ચિતોડનો પુનરુદ્ધાર (૧૯૨૧) ૨-૦
૧૨ કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર (૧૯૨૨) ૨-૦
૧૩ અનારકલી અથવા અપરાધી અકબર (૧૯૨૩) ૨-૦
૧૪ મહારાણી મયણલ્લદેવી અથવા ગુજરાતની માતા (૧૯૨૪) ૪-૮
૧૫ પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય (૧૯૨૫) ૨-૦
૧૬ નાના સાહેબ અથવા સ્વધર્મ માટે પ્રાણાર્પણ (૧૯૨૬) ૨-૦
૧૭ સુગીટ શયતાન અથવા મલબારનો મોપલા અત્યાચાર (૧૯૨૭) ૨-૦
૧૮ સિતમગર સુલતાન અથવા તલવાર કે કુરાન ? (૧૯૨૮) ૩-૦
૧૯ કચ્છનો કેસરી અથવા મોડો અને માનેસર (૧૯૨૯) ૩-૦
૨૦ અમર અર્જુના અથવા સુમતિ કે કુમતિ ? (૧૯૩૦) ૨-૦
૨૧ ૨૫૦૦ વર્ષ પૂર્વનું હિંદુસ્તાન અથવા ચન્દ્રગુપ્ત અને ચાણાક્ય (૧૯૪૫) ૩-૦

(૯) રા૦ શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીકૃત

૧ શિવાજીનો વાઘનખ અથવા અફઝુલખાનનું ખૂન. (૧૯૦૬) ૧-૦

(૧૦) રા૦ ઇશ્વરદાસ ઇચ્છારામ મશરૂવાળાકૃત

૧ પેશ્વાની પડતીનો પ્રસ્તાર અથવા બાળા વેરાગણ. (૧૯૦૮) ૨-૦
૨ કતલેઆમ (રા. નારાયણ વિસનજી ઠક્કુરે પૂર્ણ કરેલી) (૧૯૧૧) નથી

(૧૧) રા. મોહનલાલ મગનલાલ દેસાઇ એડવોકેટકૃત

૧—ઔરંગઝેબનો ઉદય અથવા આ તે મહાન મોગલ ? (૧૯૦૭) ૨-૦

(૧૨) રા૦ મણિલાલ ઇચ્છારામ દેસાઈ કૃત

૧ પુરાતન દિલ્હી (સચિત્ર) (૧૯૧૧) ૨-૦
૨ શુંભુનમીમાંસા નથી

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, રીઝર્વ બેંકની પાછળ, કોટ, મુંબઈ